ચૈત્યવંદનાદિ

# ત્રણ ભાષ્ય.

અર્થ સહિત.

પ્રકાશક,
શ્રી જૈન શ્રેયસ્કર મંડળ
—મહેસાણા.

પરોપકારાય સતાં વિભૂતય:
ગ્રંથાંક ૫૮.

દેવતત્ત્વ, ગુરૂતત્ત્વ અને ધર્મતત્ત્વને આરાધવાના
જિજ્ઞાસુઓ માટે
અત્યંત ઉપયોગી ગ્રંથ.

# ત્રણ ભાષ્ય—ભાવાર્થ સહિત.

ચૈત્યવંદન ભાષ્ય.

ગુરૂવંદન ભાષ્ય.

પ્રત્યાખ્યાન ભાષ્ય.

પ્રસિદ્ધ કર્તા.
સદ્ગત શેઠ વેણીચંદ સુરચંદ સંસ્થાપિત
શ્રી જૈન શ્રેયસ્કર મંડળ—મહેસાણા.

આવૃત્તિ ૧ લી. પ્રત ૨૦૦૦
વીર સં. ૨૪૫૬. વિક્રમ સં. ૧૯૮૬. સને ૧૯૩૦.

ધી "સૂર્યપ્રકાશ" પ્રિન્ટીંગ પ્રેસમાં પટેલ મૂલચંદભાઈ ત્રિકમલાલે
છાપ્યો, પાનકોર નાકા—અમદાવાદ.

મૂલ્ય ૦-૧૪-૦.

# પ્રસ્તાવના.

શ્રી જૈનદર્શનમાં દેવતત્ત્વ ગુરૂતત્ત્વ અને ધર્મતત્ત્વ એ ત્રણ તત્ત્વ પ્રસિદ્ધ છે, તે જ ત્રણ તત્ત્વને આદર પૂર્વક આરાધવાના વિધિરૂપ શ્રી દેવેન્દ્રસૂરીશ્વરે આ ગ્રંથમાં કહેલાં ત્રણ ભાષ્ય રચ્યાં છે. તેમાં ચૈત્યવંદન ભાષ્ય દેવતત્ત્વ રૂપ છે, કારણ કે એમાં શ્રી અરિહંત દેવને વંદના કરવાનો વિધિ ચોવીસ દ્વારોથી દર્શાવેલો છે. ગુરૂવંદન ભાષ્ય ગુરૂતત્ત્વના સ્વરૂપવાળું છે, કારણ કે એમાં ગુરૂને વંદના કરવાનો વિધિ દર્શાવ્યો છે, અને પ્રત્યાખ્યાન ભાષ્ય ધર્મતત્ત્વ રૂપ છે, કારણ કે સાધુનો સર્વવિરતિ ધર્મ મૂળગુણથી અને ઉત્તરગુણથી એમ બે પ્રકારનો છે. તેમાં પાંચ મહા વ્રત તે મૂળગુણ ધર્મ અને પિંડવિશુદ્ધિ આદિ [આહાર વધિ વિગેરેના] આચાર તે ઉત્તરગુણ ધર્મ, તેમજ શ્રાવકના દેશવિરતિ ધર્મમાં પણ પાંચ અણુવ્રત તે મૂળગુણ ધર્મ અને શેષ ૭ વ્રત તે ઉત્તરગુણ ધર્મ છે. ત્યાં આ પ્રત્યાખ્યાન ભાષ્યમાં કહેલાં ૧૦ પ્રકારનાં કાળ પ્રત્યાખ્યાનો તે સાધુનો અને શ્રાવકનો ઉત્તરગુણ ધર્મ છે, માટે પ્રત્યાખ્યાન ભાષ્ય ધર્મતત્ત્વ રૂપ છે.

આ ભાષ્યોમાં દેવવંદન વિધિ, ગુરૂવંદન વિધિ અને પ્રત્યાખ્યાન વિધિ દર્શાવેલા હોવાથી આ ગ્રંથ જૈનધર્મમાં વિધિમાર્ગનો અથવા ક્રિયામાર્ગનો ગ્રંથ ગણાય.

આ ગ્રંથમાં ચૈત્યવંદનસૂત્રો, દ્વાદશાવર્ત્તવંદનસૂત્ર અને પ્રત્યાખ્યાનના આલાપકો કહ્યા નથી તે પ્રતિક્રમણ વિગેરે ગ્રંથોમાં છપાઈ ગયેલા પ્રસિદ્ધ છે તેમાંથી જાણી લેવા.

**चैत्यवंदन भाष्यमां**—નામજિન-સ્થાપનાજિન (એક ચૈત્યની પ્રતિમા)-દ્રવ્યજિન-ભાવજિન-ત્રણે લોકની સર્વ પ્રતિમા-વર્તમાનમાં વિચરતા જિનેશ્વર-(પ્રસંગે) શ્રુતજ્ઞાન-સર્વ સિદ્ધ-વર્તમાન શાસનના નાયક-ગિરનાર તીર્થ-અને અષ્ટાપદ વિગેરે તીર્થ એ ૧૧ ને વંદના નમસ્કાર અને તે ઉપરાન્ત શાસનરક્ષક સમ્યગ્દૃષ્ટિ દેવ દેવીનું સ્મરણ એ ૧૨ વિષય મુખ્ય છે, કે જેને ગ્રંથકર્ત્તાએ ૪૧ થી ૪૫ મી ગાથા સુધીમાં ૧૨ અધિકારરૂપે સ્પષ્ટ દર્શાવ્યા છે, અને પ્રસંગથી બીજા અનેક વિધિ ૨૪ દ્વારના ૨૦૭૪ બોલથી-પ્રતિભેદથી દર્શાવ્યા છે.

**गुरुवंदन भाष्यमां**—આચાર્ય આદિ પદવીધર મુનિ મહારાજને બાર આવર્ત્તવાળા વંદનથી વંદના કરવાનો વિધિ મુખ્ય

દર્શાવ્યો છે, અને પ્રસંગે સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘમાં પરસ્પર વંદનનો વિધિ, અવંદનીય સાધુ, વંદનીય સાધુ, વંદનાનો સમય ઇત્યાદિ અનેક વિધિઓ ૨૨ દ્વારના ૪૯૨ પ્રતિભેદથી દર્શાવ્યા છે.

प्रत्याख्यान भाष्यमां—नमुक्कारसहियं આદિ ૧૦ પ્રકારના કાળ પ્રત્યાખ્યાનનો મુખ્ય વિષય છે, અને તે પ્રસંગે ચાર પ્રકારનો આહાર, બાવીસ પ્રકારના આગાર-અપવાદ, ભક્ષ્ય અભક્ષ્ય વિગઇઓ, ભક્ષ્ય વિગઇના નીવિયાતાં, અને પ્રત્યાખ્યાનના પ્રકાર આદિ અનેક પ્રકારનું સ્વરૂપ દર્શાવ્યું છે, આ ભાષ્યનો વિષય પ્રથમના બે કરતાં કઠિન છે.

આ ત્રણે ભાષ્યનો વિષય ગ્રન્થકર્તાએ શ્રી આવશ્યકસૂત્રની ચૂર્ણિ, નિર્યુક્તિ અને ભાષ્ય વિગેરે સિદ્ધાન્તોમાંથી અતિ સંક્ષેપમાં ઉદ્ધર્યો છે, જેથી અભ્યાસીઓને અતિ સુગમતાવાળો છે.

વિધિવાદના એ ત્રણે વિષયને અંગે પઠનપાઠન કરવા યોગ્ય વર્તમાન સમયમાં તો આ એકજ ગ્રંથ ઉપલબ્ધ થાય છે. એ ત્રણે ભાષ્યની અવચૂરિ પંદરસોના સૈકામાં થયેલા અતિ પ્રસિદ્ધ શ્રી સોમસુંદરસૂરિએ રચી છે, તથા ચૈત્યવંદન વિધિના સંબંધમાં તો આ ભાષ્યની પૂર્વે શ્રી શાન્તિસૂરિએ ચૈત્યવંદનસૂત્રો સહિત ૯૧૦ ગાથાઓનો "चेइयवंदण महाभास" નામનો ગ્રંથ રચેલો છે. તે ત્રણે ભાષ્યની અવચૂરિ તથા ચેઇયવંદણ મહાભાસ એ બન્ને છપાઇને પ્રસિદ્ધ પણ થયા છે. તથા શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરે આ ત્રણે ભાષ્યનો બાલાવબોધ (ભાષા અર્થ) લખેલો છે. તથા ચૈત્યવં૦ ભાષ્યની સંઘાચારવૃત્તિ શ્રી દેવેન્દ્રસૂરિના શિષ્ય શ્રી ધર્મઘોષસૂરિએ રચી છે.

આ ભાષ્યોનો અર્થ લખવામાં શ્રી આવશ્યકનિર્યુક્તિ આવશ્યકવૃત્તિ-પંચાશક--પ્રવ૦સારો૦વૃત્તિ--ધર્મસંગ્રહવૃત્તિ--યોગશાસ્ત્રવૃત્તિ-ઇત્યાદિ ગ્રંથોની તેમજ ચૈત્યવંદન ભાષ્યનો અર્થ લખવામાં ચેઇયવંદણ મહાભાસ વિગેરેની સહાય લીધી છે, તોપણ વિશિષ્ટ ક્ષયોપશમના અભાવે મતિદોષથી વા પ્રેસદોષથી ભૂલચૂક રહેવાનો સંભવ છે, તો તેવી ભૂલચૂક સજ્જનો સુધારીને વાંચશે, એવી અમારી નમ્ર વિજ્ઞપ્તિ છે.

શ્રી તપગચ્છ રૂપી ગંગાપ્રવાહને હિમાલય તુલ્ય શ્રીમદ્ જગચ્ચંદ્રસૂરિ કે જેમને આયંબિલ તપના પ્રભાવથી ચિત્તોડના રાણાએ વશ થઈ 'તપા' એવું બિરૂદ આપ્યું (જેથી તપગચ્છ

નામ પડયું ) અને તે રાણાની સભામાં દિગંબરાચાર્યો સાથે વાદ કરતાં હીરા પેઠે અભેદ્ય રહ્યાથી જેમને 'હીરલા જગચ્ચંદ્રસૂરિ' એવું પણ બિરૂદ રાણાશ્રીએ આપ્યું હતું, તેમના શિષ્ય શ્રીમદ્ દેવેંદ્રસૂરિએ ત્રણ ભાષ્યાત્મક આ ગ્રંથ રચેલો છે. ઉકત મહાત્માએ આ સિવાય વંદારૂવૃત્તિ, સારવૃત્તિદશા, કર્મગ્રંથદીપાસ્તમોપહા, સિદ્ધપંચાશિકા, શ્રાદ્ધદિનકૃત્યસૂત્ર અને વૃત્તિ, ધર્મરત્નવૃત્તિ, નવીન કર્મગ્રંથ પાંચ વૃત્તિ સહિત, સિદ્ધદંડિકાસ્તવ, સુદર્શનચરિત્ર, સિરિઉસહવદ્ધમાણ પ્રમુખ સ્તવનો વગેરે અનેક ગ્રંથો બનાવી મહદ્ ઉપકાર કર્યો છે. તેમને 'વિદ્યાનંદ' અને 'ધર્મકીર્તિ' ઉપાધ્યાય નામના બે શિષ્યો હતા. ધર્મકીર્તિને પાછળથી સૂરિપદ મળ્યું ત્યારે તેમનું 'ધર્મઘોષસૂરિ' એવું નામ પડયું. તેઓ દેવેંદ્રસૂરિની પાટે આવ્યા. તેમણે પણ શત્રુંજયાદિ તીર્થના કલ્પો, ચોવીસ જિનની સ્તુતિ, નંદીસ્તુતિ, સ્વગુરૂકૃત–ચૈત્ય૦ ભાષ્યની વૃત્તિ (સંઘાચાર નામની), વગેરે સંસ્કૃત ગ્રંથો તથા કેટલાંએક પ્રાકૃત પ્રકરણો અવચૂર સાથેનાં બનાવેલા છે.

અમે 'ચૈત્યવંદનાદિ ભાષ્યત્રયમ્' નામા ગ્રંથની બીજી આવૃતિની એક હજાર નકલ અગાઉ સં. ૧૯૬૯ ની સાલમાં છપાવેલી, તે ખલાસ થતાં અને તેની લેખનશૈલી કઠિન જણાતાં આ ગ્રંથ સરળતાવાળી નવી ચાલુજમાનાવાળી શૈલીએ અમારી ગ્રંથમાળાના ૫૮ મા મણકા તરિકે છપાવી પ્રસિદ્ધિમાં મૂકીએ છીએ અને ધારીએ છીએ કે સર્વ કોઇને આ ગ્રંથ પ્રથમ કરતાં વધારે ઉપકારક થશે.

આ ગ્રંથનાં મૂળ મૅટર શ્રી ભાવનગર નિવાસી શ્રેષ્ઠિવર્ય શ્રી કુંવરજીભાઇ આણંદજીએ બારીકીથી તપાસી ઉપયોગી સલાહ સૂચના આપી છે, તે બાબત તેમનો અંતઃકરણ પૂર્વક આભાર માનવામાં આવે છે.

વિધિમાર્ગના અનુભવીઓને આ વિધિમાર્ગના ગ્રંથના ભાવાર્થમાં કોઇ સ્થાને ભૂલ વા વિપરીતપણું જણાય તો તેઓ અમને લખી મોકલશે એવી વિનંતિ છે, કે જેથી સુધારો કરવાનું લક્ષ્યમાં રાખી પ્રસંગ આવ્યે સુધારી શકાય.

સં. ૧૯૮૬ ની મેરૂત્રયોદશી. — શ્રી જૈન શ્રેયસ્કર મંડળ–મહેસાણા.

॥ श्री जिनेन्द्राय नमः ॥

# श्री चैत्यवंदन भाष्य.

## भावार्थ सहित.

**अवतरण**—આ ગ્રન્થના કર્ત્તા શ્રી દેવેન્દ્રસૂરિ પહેલી ગાથામાં પ્રથમ મંગલાચરણ કરીને ત્યાર બાદ ગ્રન્થનો વિષય અને ગ્રન્થની પરંપરાગમતા દર્શાવે છે.

**वंदित्तु वंदणिज्जे, सव्वे चिइवंदणाइ--सुवियारं ।**

**बहु–वित्ति–भास–चुण्णी–सुयाणुसारेण वुच्छामि॥१॥**

શબ્દાર્થ:—

| | |
|---|---|
| वंदित्तु = વાંદીને | बहु = ઘણી |
| वंदणिज्जे = વાંદવા યોગ્ય | वित्ति = વૃત્તિઓ, ટીકાઓ |
| सव्वे = સર્વજ્ઞોને ( અથવા સર્વને ) | भास = ભાષ્ય |
| चिइवंदणाइ = ચૈત્યવંદનાદિ | चुण्णी = ચૂર્ણિ |
| सुवियारं = ઉત્તમ વિચાર ( સ્વરૂપ ) | सुयाणुसारेण = સૂત્રને અનુસારે |
| | वुच्छामि = કહીશ |

**ગાથાર્થ**—વંદન કરવા યોગ્ય એવા શ્રી સર્વજ્ઞ ભગવંતોને ( અથવા ગણધરાદિ સર્વને ) વંદના કરીને ચૈત્યવંદન વિગેરેનો ( એટલે ગુરુવંદન તથા પ્રત્યાખ્યાનનો પણ ) ઉત્તમ વિચાર ( ઉતમ સ્વરૂપ ) ઘણી વૃત્તિઓ, ભાષ્ય, ચૂર્ણિ અને સૂત્રોને ( તથા નિર્યુક્તિને ) અનુસારે કહીશ. ( ગાથામાં નિર્યુક્તિ પદ ન હોવા છતાં પણ અધ્યાહારથી ગ્રહણ કરવું ) ॥૧॥

**ભાવાર્થ**—અહિં " વંદિત્તુ વંદણિજ્જે સવ્વે " એ પદો વડે ગ્રંથની નિર્વિઘ્ન સમાપ્તિ માટે મંગલાચરણ કર્યું. " ચિઇવં-

દણાઈ સુવિચારં ” એ પદો વડે આ ગ્રંથમાં જે વિષય કહેવાનો છે તે विषय ( अभिधेय ) દર્શાવ્યો, અને શેષ પદો વડે ગ્રંથની [1]परंपरागमता દર્શાવી, કે જેથી આ ગ્રંથ મતિકલ્પના રુપ નથી પરન્તુ સૂત્રાદિ પંચાંગીને અનુસારે કહેલ છે એમ સ્પષ્ટ કર્યું. ત્યાં સૂત્રાદિ પંચાંગી આ પ્રમાણે—

**શ્રી** તીર્થંકર ભગવંતો જગતના ભાવોને વિકીર્ણ ( છૂટાં છૂટાં ) પુષ્પવત્ અર્થરૂપે પ્રરૂપે છે, તેને **શ્રી** ગણધર ભગવંતો માળાની પેઠે યથાયોગ્ય છંદબદ્ધ અથવા ગદ્યબદ્ધ ગ્રંથરૂપે સંકલિત કરે છે ( મેળવે છે ) તે [2]सूत्र, ( અથવા સંપૂર્ણ ૧૦ પૂર્વથી ૧૪ પૂર્વ સુધીના જ્ઞાની મહર્ષિઓ તેમજ પ્રત્યેક બુદ્ધ મહર્ષિઓ જે ગ્રંથ રચે તે પણ सूत्र કહેવાય ). તથા તે સૂત્રનો નય નિક્ષેપની યુક્તિ પૂર્વક જે અર્થ પ્રાકૃતમાં છંદ પદ્ધતિએ ચૌદ પૂર્વધર મુનિઓ રચે છે તે निर्युक्ति. તથા સૂત્રનો અથવા નિર્યુક્તિનો જે વિશેષ અર્થ પ્રાયઃ પૂર્વધરો પ્રાકૃત ભાષામાં છંદ પદ્ધતિથી રચે છે તે भाष्य; તથા સૂત્રનો અથવા ભાષ્યનો જે વિશેષ અર્થ સંસ્કૃત ભાષા તથા પ્રાકૃત ભાષામાં ( મિશ્રરૂપે) રચાય તે चूर्णि પ્રાયઃ પૂર્વધર મહર્ષિઓ રચે છે. તથા સૂત્ર ભાષ્ય અને નિર્યુક્તિનો જે વિશેષ અર્થ કેવળ સંસ્કૃત ભાષામાં અપૂર્વધરો પણ ગદ્યબંધ રચે છે તે वृत्ति અથવા ટીકા ઈત્યાદિ કહેવાય છે. એ પંચાંગી વર્ત્તમાન સમયે પણ [3]વિજયવંત વર્તે છે.

---

૧ શ્રી તીર્થંકર ભગવંતનું જ્ઞાન તે **आत्मागम**, શ્રી તીર્થંકર પાસેથી ( અનન્તર પણે ) પ્રાપ્ત થયેલું શ્રી ગણધરોનું જ્ઞાન તે **अनंतरागम**, અને ત્યારબાદ શિષ્ય પ્રશિષ્યની પરંપરાએ ઉત્તરોત્તર ચાલ્યું આવતું શેષ આચાર્યાદિકનું જ્ઞાન તે **परंपरागम**. પરન્તુ સૂત્રને અંગે ગણધરનું જ્ઞાન આત્માગમ, તેમના શિષ્યનું અનંતરાગમ અને પ્રશિષ્યનું પરંપરાગમ ( ઇતિ અનુયોગદ્વારે ).

૨ આ પાંચે અર્થ આચારાંગાદિ સૂત્રોને અંગે હોવાથી શેષ પ્રકીર્ણ ગ્રંથો માટે વિસંવાદ ન વિચારવો.

૩ વર્તમાન સમયમાં આચારાંગ આદિ ( શ્રીસુધર્મા ગણધર કૃત )

શ્રુતજ્ઞાન રૂપી પુરુષનાં એ પાંચે અંગને પ્રમાણ માનવાં તે સમ્યગ્દૃષ્ટિનું લક્ષણ છે, પરન્તુ સૂત્ર તો ભગવંતનું વચન છે; માટે પ્રમાણ, અને ટીકાઓ વિગેરે તો છદ્મસ્થ (અસર્વજ્ઞ) આચાર્યોની કરેલી છે માટે અપ્રમાણ છે ઇત્યાદિ કુવિકલ્પ કરવા તે મિથ્યાદૃષ્ટિનું લક્ષણ છે. કેમકે ટીકા વિગેરેના કર્તા આચાર્યો પણ અત્યંત પ્રમાણિક અને ભવભીરૂ હતા.

આ પહેલી ગાથામાં મંગળ અને અભિધેય ઉપરાંત सुयाणुसारेण 'શ્રુતાનુસારે કહીશ' એ પદથી संबंध પણ ગુરુ પર્વક્રમ રૂપે દર્શાવ્યો છે, અને પ્રયોજન અર્થાપત્તિથી સમજવું કે આત્મહિત કરવું ને કરાવવું એજ આ ગ્રંથ રચનાનું પ્રયોજન છે. એ પ્રમાણે अनुबंध चतुष्टय કહ્યું.

## ॥ "ચૈત્યવંદન"નો અર્થ ॥

चैत्य એટલે દેહરાસર અથવા પ્રતિમા એમ બે અર્થ થાય છે, પરન્તુ આ ગ્રંથમાં વિશેષતઃ "પ્રતિમા" અર્થ મુખ્ય છે, તેથી તે શ્રી જિનેન્દ્રની પ્રતિમાને वंदन એટલે વંદના-નમસ્કાર કરવો તે चैत्यवंदन, અને તે વંદન કરવાનો વિધિ દર્શાવનાર આ ગ્રંથ ચૈત્યવંદન [1]ભાષ્ય કહેવાય.

---

**अवतरण**—હવે આ ૪ ગાથાવડે ચૈત્યવંદનનાં ૨૪ મૂળદ્વાર અને તેના ૨૦૭૪ ઉત્તરભેદ કહેવાય છે.

---

સૂત્રો છે, શ્રી ભદ્રબાહુ સ્વામિ કૃત નિર્યુક્તિઓ છે, મહાભાષ્ય કલ્પભાષ્ય વ્યવહારભાષ્ય આદિ અનેક ભાષ્યો છે, આવશ્યક ચૂર્ણિ આદિ પૂર્વધર રચિત ચૂર્ણિઓ છે અને સર્વની વૃત્તિઓ પ્રસિદ્ધ છે. એ પ્રમાણે પંચાંગી યુકત શ્રુતજ્ઞાન વર્તમાન સમયે પણ ભવ્ય પ્રાણિઓને ઉપકાર કરતું વિજયવંત વર્તે છે.

૧ નમુત્થુણં તથા અરિહંતચેઈયાણં આદિ ચૈત્યવંદનસૂત્રોના અર્થ રૂપે આ ગ્રંથ માગધી ભાષામાં છંદ પદ્ધતિએ રચાયલો હોવાથી, તેમજ ચૈત્યવંદન મહાભાષ્યનો સંક્ષેપ હોવાથી પણ આ ગ્રંથનું चैत्यवंदन भाष्य અથવા લઘુ ચૈત્યવંદનભાષ્ય નામ કહેવું તે ઉચિત છે.

दहतिग[૧] अहिगमपणगं[૨], दु दिसि[૩] तिहुग्गह[૪] तिहा उ वंदणया[૫]
पणिवाय[૬] नमुक्कारा[૭], वन्ना[૮] सोलसय सीयाला ॥२॥
इगसीइसयं तु पया[૯], सगनउई संपया[૧૦] उ पण दंडा[૧૧]॥
बार अहिगार[૧૨] चउवं-दणिज्ज[૧૩] सरणिज्ज[૧૪] चउह जिणा[૧૫] ॥३॥
चउरो थुई[૧૬] निमित्तट्ठ[૧૭], बार हेऊ[૧૮] अ सोल आगारा[૧૯]।
गुणवीस दोस[૨૦] उस्सग्गमाणं[૨૧] थुत्तं[૨૨] च सग वेला[૨૩] ॥४॥
दस--आसायण--चाओ[૨૪], सव्वे चिइवंदणाइ--ठाणाइं।
चउवीस--दुवारेहिं, दुसहस्सा हुंति चउसयरा ॥ ५ ॥

શબ્દાર્થ ૨ જી ગાથાનો.

दहतिग = ૧૦ ત્રિક
अहिगमपणगं = ૫ અભિગમ
दुदिसि = ૨ દિશિ
तिह = ૩ પ્રકારનો
उग्गह = અવગ્રહ
तिहा उ=વળી ૩ પ્રકારની
वंदणया = વંદના
पणिवाय = પ્રણિપાત, ખમાસમણ
नमुक्कारा = નમસ્કાર
वन्ना = વર્ણ, અક્ષર
सोलसय सीयाला = સોલસો સુડતાલીસ (૧૬૪૭)

શબ્દાર્થ ૩ જી ગાથાનો.

इगसीइ सयं = એકસો એકાસી
पया = પદો
सगनउइ = સત્તાણું (૯૭)
संपया = સંપદા, વિસામા
पण दंडा = ૫ દંડક (નમુત્થુણં આદિ)
बार अहिगार = ૧૨ અધિકાર
चउ वंदणिज्ज = ૪ વંદનયોગ્ય
सरणिज्ज = સ્મરણ કરવા યોગ્ય
चउह = ૪ પ્રકારના
जिणा = જિનેશ્વર, તીર્થંકર

## શબ્દાર્થ ૪ થી ગાથાનો.

चउरो थुई = ૪ થોય (સ્તુતિ)
निमित्त (अ) ट्ठ = ૮ નિમિત્ત
वार हेऊ - ૧૨ હેતુ
सोल आगारा = ૧૬ આગાર
गुणवीस दोस (કાઉસ્સગ્ગના) ૧૯ દોષ
उस्सग्गमाणं = કાઉસ્સગ્ગનું પ્રમાણ.
थुत्तं = સ્તવન
सग वेला = ૭ વાર ચૈત્યવંદન

## શબ્દાર્થ ૫ મી ગાથાનો.

दस आसायण = ૧૦ આશાતનાનો
चाओ = ત્યાગ
सव्वे = સર્વ મળીને
चिइवंदणाई ठाणाइं ચૈત્યવંદનાનાં સ્થાન
चउवीस = ૨૪
दुवारेहिं = દ્વારોવડે
दुसहस्सा चउसयरा = ૨૦૭૪ (ઉત્તરભેદ)
हुंति = છે.

**गाथार्थः**— (નિસીહીઆદિ) ૧૦ ત્રિક, ૫ અભિગમ, ૨ દિશિ, ૩ અવગ્રહ, ૩ પ્રકારની ચૈત્યવંદના, પંચાંગ પ્રણિપાત (ખમાસમણ), નમસ્કાર, અને ચૈત્યવંદન સૂત્રોના સર્વ મળીને ૧૬૪૭ અક્ષર છે તેની ગણત્રી. ॥ ૨ ॥

ચૈત્યવંદનનાં ૧૮૧ પદ, ૯૭ સંપદા (વિશ્રામસ્થાન), ૫ દંડક (નમુત્થુણં આદિ ૫ સૂત્ર), ૧૨ અધિકાર, ૪ વંદન કરવા યોગ્ય (જિનાદિ), સ્મરણ કરવા યોગ્ય સમ્યગ્દૃષ્ટિ (દેવાદિ), ૪ પ્રકારના જિન (તીર્થંકર). ॥૩॥

૪ થોય, ૮ નિમિત્ત, ૧૨ હેતુ, ૧૬ આગાર (આકાર-છૂટ), કાયોત્સર્ગના ૧૯ દોષ, કાયોત્સર્ગનું પ્રમાણ, સ્તવનનું સ્વરૂપ, અને ૭ વેળા (ચૈત્યવંદન કરવાના સમય)॥૪॥ તથા ૧૦ ત્યાગ કરવા યોગ્ય આશાતનાઓ, એ સર્વ મળીને ચૈત્યવંદનાનાં સ્થાન ૨૪ દ્વાર વડે (કહીશ, તે ૨૪ દ્વારના ઉત્તરભેદ) ૨૦૭૪ થાય છે ॥૫॥

**भावार्थः**—એ ૨૪ દ્વારોના શબ્દાર્થ તથા સર્વ ભેદ આ પ્રમાણે—

૧ ત્રણ ભેદનો સમુદાય તે ત્રિક, તેવાં નિસીહીઆદિ ૧૦ ત્રિક છે તેના ૩૦ ભેદ થાય છે.

૨ પ્રભુ આગળ જવાનો એટલે દેહરાસરમાં પ્રવેશ કરવાનો વિધિ તે अभिगम ૫ પ્રકારનો છે. ( अभि = સન્મુખ, गम જવું એ અર્થથી ).

૩ સ્રીઓએ પ્રભુથી ડાબા પડખે રહેવું, અને પુરુષોએ જમણા પડખે રહેવું તે ૨ दिशि.

૪ પ્રભુથી કેટલે દૂર રહેવું તે अवग्रह ૩ પ્રકારનો છે.

૫ જઘન્ય મધ્યમ અને ઉત્કૃષ્ટ એ ૩ ભેદે ચૈત્યવંદના થાય છે, તે वंदना ના ૩ ભેદ.

૬ પંચાંગી મુદ્રાએ (૫ અંગવડે) प्रणिपात = નમસ્કાર કરવો અથવા ખમાસમણ દેવું તે ૧ ભેદ.

૭ પ્રભુની ગુણપ્રશંસાવાળા ૧ થી ૧૦૮ શ્લોક બોલવા તે नमस्कार નો ૧ ભેદ.

૮ ચૈત્યવંદનનાં ૯ સૂત્રોમાં ( બીજીવાર બોલાતાં સૂત્રોના બીજીવાર ન ગણીએ એવા ) ૧૬૪૭ અક્ષર છે, તે ૧૬૪૭ वर्ण ગણાય.

૯ ચૈત્યવંદનનાં ૯ સૂત્રોમાં ( એક સરખું પદ બીજીવાર બોલાતાં ન ગણીએ એવાં ) ૧૮૧ पद એટલે અર્થ સમાપ્તિ દર્શક વાક્યો છે.

૧૦ એક શ્વાસોચ્છવાસ* જેટલા કાળમાં બોલવા યોગ્ય શબ્દોનું વાક્ય અથવા ગાથાનું ૧ ચરણ તે संपदा ( અથવા महापद અથવા विरति અથવા विसामा ) કહેવાય, તેવી સંપદાઓ ૯૭ છે.

૧૧ નમુત્થુણં--અરિહંતચેઇયાણં--લોગસ્સ--પુખ્ખરવરદી--અને સિદ્ધાણં બુદ્ધાણં એ પાંચ સૂત્રો તે ૫ [1]दंडकसूत्र કહેવાય છે.

૧૨ પાંચ દંડકસૂત્રોમાં अधिकार (એટલે મુખ્ય વિષય) ૧૨ છે.

---

* पायसमा ऊसासा એ વચનથી અહિં ઉચ્છવાસનું પ્રમાણ ગાથાના એક પાદના–ચરણના ઉચ્ચાર જેટલું જાણવું.

૧ ચૈત્યવંદનમાં મુખ્ય સૂત્રો હોવાથી એ ૫ સૂત્રનેજ દંડક સંજ્ઞા આપી છે તે પૂર્વાચાર્યોની પરિભાષાજ જાણવી. અથવા दंडा इव दंडा सरला, यथोक्तमुद्राभिरस्खलितभण्यमानत्वात् ઈતિ અવચૂરિ.

૧૩ અરિહંત–સિદ્ધ–મુનિ–અને સિદ્ધાન્ત એ ચાર वंदनीय (વંદના કરવા યોગ્ય) છે.

૧૪ જે વંદનયોગ્ય નહિ પરન્તુ स्मरणीय = માત્ર સ્મરણ કરવા યોગ્ય તે ૧ શાસનદેવ છે.

૧૫ નામ સ્થાપના દ્રવ્ય અને ભાવથી ૪ પ્રકારના जिन = અરિહંત કહેવાશે.

૧૬ થોય એટલે સ્તુતિ તે એકજ થોયજોડામાં ૪ પ્રકારની કહેવાશે.

૧૭ ચૈત્યવંદન કરવાથી જે આઠ પ્રકારનાં ફળ મેળવવાની ઇચ્છા રાખવામાં આવે છે તે ૮ निमित्त.

૧૮ તે ૮ પ્રકારનાં ફળ પ્રાપ્ત કરવામાં જે સાધન (કારણરૂપ) તે ૧૨ हेतु.

૧૯ કાઉસ્સગ્ગ કરતી વખતે જે ૧૬ પ્રકારની છૂટ રાખવી કે જે કરવાથી કાઉસ્સગ્ગનો ભંગ ન ગણાય તે ૧૬ आगार (એટલે અપવાદ).

૨૦ કાઉસ્સગ્ગમાં જે ૧૯ દોષ નિવારવા યોગ્ય છે તે ૧૯ दोष.

૨૧ ક્યાં સુધી કાઉસ્સગ્ગમાં રહેવું? તેનો કાળનિયમ દર્શાવવો તે ૧ ભેદ.

૨૨ પ્રભુની આગળ સ્તવન કેવા પ્રકારનું કહેવું ? તે દર્શાવવાનો ૧ ભેદ.

૨૩ એક દિવસમાં ૭ વાર ચૈત્યવંદન કયે કયે વખતે કરવું ? તે દર્શાવવું, તેના ૭ ભેદ.

૨૪ દેહરાસરમાં અથવા પ્રભુની આગળ અવિનય જણાવનારૂં પ્રતિકૂળ વર્ત્તન તે आशातना ૧૦ પ્રકારની (મોટી આશાતના) કહેવાશે, કે જે અવશ્ય ત્યાગ કરવા યોગ્ય છે.

એ પ્રમાણે ૩૦+૫+૨+૩+૩+૧+૧+૧૬૪૭+૧૮૧+૯૭+૫ +૧૨+૪+૧+૪+૪+૮+૧૨+૧૬+૧૯+૧+૧+૭+૧૦=૨૦૭૪ ઉત્તરભેદ થયા.

अवतरण—આ ૨ ગાથામાં ૧૦ ત્રિક કયાં કયાં? તે ગણાવે છે—

**तिन्नि निसीही तिन्नि उ, पयाहिणा तिन्नि चेव य पणामा**
**तिविहा पूया य तहा, अवत्थतिय--भावणं चेव ॥६॥**
**तिदिसिनिरिक्खण विरई, पयभूमिपमज्जणं च तिक्खुत्तो**
**वन्नाइतियं, मुद्दा-तियं च तिविहं च पणिहाणं॥ ७॥**

શબ્દાર્થ ગાથા ૬ ઠ્ઠીનો.

| | |
|---|---|
| तिन्नि = ત્રણ | तिविहा = ૩ પ્રકારની |
| निसीही = નિસીહી, નૈષેધિકી | पूया = પૂજા |
| पयाहिणा = પ્રદક્ષિણા | अवत्थ = અવસ્થા |
| चेव = નિશ્ચય | भावणं = ભાવવી |
| पणामा = પ્રણામ | |

શબ્દાર્થ ગાથા ૭ મીનો.

| | |
|---|---|
| तिदिसि निरिक्खण = ૩ દિશિ જોવાની. | तिक्खुत्तो = ૩ વાર |
| विरई = વિરતિ, ત્યાગ | वन्नाइतियं = વર્ણાદિ ૩ નું આ-લંબન |
| पयभूमि = પગ મૂકવાની ભૂમિને | मुद्दातियं = ૩ મુદ્રા |
| पमज्जणं = પ્રમાર્જવી | पणिहाणं = પ્રણિધાન |

गाथार्थः—૩ નૈષેધિકી, ૩ પ્રદક્ષિણા, તથા ૩ પ્રણામ, ૩ પ્રકારની પૂજા, ૩ પ્રકારની અવસ્થાની ભાવના, ૩ દિશિ જોવાનો ત્યાગ, પગ મૂકવાની ભૂમિને વસ્ત્રાદિ વડે ૩ વાર પ્રમાર્જવી ( જંતુ રહિત કરવી ), વર્ણાદિ ૩ આલંબન, ૩ મુદ્રા અને ૩ પ્રણિધાન એ ૧૦ ત્રિક જાણવાં ॥૬॥૭॥

भावार्थः—જે સમયે જે કાર્ય કરવું હોય તે સમયે તે વિના શેષ સર્વ કાર્યનો નિષેધ-ત્યાગ કરવો તે निसीही એટલે નૈષેધિકી ૩ પ્રકારની કહેવાશે. પ્રભુની અથવા દેહરાસરની ચારે બાજુ પ્રદક્ષિણાવર્ત્ત ( જમણી પદ્ધતિએ ) મંડલાકારે જ્ઞાન-દર્શન-ચારિ-

ત્રની પ્રાપ્તિ સૂચક ૩ વાર ભ્રમણ કરવું તે ३ प्रदक्षिणा, પ્રભુને દેખતાં તુર્ત ૩ વાર પ્રણામ કરવો તે ३ प्रणाम, અંગપૂજા અગ્રપૂજા ભાવપૂજા ઇત્યાદિ ભેદથી ૩ પ્રકારની पूजा; પિંડસ્થ, પદસ્થ, અને રૂપાતીત એ ३ अवस्थानी ભાવના કરવી, તથા પ્રભુની સન્મુખ-સ્હામી દિશા સિવાય શેષ ૩ દિશિએ જોવાનો ત્યાગ કરવો તે ३ दिशित्याग, ચૈત્યવંદન કરતી વખતે બેસવાની ભૂમિને વસ્ત્ર અથવા રજોહરણ વડે (ચરવલા અથવા ઓઘા વડે) ૩ વાર પ્રમાર્જીને (વાળીને) જંતુરહિત કરવી તે ૩ प्रमार्जन. ચૈત્યવંદનના અક્ષર, ચૈત્યવંદનનો અર્થ, અને પ્રભુની પ્રતિમા તરફ યથાયોગ્ય લક્ષ્ય રાખવું તે ३ आलंबन, ચૈત્યવંદન કરતી વખતે હાથ પગ [1]વિગેરે અવયવો જે ૩ આકારે રખાય છે તે આકારનું નામ ३ मुद्रा, અને ચૈત્યવંદન સૂત્ર, મુનિવંદન સૂત્ર, તથા પ્રાર્થના સૂત્ર એ ૩ પ્રણિધાન સૂત્ર (જાવંતિ ચેઇઆઇં-જાવંત કેવિસાહૂ અને જય વીઅરાય એ ૩ સૂત્ર). એ પ્રમાણે ૧૦ ત્રિકનું સ્વરૂપ કહેવાશે ॥૬-૭॥

---

अवतरण—આ ગાથામાં (૧૦ ત્રિકમાંનું) ૧ લું निसीही-त्रिक તથા ૨ જું प्रदक्षिणात्रिक કહેવાય છે—

**घर-जिणहर-जिणपूआ-वावारच्चायओ निसीहितिगं।**
**अग्गद्दारे मज्झे, तइया चिइवंदणा--समए ॥८॥**

શબ્દાર્થ:—

घर = ઘરના (વ્યાપારનો)
जिणहर = દેહરાસરના (વ્યાપારનો)
जिणपूआ = જિનેશ્વરની પૂજાના (વ્યાપારનો)
वावारच्चायओ = વ્યાપારના ત્યાગથી
निसीहितिगं = ૩ નિસીહી થાય છે.
अग्गद्दारे = અગ્ર (મુખ્ય) દ્વારમાં
मज्झे = મધ્ય દ્વારમાં.
तइया = ત્રીજી નિસીહી
चिइवंदणा = ચૈત્યવંદનના
समए = સમયે

---

૧ જોકે ૨ મુદ્રાઓ હસ્તમુદ્રા છે, અને જિનમુદ્રા તે પાદ (પગની)

**ગાથાર્થઃ—**ઘરનો વ્યાપાર, દેહરાસરનો વ્યાપાર, અને પ્રભુની પૂજા સંબંધિ વ્યાપાર, એ ૩ વ્યાપારના ત્યાગથી ૩ નિસીહી થાય છે, તેમાં પહેલી નિસીહી મુખ્ય (મોટા) દ્વારમાં પ્રવેશતાં, બીજી નિસીહી મધ્ય દ્વારમાં પ્રવેશતાં, અને ત્રીજી નિસીહી ચૈત્યવંદન કરતી વખતે કહેવાય છે. ॥૮॥ તથા ૨ જું પ્રદક્ષિણા ત્રિક જો કે ગાથામાં (સુગમ હોવાથી) કહ્યું નથી તોપણ અધ્યાહારથી કહેવાઇ ગયું જાણવું.

**ભાવાર્થઃ—**"નિસીહી" એટલે નિષેધ. ત્યાં જે દેહરાસરને કોટ હોય તે દેહરાસરના કોટના દ્વારે અને કોટ સિવાયના દેહરાસરમાં મુખ્ય દ્વારે પ્રવેશ કરતાંજ પહેલી નિસીહી કહેવી. એ નિસીહી "મારો ઘર દુકાન આદિ સંબંધિ સાવદ્ય (પાપ) વ્યાપાર ત્યાગ કરૂં છું." એમ સૂચવવા માટે છે, પરન્તુ દેહરાસર સંબંધિ કારિગરો વિગેરેને ચાલતા ઘડતરના કાર્ય સંબંધિ પૂછપરછનો, દેહરાસરનો કચરો વિગેરે કાઢવાનો વ્યાપાર અને દેહરાસરના અંગે ચાલતાં કાર્યમાં સૂચનાઓ આપવાની છૂટ રહે છે, માટે તે પ્રમાણે કરે. ત્યારબાદ કેસર સુખડ ઘસી પ્રભુની દ્રવ્ય પૂજા કરવા માટે ગભારાના દ્વારમાં પ્રવેશ કરતાં બીજી નિસીહી કહે. આ બીજી નિસીહી "હું દેહરાસર સંબંધિ (પ્રથમ છૂટા રહેલા) વ્યાપારનો ત્યાગ કરૂં છું." એમ સૂચવવા માટે છે, પરન્તુ તેમાં પ્રભુની કેસરાદિકથી (અંગપૂજારૂપ) દ્રવ્ય પૂજા કરવાની છૂટ રહે છે, માટે ગભારામાં પ્રવેશ કરી યથાવિધિ અંગપૂજા કરી બહાર નિકળી અષ્ટમંગલ આદિકથી (અગ્રપૂજારૂપ) દ્રવ્ય પૂજા કરી ભાવપૂજારૂપ ચૈત્યવંદન કરતી વખતે ૩ જી નિસીહી કહેવી. આ ત્રીજી નિસીહીથી સર્વ પ્રકારની દ્રવ્ય પૂજાનો ત્યાગ સૂચવાય છે. એ પ્રમાણે ૩ નિસીહી જાણવી.

---

મુદ્રા છે, તો પણ એ મુદ્રાઓ વખતે શેષ અવયવો પણ નિયત રીતે રાખવાના હોવાથી "વિગેરે" શબ્દથી બીજા અવયવોનું ગૌણ ગ્રહણ વિરોધી નથી.

૧ જિનપૂજા ન કરવી હોય તો બીજી નિસીહી રંગમંડપમાં પ્રવેશ કરતાં કહે. એ મધ્ય નિસીહી કહેવાય, તેમજ એ બીજી નિસીહી ૩ પ્રદક્ષિણા કર્યા બાદ હોય છે એમ શ્રાદ્ધવિધિમાં કહ્યું છે.

અથવા ઉપર કહેલી ૩ વિષયના નિષેધવાળી પ્રત્યેક નિસીહીને મન વચન કાયાથી તે તે વિષયનો ત્યાગ સૂચવવા માટે પૂર્વોક્ત સ્થાને ૩-૩ વાર કહેવાથી પણ નિસીહી ૩ જ ગણાય છે.

તથા અહિં મુનિમહારાજને અને પૌષધવ્રતી શ્રાવકને દ્રવ્ય પૂજા ન હોવાથી મુખ્યદ્વારે પ્રવેશ કરતાં ૧ વાર અથવા ૩ વાર પહેલી નિસીહી કહેવાની હોય છે, કે જે નિસીહીથી શેષ મુનિચર્યા તથા પૌષધચર્યાનો ત્યાગ થાય છે. અને દેહરાસરની ઉપદેશ યોગ્ય [1]વ્યવસ્થાનો નિષેધ કરવા માટે બીજી નિસીહી રંગમંડપમાં પ્રવેશ કરતાં હોય છે. ત્રીજી ચૈત્યવંદનના પ્રારંભમાં હોય છે.

તથા ભગવંતના ગભારાની ચારે બાજુ અથવા તો ભગવંતની ચારે બાજુ ૩ વાર પ્રદક્ષિણાવર્ત્ત પદ્ધતિએ ભ્રમણ કરવું તે ૨ જું પ્રદક્ષિણાત્રિકકહેવાય. એમાં ૩ વાર ભ્રમણનું કારણ જ્ઞાન દર્શન ચારિત્રની પ્રાપ્તિ સૂચક છે, અને તે વખતે સમવસરણમાં ચારે દિશાએ બેઠેલા ભાવ અરિહંતની ભાવના ભાવવી તેમજ ભમતીમાં જો [2]ચારે તરફ ભગવંત બિરાજમાન હોય તો તે સર્વને પણ વંદન કરતાં ભમવું. ( પ્રવ૦ સા૦-ધર્મસં૦ ભાવાર્થ: ) આ પ્રદક્ષિણા પહેલી નિસીહી કહ્યા બાદ કરવી, ત્યારબાદ ( દ્રવ્યપૂજા માટે રંગમંડપમાં પ્રવેશતાં ) નિસીહી કહેવાય છે ( શ્રાદ્ધવિધિવૃત્તિ: )

---

૧ દેહરાસર સંબંધિ ગેરવ્યવસ્થા દૂર કરવાનો ( સર્વસાવદ્યત્યાગી હોવા છતાં પણ ) શ્રી મુનિમહારાજનો અધિકાર છે. શ્રાવકોની બેદરકારીથી વિનાશ પામતાં અને અવ્યવસ્થિત વહીવટવાળાં શ્રીજિનચૈત્યો જોઇને પણ શ્રાવકોને માઠું ન લગાડવાના કારણથી છતી શક્તિએ પણ મુનિમહારાજ ઉપેક્ષા કરી જેમ તેમ ચાલવા દે તો તે મુનિમહારાજ શ્રીજિનેન્દ્રઆજ્ઞાના આરાધક નહિં પણ વિરાધક જાણવા. અહિં શ્રી જિનેન્દ્રની આજ્ઞા એજ ધર્મ છે, માટે ચૈત્યની અવ્યવસ્થા દૂર કરાવવાના વ્યાપારનો નિષેધ મુનિને તથા વ્રતીગૃહીને આ બીજી નિસીહીમાં હોય છે.

૨ સમવસરણની સમાનતા સૂચવવા માટે ગભારાની બહાર ભમતીમાં ૩ દિશાએ મૂળનાયકના નામવાળીજ ૩ પ્રતિમાઓ સ્થાપવામાં આવે છે.

अवतरणः— ત્રીજું प्रणामत्रिक કહેવાય છે—

**अंजलिबंधो अद्धो-णओ अ पंचंगओ अ तिपणामा**
**सव्वत्थ वा तिवारं, सिराइ-नमणे पणामतियं ॥९॥**

શબ્દાર્થઃ—

अंजलिबंधो = અંજલિપૂર્વક
अद्धोणओ = અર્ધાવનત
पंचंगओ = પાંચ અંગથી
तिपणामा = ૩ પ્રણામ
सव्वत्थ वा = અથવા સર્વ સ્થાને (ત્રણે પ્રણામમાં)
तिवारं = ૩ વાર
सिराई नमणे = મસ્તકાદિ નમાવવામાં
पणामतियं = ૩ પ્રણામ થાય છે.

**गाथार्थः**— ૧ અંજલિ સહિત પ્રણામ, ૨ અર્ધાવનત પ્રણામ, અને ૩ જો પંચાંગ પ્રણામ એ ૩ પ્રણામ છે, અથવા ભૂમિ આદિ સર્વસ્થાનોમાં મસ્તક નમાવવું ઇત્યાદિથી પણ ૩ પ્રકારના પ્રણામ ગણાય છે—

**भावार्थः**—બે હથેલી જોડીને ( =બે હાથ જોડીને ) મસ્તકે સ્થાપવા તે ૧ **अंजलिबद्ध प्रणाम**, ઉભા રહીને કિંચિત્ મસ્તક [1]નમાવવું, અથવા મસ્તક અને હાથવડે ભૂમિસ્પર્શ અથવા ચરણસ્પર્શ કરવો ઇત્યાદિ રીતે પાંચ અંગમાંથી કોઇપણ ૧ અંગન્યૂન સુધીનો ( ૧-૨-૩-૪ અંગવડે ) પ્રણામ કરવો તે ૨ [2]**अर्धावनत प्रणाम**, અને ૨ જાનુ ૨ હસ્ત તથા ૧ મસ્તક એ ૫ અંગવડે ભૂમિસ્પર્શ કરવા પૂર્વક જે પ્રણામ કરવો તે ૩ **पंचांग**[3] **प्रणाम** કહેવાય. એ પ્રમાણે *૩ પ્રકારના પ્રણામ જાણવા.

---

૧ ઉભા રહીને મસ્તક નમાવવું તેને **ऊर्ध्वावनत प्रणाम** પણ કહ્યો છે

૨ "અર્ધ" એટલે અસર્વ અંગને અવનત = નમાવવા રુપ પ્રણામ. ( એ વ્યુત્પત્તિ હોવાથી ).

૩ ખમાસમણ આ પંચાંગ પ્રણામથીજ દેવાય છે તે પ્રસિદ્ધ છે, વળી આ પ્રણામને પંચાંગીમુદ્રા રુપે પણ આગળ ૧૮ મી ગાથામાં કહેવાશે. જે અષ્ટાંગ પ્રણામ અન્ય દર્શનમાં કહ્યો છે તે શ્રીજિનેન્દ્રમાર્ગમાં નથી.

* અથવા શીર્ષ નમાવવાથી એકાંગપ્રણામ, બે હાથવડે નમસ્કાર

અથવા પૂર્વે કહેલા ત્રણ પ્રકારના પ્રણામમાંથી કોઇ પણ એક પ્રણામ કરતી વખતે પ્રથમ (મસ્તકને નમાવવા પૂર્વક) મસ્તક સન્મુખ રહેલી અંજલીને મસ્તક સન્મુખજ દક્ષિણાવર્ત્ત (જમણી પદ્ધતિએ) મંડલાકારે ભમાવવી, અને તે પ્રમાણે (૩ વાર ૩ અંજલિભ્રમણ સહિત) ૩ વાર મસ્તક નમાવવું તે પણ બીજી રીતે ૩ પ્રકારના પ્રણામ જાણવા.

અહિં વિશેષ એ છે કે સ્ત્રીઓએ અંજલિબદ્ધ પ્રણામ વખતે હાથ ઊંચા કરી મસ્તકે લગાડવા નહિં, પરન્તુ યથાસ્થાનેજ રાખી ૩ વાર અંજલિભ્રમણ કરી મસ્તક નમાવવું. શક્રસ્તવાદિમાં પણ એ પ્રમાણે વિધિ સાચવવો. (ધર્મ સં. વૃત્તિમાં શ્રીસંઘાચાર મહાભાષ્યની વૃત્તિ).

---

अवतरण—૩ પ્રકારની પૂજા (૪થું ત્રિક) કહેવાય છે–

**अंगग्ग--भाव--भेया-पुप्फाहारत्थुईहिं पूयतिगं ।**
**पंचुवयारा अट्ठो-वयार सव्वोवयारा वा ॥ १० ॥**

શબ્દાર્થ:—

अंग = અંગપૂજા
अग्ग = અગ્રપૂજા
भाव = ભાવપૂજા
भेया = (એ ૩) ભેદથી
पुप्फ = પુષ્પ પૂજા વડે
आहार = નૈવેદ્ય પૂજા વડે
त्थुईहिं = સ્તુતિપૂજા વડે
पूयतिगं = ૩ પ્રકારની પૂજા છે
पंचुवयारा = પંચોપચારી પૂજા
अट्ठोवयार = અષ્ટોપચારી પૂજા
सव्वोवयारा = સર્વોપચારી પૂજા
वा = અથવા (બીજી રીતે)

गाथार्थ—પુષ્પ વડે નૈવેદ્ય વડે અને સ્તુતિ વડે અનુક્રમે અંગપૂજા અગ્રપૂજા અને ભાવપૂજાના ભેદથી ૩ પ્રકારની પૂજા ગણાય છે, અથવા પંચોપચારી અષ્ટોપચારી અને સર્વોપચારી એમ બીજી રીતે પણ ૩ પ્રકારની પૂજા ગણાય છે ॥૧૦॥

---

કરવાથી દ્વિઅંગપ્રણામ, ૨ હાથ અને શીર્ષવડે ત્રિઅંગપ્રણામ, ૨ હાથ ૨ જાનુ વડે ચતુરંગ પ્રણામ, અને એ ચાર તથા શીર્ષ વડે પંચાંગ પ્રણામ. એમ ૫ પ્રકારનો પણ પ્રણામ કહ્યો છે. (શ્રીધર્મસંગ્રહ ગા. ૬૧ મીની વૃત્તિ.)

**भावार्थ**—ગાથામાં માત્ર પુષ્પપૂજાથી અંગપૂજા કહી છે તો પણ તે પુષ્પ શબ્દ ( ઉપલક્ષણવાળો હોવા )થી નિર્માલ્ય ઉતારવું, મોરપીંછીથી પ્રમાર્જના કરવી, પંચામૃતથી અભિષેક કરવો, ૩-૫ વા ૭ વાર કુસુમાંજલિ પ્રક્ષેપ કરવો, અંગલૂંછણ, વિલેપન, નવાંગપૂજા, પુષ્પપૂજા, આંગી ચઢાવવી ( વા કરવી ), પ્રભુના હાથમાં બીજોરૂં વિગેરે મૂકવું, ધૂપ કરવો, વાસક્ષેપ કરવો, કસ્તૂરી આદિથી પ્રભુના શરીરે પત્ર વિગેરેની રચના કરવી, આભરણ તથા વસ્ત્ર પહેરાવવાં ઇત્યાદિ અનેક પ્રકારની **१ अंगपुजा** ( પ્રભુના શરીર સંબંધિ પૂજા ) છે.

તથા ગાથામાં આહાર ( નૈવેદ્ય ) થી અગ્રપૂજા કહી છે, તો પણ ઉપલક્ષણથી પ્રભુની આગળ ધૂપ કરવો, દીપક કરવો, અક્ષતાદિ વડે અષ્ટમંગળ આલેખવાં, ફુલનો પગર ભરવો, અશન પાન ખાદીમ સ્વાદીમ એ ૪ પ્રકારનું નૈવેદ્ય ધરવું, ઉત્તમ ફળ મૂકવાં, તેમજ [1]ગીત નૃત્ય વાજીંત્ર આરતી મંગળ દીવો ઉતારવો ઇત્યાદિ અનેક પ્રકારની **२ अग्रपूजा** છે.

તથા પ્રભુની આગળ ચૈત્યવંદન કરવું તે **३ भावपूजा** છે ( આ ત્રણે પૂજાનો અર્થ શ્રી ધર્મસંગ્રહવૃત્તિને અનુસારે જાણવો).

અથવા ગંધપૂજા ( ચંદનાદિ પૂજા )-માલ્યપૂજા (પુષ્પપૂજા) વાસક્ષેપ પૂજા-ધૂપપૂજા-અને દીપપૂજા, અથવા ( કેટલાક આચાર્યોના મતે ) પુષ્પ-અક્ષત-ગંધ-ધૂપ-અને દીપ એ પ્રમાણે પણ **५ प्रकारनी** પૂજા [2]ગણાય છે.

તથા પુષ્પ-અક્ષત-ગંધ-દીપ-ધૂપ-નૈવેદ્ય-ફળ અને [3]જળ એ પ્રમાણે **८ प्रकारनी** પૂજા ગણાય છે.

---

૧ શ્રી જ્ઞા. વિ. સૂ. કૃત બાલાવબોધમાં ગીત નૃત્યને ભાવપૂજામાં ગણ્યું છે, પરન્તુ પ્રાચીન ગ્રંથોમાં ગીત નૃત્યને અગ્રપૂજા કહી છે, તથા ધર્મસંગ્રહવૃત્તિમાં અપેક્ષાભેદથી ભાવપૂજામાં અને અગ્રપૂજામાં પણ ગણી છે.

૨ જળ-ચંદન-પુષ્પ-ધૂપ અને દીપક એ રીતે પણ ૫ પ્રકારી પૂજા ગણાય.

૩ એમાં જળપૂજા પર્યન્તે કહી છે, પરન્તુ જળપૂજા સર્વથી પ્રથમ કરવાની હોય છે, માટે પૂજાનો ક્રમ યથાયોગ્ય જાણવો.

તથા સર્વ પ્રકારની પૂજા યોગ્ય વસ્તુઓ વડે પૂજા કરવા તે ( ૧૭ ભેદી ૨૧ ભેદી ઇત્યાદિ અનેક પ્રકારની પૂજા ) सर्वोपचारी પૂજા કહેવાય. અહિં ઉપચાર એટલે સામગ્રી એવો અર્થ જાણવો. અથવા અંગપૂજાદિ ત્રણે ભેદથી પૂજા કરવી તે પણ સર્વોપચારી પૂજા છે.

અથવા એક વિઘ્નોપશામિકા (તે અંગપૂજા કે જેનું ફળ વિઘ્નોપશાન્તિ છે), બીજી અભ્યુદય સાધની ( તે અગ્રપૂજા કે જેનું ફળ આત્માનો અભ્યુદય થવા રૂપ છે તેથી ), અને ત્રીજી નિર્વૃતિકારિણી ( જેનું ફળ મોક્ષ છે. તે ભાવપૂજા ) એ રીતે પણ ૩ પ્રકારી પૂજા ( અંગપૂજાદિનાં ફળ રૂપ ) ગણાય છે.

---

अवतरण—૫ મું અવસ્થાત્રિક કહેવાય છે—

**भाविज्ज अवत्थतियं, पिंडत्थ पयत्थ रूवरहिअत्तं**
**छउमत्थ केवलित्तं, सिद्धत्तं चेव तस्सत्थो ॥११॥**

શબ્દાર્થ:—

| | |
|---|---|
| भाविज्ज = ભાવવી | छउमत्थ = છદ્મસ્થપણું |
| अवत्थतियं = ૩ અવસ્થા | केवलित्तं = કેવલિપણું |
| पिंडत्थ = પિંડસ્થ અવસ્થા | सिद्धत्तं = સિદ્ધપણું |
| पयत्थ = પદસ્થ અવસ્થા | चेव = નિશ્ચય, એજ |
| रूवरहियत्तं = રૂપાતીત (અરૂપી) અવસ્થા | तस्स = તે ૩ અવસ્થાનો |
| | अत्थो = અર્થ છે. |

**गाथार्थ**—પ્રભુની પિંડસ્થ પદસ્થ અને રૂપાતીત એ ૩ અવસ્થા ભાવવી ( વિચારવી ). તેનો અર્થ એજ છે કે-પ્રભુનું છદ્મસ્થપણું કેવલિપણું અને સિદ્ધપણું ભાવવું-વિચારવું ॥૧૧॥

**भावार्थ**—पिंड એટલે તીર્થંકર ભગવંતનો ( તીર્થંકર પદવી પામ્યા પહેલાંનો ) છદ્મસ્થ દેહ અથવા જન્મથી દ્રવ્ય તીર્થંકરપણું તેમાં स्थ=રહેલી અવસ્થા તે पिंडस्थ अवस्था એટલે છદ્મસ્થ અવસ્થા ૩ પ્રકારની છે. ૧ જન્મ અવસ્થા, ૨ રાજ્ય અવસ્થા, ૩ શ્રમણ અવસ્થા, આ ત્રણે અવસ્થામાં ભગવંત

છદ્મસ્થ ( અસર્વજ્ઞ-તીર્થંકર પદવી રહિત ) હોય છે, માટે એ પિંડસ્થ અવસ્થાનો અર્થ છદ્મસ્થ અવસ્થા કહ્યો છે.

તથા पद = તીર્થંકર પદવી, તે પ્રભુ જ્યારે કેવળજ્ઞાન પામે છે ત્યારેજ પ્રગટ થાય છે, કે જે પરમ પુણ્યવંતી તીર્થંકર પદવીના ( તીર્થંકર નામકર્મના ઉદયના ) પ્રભાવથી ઇન્દ્રો તથા દેવો આવે છે, સમવસરણ રચાય છે, તે ઉપર બેસીને પ્રભુ દેશના-ઉપદેશ આપે છે, અને દેશના સમાપ્ત થયા બાદ ગણધર પદવીને યોગ્ય એવા મુનિઓને ત્રિપદી સંભળાવી ગણધર પદે સ્થાપે છે, અને પ્રભુની દેશનાથી વૈરાગ્ય પામી ચારિત્ર ગ્રહણ કરેલી સાધ્વીઓમાં એક મુખ્ય સાધ્વી, તેમજ દેશવિરતિ ગ્રહણ કરેલ શ્રાવકોમાં એક મુખ્ય શ્રાવક તથા શ્રાવિકાને સ્થાપે છે. એ પ્રમાણે ગણધર તથાસાધુ-સાધ્વી-શ્રાવક અને શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘ તેજ [1]તીર્થ, અને તે તીર્થને સ્થાપન કરવાથી પ્રભુ તીર્થંકર કહેવાય છે, અને તે કેવળજ્ઞાન પામ્યા બાદ પ્રથમ સમવસરણ વખતે થાય છે, માટે અહિં પદસ્થ એટલે કેવલિપણું એવો અર્થ છે, તે કેવલિપણું તીર્થંકર પદવી યુકત જાણવું, તેમજ તે પદસ્થપણું નિર્વાણ સમય સુધીનું જાણવું.

તથા પ્રભુ જ્યારે નિર્વાણ પામી સિદ્ધ થાય છે, ત્યારે રૂપ એટલે શરીર રહેતું નથી, પરન્તુ કેવળ આત્માજ રહે છે, અને તે આત્મા રૂપ રહિત ( [2]વર્ણ-ગંધ-રસ-સ્પર્શ રહિત ) હોય છે, માટે અહિં ત્રીજી “ [3]રૂપાતીત અવસ્થા એટલે સિદ્ધપણું” એવો અર્થ છે. એ પ્રમાણે ૩ અવસ્થાઓનો[4] અર્થ

---

૧ ચતુર્વિધ સંઘ અથવા તો પહેલા ગણધર એ બન્ને **તીર્થ** કહેવાય છે, જેથી પહેલા ગણધરની સ્થાપના વડે પણ પ્રભુને તીર્થંકર પણું ગણી શકાય.

૨ રૂપ એટલે વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શ એજ તાત્ત્વિક અર્થ છે.

૩ **रूप** = રૂપથી **अतीत** = રહિત તે રૂપાતીત અવસ્થા.

૪ પ્રશ્ન:—નામની સમાનતા પ્રમાણે જેમ પિંડસ્થાદિ ધ્યાન ૪ પ્રકારનું છે, તેમ અવસ્થા પણ ૪ પ્રકારની હોવી જોઇએ છતાં ૩ પ્રકારની કહી તો રૂપસ્થ ધ્યાન કેવી રીતે થાય ? ઉત્તર:-પ્રભુના પ્રથમ દર્શન વખતેજ રૂપસ્થ ધ્યાન થાય છે (સંઘાચાર વૃત્તિ: )

કહ્યો, તેની ભાવના પ્રભુની પ્રતિમામાં કેવી રીતે ભાવવી તે આગળની ગાથામાં દર્શાવાશે.

---

**अवतरण:**—પૂર્વ ગાથામાં કહેલી ૩ અવસ્થાઓ ( એકજ અવસ્થામાં રહેલ પ્રતિમારુપ પ્રભુની ) કેવી રીતે ભાવવી ? તે આ ગાથામાં દર્શાવે છે—

**न्हवणच्चगेहिं छउमत्थ-वत्थपडिहारगेहि केवलियं ।**
**पलियंकुस्सग्गेहि अ, जिणस्स भाविज्ज सिद्धत्तं ॥१२॥**

શબ્દાર્થ:—

न्हवणच्चगेहिं = સ્નાન અને અર્ચા (પૂજા) કરનારાઓ વડે
पडिहारगेहि = ૮ પ્રાતિહાર્યો-વડે
पलियंकुस्सग्गेहिं = પર્યંકાસન-વડે અથવા કાઉસ્સગ્ગના આ-કારવડે
भाविज्ज = ભાવવી

**गाथार्थ:**—( પાષાણના પરિકરમાં રચેલા ) સ્નપન ( અભિ-ષેક) કરનારા તથા પૂજા કરનારા દેવોના આકારો વડે પ્રભુની છદ્મસ્થ અવસ્થા ભાવવી, તેમજ પરિકરમાં રચેલા ૮ પ્રાતિહા-ર્યોવડે પ્રભુની કેવલી અવસ્થા ભાવવી, અને પ્રભુની પર્યંકા-સનવાળી આકૃતિવડે અથવા કાઉસ્સગ્ગની આકૃતિવડે સિદ્ધત્વ (અરુપી) અવસ્થા ભાવવી. ॥ ૧૨ ॥

**भावार्थ:**--પ્રભુની પ્રતિમા જે પરિકરમાં (પરઘરમાં) સ્થાપિત હોય, તે (પાષાણના) પરિકરમાં પ્રભુના મસ્તક ઉપર હસ્તિ ઉપર બેઠેલા અને હાથમાં કળશો લઇને જાણે પ્રભુનો અભિષેક કરતા હોય તેવા દેવોના આકાર કોરેલા–ચિતરેલા હોય છે, તે આકા-રોને ધ્યાનમાં લઇ પ્રભુની [1]जन्म अवस्था ભાવવી, કારણ કે પ્રભુનો જન્મ થયે અનેક દેવો અને ૬૪ ઇન્દ્રો મેરુ પર્વત ઉપર પ્રભુને લઇ જઇ મહાન્ કળશોમાં અનેક તીર્થોનાં ( પવિત્ર જળા-શયોનાં ) જળ ભરી પ્રભુનો જન્માભિષેક કરે છે, તથા એજ પાષાણના પરિકરમાં કોરેલા માલાધારી દેવોને ધ્યાનમાં લઇ

---

૧ જળાભિષેક સમયે ( સ્નાત્ર સમયે ) જન્માવસ્થા ભાવવી, એમ બાલાવબોધમાં કહ્યું છે તે પણ યોગ્ય છે.

પ્રભુની [1]राज्य अवस्था ભાવવી, કારણકે પ્રભુ નીરાગપણે રાજ્ય-પદ પણ સ્વીકારે છે, અને પુષ્પમાળા તે રાજભૂષણ છે. પુષ્પ-માળા શબ્દથી આભરણો પણ રાજભૂષણ તરીકે જાણવાં. તથા પ્રતિમાજીનું શીર્ષ (મસ્તક) અને મુખ (=દાઢી મૂછનો ભાગ) કેશ રહિત હોય છે, તે ધ્યાનમાં લઇ પ્રભુની श्रमण अवस्था (મુનિપણાની ભાવના) ભાવવી; કારણ કે પ્રભુ જ્યારે દીક્ષા અંગીકાર કરે છે, ત્યારે પંચમુષ્ટિ લોચ કરી કેશ રહિત મસ્તક કરે છે; ત્યારબાદ સંપૂર્ણ ભવ પર્યન્ત લોચ કરતી વખતે જેવા અલ્પ રહ્યા હોય તેવા કેશ આદિ (કેશ-દાઢી-મૂછ-નખ) હંમેશાં અવસ્થિત રહે છે, પરન્તુ વૃદ્ધિ પામતા નથી. એ અવસ્થિતપણું તેજ અહિં કેશનો (કેશવૃદ્ધિનો) અભાવ ગણાય છે. એ પ્રમાણે ૩ પ્રકારની छद्मस्थ अवस्था ભાવવી.

તથા એજ પાષાણના પરિકર ઉપર કળશધારી દેવની બે બાજુએ કોરેલાં પત્ર પાંદડાંનો આકાર તે ૧ અશોકવૃક્ષ, પરિકર ઉપર કોરેલા માલાધર દેવો વડે ૨ પુષ્પવૃષ્ટિ, પ્રતિમાજીના બે પડખે પરિકરમાં કોરેલા વીણા અને વાંસળી વગાડતા દેવોના આકારો વડે ૩ દિવ્યધ્વની, પ્રતિમાજીના મસ્તકના પાછળના ભાગમાં રહેલો અને પ્રભુના તેજનો રાશિ સૂચવનારો કિરણો-વાળો કાંતિમાન આકાર તે ૪ ભામંડલ, ત્રણ છત્રની ઉપર ભેરી વગાડતા દેવનો આકાર તે ૫ દુંદુભિ, બે ચામર વીંજતા બે દેવ આકાર તે ૬ ચામર, ૭ સિંહાસન અને ૮ ત્રણ છત્ર (કે જે પ્રભુના મસ્તક ઉપર પહેલું મોટું છત્ર, પુનઃ તે ઉપર કંઇક ન્હાનું છત્ર, પુન: તે ઉપર વિશેષ ન્હાનું છત્ર તે છત્રાતિછત્ર) એ ૮ પ્રાતિહાર્ય ગણાય છે; પ્રભુના વિહાર વખતે પણ હંમેશાં એ ૮ પ્રાતિહાર્ય તો અવશ્ય સાથેજ રહે છે, તે કારણથી એ *પ્રાતિહાર્યને ધ્યાનમાં લઈ પ્રભુની केवली अवस्था એટલે તીર્થંકર પદવીની અવસ્થા ભાવવી.

---

૧ પુષ્પપૂજા તથા અલંકાર ચઢાવતી વખતે રાજ્યાવસ્થા ભાવવી એમ બાલાવબોધમાં કહ્યું છે તે પણ યોગ્ય સમજાય છે.

* પાષાણનો પરિકર ન હોય તેવા સ્થાને એકાદ પ્રાતિહાર્ય દેખવા માત્રથી અને સર્વથા ન હોય તો ભાવના માત્રથી પણ કેવલી અવસ્થા ભાવી શકાય છે.

તથા બે જમણી જંઘાઓમાં ડાબો પગ સ્થાપવો, અને બે ડાબી જંઘાઓમાં જમણો પગ સ્થાપવો તે પર્યંકાસન કહેવાય. એ આસને રહીને અથવા કાઉસ્સગ્ગ મુદ્રામાં રહીને તીર્થંકરો મોક્ષે ગયા છે, માટે તેવા બંને પ્રકારના આસનવાળી પ્રભુની પ્રતિમા પણ હોય છે, તેથી તે પ્રતિમાજીનું પર્યંકાસન અને કાઉસ્સગ્ગ આસન ધ્યાનમાં લઇ પ્રભુની સિદ્ધત્વ અવસ્થા એટલે रूपातीत (અરૂપી) अवस्था ભાવવી.

પ્રશ્નઃ—પૂર્વે કહેલા આકારો વડે પ્રભુની તે તે અવસ્થા ધ્યાનમાં આવી શકે, પરન્તુ તે અવસ્થા સંબંધિ ભાવના શું ભાવવી?

ઉત્તરઃ—શ્રીપ્રવચનસારોદ્ધારની વૃત્તિમાં કહ્યું છે કે—"હસ્તિ અશ્વ સ્ત્રીઓ આદિ મહા વૈભવવાળું અને સુખવાળું એવું પણ સામ્રાજ્ય છોડીને જે પ્રભુએ નિઃસંગપણું (શ્રમણપણું) અંગીકાર કર્યું એવા અચિન્ત્ય મહિમાવાળા જગત્પ્રભુનું દર્શન મહાપુણ્યશાળી જીવો જ પામી શકે છે, તેમ જ શ્રમણપણામાં જે પ્રભુ શત્રુ મિત્રમાં સમાન બુદ્ધિવાળા, ચાર જ્ઞાનવાળા, તૃણ મણિ તથા સુવર્ણ અને પત્થરમાં સમાન દૃષ્ટિવાળા, નિયાણા રહિત વિચિત્ર તપશ્ચર્યાઓ કરતા છતા નિઃસંગપણે વિહાર કરતા હતા તે ત્રણ જગતના નાથનું દર્શન ઉત્તમ પુણ્યશાળી જીવોને જ થાય છે" ઈત્યાદિ ભાવાર્થ પ્રમાણે પ્રભુની છદ્મસ્થ અવસ્થા ભાવવી. તેમજ કેવલિપણાના ગુણ વિચારવાથી [1]કેવલિ અવસ્થાની ભાવના, અને સિદ્ધના ગુણ વિચારવાથી [2]સિદ્ધત્વ ભાવના ગણાય છે.

એ પ્રમાણે ૩ અવસ્થાઓની [3]ભાવનાઓ પ્રવ૦સારો૦ વિગેરે શાસ્ત્રાનુસારે દર્શાવી છે.

---

૧-૨ એ બે અવસ્થાઓ સંબંધિ પણ ૨-૨ ગાથા પ્રવ૦ સારો૦ માં દર્શાવી છે, પરન્તુ અહિં વિસ્તાર થઇ જવાના કારણથી તેનો ભાવાર્થ લખ્યો નથી. વિશેષાર્થીએ ત્યાંથી જાણી લેવો.

૩ શ્રી જ્ઞાનવિમલસૂરિકૃત બાલાવબોધમાં પ્રભુની જળાભિષેક સમયે બાલ્યાવસ્થા, અને પૂજા આભરણાદિ વખતે રાજ્યાવસ્થા ભાવવાની કહી છે, તે પણ ઉચિત સમજાય છે.

**अवतरण**—હવે ૩ દિશિએ દ્રષ્ટિ ન રાખવાનું (છઠ્ઠું ત્રિક) તથા ૩ વાર પદભૂમિ પ્રમાર્જનનું (૭ મું ત્રિક) કહે છે.

**उड्ढाहोतिरिआणं, तिदिसाण निरिक्खणं चइज्जहवा।**
**पच्छिम-दाहिण-वामाण जिणमुहन्नत्थदिट्ठिजुओ ॥**
**॥ १३ ॥**

શબ્દાર્થ:—

उड्ढ = ઊર્ધ્વદિશિ (ઉપર)
अहो = અધોદિશિ (નીચે)
तिरिआणं = તિર્છી દિશિ (આડી)
तिदिसाणं = એ ૩ દિશિઓને
निरिक्खणं = જોવું, જોવાનો
चइज्ज = ત્યાગ કરવો
अहवा = અથવા (બીજી રીતે)
पच्छिम = પશ્ચિમ,-પાછલી બાજુ
दाहिण = દક્ષિણ,-જમણી બાજુ
वामाण = વામ-ડાબી બાજુ (એ ૩ દિશિ) નો ત્યાગ કરવો.
जिणमुह = જિનેશ્વર સન્મુખ
न्नत्थ = (ન્યસ્ત), સ્થાપેલ
दिट्ठि जुओ = દ્રષ્ટિયુક્ત હોય

**गाथार्थ**—પ્રભુ સન્મુખ સ્થાપેલી દ્રષ્ટિવાળો જે પુરુષ તેણે ઉપર નીચે અને તિર્છી (=આડી) એ ૩ દિશિ તરફ જોવાનો ત્યાગ કરવો, અથવા પાછલી જમણી અને ડાબી એ ૩ દિશિઓ તરફ જોવાનો પણ ત્યાગ કરવો ॥ ૧૩ ॥ તથા ત્રણ વાર પદભૂમિ પ્રમાર્જનાનું ત્રિક ગાથામાં કહ્યું નથી તોપણ અધ્યાહારથી જાણી લેવું.

**भावार्थ**—પ્રભુની (જિનેન્દ્ર પ્રતિમાજીની) સન્મુખ ચૈત્યવંદન કરતી વખતે પોતાની દ્રષ્ટિ કેવળ પ્રભુ સન્મુખ જ સ્થિર કરવી, પરન્તુ તે સિવાય બીજી તરફ એટલે ઉપર નીચે કે બાજુની દિશાએ (તિર્છી દિશાએ) અથવા પોતાની ડાબી જમણી કે પાછળની દિશાએ પણ જોવું નહિ. અહિં જો કે ચક્ષુ પણ મનની પેઠે સ્વભાવે જ ×ચપળ હોવાથી સ્થિર રહી શકે નહિં તોપણ બનતા પ્રયત્ને આડુ અવળુ ન જોતાં પ્રભુ સામેજ દ્રષ્ટિ રાખવી, પરન્તુ ડોક વાળીને તો વિશેષતઃ ન જ જોવું, કે

× આ ચક્ષુની ચપળતા વિગેરે ભાવાર્થ ચૈ. વં. મહાભાષ્યમાં કહ્યો છે.

જેથી તે દિશિમાં રહેલી અથવા આવેલી સ્ત્રી આદિ તરફ દ્રષ્ટિ જતાં ચૈત્યવંદનનો ઉપયોગ બદલાઈ મનની મલિનતા થાય. એ પ્રમાણે ત્રણ દ્રષ્ટિના ત્યાગનું ૬ ઠું ત્રિક કહ્યું.

તથા ચૈત્યવંદન ભૂમિ ઉપર બેસીને તેમજ [1]ઉભા રહીને પણ કરવાનું હોય છે, તેથી જે સ્થાને ચૈત્યવંદન કરવા બેસીએ તે સ્થાને કોઈ ત્રસ જંતુ ન હણાય તે કારણથી પ્રથમ તે ભૂમિને વસ્ત્રાદિથી પ્રમાર્જી ( વાળી ) ને સ્વચ્છ જંતુરહિત કરવી, ત્યાર બાદ ચૈત્યવંદન કરવા બેસવું. ત્યાં ગૃહસ્થ પૌષધવ્રત રહિત હોય તો પોતાના ઉત્તરાસંગના ( પૂજા કરતી વખતે રાખવા યોગ્ય ખેસના ) છેડાથી પ્રમાર્જે, પૌષધધારી શ્રાવક ચરવલાથી પ્રમાર્જે, અને શ્રી મુનિ મહારાજ ઓઘાથી ભૂમિ પ્રમાર્જન કરે. શ્રીજિનેન્દ્રમાર્ગાનુસારી સર્વ ધર્મક્રિયાઓ યતના ( જીવની જયણા ) પૂર્વક જ હોય છે, જ્યાં જયણા નહિ ત્યાં ધર્મક્રિયા પણ નહિ.

---

अवतरण—હવે ચૈત્યવંદન કરતી વખતે ઉપયોગ ક્યાં રાખવો ? તે સંબંધિ ૮ મું આલંબન ત્રિક, અને કઇ મુદ્રાએ (આકૃતિએ) ચૈત્યવંદન કરવું ? તે સંબંધિ ૯ મું મુદ્રાત્રિક કહે છે—

**वन्नतियं वन्नत्था–लंबणमालंबणं तु पडिमाई ।**
**जोग–जिण–मुत्तसुत्ती–मुद्दाभेएण मुद्दतियं ॥ १४ ॥**

શબ્દાર્થ:—

वन्नतिय = વર્ણત્રિક આ પ્રમાણે
वन्न = વર્ણાલંબન
अत्थालंबणं = અર્થાલંબન
पडिमाई (आलंबणं) = પ્રતિમાદિ આલંબન
जोग = યોગ મુદ્રા
जिण = જિનમુદ્રા
मुत्तसुत्ती = મુક્તાશુક્તિ મુદ્રા
मुद्दा = મુદ્રાના
भेएण = એ ૩ ભેદવડે
मुद्दतियं = મુદ્રાત્રિક છે

---

૧ નમુત્થુણં આદિ સૂત્રો બેસીને કહેવાય છે, અને ઇરિયાવહિ આદિ સૂત્રો ઉભા રહીને કહેવાય છે. માટે ચૈત્યવંદન વખતે બેસવાનું તેમજ ઉભા રહેવાનું પણ હોય છે.

**भावार्थः**—વર્ણાલંબન, અર્થાલંબન, અને પ્રતિમાદિ આ-લંબન એ ૩ આ[1]લંબન જાણવાં, અને યોગમુદ્રા, જિનમુદ્રા, તથા મુક્તાશુક્તિ મુદ્રા એ ૩ ભેદ વડે મુદ્રાત્રિક જાણવું ॥૧૪॥

**भावार्थः**—ચૈત્યવંદન સૂત્રોના અક્ષરો અતિસ્પષ્ટ, શુદ્ધ, સ્વર તથા વ્યંજનના ભેદ સહિત (ભેદ સમજાય તેમ), પદચ્છેદ જૂદા પડે ( શબ્દો છૂટા છૂટા સમજાય ) તેવી રીતે, તથા સંપદાઓ (વિસામા) પણ સમજી શકાય તેમ અને ઉચિત ધ્વનિ પૂર્વક (બહુ મોટા સ્વરે નહિ તેમ બહુ મંદ નહિ એવી રીતે) બોલવા તે **वर्णालंबन** અથવા **सूत्रालंबन**. તથા તે ચૈત્યવંદન સૂત્રોના અર્થ પણ સૂત્રો બોલતી વખતે પોતાના જ્ઞાનને અનુસારે વિચારવા તે **अर्थालंबन**, તથા દંડકસૂત્રોના અર્થમાં આવતા (વિચારાતા) ભાવ અરિહંતાદિકનું પણ સ્મરણ કરવું, તેમજ જેની આગળ વંદના કરવાનો પ્રારંભ કર્યો છે તે પ્રતિમાદિક પણ સ્મૃતિ બહાર ન થવા જોઇએ (અર્થાત્ ભાવ અરિહંતાદિ અને સ્થાપના અરિહંતમાં પણ ઉપયોગ રાખવો) તે **प्रतिमादि आलंबन** જાણવું. એ પ્રમાણે વર્ણાદિત્રિક અથવા આલંબનત્રિક [2]કહ્યું.

તથા ૩ મુદ્રાઓનું સ્વરૂપ તો આગળ ગાથાથીજ દર્શાવાય છે. એ ૩ મુદ્રાઓમાં પહેલી યોગમુદ્રા અને ત્રીજી મુક્તાશુક્તિ મુદ્રા એ બે હસ્તમુદ્રા છે, અને બીજી જિનમુદ્રા તે પાદ (પગની) મુદ્રા છે.

---

૧ આ ત્રિકના ભેદનાં વર્ણ–અર્થ–આલંબન એ પણ ૩ નામ છે. ત્યાં આલંબન એટલે પ્રતિમાદિક એવો અર્થ થાય છે. જેથી આ ત્રિકનું નામ **वर्णादित्रिक** છે, તોપણ મૂળ ગાથામાં પહેલો " આલંબણ " શબ્દ વર્ણ–અર્થ સાથે સંબંધવાળો હોવાથી " આલંબન ત્રિક " કહેવામાં વિરોધ નથી.

૨ અહિં પ્રશ્ન થાય કે વર્ણમાં અર્થમાં અને પ્રતિમામાં તેમજ ક્રિયામાં. મુદ્રામાં ઈત્યાદિમાં સર્વત્ર એકસાથે અનેક ઉપયોગ કેવી રીતે ઘટે ? કારણ કે એક સમયમાં કેવલિ ભગવંતોને પણ બે ઉપયોગ હોતા નથી. તો સમાધાન તરીકે જાણવું કે—ચિત્તની શીઘ્ર ગતિ હોવાથી વર્ણથી અર્થમાં અર્થથી વર્ણમાં ઇત્યાદિ રીતે ભિન્ન ભિન્ન વખતે ભિન્ન ભિન્ન ઉપ-

**अवतरणः**—પૂર્વ ગાથામાં કહેલી ૩ મુદ્રામાંની પહેલી योगमुद्रा કેવી રીતે થાય ? તે આ ગાથામાં દર્શાવે છે—

**अन्नुन्नंतरि अंगुलि-कोसागारेहिं दोहिं हत्थेहिं ।**
**पिट्टोवरि कुप्परसं-ठिएहिं तह जोगमुद्दत्ति ॥ १५ ॥**

શબ્દાર્થ:—

| | |
|---|---|
| अन्नुन्नंतरि = પરસ્પર અંતરિત | पिट्टोवरि = પેટ ઉપર |
| अंगुलि = અંગુલીવડે | कुप्पर = કોણી |
| कोसागारेहिं = કમળના ડોડા-કારે કરેલા | संठिएहिं = સ્થાપવા વડે |
| | जोगमुद्द = યોગમુદ્રા |
| दोहिं हत्थेहिं = બે હાથ વડે | त्ति = ઇતિ, એ પ્રમાણે, તે |

**गाथार्थः**—આંગળીઓને પરસ્પર અંતરિત ( ૨ આંગળી વચ્ચે ૧ આંગળી આવે એવી રીતે ) કરવાથી કમળના ડોડાના આકારે થયેલા બે હાથ વડે અને તેવા આકારવાળા બન્ને હાથની ( કાંડાથી કોણી સુધી બન્ને હાથ ભેગા કરીને ) બન્ને કોણીને પેટ ઉપર સ્થાપવા વડે યોગમુદ્રા થાય છે. ॥ ૧૫ ॥

**भावार्थः**—આ યોગમુદ્રામાં બે હથેલીઓને કમળના ડોડાના આકારે ભેગી મેળવી ડાબા હાથની આંગળીઓ જમણા હાથની આંગળીઓમાં એવી રીતે અંતરિત કરવી (ભરાવવી) કે જેથી ડાબો અંગુઠો જમણા અંગુઠાની સ્હામો જોડાયલો રહે; ત્યાર પછી ડાબી પહેલી આંગળી જમણી ૧ લી ૨ જી આંગળીની નીચે (પછી) આવે. તથા કાંડાથી કોણી સુધીનો ભાગ પણ તે વખતે કમળની નાળ (દાંડા) ની પેઠે યથાયોગ્ય સાથે રાખવો, અને તે પ્રમાણે સંયુક્ત અથવા [1]અસંયુક્ત બન્ને કોણીઓ પેટ

---

યોગ હોવા છતાં પણ જેમ બળતું ઉમાડીયું ગોળ ચક્રાવાથી શીઘ્ર ફેરવતાં જ્વાલા છેદ દેખાતો નથી તેમ ઉપયોગ ભેદ પણ જણાતો નથી. માટે તે રીતે ત્રણેમાં ઉપયોગ રાખવો, પણ તેથી ભિન્ન ઉપયોગ ન રાખવો એ તાત્પર્ય છે. [ ઇતિ તૃતીયપંચાશકે છિન્નજ્વાલાદ્રષ્ટાન્તઃ ].

૧ બે કોણીઓને સંયુક્ત કે અસંયુક્ત રાખવી તે સંબંધિ સ્પષ્ટ અક્ષરો દેખાતા નથી, તો પણ બન્ને રીતે અનુચિતપણું ન સમજવું.

ઉપર (અથવા નાભિ ઉપર) સ્થાપવી, અને હથેળીઓનો રચેલો કોશાકાર કિંચિત્ નમાવેલા મસ્કતથી કિંચિત્ દૂર રાખવો. આ મુદ્રા ઉભા રહેતી વખતે અને બેઠાં પણ કરવાની હોય છે. તથા આ મુદ્રાનો ઉપયોગ કયા સૂત્રો વખતે કરવાનો હોય છે, તે આગળ ૧૮ મી ગાથામાં દર્શાવાશે. અહિં યોગ એટલે બે હાથનો સંયોગ વિશેષ અથવા યોગ એટલે સમાધિ તેની મુખ્યતાવાળી જે मुद्रा તે योगमुद्रा વિઘ્નવિશેષને દૂર કરવામાં સમર્થ છે. (ઇતિ તૃતિયપંચાશક વૃત્તિઃ)

---

अवतरण—આ ગાથામાં બીજી જિનમુદ્રા કેવી રીતે થાય તે દર્શાવે છે—

**चत्तारि अंगुलाइं, पुरओ ऊणाइं जत्थ पच्छिमओ ।**
**पायाणं उस्सग्गो, एसा पुण होइ जिणमुद्दा ॥ १६ ॥**

શબ્દાર્થ:—

| | |
|---|---|
| चत्तारि = ચાર | पायाण = બે પગની |
| पुरओ = આગળ | उस्सग्गो = ઉત્સર્ગ, છેટું, અંતર. |
| ऊणाइं = ઊણુ, ન્યૂન | एसा = આ, તે |
| जत्थ = જે મુદ્રામાં | पुण = વળી |
| पच्छिमओ = પાછળ | जिणमुद्दा = જીનમુદ્રા |

गाथार्थः—જે મુદ્રામાં બે પગનો આગળનો ભાગ ચાર અંગુલ અંતરવાળો રહે, અને પાછલો ભાગ તેથી (ચાર અંગુલથી) કંઈક ઓછા-ન્યૂન અંતરવાળો રહે તે जिनमुद्रा ગણાય છે. ॥ ૧૬ ॥

भावार्थः—કાઉસ્સગ્ગ વિગેરેમાં ઉભા રહેતી વખતે ભૂમિ ઉપર બે પગ એવી રીતે સ્થાપવા-રાખવા કે જેથી અંગુલીઓ તરફના બે આગલા ભાગ એક બીજાથી પરસ્પર ૪ અંગુલ દૂર રહે, અને પાછળનો ભાગ એટલે બે એડીઓ પરસ્પર ચાર અંગલથી કંઇક ન્યૂન દૂર રહે, એવા પ્રકારનો પદવિન્યાસ (બે પગનું સ્થાપન) તે जिनमुद्रा કહેવાય. અહિં जिन (= કાઉ-

સ્સગ્ગ કરતા એવા ) જિનેશ્વરોની જે મુદ્રા તે જિનમુદ્રા, અ-થવા જિન એટલે ( વિઘ્નોને ) જીતનારી જે મુદ્રા તે જિનમુદ્રા એવો શબ્દાર્થ છે.

---

अवतरण—આ ગાથામાં ( ત્રીજી ) મુક્તાશુક્તિ મુદ્રા કેવી રીતે થાય ? તે દર્શાવાય છે—

**मुत्तासुत्ती मुद्दा, जत्थ समा दोवि गब्भिआ हत्था ।**
**ते पुण निलाडदेसे, लग्गा अन्ने अलग्गत्ति ॥१७॥**

શબ્દાર્થ:—

जत्थ = જે મુદ્રામાં
समा = સરખા
दो (अ) वि = બન્ને પણ
गब्भिआ = ગર્ભિત, મધ્યમાં ઉન્નત.
निलाड = ભાલ, કપાળ
देसे = સ્થાને
अन्ने = અન્ય આચાર્યો

गाथार्थ—જે મુદ્રામાં બન્ને હાથ સમ-સરખા અને ગર્ભિત (=મધ્યમાં ઉન્નત ) રાખ્યા હોય, અને તેવા બન્ને હાથને કપાળ સ્થાને લગાડ્યા હોય તે મુક્તાશુક્તિ મુદ્રા કહેવાય. અહિં અન્ય -બીજા આચાર્યો કહે છે કે—કપાળસ્થાને ન લગાડવા. ॥૧૭॥

भावार्थः—मुक्ता એટલે મોતીનું शुक्ति = ઉત્પત્તિ સ્થાન જે છીપ તેના આકાર સરખી મુદ્રા તે मुक्ताशुक्ति मुद्रा કહેવાય. એ મુદ્રામાં બન્ને હાથને ( બે હથેલીને ) સમ એટલે અંગુલિ-ઓને પરસ્પર અંતરિત કર્યા વિના રાખવાના હોય છે, પણ યોગમુદ્રામાં કહેલી અન્યોન્યાન્તરિત અંગુલીઓની પેઠે વિષમ રાખવા નહિ, તેમજ તે સમ સ્થિતિમાં રાખેલા બન્ને હાથને પુન: ગર્ભિત કરવા, એટલે બન્ને હથેલીઓ અંદરથી પોલાણ-વાળી રહે તેવી રીતે કાચબાની પીઠની પેઠે મધ્યભાગમાં ઉન્નત -ઉંચી રાખવી, પરન્તુ ચિપટાયલી ન રાખવી. એ પ્રમાણે બે હાથને સમ અને ગર્ભિત એ બે સ્થિતિવાળા કરીને કપાળે અડાડવા. અહિં કેટલાક આચાર્યો કહે છે કે—બે હાથ કપાળે ન અડાડવા પરન્તુ કપાળની સન્મુખ-સ્હામા ઉંચા રાખવા તે મુક્તાશુક્તિ મુદ્રા કહેવાય, ( એ વિશેષ-તફાવત છે. )

**अवतरण**—આ ગાથામાં કઈ મુદ્રાવડે કયાં સૂત્ર કહેવાય? તે કહે છે—

**पंचंगो पणिवाओ, थय (थुइ) पाढो होइ जोगमुद्दाए। वंदण जिणमुद्दाए, पणिहाणं मुत्तसुत्तीए ॥ १८ ॥**

શબ્દાર્થ:—ગાથાર્થને અનુસારે સુગમ છે.

**गाथार्थ:**—પંચાંગી મુદ્રાવડે પ્રણિપાત (નમસ્કાર અથવા ખમાસમણ) થાય છે, સ્તવપાઠ (નમુત્થુણં આદિ) યોગમુદ્રા વડે થાય છે, જિનમુદ્રાવડે વંદનસૂત્ર (અરિહંત ચેઈયાણં આદિ) કહેવાય છે, અને મુક્તાશુક્તિ મુદ્રાવડે પ્રણિધાન સૂત્ર તે જયવીઅરાય આદિ કહેવાય છે ॥ ૧૮ ॥

**भावार्थ:**—નમુત્થુણંની પહેલાં અને પર્યન્તે "નમુત્થુણં" અને "વંદામિ" પદ બોલતી વખતે જે નમસ્કાર થાય છે, તે [1]નમસ્કાર પણ પ્રણિપાત સૂત્ર (નમુત્થુણં) સંબંધિ હોવાથી "પ્રણિપાત" કહેવાય છે, અને તે આદિ અન્તનો નમસ્કાર પંચાંગી મુદ્રાવડે કરવો. અહિં મૂળ મુદ્રા ૩ હોવા છતાં આ પંચાંગી મુદ્રા ઉત્તરમુદ્રા તરીકે હોવાથી સંખ્યા ભેદનો વિરોધ ન *ગણવો, અથવા પ્રણિપાત એટલે ખમાસમણ પણ પંચાંગી મુદ્રાવડે દેવાય છે. અને સ્તવપાઠ (નમુત્થુણં બેસીને કહેવાનું હોવાથી) યોગમુદ્રા (રૂપ એકજ હસ્તમુદ્રા) વડે કહેવાય છે. તથા અરિહંત ચે૦-તસ્સ ઉ૦-અન્નત્થ-૫ દંડક સૂત્ર (લોગસ્સ આદિ ૫ સૂત્ર) ઇરિયાવહિયં-થોય જોડા એ સર્વ હસ્તની યોગ [2]મુદ્રા અને પગની જિનમુદ્રા એ બે[3] મુદ્રાયુક્ત કહેવાં, અને પ્રણિધાન સૂત્ર જે જયવીઅરાય વિગેરે તે*હસ્તની મુક્તાશુક્તિ મુદ્રા તથા

---

૧ આ પંચાંગ પ્રણિપાત તે ખમાસમણ રૂપ કહેવાય છે તે નહિ.

* એ સંબંધિ વિશેષ ચર્ચા ભાષ્યની અવચૂરિ, પંચાશકજી, તથા પ્રવ૦ સારો૦ વૃત્તિ આદિથી જાણવી.

૨ ઇર્યાપથિકીના તથા સ્તુતિઓના આંતરામાં કાયોત્સર્ગ કરતી વખતે તો હાથની કાયોત્સર્ગ મુદ્રાજ રાખવાની હોય છે, કે જે પ્રસિદ્ધ છે.

૩ શ્રી ધર્મસંગ્રહવૃત્તિ વિગેરે.

*પગની જિનમુદ્રા યુક્ત કહેવાય છે. તથા જાવંતિ ચેઇ૦ તેમજ જાવંતકેવિસાહૂ એ બે સૂત્ર પણ જો કે પ્રણિધાન સૂત્ર છે તોપણ બેસીને કહેવાય છે, અને નમુત્થુણંની સાથે કહેવાનાં હોય છે, માટે તે બેની મુદ્રા નમુત્થુણં તુલ્ય યોગમુદ્રા પ્રચલિત છે તોપણ મુક્તાશુક્તિ વડે પ્રણિધાન સૂત્ર કહેવાં અનુચિત [1]નથી.

અહિં શક્રસ્તવમાં હસ્તની યોગમુદ્રા તેમજ પાદનું પર્યંકાસન અથવા ડાબો જાનુ ઉભો રાખી જમણો જાનુ ભૂમિએ સ્થાપવા રૂપ અંગ વિન્યાસ (આકાર) કહ્યો છે, તે સંબંધમાં ચર્ચા ઘણી છે, તોપણ તે બન્ને વિન્યાસ પણ વિનયસ્વરૂપ હોવાથી વિસંવાદ તરીકે જાણવા નહિં, એમ કહ્યું છે. (ઇતિ પંચાશક વિગેરે.) પુન: ચાલુ પ્રવૃત્તિમાં જે બન્ને જાનુને ભમિ ઉપર સ્થાપન કરવામાં આવે છે તે પણ વિનયરૂપ હોવાથી ઉચિત છે.

---

अवतरण--પૂર્વગાથામાં મુક્તાશુક્તિ મુદ્રાવડે પ્રણિધાન સૂત્ર ભણવાનું કહ્યું તે પ્રણિધાન સૂત્ર કયું? તે દર્શાવે છે, અથવા ક્રમ પ્રમાણે ૧૦ મું પ્રણિધાન ત્રિક કહેવાનું બાકી રહ્યું છે તે પણ આ ગાથામાં દર્શાવાય છે.

**पणिहाणतियं चेइअ--मुणिवंदण--पत्थणासरूवं वा ।**
**मण--वय--काएगत्तं, सेसतियत्थो य पयडुत्ति ॥१९॥**

શબ્દાર્થ:—

पत्थणासरूवं = પ્રાર્થના સ્વરૂપ
एगत्तं = એકત્વ, એકાગ્રતા
सेसतिय = પ્રદક્ષિણાત્રિક અને પ્રમાર્જનત્રિક એ બે ત્રિક
अत्थो = ( તે બે ત્રિકનો ) અર્થ
पयडु त्ति ( इति ) =પ્રગટ છે

---

* બેસીને જયવીઅરાય કહેવાના હોય ત્યારે પગની જિનમુદ્રા નહિ પરન્તુ ચૈત્યવંદન પ્રસંગે થતી મુદ્રાયુક્ત કહેવાના હોય છે.

૧ કારણ કે શ્રી સંઘાચારની (ચૈ૦ મહાભાષ્યની) ૮૩૫ મી ગાથામાં **जिणचेइयपणिहाणं, संविग्गो मुत्तसुत्तीए** એ વચનથી જાવંતિ ચે૦ સૂત્ર પણ મુક્તાશુક્તિ મુદ્રાવડે સ્પષ્ટ કહ્યું છે અને જયવીઅરાય માટે તો ઘણા પાઠ મળી આવે છે.

गाथार्थ—चैत्यवंदन स्वरूप ( એટલે જાવંતીચેઇયાઈ સૂત્ર ) મુનિવંદન સ્વરૂપ ( જાવંતકેવિસાહૂ સૂત્ર ), અને પ્રાર્થના સ્વરૂપ ( જયવીઅરાય સૂત્ર ) એ ૩ સૂત્ર તે (પ્રણિધાનત્રિક) છે, અથવા સર્વત્ર મનની વચનની અને કાયાની એ ત્રણની એકાગ્રતા તે *પ્રણિધાનત્રિક છે. તથા આ ભાષ્યની ગાથાઓમાં નહિ કહેલાં બાકીનાં પ્રદક્ષિણાત્રિક અને પ્રમાર્જનાત્રિક એ ૨ ત્રિકનો અર્થ પ્રગટ-સ્પષ્ટ જ છે ॥ ૧૯ ॥

भावार्थः—ગાથાર્થવત્, પરન્તુ વિશેષ એજ કે—" જાવંતિ ચેઇયાઈ " સૂત્રમાં ત્રણે લોકમાં વર્ત્તતાં ચૈત્યોને નમસ્કાર હોવાથી ચૈત્યવંદનસૂત્ર કહેવાય છે, " જાવંતકેવિસાહૂ " સૂત્રમાં અઢી દ્વીપમાં વર્ત્તતા સર્વ સાધુઓને નમસ્કાર કરેલો હોવાથી તે મુનિવંદનસૂત્ર કહેવાય છે, અને "જયવીઅરાય" સૂત્રમાં ભવ વૈરાગ્ય, માર્ગાનુસારિપણું, ઇષ્ટફળસિદ્ધિ, લોકવિરૂદ્ધનો ત્યાગ, ગુરૂજનની પૂજા, પરોપકાર કરણ, સદ્‌ગુરૂનો યોગ અને ભવ પર્યન્ત તે સદ્‌ગુરૂના વચનની સેવા અને ભવોભવ પ્રભુના ચરણની સેવા એ ૯ વસ્તુ વીતરાગ પ્રભુ પાસે માગેલી હોવાથી પ્રાર્થનાસૂત્ર ગણાય છે. એમાં ત્રીજું પ્રણિધાન ચૈત્યવંદનાને અન્તે અવશ્ય કરવા યોગ્ય કહ્યું છે. ॥ इति १० त्रिकस्य प्रथमं द्वारं समाप्तम् ॥

---

अवतरण—પૂર્વે દશ ત્રિકનું સ્વરૂપ દર્શાવ્યા બાદ હવે આ ગાથામાં અલ્પર્ધિક શ્રાવકને માટે ૫ પ્રકારના અભિગમ ( નું ૨ જું દ્વાર ) દર્શાવે છે—

**सच्चित्तदव्वमुज्झण–मच्चित्तमणुज्झणं मणेगत्तं ।**
**इगसाडि उत्तरासं--गु अंजली सिरसि जिणदिट्ठे**
**॥ २० ॥**

---

* એ ત્રણે સૂત્ર પણિધાનસૂત્ર છે, તોપણ મુક્તાશુક્તિ મુદ્રાવડે તો વિશેષતઃ જયવીઅરાય સૂત્ર સંબંધિ જેટલા પાઠ છે તેટલા એ બે પ્રણિધાન માટે વિશેષ દેખાતા નથી, તોપણ ત્રણે સૂત્રમાં એ મુદ્રા સાચવવી અનુચિત નથી. કારણકે સંઘાચારની ૮૩૫ મી ગાથામાં જાવંતિ ચે૦ માટે મુક્તાશુક્તિ મુદ્રા સ્પષ્ટ કહી છે.

શબ્દાર્થ—

सच्चित्तदव्वं = સચિત્ત દ્રવ્યોનો
उज्झणं = ત્યાગ
अच्चित्त अणुज्झणं = અચિત્તનો અત્યાગ
मण एगत्तं = મનની એકાગ્રતા
इगसाडि = અખંડ વસ્ત્ર વિશેષ
उत्तरासंगु = ઉત્તરીય વસ્ત્ર, ખેસ
अंजलि = બે હાથ જોડવા
सिरसि = મસ્તકે લગાડવા.
जिणदिट्ठे = જિનેશ્વરને દેખતાંજ

**गाथार्थः**—પોતાની પાસેનાં પોતાને સુંઘવાનાં ફુલ અથવા પહેરેલી ફુલની માળા આદિ સચિત્ત દ્રવ્યો [1]છોડીને ચૈત્યમાં પ્રવેશ કરવો, તે પહેલો અભિગમ. પહેરેલાં આભરણ વસ્ત્ર નાણું આદિ છોડવાં તે ૨ જો ભિગમ. મનની એકાગ્રતા રાખવી તે ૩ જો અભિગમ. બન્ને છેડે દશીઓવાળું અને વચ્ચે ન સાંધેલું અખંડ [2]ઉત્તરાસંગ ( ખેસ ) રાખવું તે ૪ થો અભિગમ અને પ્રભુને દેખતાંજ नमो जिणाणं કહી અંજલિપૂર્વક [3]મસ્તકે પ્રણામ કરવો તે ૫ મો અભિગમ. આ પાંચે અભિગમ શ્રીજિનેન્દ્ર પ્રભુ પાસે જતાં સાચવવા. ( આ ૫ અભિગમ વિશેષતઃ અલ્પઋદ્ધિવાળા શ્રાવકને અંગે કહ્યા છે. )

---

૧ પોતાને ખાવાની પીવાની અને સુંઘવાની ચીજો અચિત્ત હોય તોપણ પ્રભુની દ્રષ્ટિએ ન પડે તેમ ચૈત્યબહાર છોડીને પ્રવેશ કરવો, અને જો દ્રષ્ટિગત થઇ હોય તો તે ચીજો પોતાના ઉપયોગમાં લઇ શકાય નહિં, એવી પણ પ્રાચીન આચરણા પ્રભુનો વિનય સાચવવા રુપ છે.

૨ જો કે આ વિધિ અંગપૂજા તથા ઉત્કૃષ્ટ ચૈત્યવંદન કરનાર માટે છે, છતાં બીજા પુરુષે પણ પાઘડી અને ખેસ સહિત જ પ્રભુ પાસે જવું. નહિંતર પ્રભુ પ્રત્યેનો અવિનય ગણાય. પુનઃ પૂજા વખતે પુરુષે ૨ વસ્ત્ર અને સ્ત્રીએ જઘન્યથી ૩ વસ્ત્ર રાખવાં, અને અંગપૂજા તથા ઉત્કૃષ્ટ ચૈત્યવંદન વખતે ખેસ અવશ્ય રાખવો.

૩ સ્ત્રીઓએ અંજલિ જોડી મસ્તક નમાવવું પણ અંજલિ સહ હાથ ઉંચા કરી મસ્તકે લગાડવા નહિં તે પ્રથમ ૯ મી ગાથાના અર્થ પ્રસંગે કહેવાઈ ગયું છે, તેમજ સ્ત્રીઓ વસ્ત્રાવૃત્ત અંગવાળી જ હોય. માટે સ્ત્રીઓને ૪-૫ મા અભિગમનો યથાયોગ્ય નિષેધ કર્યો છે.

**अवतरण**—આ ગાથામાં બીજી રીતે પાંચ પ્રકારના અભિગમ મહર્ધિક ( રાજા વિગેરે ) ને અંગે દર્શાવે છે—

**इय पंचविहाभिगमो, अहवा मुच्चंति रायचिन्हाइं ।**
**खग्गं छत्तोवाणह, मउडं चमरे अ पंचमए ॥ २१ ॥**

શબ્દાર્થઃ—

| | |
|---|---|
| इय = એ ( પૂર્વે કહેલો ) | खग्गं = ખડ્ગ |
| पंचविहाभिगमो = ૫ પ્રકારનો અભિગમ છે | छत्त = છત્ર |
| अहवा = અથવા, બીજી રીતે | उवाणह = ઉપાનહ, મોજડી |
| मुच्चंति = મૂકે, છોડે | मउडं = મુકુટ |
| रायचिन्हाइं = રાજચિન્હો | चमरे = ચામર |
| | पंचमए = પાંચમું |

**गाथार्थः**—એ પ્રમાણે પૂર્વ ગાથામાં કહેલો ૫ પ્રકારનો અભિગમ જાણવો, અથવા બીજી રીતે રાજા હોય તો ખડ્ગ-છત્ર-મોજડી-*મુકુટ-અને ચામર એ ૫ રાજચિન્હો છોડીને ચૈત્યમાં પ્રવેશ કરે તે પણ ૫ પ્રકારનો અભિગમ જાણવો. ॥૨૧॥

**भावार्थः**—અહિં દર્શન કરવા આવનાર [1]રાજા હોય તો રાજાએ ૫ રાજચિન્હો છોડીને જ ચૈત્યમાં પ્રવેશ કરવો. કારણકે ત્રણ ભુવનના રાજા દેવાધિદેવ શ્રીજિનેન્દ્રપ્રભુ આગળ પોતાનું રાજાપણું દર્શાવવું તે અત્યંત અવિનય છે, પ્રભુ પાસે તો સેવક ભાવ જ દર્શાવવાનો હોય છે. પ્રભુના સેવક બનવું તે પણ પરમ ભાગ્ય હોય તોજ બને. ॥ इति अभिगमपंचकं द्वितीयं द्वारम् ॥

---

* અહિં મુકુટ એટલે શિરોવેષ્ટન ઉપર રાજચિન્હ તરીકે જે છોગાવાળો ( કલગીવાળો ) તાજ પહેરાય છે તે જાણવો, પરન્તુ શિરોવેષ્ટન નહિં, કારણકે ઉઘાડા મસ્તકે પ્રભુ પાસે જવાય નહિં.

૧ રાજા વગેરે ઋદ્ધિવાન શ્રાવકોએ પોતાની ઋદ્ધિ અનુસાર મોટા આડંબરપૂર્વક પરિવાર સહિત પ્રભુને વંદન કરવા જવું, જેથી અનેક જીવોને પ્રભુ પ્રત્યે ભક્તિરાગ જાગતાં તેઓ સમ્યક્ત્વાદિ લાભ પામે. આડંબર એ ધર્મ પામવાનું મહાન્ નિમિત્ત છે, અને તે સર્વને અનુભવ સિદ્ધ છે. જેઓ

**अवतरणः**—આ ગાથામાં બે દિશિનું ૩ જું દ્વાર અને ૩ અવગ્રહરૂપ ૪ થું દ્વાર દર્શાવે છે.

**वंदंति जिणे दाहिण--दिसिट्ठिया पुरुस वामदिसि नारी ।**
**नव कर जहन्न सट्ठी--कर जिट्ठ मज्झुग्गहो सेसो ॥ २२ ॥**

શબ્દાર્થઃ—

| | |
|---|---|
| ट्ठिया = રહીને, રહ્યા છતા | सट्ठी = ૬૦ હાથ |
| वामदिसि = ડાબી બાજુ | जिट्ठ = ઉત્કૃષ્ટ |
| कर = હાથ | मज्झ उग्गहो = મધ્યમ અવગ્રહ |

**गाथार्थः**—શ્રી જિનેશ્વરની દક્ષિણ દિશાએ (જમણી બાજુ) રહીને [1]પુરુષો વંદના કરે, અને ડાબી દિશાએ રહીને સ્ત્રીઓ વંદના કરે ॥ એ બે દિશિનું ત્રીજું દ્વાર કહ્યું. ॥ તથા પ્રભુથી જઘન્ય અવગ્રહ ( ચૈત્યવંદન કરવા માટે બેસવાનું છેટું ) ૯ હાથ અને ઉત્કૃષ્ટ અવગ્રહ ૬૦ હાથ રાખવો, શેષ સર્વે અવગ્રહ ( ૯ થી અધિક અને ૬૦ થી ન્યૂન તે સર્વ ) મધ્યમ [2]અવગ્રહ જાણવા. ॥ ઇતિ અવગ્રહદ્વારં ॥

**भावार्थः**—ત્રીજા દ્વારનો ભાવાર્થ સુગમ છે, ॥ इति तृतीयं द्विदिशि-द्वारम् ॥ અને ૪ થા દ્વારમાં ચૈત્યવંદન કરતી વખતે

---

આડંબરને ડોળ કહી વખોડી કાઢે છે, તે બિચારા આડંબર વસ્તુનેજ ઓળખી શકતા નથી. તથા પ્રથમ કહેલા અલ્પાધિક સંબંધિ પણ પાંચ અભિગમ અહિં યથાયોગ્ય અનુગતજ જાણવા.

૧ ધર્મની પ્રધાનતા પુરુષને અંગે હોવાથી અથવા ધર્મમાં પુરુષની પ્રધાનતા હોવાથી એજ વિધિ ઉચિત છે.

૨ આ અવગ્રહ તે ગભારાથી બહાર બેસવા સંબંધિ જાણવો, કારણ કે ગભારામાં તો અંગપૂજા માટે જ જવાનું અને બેસવાનું હોય છે, પરન્તુ ત્યાં બેસી ચૈત્યવંદન થાય નહિ.

પ્રભુથી કેટલે દૂર બેસવું તે દર્શાવ્યું. એમાં દેહરાસર ઘણું ન્હાનું હોય તો ૯ હાથથી પણ ન્યૂન અવગ્રહ થાય છે, તે કારણથીજ બીજા આચાર્યોએ ૦ા-૧-૨-૩-૯-૧૦-૧૫-૧૭-૩૦-૪૦-૫૦-૬૦ હાથ, એમ ૧૨ પ્રકારના પણ અવગ્રહ કહ્યા છે, અર્થાત્ પ્રભુને પોતાના ઉચ્છ્વાસાદિ ન લાગે ( =ન સ્પર્શે ) તે પ્રમાણે વર્ત્તવું. ॥ इति चतुर्थं अवग्रहद्वारम् ॥

अवतरण—હવે આ ગાથામાં ૩ પ્રકારની ચૈત્યવંદનાનું પાંચમું દ્વાર કહેવાયછે—

**नमुक्कारेण जहन्ना, चिइवंदण मज्झ दंडथुइजुअला ।**
**पणदंड थुइचउक्कग-थयपणिहाणेहिं उक्कोसा ॥ २३ ॥**

શબ્દાર્થ:—

| | |
|---|---|
| नमुक्कारेण = નમસ્કાર વડે | पणदंड = પાંચ દંડક |
| जहन्नाचिइ०=જઘન્ય ચત્યવંદના | थुइचउक्कग = ૪ થોય |
| मज्झ = મધ્યમ ચૈત્યવંદના | थय = સ્તવ, સ્તવન. |
| दंड = દંડક અને | पणिहाणेहिं = ૩ પ્રણિધાન સૂત્રવડે |
| थुइ = સ્તુતિના, થોયના. | |
| जुअला = યુગલ (બે) વાળી | उक्कोसा = ઉત્કૃષ્ટ ચૈત્યવંદના |

गाथार्थ—એક નમસ્કાર વડે જઘન્ય ચૈત્યવંદના થાય છે, દંડક અને સ્તુતિના યુગલવડે મધ્યમ ચૈત્યવંદના થાય છે, અને (૫) દંડક—(૪) થોય—સ્તવન તથા ત્રણ પ્રણિધાન સૂત્રવડે ઉત્કૃષ્ટ ચૈત્યવંદના થાય છે. ॥ ૨૩ ॥

भावार्थः—અહિં " નમસ્કાર વડે " એટલે અંજલિબદ્ધ પ્રણામ માત્ર વડે, અથવા नमोजिणाणं ઇત્યાદિ એક પદરૂપ નમસ્કાર વડે, અથવા ૧ શ્લોક વડે, અથવા ( ૧૦૮ સુધીના ) ઘણા શ્લોક વડે, અથવા ૧ [1]નમુત્થુણં રૂપ નમસ્કાર વડે એમ

૧ બીજા કોઈપણ સૂત્ર વિના કેવળ નમુત્થુણં વડે ઇન્દ્રાદિ દેવો ચૈત્યવંદના ત્યાં રહ્યા છતા કરે છે, તે વિધિ મનુષ્ય માટે પ્રચલિત નથી,

પાંચે રીતિએ જઘન્ય ચૈત્યવંદના થાય છે. વર્તમાનમાં પણ એ પ્રકારથી જઘન્ય ચૈત્યવંદના થાય છે.

તથા દંડ એટલે *અરિહંત ચેઇયાણં કે જે ૫ દંડકમાંનો ચૈત્યસ્તવ દંડક છે તે, અને થુઇ એટલે ( અન્નત્થ કહી ૧ નવકારનો કાઉસ્સગ્ગ કરી પાર્યા પછી કહેવાતી ) એક થોય, એ જુઅલા એટલે બે વાળી મધ્યમ ચૈત્યવંદના છે. એ मज्झदंड थुइ जुअला પદનો એક અર્થ કહ્યો, અને એ પદનો બીજો અર્થ આ પ્રમાણે—

" जुअला " એ પદ દંડ અને થુઈ એ બન્ને સાથે જોડવાથી અર્થ એ થાય છે કે—બે દંડક અને બે સ્તુતિ વડે મધ્યમ ચૈત્યવંદના થાય છે. ત્યાં [1]શક્રસ્તવ અને ચૈત્યસ્તવ એ બે દંડક ગણવા, અને અધ્રુવ સ્તુતિ તથા ધ્રુવ સ્તુતિ એ બે સ્તુતિ જાણવી. તેમાં ભિન્ન ભિન્ન તીર્થંકર અથવા ચૈત્ય સંબંધિ જે પહેલી થોય તે અધ્રુવ સ્તુતિ, અને ત્યારબાદ " [2]લોગસ્સ ઉજ્જોયગરે " ઈત્યાદિ ૨૪ પ્રભુના નામની સ્તવનાના ઉચ્ચારવાળી તે ધ્રુવ સ્તુતિ, એ પ્રમાણે ૨ દંડક અને ૨ સ્તુતિવડે મધ્યમ ચૈત્યવંદના જાણવી.

---

પરન્તુ દ્રૌપદીએ તેવી વંદના કરેલી સંભળાય છે, તેમજ ચૈ૦મહાભાષ્ય વિગેરેમાં ઉત્કૃષ્ટ ચૈત્યવંદન સંબંધિ પ્રથમ ઈરિયાવહિ પડિક્કમતા પહેલાં કેવળ નમુત્થુણંની ચૈત્યવંદના કહી છે, પરન્તુ વર્તમાન સમયે ચાલુ આચરણામાં એ વિધિ પ્રવર્તતો નથી.

* અહિં કેવળ અરિહંત ચેઇયાણં રુપ ૧ દંડક ગણ્યો છે તો પણ ઉપલક્ષણથી તે પહેલાં અવશ્ય કહેવાતું નમુત્થુણં સૂત્ર પણ ગ્રહણ કરવું, કારણ કે નમુત્થુણં કહ્યા વિના અરિહંતચેઈ૦ કહેવાતું નથી. ( અવચૂરિ ભાવાર્થ: )

૧ પહેલા અર્થમાં શક્રસ્તવની મુખ્યતા ન હતી પરન્તુ અરિહંત ચે૦ની મુખ્યતા હતી. અને આ બીજા અર્થમાં એ બન્નેની મુખ્યતા ગણી છે, તેથી વિધિ જો કે સરખો થાય છે, પરન્તુ સ્તુતિ ૨ કહેવાથી જ આ અર્થ જુદો પડે છે.

૨ પહેલી થોય કહ્યા બાદ જે લોગસ્સ કહી ચૈત્ય૦ સંપૂર્ણ કરાય છે. તે લોગસ્સ અહિં ધ્રુવસ્તુતિરુપે ગણેલી છે, કારણ કે કોઇપણ વખતે લોગસ્સ

પુનઃ " दंड थुई जुअला " એ પદનો ત્રીજો અર્થ આ પ્રમાણે—दंड એટલે નમુત્થુણં—અરિહંતચે૦-લોગસ્સ-પુક્ખરવરદી–અને સિદ્ધાણં એ ૫ ( મળીને ૧ ) [1]દંડક. તથા સિદ્ધાન્તની [2]સંજ્ઞા પ્રમાણે ૪ થોયનો ૧ જોડો તે थुई जुअल એટલે સ્તુતિ યુગલ અર્થાત્ ૨ સ્તુતિ, એ પ્રમાણે ૪ થોયના ૧ જોડાવાળું ચૈત્યવંદન તે મધ્યમ ચૈત્યવંદન ગણાય છે. એ પ્રમાણે ત્રણ રીતે * मध्यम चैत्यवंदना જાણવી.

તથા નમુત્થુણં [3]આદિ (પાંચ) દંડક અથવા (પાંચ) [4]નમુત્થુણં અને સ્તુતિના ચતુષ્કવડે ( એટલે સિદ્ધાન્તની પરિભાષા પ્રમાણે

---

બોલવામાં ૨૪ તીર્થંકરનાં નામ તેનાં તેજ આવે છે, માટે લોગસ્સ એ ધ્રુવસ્તુતિ છે. પ્રચલિત વિધિ પ્રમાણે જો કે પહેલી થુઇ કહ્યા બાદ પર્યન્તે લોગસ્સ કહેવામાં આવતો નથી, પરન્તુ આગળ ટિપ્પણીમાં દર્શાવાતી ૯ પ્રકારની ચૈત્યવંદનામાં ૫ મો પ્રકાર પર્યન્તે લોગસ્સ કહેવાની વિધિવાળો છે.

૧ જો કે દંડક અહિં ૫ કહ્યા છે તો પણ એ પાંચે દંડક મળીને ૧ દંડક ગણવો, જેથી આ ત્રીજા અર્થમાં દંડક ૧ અને સ્તુતિ ૨ એવો અર્થ કરવાનો છે. કારણ કે जुअल પદ " થુઈ " ની સાથે જ સંબંધવાળું છે, તેથી દંડક ૧ જ ગણવો,

૨ ચાર થોયમાં પહેલી ૩ થોયને વિષે ક્રમશઃ અધિકૃત જિનાદિકને વંદના કરાતી હોવાથી એ ત્રણે થોયની ૧ वंदना स्तुति ગણવી, અને ચોથી સુરસ્મરણની થોય તે ૧ अनुशास्ति स्तुति ગણાય છે, માટે એ પ્રમાણે ચાર થોયને પણ ૨ સ્તુતિ ગણવામાં આવે છે, તે સિદ્ધાન્ત પરિભાષા ( સિદ્ધાન્ત સંજ્ઞા ) જાણવી.

* વર્તમાનમાં દહેરાસરમાં દરરોજ જે ૧ થોયવાળું ચૈત્યવંદન કરવામાં આવે છે તે જો કે સ્તવન અને પ્રણિધાન સહિત છે તો પણ કહેલા પહેલા પ્રકારવાળા મધ્યમ ચૈત્યવંદનામાં અંતર્ગત સંભવે છે, અને ચોમાસી દેવવંદનમાં ૧૦ પ્રભુનાં દેવવંદન પહેલા પ્રકારમાં અને પાંચ પ્રભુનાં દેવવંદન ત્રીજા પ્રકારમાં અંતર્ગત સંભવે છે. બીજા પ્રકારનું મધ્યમ ચૈ૦ રુઢીમાં પ્રચલિત દેખાતું નથી, કારણ કે પહેલી થોય બાદ લોગસ્સ કહીને ચૈત્યવંદન સમાપ્તિ થતી નથી માટે, પછી તત્ત્વ શ્રી બહુશ્રુતગમ્ય.

૩ ઇતિ ભાષ્યાવચૂરિઃ

૪ તૃતીયપંચાશકવૃત્તિ, તથા પ્રવ૦ સારો૦ વૃત્તિ આદિ.

૪ સ્તુતિ, પરન્તુ રૂઢ ગણત્રી પ્રમાણે ૮ થોય વડે ); તેમજ સ્તવન-તથા જાવંતિ ચે૦-જાવંતકેવિ૦-અને જયવીઅરાય (એ ૩ પ્રણિધાન સૂત્ર ) વડે *उत्कृष्ट चैत्यवंदना થાય છે. તે ઉત્કૃષ્ટ ચૈત્યવંદનામાં સૂત્રનો ક્રમ યથાયોગ્ય દેવવંદનવિધિવાળી આજ પ્રકરણની ૬૨ મી ગાથામાં અને તેના ભાવાર્થમાં કહેવાશે. અહિં તો દરેક ચૈત્યવંદનામાં મુખ્ય મુખ્ય સૂત્રનાં જ નામ સૂચના માત્રથી દર્શાવેલાં છે, જેથી એટલાં જ સૂત્ર હોય એમ ન જાણવું. માટે દરેક ચૈત્યવંદનના સૂત્રોનો ક્રમ યથાયોગ્ય સંપ્રદાયથી જાણવો.

એ પ્રમાણે આ જઘન્યાદિ ચૈત્યવંદનાના જુદા જુદા [1]૯ પ્રકાર પણ છે તે ગ્રન્થાન્તરથી જાણવા, અને વર્તમાન કાળમાં તો પૂર્વાચાર્યની પરંપરા પ્રમાણે જે સ્થાને જે પ્રકાર ( ચૈત્યવંદના વિધિ) ચાલતો હોય તેજ પ્રકાર-વિધિ આદરવા યોગ્ય છે.

---

* આ ઉત્કૃષ્ટ ચૈત્યવંદના વર્તમાનમાં પૌષધાદિમાં કરાતાં ત્રિકાળ દેવવંદન વિગેરે અનેક પ્રસંગે થાય છે તે પ્રસિદ્ધ છે.

૧ ચૈત્યવંદનના ૯ પ્રકાર સંક્ષેપમાં આ પ્રમાણે—એક નમસ્કાર માત્ર વડે **१ जघन्यजघन्य**, યથા શક્તિ ૧૦૮ સુધીના અનેક નમસ્કાર વડે **२ मध्यमजघन्य**, નમસ્કાર સહિત ૧ નમુત્થુણં વડે **३ उत्कृष्ट जघन्य.** ઇરિયા૦-નમસ્કાર-નમુ૦-અરિહંતચે૦-અને ૧ થુઈ વડે **४ जघन्य मध्यम**, ઇરિયા૦-નમસ્કાર-નમુ૦-અરિહંતચે૦-૧થુઇ-અને લોગસ્સ સંપૂર્ણ રૂપ ૧ સ્તુતિ (=નામસ્તુતિ) વડે, અથવા નમસ્કાર—નમુ૦-અરિહંતચે૦ બેવાર તેમજ પૂર્વોક્ત બે સ્તુતિ વડે **५ मध्यममध्यम.** ઇરિયા૦-નમસ્કાર-અને નમુ૦થી પુખ્ખરવરદી પછીની ત્રીજી થોય કહીને સિદ્ધાણંની પહેલી ૩ ગાથા રૂપ ૩ સ્તુતિ કહેવા વડે **६ उत्कृष्ठ मध्यम.** ચાલુ પદ્ધતિ પ્રમાણે ઇરિયા૦ સહિત ૪ થોયનું દેવવંદન કરી નમુ૦-જાવંતિચે૦-જાવંત કે૦—સ્તવન અને જયવીઅ૦ વડે **७ जघन्योत्कृष्ट**, આઠ થોયના દેવવંદન વડે **८ मध्यमोत्कृष्ट**, અને એજ ૮ થોયના દેવવંદન ઉપરાન્ત નમુ૦-એ જાવંતિ-સ્તવન-અને જયવી૦વડે **उत्कृष्टोत्कृष्ट चैत्यवंदना** થાય છે. ( ઇતિ સંઘા૦ તથા ચતુર્થ સ્તુતિ નિર્ણય )

એ ૯ વંદનામાં ૩ ઉત્કૃષ્ટવંદના શ્રાવકે અવશ્ય પ્રતિદિન બે અથવા ૩ વાર કરવી, અને શેષ ૬ વંદના સાધુ અને શ્રાવકે ચૈત્યપરિપાટી આદિ વખતે દેહરાસરોની સંખ્યા તથા સમય વિગેરે વિચારીને કરવી; એમ કહ્યું છે.

**अवतरणः**—અન્ય આચાર્યોના મતે બીજી રીતે પણ ૩ પ્રકારની ચૈત્યવંદના છે, તે કહે છે—

**अन्ने बिंति इगेणं, सक्कत्थएणं जहन्न वंदणया।**
**तद्दुगतिगेण मज्झा, उक्कोसा चउहि पंचहि वा ॥२४॥**

શબ્દાર્થ:—

अन्ने = બીજા આચાર્યો
बिंति = કહે છે કે
सक्कत्थएणं = શક્રસ્તવ ( નમુત્થુ૦) વડે
तद्दुगतिगेण = તે ૨–૩ વડે (= ૨ તથા ૩ શક્રસ્તવ વડે ).

**गाथार्थः**—બીજા આચાર્યો કહે છે કે—૧ *શક્રસ્તવ વડે જઘન્યવંદના, ૨ તથા ૩ શક્રસ્તવડે મધ્યમ વંદના, અને ૪ અથવા ૫ શક્રસ્તવ વડે ઉત્કૃષ્ટ વંદના થાય છે ॥ ૨૪ ॥

**भावार्थः**—અન્ય આચાર્યોનો અભિપ્રાય એ છે કે—દેવ વંદનની જે વિધિમાં નમુત્થુણં ૧ વાર આવે તે [1]જઘન્ય, [2]બે

* " શક્ર " એટલે સૌધર્મેન્દ્ર. તે જે સૂત્રવડે " સ્તવ " સ્તવના કરે છે તે શક્રસ્તવ, અર્થાત્ જન્માદિ કલ્યાણક પ્રસંગે ઈન્દ્રાસન ચળાયમાન થતાં જ્યારે સૌધર્મેન્દ્ર પ્રભુનો જન્મ જાણે કે તુર્ત ઇન્દ્રાસન પરથી ઉતરી ૭–૮ પગલાં પ્રભુની દિશા સન્મુખ આવી યોગમુદ્રા સહિત નમુત્થુણં સૂત્ર બોલીને જ પ્રભુની સ્તુતિ ત્યાં સુધર્માસભામાં જ કરે છે, માટે નમુ૦ સૂત્ર " શક્ર સ્તવ " કહેવાય છે.

૧ ઉદાહરણ તરીકે જેમ વર્તમાનકાળમાં ખમા૦–ચૈત્ય૦–જંકિંચિ–નમુ૦–જાવંતિ૦–જાવંત૦–સ્તવન–જયવી૦–અરિહંતચે૦–અન્નત્થ––કાઉસ્સગ્ગ–૧ થોય, એટલા સૂત્રથી ચૈત્યવંદન થાય છે તેમાં નમુત્થુણં ૧ વાર આવે છે, માટે એ જઘન્ય ચૈત્યવંદના જાણવી. અથવા ચોમાસી દેવવંદન વખતે ૧૯ જિનેશ્વરના ચૈત્યવંદનનો ક્રમ તે પ્રત્યેક જઘન્ય ચૈત્યવંદના. ઇત્યાદિ સ્થાને જૂદી જૂદી વિધિ પ્રમાણે આ જઘન્ય ચૈત્યવંદના ૧ નમુત્થુણં વાળી આવે છે.

૨ જેમ વર્તમાનમાં દૈવસિક પ્રતિક્રમણના પ્રારંભે અથવા રાત્રિ પ્રતિ૦માં પર્યન્તે ( ૬ આવશ્યક થયા બાદ ) કરવામાં આવે છે, કે જેમાં ચૈત્યવંદનના પ્રારંભમાં અને પર્યન્તે એમ બે વાર નમુત્થુણં આવે છે તે.

વાર અથવા ૩ [1]વાર આવે તે મધ્યમ અને [2]૪ અથવા ૫ [3]વાર આવે તે ઉત્કૃષ્ટ ચૈત્યવંદન જાણવું. ॥ इति पंचमं त्रिविध चै० वं० द्वारम् ॥

---

**अवतरण**—હવે આ ગાથામાં ૬ ઠ્ઠું પ્રણિપાત દ્વાર, તથા ૭ મું નમસ્કાર દ્વાર કહે છે—

**पणिवाओ पंचंगो, दोजाणू करदुगुत्तमंगं च ।**
**सुमहत्थ नमुक्कारा, इग दुग तिग जाव अट्ठसयं ॥२५॥**

શબ્દાર્થ:—

करदुग = બે હાથ
उत्तमंगं = ઉત્તમાંગ, મસ્તક
सुमहत्थ = ઘણા મોટા અર્થવાળા
जाव = સુધી
अट्ठसयं = ૧૦૮

**गाथार्थ**—અહિં પ્રણિપાત ( એટલે કાયિક નમસ્કાર ) તે પાંચ અંગ પૂર્વક જાણવો. ત્યાં ૨ જાનુ ૨ હાથ અને ૧ મસ્તક એ ૫ અંગ જાણવાં. તથા અતિ મોટા અર્થવાળા ૧-૨-૩ યાવત્ ૧૦૮ સુધીના (વાચિક) નમસ્કાર પ્રભુ આગળ કહેવા. ॥૨૫॥

**भावार्थ:**—સુગમ છે. વિશેષ એજ કે આ પંચાંગ પ્રણિપાત તે પાંચ અંગને ભૂમિએ લગાડવા રૂપ છે, અને તે "ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસિહિઆએ મત્થએણ વંદામિ" એ ખમાસમણ સૂત્ર કહેતી વખતે જાણવો ॥ इति प्रणिपातद्वारं षष्ठम् ॥ તથા ૧ થી ૧૦૮ નમસ્કાર તે પ્રભુના ગુણોની પ્રશંસા રૂપ ગંભીર અને પ્રશસ્ત (શ્રેષ્ઠ) અર્થવાળા

---

૧ એક થોયજોડામાં પ્રથમ બે નમુત્થુણં આવી ગયા બાદ પુનઃ પર્યન્તે નમુત્થુણં કહેવાથી.

૨ બે થોયજોડાનાં દેવવંદનમાં પ્રથમ ત્રણ નમુત્થુણં આવી ગયા બાદ પુનઃ પર્યન્તે નમુત્થુણં કહેવાથી ૪ નમુત્થુણં થાય છે.

૩ પાંચ નમુત્થુણંની ઉત્કૃષ્ટ દેવવંદના તો વર્તમાનમાં પણ પ્રસિદ્ધજ છે. આ પાંચ પ્રકાર તો ચાલુ વર્ત્તમાનકાળની પદ્ધતિના કહ્યા, પરન્તુ શાસ્ત્ર પાઠના અનુસારે પ્રાચીન પદ્ધતિની ચૈત્યવંદનામાં ૧-૨-૩-૪-૫ નમુત્થુણં ના પ્રકાર ચૈત્ય૦ મહાભાષ્યથી જાણવા.

પૂર્વના મહા કવિઓએ ( **શ્રી** સિદ્ધસેન દિવાકર સરખા સમર્થ મહર્ષિઓએ) બનાવેલા શ્લોક જાણવા, પરન્તુ શ્રૃંગાર રસ વિગેરેથી ગર્ભિત [૧]અનુચિત અર્થવાળા શ્લોક ન બોલવા. ॥ इति सप्तमं नमस्कारद्वारम् ॥

---

**अवतरण**—હવે આ બે ગાથાઓમાં ચૈત્યવંદન સૂત્રોના ૧૬૪૭ અક્ષર સંબંધિ ૮ મું દ્વાર કહેવાય છે—

**[૬૮]अडसट्ठि [૨૮]अट्ठवीसा, [૧૯૯]नवनउयसयं च [૨૯૭]दुसयसेगनउआ ।**
**[૨૨૯]दोगुणतीस [૨૬૦]दुसट्ठा, [૨૧૬]दुसोल [૧૯૮]अडनउअसय [૧૫૨]दुवन्नसयं २६**
**इय नवकारखमासमण–इरिय--सक्कत्थयाइ दंडेसु ।**
**पणिहाणेसु अ अदुरुत्त--वन्न [૧૬૪૭]सोलसयसीयाला ॥२७॥**

શબ્દાર્થ: ગાથા ૨૬ મીનો

ગાથાના પદો ઉપર લખેલા આંકડા પ્રમાણે સુગમ છે.

શબ્દાર્થ: ગાથા ૨૭ મીનો

इय = એ ૯ અંકસ્થાનો
इरिय = ઈરિયાવહિ સૂત્ર
सक्कत्थयाइ = શક્રસ્તવાદિ પાંચ
दंडेसु = (શક્રસ્તવાદિ ૫) દંડક સૂત્રોમાં
पणिहाणेसु = ૩ પ્રણિધાનસૂત્રોમાં
अदुरुत्तवन्न = બીજીવાર નહિ ઉચ્ચરેલા વર્ણ

**गाथार्थः**—સૂત્રના જે વર્ણો એકવાર ગણાઇ ગયા હોય તે વર્ણોને બીજીવાર તેજ સૂત્ર બોલવા છતાં ન ગણીએ તો તેવી

---

૧ જેમ અન્યદર્શનીઓ પોતાના દેવની સ્તુતિ આ પ્રમાણે કરે છે કે—" **एकं ध्याननिमीलनान्मुकुलितं** ઈત્યાદિ એટલે સમાધિ સમયે જેનું ૧ નેત્ર ધ્યાનથી મીંચાયલું છે, બીજું પાર્વતીનાં નિતંબ દેખવામાં સ્થિર થયું છે, અને ત્રીજું નેત્ર કામદેવ ઉપરના ક્રોધાગ્નિથી પ્રદીપ્ત થયેલું છે, એ પ્રમાણે (સમાધિમાં પણ) ભિન્ન ભિન્ન રસમાં નિમગ્ન થયેલ ત્રણ નેત્રવાળા ભોળાશંભુ તમારૂં રક્ષણ કરો. " આવા પ્રકારના અનેક નમસ્કાર અન્યદર્શનીય ગ્રંથોમાં છે તેવા લજ્જાકારક અને અમંગલિક નમસ્કાર જીનેન્દ્ર ભગવંતને ન હોય, કારણ કે એવા દુર્ગુણો વીતરાગ પ્રભુમાં હોયજ નહિ.

ગણત્રી પ્રમાણે નવકારના ૬૮ વર્ણ છે, ખમાસમણના ૨૮ વર્ણ, ઈરિયાવહિના ૧૯૯ વર્ણ, શક્રસ્તવના (નમુત્થુણંના) ૨૯૭ વર્ણ, ચૈત્યસ્તવના (અરિ૦ ચેઇ૦ ના) ૨૨૯ વર્ણ, નામસ્તવના (લોગસ્સના) ૨૬૦ વર્ણ, શ્રુતસ્તવના (પુખ્ખરવર દી૦ ના) ૨૧૬ વર્ણ, સિદ્ધસ્તવના (સિદ્ધાણં બુદ્ધાણંના) ૧૯૮ વર્ણ, ત્રણ પ્રણિધાનના (જાવંતિ ચેઇ૦–જાવંતકેવિ૦–જયવીઅરાયના) ૧૫૨ વર્ણ, એ બીજીવાર નહિ ઉચ્ચારેલા–ગણેલા ( =અદ્વિરુક્ત ) વર્ણ ૧૬૪૭ થાય છે ॥૨૬॥૨૭॥ (આ બે ગાથાનો મિશ્ર અર્થ છે).

**ભાવાર્થ:**—સુગમ છે. વિશેષ એજ કે–અહિં નવકાર તે પંચ મહામંગલ સૂત્ર "[1]હવઈ મંગલં" સુધી, ખમાસમણ તે છોભ વંદન સૂત્ર, ઇરિયાવહિ તે પ્રતિક્રમણ શ્રુતસ્કંધ "ઇચ્છામિ પડિક્કમિઉં" થી "ઠામિકાઉસ્સગ્ગં" સુધી ([2]અન્નત્થ૦ નહિં). નમુત્થુણં તે શક્રસ્તવ અથવા પ્રણિપાત દંડક કહેવાય છે, અને તે અહિં "સવ્વે તિવિહેણ વંદામિ" સુધી જાણવું. ચૈત્યસ્તવ દંડક તે "અરિહંત ચેઇ૦ થી [3]અન્નત્થ ઉસસિએણં સંપૂર્ણ સુધી જાણવો. લોગસ્સ તે નામસ્તવ કહેવાય અને તે "સવ્વલોએ" એ ૪ અક્ષર સહિત જાણવો, પુખ્ખરવરદી તે શ્રુતસ્તવ "સુઅસ્સ ભગવઓ" એ ૭ અક્ષર સહિત જાણવો. સિદ્ધાણં બુદ્ધાણં તે સિદ્ધસ્તવ કહેવાય, અને તેના ૧૯૮ અક્ષર "સમ્મદિટ્ઠિ સમાહિગરાણં" સુધીના [4]ગણવા. અને ત્રણ પ્રણિધાન સૂત્રમાં "જાવંતિચે૦–જાવંત કેવિ૦–અને જયવીઅરાયમાં આભવમખંડા

૧ "હોઇ મંગલં" એ મતાન્તર પાઠથી ૬૭ અક્ષર થાય તે ઈષ્ટ નથી.

૨ અન્નત્થ એ કાયોત્સર્ગ દંડક (ચૈત્યસ્તવ) માં ગણાશે.

૩ આ પાઠમાં "ઉડ્ડુએણં" ને બદલે "ઉડ્ડુઇએણં" પાઠ કેટલાક આચાર્યો કહે છે, તેઓના મતે ૨૩૦ અક્ષર પણ (ચૈત્યસ્તવના) થાય, જેથી ૧૬૪૭ ના સ્થાને ૧૬૪૮ અને ૨૩૮૪ ના સ્થાને ૨૩૮૯ અક્ષર થાય, એમ અવચૂરિમાં કહ્યુ છે.

૪ નમુત્થુણંથી સિદ્ધા૦ સુધીના ૫ દંડકમાં ૧૨૦૦ અદ્વિરુક્ત અક્ષર થાય છે.

સુધીની બે ગાથાજ ગણવી. એ પ્રમાણે ૯ સૂત્રોના વર્ણ ૧૧૬૪૭ થાય છે.

---

**अवतरण**—આ ગાથામાં ૧૮૧ પદનું ૯ મું દ્વાર કહે છે—

**नव-बत्तीस-तितीसा, तिचत्त-अडवीस-सोल-वीस पया**
**मंगल-इरिया-सक्कत्थयाइसुं एगसीइसयं ॥ २८ ॥**

શબ્દાર્થ:—

સુગમ છે—

**गाथार्थ:**—મંગલ (નવકાર) સૂત્રનાં ૯ પદ છે, ઇરિયાવહીનાં ૩૨ પદ છે, શક્રસ્તવનાં ૩૩, ચૈત્યસ્તવનાં ૪૩, નામસ્તવનાં ૨૮, શ્રુતસ્તવનાં ૧૬, અને સિદ્ધસ્તવનાં ૨૦ પદ છે. એ પ્રમાણે સર્વ ૧૮૧ પદ છે. ॥૨૮॥ (અહિં ૭ સૂત્રોજ ગણ્યાં છે).

**भावार्थ:**—પૂર્વે અક્ષરની ગણત્રીમાં કહ્યા પ્રમાણેજ પદોની ગણત્રી તે તે અક્ષરો સુધીની કરી છે એમ અહિં ન જાણવું, પરન્તુ કેટલાંક સૂત્રોમાં તો ભિન્ન રીતે પણ પદ ગણત્રી કરી છે, તે આ પ્રમાણે-નવકાર સંપૂર્ણ, ઇરિયાવહીમાં "ઠામિકાઉસ્સગ્ગ" સુધી, નમુત્થુણંમાં "જીઅભયાણં" સુધી, ચૈત્યસ્તવમાં સંપૂર્ણ અન્નથ્થ સુધી. લોગસ્સમાં "મમ દિસન્તુ" સુધી, પુખ્ખરવરદીમાં સંપૂર્ણ ૪ ગાથાસુધી, સિદ્ધાણં૦ માં સંપૂર્ણ ૫ ગાથા સુધી (વેયાવચ્ચ૦આદિ નહિ), એ પ્રમાણે વર્ણની ગણત્રીથી ભિન્ન રીતે ૧૮૧ પદની ગણત્રી કરી છે. આ ભિન્ન ગણત્રી પ્રાય: સંપદાઓને અનુસરીને કરેલી છે, જેથી સંપદાઓ અને પદની ગણત્રી એક સરખી રીતે છે, અને વર્ણની ગણત્રી ભિન્ન રીતે છે.

---

૧ ભાષ્યની અવચૂરિમાં કહ્યું છે કે—વારંવાર બોલાતાં અન્નથ્થ૦ સૂત્રોના વર્ણ સહિત ૨૩૮૪ અથવા "ઉડ્ડુઈએણં" પાઠથી ૨૩૮૯ અક્ષર થાય છે, અને (તેમાં પર્યન્તે) બીજીવાર બોલાતા નમુત્થુણંના ૨૯૭ અક્ષર ઉમેરતાં ૨૬૮૧ અને ઉડ્ડુઇએણં પાઠ પ્રમાણે ૨૬૮૬ અક્ષર થાય છે. શેષ સ્તુતિ અને સ્તોત્રાદિકના અક્ષરોની નિયત સંખ્યા ન હોવાથી તેના વર્ણ ગણત્રીમાં ગણાતા નથી.

પુનઃ અહિં પદ તે એક શબ્દનું પણ હોય છે, અને ઘણા શબ્દોનું પણ હોય છે, કારણ કે વિવક્ષિત અર્થની સમાપ્તિ થાય ત્યાં સુધીમાં એક અથવા અનેક શબ્દોનું વાક્ય તે પદ ગણાય છે માટે.

તથા સવ્વલોએ-સુઅસ્સ ભગવઓ-વેયાવચ્ચગરાણં-સંતિગરાણં-સમ્મદિટ્ઠિ સમાહિગરાણં-એ પાંચ પદોના વર્ણ જો કે પોતપોતાના દંડકોમાં ગણ્યા છે, પરન્તુ એ પાંચની સંપદાઓ ગણી નથી તે કારણથી પદની ગણત્રી પણ કરી નથી, માટે એ પાંચ પદ ૧૮૧ પદથી ઉપરાન્ત જાણવાં. તેમજ ઇચ્છામિ ખમા૦-૩ પ્રણિધાન સૂત્ર અને "જે અ અઇયા સિદ્ધા" એ ગાથાનાં ૪ પદ એ સર્વ પદમાં અને સંપદામાં અન્તર્ગત થતાં નથી. કોઇપણ કારણ વિચારીને શ્રી પૂર્વાચાર્યોએ એ સૂત્રો તથા ગાથા વિગેરેના વર્ણ ગણ્યા છે, પરન્તુ પદ તથા સંપદાઓ ગણેલ નથી એમ ભાષ્યની અવચૂરિમાં કહ્યું છે.

---

**अवतरण**—પૂર્વ ગાથામાં જે ૭ ચૈત્યવંદન સૂત્રોનાં પદ કહ્યાં તેજ ૭ સૂત્રોની સંપદા આ ગાથામાં કહેવાય છે—

**अट्ठट्ठनवट्ठ य अट्ठवीस सोलस य वीस वीसामा।**
**कमसो मंगल इरिया-सक्कथयाईसु सगनउई ॥ २९ ॥**

શબ્દાર્થઃ—સુગમ છે.

**गाथार्थः**—અનુક્રમે નવકારની ૮, ઇરિયાવહીની ૮, શક્રસ્તવાદિકની એટલે શક્રસ્તવની ૯, ચૈત્યસ્તવ ( અરિહંત ચેઇયાણં) ની ૮, લોગસ્સની ૨૮, શ્રુતસ્તવ (પુખ્ખરવરદી)ની ૧૬, અને સિદ્ધાણંની ૨૦ એ પ્રમાણે સર્વમળી ૯૭ સંપદા થાય છે. ॥ ૨૯ ॥

**भावार्थः**—આ સંપદાઓની ( એટલે મહાપદની અથવા વિસામાની) ગણત્રી પણ પદને અનુસરીને છે, જેથી જેનાં જેનાં પદ ગણ્યાં નથી તેની સંપદા પણ ગણી નથી. જેથી ઇચ્છામિખમા૦ સૂત્ર-"જેઅ અઇયા" ની ૧ ગાથા-અને સવ્વલોએ ઇત્યાદિની સંપદાઓ પણ અહિં ગણી નથી. અહિં સંપદાનું પ્રયોજન તે તે સ્થાને વિશ્રામ કરવા માટે છે. તથા જ્યાં જ્યાં ૪

ચરણવાળી એકેક ગાથા હોય ત્યાં ( નવકારનો ચૂલિકાશ્લોક વર્જીને) સર્વસ્થાને ૧ ચરણનું ૧ પદ અને ૧ [1]સંપદા ગણાય છે.

**अवतरण**--હવે એ સાતે સૂત્રોમાં પ્રત્યેકમાં વર્ણ પદ અને સંપદાની સંખ્યા દર્શાવવા માટે પ્રથમ આ ગાથામાં નવકારના વર્ણ પદ અને સંપદા ત્રણે ભેગી કહે છે--

**वन्नट्ठसट्ठि नवपय, नवकारे अट्ठ संपया तत्थ।**
**सगसंपय पयतुल्ला, सतरक्खर अट्ठमी दुपया ॥३०॥**

શબ્દાર્થ:--સુગમ છે.

**गाथार्थः**—નવકારને વિષે વર્ણ ( અક્ષર ) ૬૮ છે, પદ ૯ છે, અને સંપદા ૮ છે. તેમાં ૭ સંપદા ૭ પદ પ્રમાણે જાણવી, અને ૮ મી સંપદા ૧૭ અક્ષરવાળી ૨ પદની જાણવી. ॥૩૦॥

**भावार्थः**—નવકારમાં પાંચ પદના ૭-૫-૭-૭-૯ મળી ૩૫ અક્ષર છે, તે દરેક પદની એકેક સંપદા ગણતાં ૫ સંપદા, અને ચૂલિકા શ્લોકના ૪ પદ તથા ૩૩ અક્ષર છે, તેમાં પહેલાં ૨ પદની ( બે ચરણની ) ૧ સંપદા ગણવી. નવકાર સૂત્રની ઉપધાન ક્રિયામાં એ ૮ સંપદા ભણવા માટે દરેક સંપદાનું એકેક આયંબિલ કરીને ભણી શકાય છે, એ ઉત્સર્ગ ( ઉત્કૃષ્ટ ) વિધિ છે. અહિં ચૂલિકાશ્લોક અનુષ્ટુપ્ છંદનો છે, અને અનુષ્ટુપ્ શ્લોક ૩૨ અક્ષરનો હોય છે, છતાં આ શ્લોકમાં ૩૩ અક્ષર હોવાથી પણ છંદોભંગ ન [2]વિચારવો.

પુનઃ કેટલાક આચાર્યો नवक्खरठ्ठमि दुपय छट्ठी એટલે ૮મી સંપદા "પઢમં હવઇ મંગલં" એ ૯ અક્ષરની અને ૧ પદની છઠ્ઠી સંપદા "એસોપંચ"થી "પ્પણાસણો" સુધીનાં ૨ પદની અને ૧૬ અક્ષરની કહે છે.

---

૧ કયા સૂત્રમાં, કઇ કઇ સંપદા, કયાંથી કયાં સુધીની ગણવી તે, તથા સંપદાઓનાં વિશેષનામ પણ આગળ ૩૨ થી ૩૮ સુધીની ગાથામાં કહેવાશે.

૨ એ 'અનુષ્ટુપ્' છંદના સ્વરૂપવાળો હોવાથી છંદોભંગ ન ગણવો ('અવચૂરિ:') અહિં "હવઈ" ને સ્થાને કેટલા આચાર્ય "હોઇ" કહે છે પરન્તુ બહુમતે "હવઇ" પાઠ છે.

अवतरण—હવે આ ગાથામાં ખમાસમણ તથા ઇરિયાવહિ એ બે સૂત્રના અક્ષર વિગેરે કહે છે—

**पणिवाय अरकराइं, अट्ठावीसं तहा य इरियाए ।**
**नवनउयमरकरसयं, दुतीसपय संपया अट्ठ ॥ ३१ ॥**

શબ્દાર્થઃ—સુગમ છે.

गाथार्थः—પ્રણિપાત એટલે ખમાસમણના ૨૮ અક્ષર છે, તથા ઇરિયાવહિયંમાં ૧૯૯ અક્ષર ૩૨ પદ અને ૮ સંપદા છે.

भावार्थः—સુગમ છે. પરન્તુ વિશેષ એજ કે ઇરિયાવહિ સૂત્ર તસ્સ ઉત્તરિ સહિત ગણાય છે. માટે इच्छामि पडिक्कमिउं થી निग्घायणट्ठाए ठामिकाउस्सग्गं સુધીના વર્ણ પદ અને સંપદા ગણવી. કેટલાક આચાર્યો तस्स मिच्छामि दुक्कडं સુધીનાજ ૧૫૦ અક્ષર ગણે છે. તથા ખમા૦ સૂત્રની સંપદા અને પદની ગણત્રી કરી નથી તે કારણ તો ૨૯ મી ગાથાના અર્થમાંજ કહેવાઇ ગયું છે.

---

अवतरणः—હવે ઇરિયાવહિયં સૂત્રની ૮ સંપદાની પ્રત્યેકની પદસંખ્યા તથા આદિપદ કહે છે કે જેથી પર્યન્ત પદ પણ સુખે સમજી શકાય છે. તે આ પ્રમાણે—

**दुग दुग इग चउ इग पण, इगार छग इरिय संपयाइपया।**
**इच्छा इरि गम पाणा, जे मे एगिंदि अभि तस्स ॥३२॥**

શબ્દાર્થઃ—ગાથાર્થને અનુસારે.

गाथार्थः—(ઇરિયાવહિની ૮ સંપદામાં પ્રત્યેકમાં અનુક્રમે)૨-૨-૧-૪-૧-૫-૧૧-૬ પદ છે, અને પ્રત્યેક સંપદામાં પ્રથમ પદ અનુક્રમે इच्छामि-इरियावहियाए-गमणागमणे-पाणक्कमणे-जे मे जीवा विराहिया-एगिंदिया-अभिहया અને तस्स उत्तरीकरणेणं એ પ્રમાણે છે.

भावार्थः—અહિં પદનો દેશ ભાગ કહેવાથી પણ સંપૂર્ણ પદ ગ્રહણ કરવું, જેથી इच्छा એટલુંજ કહેવાથી પણ इच्छामि એ સં-

પૂર્ણ પદ સમજવું. એ રીતે આગળ પણ જાણવું. ગાથાર્થમાં સંપદાનાં આદિ પદ કહ્યાં છે, અને તેનાં પર્યન્ત પદ તો અનુક્રમે આગળની ગાથાના ભાવાર્થમાં કહેવાશે.

---

अवतरण—ઇરિયાવહિની ૮ સંપદાનાં વિશેષનામ કહે છે—

**अब्भुवगमो निमित्तं, ओहे–यर हेउ–संगहे पंच।**
**जीव–विराहण–पडिक्कमण भेयओ तिन्नि चूलाए॥३३॥**

શબ્દાર્થઃ—ગાથાર્થને અનુસારે.

**गाथार्थ**—અભ્યુપગમ સંપદા, નિમિત્ત ( અથવા કાર્ય ) સંપદા, ઓઘહેતુ ( સામાન્ય હેતુ ) સંપદા, વિશેષ હેતુ સંપદા, અને સંગ્રહ સંપદા એ ૫ સંપદા ઇરિયાવહિની મૂળ સંપદાઓ છે, અને જીવ સંપદા, વિરાધન સંપદા, તથા પ્રતિક્રમણ સંપદા એ ત્રણ ભેદથી ૩ સંપદા ચૂલિકા સંપદા કહેવાય છે. ॥ ૩૩ ॥

**भावार्थः**—અહિં આલોચના ( પ્રતિક્રમણ રૂપ પ્રાયશ્ચિત્ત ) નું અંગીકાર કરવાપણું હોવાથી "ઇચ્છામિ પડિક્કમિઉં" એ ૨ પદની પહેલી अभ्युपगम ( એટલે અંગીકાર ) संपदा. આલોચના કયા નિમિત્તની એટલે કયા પાપ કાર્યની કરવાની છે ? તે પાપ કાર્ય જેમાં દર્શાવાય છે તે બીજી निमित्त ( અથવા कार्य ) संपदा "ઇરિયાવહિયાએ વિરાહણાએ" એ બે પદની છે. "ગમણાગમણે" એ એક પદમાં પાપ કાર્યનો હેતુ ( પાપનું કારણ ) ઓઘથી એટલે સામાન્યથી દર્શાવ્યું છે માટે એ ત્રીજી એક પદની ओघहेतु संपदा છે. "પાણક્કમણે" ઇત્યાદિથી "સંકમણે" સુધીનાં ૪ પદમાં પાપ કાર્યના વિશેષ હેતુ ( એટલે કયું કયું પાપ કાર્ય બન્યું છે તે વિશેષ ભેદ ) દર્શાવેલ છે, માટે એ ચાર પદની ચોથી विशेष हेतु संपदा છે. તથા "જે મે જીવા વિરાહિયા" એ એક પદમાં પ્રથમ કહેલા તેમજ આગળ કહેવાતા જીવભેદની વિરાધનાનો સંગ્રહ ("જીવા" એ પદવડે) કરેલો છે માટે એ એક પદની પાંચમી संग्रह संपदा જાણવી. તથા "એગિંદિયા" ઇત્યાદિ પાંચ પદમાં ઇન્દ્રિયભેદથી વિરાધના થવા યોગ્ય સર્વ પાંચ જીવભેદ સૂચવાયલા

હોવાથી એ પાંચ પદની છઠ્ઠી જીવ સંપદા જાણવી. "અભિહયા" થી "મિચ્છામિદુક્કડં" સુધીના ૧૧ પદોમાં વિરાધના જે રીતે થાય છે તે રીતે વિરાધના દર્શાવેલી હોવાથી એ અગિઆર પદની ૭ મી વિરાધના સંપદા જાણવી. અને તસ્સઉત્તરિ સૂત્રમાં ૬ પદ વડે પ્રતિક્રમણ રૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકારેલું હોવાથી એ ૬ પદની આઠમી પ્રતિક્રમણ સંપદા જાણવી.

## ॥ ઇરિયાવહિયંની સંપદાઓ ॥

| સંપદા ૮ નાં નામ | સંપદાનાં પ્રથમપદ | સંપદાનાં સર્વપદ |
|---|---|---|
| ૧ અભ્યુપગમ સંપદા | ઇચ્છામિ | ૨ |
| ૨ નિમિત્ત સંપદા | ઇરિયાવહિયાએ | ૨ |
| ૩ ઓઘ હેતુ સંપદા | ગમણાગમણે | ૧ |
| ૪ ઇતર હેતુ સંપદા | પાણક્કમણે | ૪ |
| ૫ સંગ્રહ સંપદા | જે મે જીવા વિરાહિયા | ૧ |
| ૬ જીવ સંપદા | એગિંદિયા | ૫ |
| ૭ વિરાધના સંપદા | અભિહયા | ૧૧ |
| ૮ પડિક્કમણ સંપદા | તસ્સઉત્તરિક૦ | ૬ |
| | | ૩૨ |

अवतरण—આ ગાથામાં શક્રસ્તવની પ્રત્યેક સંપદામાં પદની સંખ્યા તથા સંપદાનાં આદિપદ કહે છે.—

**दु ति चउ पण पण पण दु चउ ति पय सक्कत्थयसंपयाइपया**
**नमु आइग पुरिसो लोगु अभय धम्म प्प जिण सव्वं॥३४॥**

શબ્દાર્થ:--ગાથાર્થને અનુસારે.

**गाथार्थः**—(શક્રસ્તવની ૯ સંપદા છે તેમાં) અનુક્રમે ૨-૩-૪-૫-૫-૫-૨-૪-૩ એટલાં પદ છે, અને તેનાં આદિપદ અનુક્રમે નમુત્થુણં-આઇગરાણં-પુરિસુત્તમાણં-લોગુત્તમાણં-અભયદયાણં-ધમ્મદયાણં-અપ્પડિહયવરનાણદંસણધરાણં-જીણાણં અને સવ્વ-ન્નૂણં-એ ૯ પદ નવ સંપદાના પ્રારંભનાં જાણવાં. ॥ ૩૪ ॥

**भावार्थ**—સુગમ છે.

---

**अवतरण**—આ ગાથામાં શક્રસ્તવની ૯ સંપદાનાં ૯ નામ કહે છે—

## थोअव्वसंपया ओह इयरहेऊवओग तद्धेऊ।
## सविसेसुवओग सरूवहेउ नियसमफलयमुक्के ॥३५॥

શબ્દાર્થ:—ગાથાર્થાનુસારે.

**गाथार्थ**—સ્તોતવ્ય સંપદા-ઓઘહેતુ સંપદા-ઇતરહેતુ (વિશેષ હેતુ) સંપદા-ઉપયોગ સંપદા-તદ્ધેતુ (હેતુ) સંપદા-સવિશેષો પયોગ સંપદા-સ્વરૂપ સંપદા-નિજસમફલદ સંપદા-અને મોક્ષ સંપદા એ પ્રમાણે નમુત્થુણંની ૯ સંપદા છે ॥ ૩૫ ॥

[1]**भावार्थ**—નમુત્થુણં અરિહંતાણં અને ભગવંતાણં એ બે પદમાં સ્તોતવ્ય એટલે સ્તુતિ કરવા યોગ્ય એવા અરિહંત ભગવંતજ છે જેથી તેમને નમસ્કાર કર્યો છે, માટે એ બે પદની પહેલી **स्तोतव्य संपदा** છે. આઇગરાણંથી સયંસંબુદ્ધાણં સુધીનાં ૩ પદોમાં અરિહંત ભગવંતનેજ નમસ્કાર શા માટે કરવો તેનો પહેલી સંપદાને અંગે ઓઘહેતુ એટલે સામાન્યહેતુ (સામાન્ય કારણ) દર્શાવેલો છે માટે એ ત્રણ પદની બીજી **ओघहेतु संपदा** છે. અને તેજ સ્તોતવ્ય સંપદા સંબંધિ વિશેષહેતુ દર્શાવનારી પુરિસુત્તમાણંથી પુરિસવર ગંધહત્થીણં સુધીની ચાર પદવાળી ત્રીજી **विशेषहेतु संपदा** તે પણ પહેલી સ્તોતવ્ય સંપદાનાજ વિશેષ

---

૧ સર્વ સૂત્રોની સંપદાઓનો ભાવાર્થ શ્રી ધર્મસંગ્રહવૃત્તિના અનુસારે કર્યો છે.

હેતુરૂપ છે. તથા લોગુત્તમાણંથી લોગપજ્જોઅગરાણં સુધીનાં પાંચ પદમાં પહેલીજ સંપદાનો સામાન્ય ઉપયોગ (= સામાન્યથી સર્વ લોકોને પરમાર્થ કરવા રૂપ સમાયલો ) [1]હોવાથી તે પાંચ પદની ચોથી सामान्य उपयोग संपदा છે. તથા તત્ એટલે તે એટલે તે ( સામાન્ય ઉપયોગ સંપદા )નો હેતુ એટલે કારણ અભયદયાણંથી બોહિદયાણં સુધીના પાંચ પદમાં દર્શાવેલું હોવાથી તે પાંચ પદવાળી પાંચમી तद्धेतु संपदा એટલે હેતુ સંપદા અથવા સામાન્યોપયોગ હેતુ સંપદા જાણવી. તથા પહેલી સ્તોતવ્ય સંપદાનોજ વિશેષ ઉપયોગ–પ્રયોજન રૂપ અર્થ ધમ્મદયાણંથી ધમ્મવર ચાઉરંત ચક્કવટ્ટીણં સુધીના પાંચ પદોમાં હોવાથી એ પાંચ પદવાળી છઠ્ઠી विशेषोपयोग संपदा છે. તથા અરિહંત ભગવંતનું એવું કયું સ્વરૂપ છે? કે જેથી તે સ્તુતિ નમસ્કાર કરવા યોગ્ય છે, તે ( સર્વજ્ઞપણાનું ) સ્વરૂપ " અપ્પડિહયવરનાણ વિઅટ્ટછઉમાણં " સુધીના ૨ પદોમાં દર્શાવ્યું છે માટે એ ૨ પદવાળી ૭ મી स्वरूप संपदा તે પહેલી સ્તોતવ્ય સંપદાનાજ કારણવાળી છે. તથા જિણાણંથી મુત્તાણંમોઅગાણં સુધીની ૪ પદવાળી ૮ મી निजसमफलद સંપદા[2] છે, કારણ કે એ ૪ પદમાં અરિહંતનું પોતાનું જેવું સ્વરૂપ છે, તેવું સ્વરૂપ–ફળ અન્ય જીવોને પણ આપે છે એવો અર્થ છે. તથા 'સવ્વન્નૂણંથી જીઅભયાણં સુધીના' ૩ પદમાં પ્રભુની મોક્ષ અવસ્થા દર્શાવેલી હોવાથી એ ત્રણ પદ વાળી ૯ મી मोक्ष संपदा છે. એ પ્રમાણે નમુત્થુણંના ૩૩ પદોમાં ૯ સંપદા દર્શાવી.

---

૧ અર્થાત્ પ્રભુ સામાન્યપણે સર્વ લોકને (આગળ કહેવાતો પરાર્થ–પરમાર્થ કરવાવડે ) ઉપકારી હોવાથી લોકનાથ લોકોત્તમ ઈત્યાદિ પાંચ વિશેષણો છે, માટે એ પાંચ પદમાં પરાર્થપણા રૂપ ઉપયોગ સમાયલો હોવાથી એ સામાન્યોપયોગ સંપદા છે.

૨ આ સંપદાનું " સ્વતુલ્યપરફલકર્તૃત્વ " એવું બીજું નામ પણ છે.

તથા આ બે છેલ્લી સંપદાઓ પહેલી સ્તોતવ્ય સંપદાના સંબંધવાળી ગ્રંથોમાં જો કે સ્પષ્ટ અક્ષરોથી કહી નથી તોપણ ભાવાર્થથી બીજી આદિ સંપદાઓવત્ એ બે સંપદાઓ પણ પહેલી સંપદાના કારણ આદિ સંબંધ વાળી સંભવે છે.

## ॥ શક્રસ્તવની સંપદાઓ ॥

| સંપદાનાં નામ | સંપદાનાં પ્રથમ પદ. | સર્વપદ. |
|---|---|---|
| ૧ સ્તોતવ્ય સંપદા | નમુત્થુણં | ૨ |
| ૨ ઓઘ હેતુ ,, | આઇગરાણં | ૩ |
| ૩ વિશેષ હેતુ ,, | પુરિસુત્તમાણં | ૪ |
| ૪ ઉપયોગ ,, | લોગુત્તમાણં | ૫ |
| ૫ તદ્ધેતુ ,, | અભયદયાણં | ૫ |
| ૬ સવિશેષોપયોગ ,, | ધમ્મદયાણં | ૫ |
| ૭ સ્વરૂપ ,, | અપ્પડિહયવરનાણ૦ | ૨ |
| ૮ નિંજસમફલદ ,, | જીણાણં૦ | ૪ |
| ૯ મોક્ષ ,, | સવ્વન્નૂણં૦ | ૩ |
| | | ૩૩ |

**अवतरण**—હવે આ ગાથામાં નમુત્થુણંની સંપદા પદ અને વર્ણની એકંદર સંખ્યા કહીને ત્યાર બાદ ચૈત્યસ્તવની સંપદા પદ અને વર્ણની પણ એકંદર સંખ્યા કહેવાય છે—.

**दोसगनउया वन्ना, नव संपय पय तितीस सक्कथए ।**
**चेइयथयट्ठ संपय, तिचत्तपय वन्न दुसयगुणतीसा ॥३६॥**

શબ્દાર્થ:—

दोसगनउया = બસો સત્તાણું
चेइयथय = ચૈત્યસ્તવ (અરિહંત ચે૦)
तिचत्त = ત્રેંતાલીસ
दुसयगुणतीसा = બસો ઓગણત્રીસ

गाथार्थः—શક્રસ્તવમાં ૨૯૭ વર્ણ ( અક્ષર ), ૯ સંપદા, અને ૩૩ પદ છે. તથા ચૈત્યસ્તવમાં ૮ સંપદા, ૪૩ પદ, તથા ૨૨૯ અક્ષર છે. ॥૩૬॥

भावार्थः—સુગમ છે, અને ચૈત્યસ્તવની સંપદા તથા તેનાં પદ પ્રથમ કહ્યાં નથી તે હવે આગળની ગાથામાં કહેવાશે.

---

अवतरण—આ ગાથામાં અરિહંત ચે૦ સૂત્રની સંપદાઓ, તથા તેનાં આદિપદ કહેવાય છે તે આ પ્રમાણે—

**दु छ सग नव तिय छ चउ छप्पय चिइसंपया पया पढमा ।**
**अरिहं वंदण सद्धा, अन्न सुहुम एव जा ताव ॥ ३७ ॥**

શબ્દાર્થઃ—ગાથાર્થને અનુસારે.

गाथार्थ—૨-૬-૭-૯-૩-૬-૪-અને ૬ પદ ( એ પ્રમાણે પદ સંખ્યાના ક્રમવાળી ) चिइ=ચૈત્યસ્તવની ૮ સંપદાઓ છે, તેનાં પ્રથમ પદ અનુક્રમે અરિહંત ચેઇયાણં-વંદણવત્તિઆએ-સદ્ધાએ -અન્નત્થ ઊસસિએણં-સુહુમેહિં અંગસંચાલેહિં—એવમાઇએહિં -જાવ અરિહંતાણં-અને તાવકાયં એ પ્રમાણે છે.

भावार्थः-સુગમ છે.

---

अवतरण—આ ગાથામાં ચૈત્યસ્તવની ૮ સંપદાનાં નામ કહે છે—

**अब्भुवगमो निमित्तं, हेऊ इग बहुवयंत आगारा. ।**
**आगंतुग आगारा, उस्सग्गावहि सरूवट्ठ ॥ ३८ ॥**

શબ્દાર્થઃ—ગાથાર્થાનુસારે.

गाथार्थ—અભ્યુપગમ-નિમિત્ત-હેતુ-એકવચનાન્ત આગાર—બહુવચનાન્ત આગાર-આગંતુક આગાર-ઉત્સર્ગાવધિ-અને સ્વ-રૂપ સંપદા એ ૮ સંપદાઓ અરિહંતચે૦ સૂત્રમાં છે.

भावार्थः—અહિં અરિહંત ચે૦ સૂત્ર અન્નત્થ સહિત ગણાય છે, માટે અરિહંત ચે૦ ની પહેલી ૩ સંપદા છે, અને શેષ ૫

સંપદા અન્નત્થની છે, તે બન્ને મળી ચૈત્યસ્તવની એટલે કાયોત્સર્ગ દંડકની ૮ સંપદાનાં નામ કહ્યાં તેનો ભાવાર્થ આ પ્રમાણે–

"અરિહંત ચેઇયાણં, કરેમિ કાઉસ્સગ્ગં" એ બે પદમાં કોઇ એકજ ચૈત્યમાં રહેલી પ્રતિમાઓ સંબંધિ કાઉસ્સગ્ગ કરવાનું અંગીકાર કરેલું હોવાથી એ ૨ પદની ૧ લી अभ्युपगम संपदा છે. ત્યાર બાદ તે કાઉસ્સગ્ગ કરવાનું નિમિત્ત એટલે કાર્ય એટલે પ્રયોજન 'વંદણવત્તિયાએથી નિરુવસગ્ગવત્તિયાએ' સુધીનાં ૬ પદમાં દર્શાવ્યું છે, માટે તે ૬ પદની ૨ જી निमित्त संपदा છે. શ્રદ્ધાદિ વિના કરેલો કાઉસ્સગ્ગ ઇષ્ટ સિદ્ધિવાળો થતો નથી તે કારણથી 'સદ્ધાએ થી ઠામિ કાઉસ્સગ્ગં' સુધીનાં ૭ પદમાં કાઉસ્સગ્ગનો હેતુ (સાધન કે જેથી કાર્યસિદ્ધિ થાય તે) દર્શાવેલ હોવાથી એ ૭ પદવાળી ૩ જી हेतु संपदा છે. ત્યારબાદ કરેલો કાઉસ્સગ્ગ પણ *આગાર વિના નિર્દોષ થઇ શકતો નથી, માટે 'અન્નત્થથી હુજ્જ મે કાઉસ્સગ્ગો' સુધીમાં કાઉસ્સગ્ગના ૬ પ્રકારના આગાર દર્શાવેલા છે, તેમાં અન્નત્થથી પિત્તમુચ્છાએ સુધીનાં ૯ પદ એકવચન વાળાં હોવાથી એ ૯ પદોની ૪ થી [1]एकवचन आगार संपदा છે, ત્યારબાદ સુહુમેહિંથી દિટ્ઠિસંચાલેહિં સુધીનાં ૩ પદ બહુવચનના પ્રયોગવાળાં હોવાથી એ ત્રણ પદોની ૫ મી [2]बहुवचन आगार संपदा છે. ત્યારબાદ અન્નત્થ સૂત્ર (માં કહેલા આગારો)થી બહારના પણ [3]કેટલાક

---

*આગાર અથવા આકાર એટલે કાઉસ્સગ્ગમાં રાખવા યોગ્ય અથવા રહેવા યોગ્ય છૂટ.

૧ એ ૯ પદોવાળી એકવચન આગાર સંપદા પણ ૩ પ્રકારની છે, તે આ પ્રમાણે—પહેલાં ૨ પદની सहज आगार संपदा, ત્યારબાદનાં ૩ પદની अल्पागन्तुकहेतु संपदा, અને ત્યારબાદ ૪ પદની बहु आगन्तुक हेतु संपदा જાણવી. એમાં પહેલી સ્વાભાવિક છે, બીજી વાયુ વિગેરેના અલ્પ વિકારવાળી છે, અને ત્રીજી વાયુ તથા અજીર્ણાદિકના મોટા વિકાર વાળી છે. (ભાષ્યાવચૂરિ).

૨ એને नियोगजन्य संपदा પણ કહી છે. (ભાષ્યાવચૂરિઃ)

૩ અગ્નિ આદિનો ઉપદ્રવ, પંચેન્દ્રિયનું આડું ઉતરવું, ચોર વિગે- આગારો "એવમાઇએહિં" એ પદવડે સૂચવીને તે સર્વ આ-

ગારોવડે પણ કાઉસ્સગ્ગનો ભંગ ન થવા માટે "હુજ્જ મે કાઉસ્સગ્ગો" સુધીનાં ૬ પદ કહ્યાં છે તે ૬ પદ વાળી ૬ ઠ્ઠી [1]આગંતુક આગાર સંપદા જાણવી. ત્યારબાદ જાવ અરિહંતાણંથી ન પારેમિ સુધીનાં ૪ પદમાં કાઉસ્સગ્ગમાં કેટલી વાર સુધી રહેવું, તેનો કાળનિયમ દર્શાવેલો હોવાથી એ ચાર પદવાળી ૭ મી કાયોત્સર્ગાવધિ ( કાઉસ્સગ્ગની મર્યાદા રૂપ ) સંપદા છે. ત્યારબાદ તાવકાયંથી વોસિરામિ સુધીનાં ૬ પદમાં કાઉસ્સગ્ગ કેવી રીતે કરવો? તેનું સ્વરૂપ દર્શાવ્યું છે, માટે તે ચાર પદની ૮ મી કાયોત્સર્ગસ્વરૂપ સંપદા જાણવી.

## ॥ ચૈત્યસ્તવની ૮ સંપદા ॥

| ૮ સંપદાનાં નામ | સંપદાનાં પ્રથમ પદ | સંપદાનાં સર્વપદ |
|---|---|---|
| ૧ અભ્યુપગમ સંપદા | અરિહંત ચેઇયાણં | ૨ |
| ૨ નિમિત્ત સંપદા | વંદણવત્તિયાએ | ૬ |
| ૩ હેતુ સંપદા | સદ્ધાએ | ૭ |
| ૪ એકવચનાન્તઆગાર સં. | અન્નત્થ ઊસસિએણં | ૯ |
| ૫ બહુવચનાન્તઆગારસં. | સુહુમેહિં અંગસંચાલેહિં | ૩ |
| ૬ આગંતુક આગાર સં૦ | એવમાઇએહિં | ૬ |
| ૭ કાયોત્સર્ગાવધિ સં૦ | જાવ અરિહંતાણં | ૪ |
| ૮ સ્વરૂપ સંપદા | તાવકાયં | ૬ |
| | | ૪૩ |

રેનો ભય, અને સર્પ વિગેરેનો ઉપદ્રવ એ મુખ્ય ૪ (અને બીજા ગૌણ) આગાર છે.

૧ બાહ્યાગન્તુક આગાર સંપદા એવું પણ નામ છે.

**अवतरण**—આ ગાથામાં નામસ્તવાદિ ૩ સૂત્રની પ્રત્યેકની સંપદા પદ અને અક્ષરો એકંદર કેટલા છે? તે કહે છે—

**नामथयाइसु संपय, पयसम अडवीस सोल वीस कमा ।**
**अदुरुत्तवन्न दोसट्ठ–दुसयसोलट्ठनउअसयं ॥ ३९ ॥**

શબ્દાર્થ:—

**नामथय** = નામસ્તવ(લોગસ્સ)
**आइसु** = વિગેરે (૬) સૂત્રમાં
**पयसम** = પદ તુલ્ય
**कमा** = અનુક્રમે

**गाथार्थ**—લોગસ્સ વિગેરે (એટલે લોગ્ગસ્સ—પુખ્ખવરદી૦—અને સિદ્ધાણ બુદ્ધાણં૦ એ ૩ સૂત્ર) માં અનુક્રમે સંપદાઓ પદ તુલ્ય (=જેટલાં પદ તેટલી સંપદા) છે, જેથી ૨૮—૧૬—૨૦ પદ અને તેટલીજ સંપદા છે. તથા બીજીવાર સૂત્રોચ્ચાર વખતે નહિ ગણાયલા (એકવાર ગણેલા) અક્ષરો અનુક્રમે ૨૬૦—૨૧૬—અને ૧૯૮ છે. ॥ ૩૯ ॥

**भावार्थ**—એ ૩ સૂત્રમાં લોગસ્સની ૭ ગાથા અને દરેક ગાથાનું એકેક ચરણ (પાદ—ચોથો ભાગ) તે એકેક પદ તથા એકેક સંપદારૂપ ગણવાથી અને ૭ ગાથામાં ૨૮ ચરણ હોવાથી લોગસ્સનાં ૨૮ પદ તથા ૨૮ સંપદા છે. એ પ્રમાણે પુખ્ખરવરદીની ૪ ગાથા હોવાથી ૧૬ પદ અને ૧૬ સંપદા છે, તેમજ સિદ્ધાણંની ૫ ગાથા હોવાથી ૨૦ પદ અને ૨૦ સંપદા છે, અને અક્ષરો તો પૂર્વે ૨૬ મી ગાથામાં કહ્યા પ્રમાણે જાણવા. ત્યાં લોગ્ગસ્સમાં "સવ્વલોએ" પુખ્ખવરદીમાં "સુઅસ્સભગવઓ" અને સિદ્ધાણંમાં વેયાવચ્ચગરાણં સંતિગરાણં સમ્મદ્દિટ્ઠિ સમાહિગરાણં" એટલા અક્ષરો અધિક ગણવાથી ૨૬૦—૨૧૬—અને ૧૯૮ અક્ષરો થાય છે, પરન્તુ સંપદા અથવા પદ પ્રમાણે અક્ષરો ગણવાથી એટલા અક્ષર ન થાય.

**अवतरणं**—આ ગાથામાં ત્રણ પ્રણિધાન સૂત્રના અક્ષર કહીને ત્યારબાદ ચૈત્યવંદના સંબંધિ ૯ સૂત્રોના ગુરૂ અક્ષર કહે છે, જેથી લઘુ અક્ષરની સંખ્યા સ્વતઃ પ્રાપ્ત થાય છે.

**पणिहाणि दुवन्नसयं, कमेसु सग-ति-चउवीस-तित्तीसा।**
**गुणतीस अट्ठवीसा, चउतीसि-गतीस बार गुरुवन्ना॥४०॥**

શબ્દાર્થ:—

| | |
|---|---|
| पणिहाणि = ૩ પ્રણિધાનમાં | एसु = એ (તે) ૯ સૂત્રોમાં |
| कमा = અનુક્રમે | गुरु = જોડાક્ષર |

**ગાથાર્થ**—૩ પ્રણિધાન (જાવંતિ ચે૦-જાવંત કેવિ૦-જયવી૦ એ ૩ સૂત્ર)માં ૩૫-૩૮-અને ૭૯ મળી ૧૫૨ અક્ષર છે. તથા ગુરૂ અક્ષર નવકારમાં ૭, ખમાસમણમાં ૩, ઇરિયાવહિમાં ૨૪, શક્રસ્તવમાં ૩૩, ચૈત્યસ્તવમાં ૨૯, નામસ્તવમાં ૨૮, શ્રુતસ્તવમાં ૩૪, સિદ્ધસ્તવમાં ૩૧, અને પ્રણિધાનમાં ૧૨ ગુરૂ અક્ષર (એટલે જોડાક્ષર) જાણવા.

**ભાવાર્થ**—અહિં ગુરૂ અક્ષર એટલે જોડાક્ષર[1] જાણવો પરન્તુ જોડાક્ષરથી પૂર્વનો અક્ષર ગુરૂ (ભારે) અક્ષર ગણાય છે તે નિયમ અહિં ન ગણવો. તે ગુરૂ અક્ષરો કયા કયા છે, તે સ્વતઃ જાણી શકાય તેવા હોવાથી અહિં કહ્યા નથી, પરન્તુ કંઈક સ્થાને (૬ સ્થાને) મતાન્તર છે તેજ માત્ર દર્શાવાય છે—

૧ નવકારમાં "પ્પણાસણો" ને સ્થાને "પણાસણો" કહે છે જેથી ૭ ને બદલે ૬ ગુરુ અક્ષર થાય છે.

૨ ઇરિયા૦માં ઠાણાઓઠાણં ને સ્થાને ઠાણાઓઠ્ઠાણં કહે છે, જેથી ૨૪ ને બદલે ૨૫ ગુરુ થાય છે.

૩ નમુત્થુણંમાં વિઅટ્ટછઉમાણં ને બદલે વિઅટ્ટચ્છઉમાણં કહે છે, જેથી ૩૩ ને બદલે ૩૪ ગુરુ થાય છે.

૪ ચૈત્યસ્તવ દંડકમાં "કાઉસ્સગ્ગ" શબ્દ ત્રણવાર આવે છે તેમાં-સ્સ ને સ્થાને સ કહેવાથી ૩ ગુરૂ ઓછા થવાથી ૨૯ ને બદલે ૨૬ ગુરૂ થાય છે.

૫ લોગસ્સમાં ચઉવિસંપિ ને સ્થાને ચઉવ્વીસંપિ કહે છે, જેથી ૨૮ ને બદલે ૨૯ ગુરૂ થાય છે.

---

૧ માગધીમાં જોડાક્ષર સ્વજાતિના તથા સ્વવર્ગના દ્વિત્વરૂપજ સમજવા. તેમાં અન્યવર્ગના અન્યવર્ણ સાથે જોડાયેલ જોડાક્ષર હોતા નથી.

*૬ પુક્ખરવરદીમાં દેવંનાગ ને સ્થાને દેવનાગ કહે છે જેથી ૩૪ ને બદલે ૩૫ ગુરૂ થાય છે.

એ પ્રમાણે ૬ સૂત્રમાં ગુરૂ અક્ષરનો મતાન્તર જાણવો. અને પૂર્વે કહેલા ગુરૂ અક્ષરો સિવાયના શેષ રહેલા લઘુ અક્ષર તે અનુક્રમે આ પ્રમાણે—

નવકારમાં ૬૧, ખમા૦માં ૨૫, ઇરિયા૦માં ૧૭૫, નમુ૦માં ૨૬૪, ચૈત્યસ્તવમાં ૨૦૦, લોગસ્સમાં ૨૩૨, પુક્ખર૦માં ૧૮૨, સિદ્ધાણંમાં ૧૬૭, અને પ્રણિધાનત્રિકમાં ૧૪૦ લઘુવર્ણ જાણવા. (અમતાન્તરાપેક્ષાએ.)

એ ઉપર કહેલાં ૯ સૂત્ર સિવાય શેષ થોય સ્તવન અને ચૈત્યવંદન (નમસ્કાર રૂપ) વિગેરે પણ ચૈત્યવંદનામાં આવે છે પન્તુ તે નિયત ન હોવાથી તેના અક્ષરોની ગણત્રી થઈ શકે નહિ માટે કહી નથી. ॥ इति ८-९-१०मं द्वारम् ॥

---

*એ ૬ મતાન્તરો ભાષ્યની અવચૂરિમાં કહ્યા છે.

## ॥ ૮--૯--૧૦ મા દ્વારનો યંત્ર ॥

| સૂત્રનાં * આદાન નામ | સૂત્રનાં * ગૌણનામ | પદસંખ્યા | સંપદા | ગુરુ અક્ષર | લઘુ અક્ષર | સર્વઅક્ષર |
|---|---|---|---|---|---|---|
| ૧ નવકાર | પંચમંગળ શ્રુતસ્કંધ | ૯ | ૮ | ૭ | ૬૧ | ૬૮ |
| ઇચ્છામિ ખમાસમણો | પ્રણિપાત સૂત્ર વા છોભસૂત્ર | ૦ | ૦ | ૩ | ૨૫ | ૨૮ |
| ઇરિયાવહિયં (તસ્સઉત્તરી સહિત ) | પ્રતિક્રમણ શ્રુતસ્કંધ | ૩૨ | ૮ | ૨૪ | ૧૭૫ | ૧૯૯ |
| નમુત્થુણં | શક્રસ્તવ વા પ્રણિપાત દંડક | ૩૩ | ૯ | ૩૩ | ૨૬૪ | ૨૯૭ |
| અરિહંત ચેઈયાણં (અન્નત્થ૦ સહિત ) | ચૈત્યસ્તવ વા કાયોત્સર્ગ દંડક | ૪૩ | ૮ | ૨૯ | ૨૦૦ | ૨૨૯ |
| લોગસ્સ | નામસ્તવ | ૨૮ | ૨૮ | ૨૮ | ૨૩૨ | ૨૬૦ |
| પુક્ખરવરદી | શ્રુતસ્તવ | ૧૬ | ૧૬ | ૩૪ | ૧૮૨ | ૨૧૬ |
| સિદ્ધાણં બુદ્ધાણં | સિદ્ધસ્તવ | ૨૦ | ૨૦ | ૩૧ | ૧૬૭ | ૧૯૮ |
| જાવંતિ ચેઇયાઈ | ચૈત્યવંદન સૂત્ર (પ્રણિધાનત્રિક) | ૦ | ૦ | ૩ | ૩૨ | ૩૫ |
| જાવંત કેવિસાહૂ | મુનિવંદન સૂત્ર (પ્રણિધાનત્રિક) | ૦ | ૦ | ૧ (કુલ ૧૨) | ૩૭ (કુલ ૧૪૦) | ૩૮ (કુલ ૧૫૨) |
| જયવીઅરાય (પહેલી બે ગાથા) | પ્રાર્થના સૂત્ર (પ્રણિધાનત્રિક) | ૦ | ૦ | ૮ | ૭૧ | ૭૯ |

* સૂત્રના આદિ પદવાળું નામ તે **આદાનનામ**, અને ગુણવાચક નામ તે **ગૌણનામ** ( ઈતિ અનુયોગદ્વારે )

૧ "નવકાર" એ આદાન નામ નથી, પરન્તુ અનાદિ નામ સંભવે.

अवतरण—હવે આ ગાથામાં ૫ દંડકનું ૧૧ મું દ્વાર અને તેમાં આવેલા ૧૨ અધિકાર સંબંધિ ૧૨ મું દ્વાર કહેવાય છે—

**पण दंडा सक्कत्थय-चेइय नाम सुअ सिद्धत्थय इत्थ ।**
**दो इग दो दो पंच य, अहिगारा बारस कमेण ॥४१॥**

શબ્દાર્થ:—

पण = પાંચ | इत्थ = અહિં (પાંચ દંડકમાં)

गाथार्थः—શક્રસ્તવ-ચૈત્યસ્તવ--નામસ્તવ—શ્રુતસ્તવ-અને સિદ્ધસ્તવ એ પાંચ દંડક છે, ॥ इति ११मं पंचदंडकद्वारम् ॥ અને તેમાં અનુક્રમે ૨-૧-૨-૨-૫ એ પ્રમાણે સર્વ મળી ૧૨ અધિકાર છે ॥ ૪૧ ॥

भावार्थः—તીર્થંકર પદવી પહેલાં પણ (જન્મ કલ્યાણક પ્રસંગે) સૌધર્મ કલ્પનો શક્ર નામનો ઈન્દ્ર નમુત્થણં સૂત્રવડે પ્રભુની સ્તુતિ કરે છે, માટે નમુત્થુણંનું शक्रस्तव એવું *ગૌણ નામ છે, અને નમુત્થુણં એ *આદાન નામ છે. ચૈત્ય સંબંધિ સ્તુતિ અને કાઉસ્સગ્ગ દર્શાવનાર હોવાથી અરિહંતચે૦ સૂત્રનું ગૌણ નામ चैत्यस्तव છે, અને અરિહંતચે૦ એ આદાન નામછે. વર્તમાન અવસર્પિણીના ૨૪ ભગવંતના નામની સ્તવના હોવાથી લોગસ્સનું नामस्तव એવું ગૌણ નામ છે, અને લોગસ્સ એ આદાન નામ છે. શ્રુતની એટલે સિદ્ધાન્તની સ્તુતિરૂપ હોવાથી પુક્ખરવરદીનું श्रुतस्तव ગૌણ નામ છે, અને પુક્ખરવરદી એ આદાન નામ છે. તથા સિદ્ધ ભગવંતની સ્તુતિ હોવાથી સિદ્ધાણંનું सिद्धस्तव એવું ગૌણ નામ છે, અને સિદ્ધાણં અથવા સિદ્ધાણં બુદ્ધાણં એ આદાન નામ છે. એ પ્રમાણે એ પાંચ સૂત્ર ચૈત્યવંદનામાં મુખ્ય હોવાથી અને દંડવત્[1] સરળ (બીજાં સૂત્રોની અપેક્ષાએ દીર્ઘ પણ) હોવાથી

---

* શ્રી અનુયોગદ્વારમાં ૧૦ પ્રકારના નામ પ્રસંગે જે સૂત્રનું નામ આદિ પદોથી ઓળખાય છે તે સૂત્રનું તે નામ આદાન નામ અને ગુણ ઉપરથી પડેલું નામ તે ગૌણનામ કહ્યું છે.

૧ यथोक्तमुद्राभिरस्खलितं भण्यमानत्वाद् दंडा इव दंडाः सरला इत्यर्थः (ભાષ્યાવચૂરિઃ)

દંડક કહેવાય છે. એ ૫ દંડકમાં ચૈત્યવંદનાના ૧૨ અધિકાર એટલે ૧૨ વિષય કહ્યા છે તેની વિશેષ સ્પષ્ટતા આગળની ગાથાઓમાં કહેવાશે. ॥ इति ११ मं पंचदंडकद्वारम् ॥

---

**अवतरण**—હવે ૧૨ મા દ્વારના પ્રસંગમાં ૫ દંડકને વિષે કહેલા ૧૨ અધિકારનાં આદિ પદ આ ગાથામાં કહે છે—

**नमु जेय अ अरिहं लोग सव्व पुरक तम सिद्ध जो देवा।**
**उज्जिं चत्ता वेयावच्चग अहिगारपढमपया ॥ ४२ ॥**

શબ્દાર્થ:-ગાથાર્થને અનુસારે સુગમ છે.

**गाथार्थः**—[1]નમુત્થુણં-જેય (અ) અઇયા[2] સિદ્ધા-અરિહંત [3]ચેઇયાણં-લોગસ્સ[4] ઉજ્જોઅગરે-સવ્વલોએ[5] અરિહંતચેઇયાણં-[6]પુક્ખરવરદીવડ્ઢે-તમતિમિર[7] પડલવિદ્ધં-સિદ્ધાણં[8] બુદ્ધાણં-જો [9]દેવાણવિદેવો-ઉજ્જિંત[10] સેલસિહરે-[11]ચત્તારિઅટ્ઠ દસ દો-વેયાવચ્ચગરાણં[12] એ ૧૨ અધિકારનાં ૧૨ પ્રથમપદ એટલે આદિ પદ છે. ॥ ૪૨ ॥

**भावार्थः**—સુગમ છે. અને અધિકારનાં પર્યન્ત સ્થાનો આગળની ગાથાના ભાવાર્થમાં કહેવાશે.

---

**अवतरण**—હવે ૧૨ અધિકારને વિષે કયા અધિકારમાં કોની સ્તવના છે? તે ત્રણ ગાથાઓમાં કહેવાય છે:—

**पढमहिगारे वंदे, भावजिणे बीयअंमि दव्वजिणे ।**
**इगचेइयठवणजिणे, तइयचउत्थंमि नामजिणे ॥४३॥**

શબ્દાર્થ:—ગાથાર્થાનુસારે સુગમ છે.

**गाथार्थ**—પ્રથમ અધિકારમાં ભાવજિનને વંદના કરૂં છું (કરી છે), બીજા અધિકારમાં દ્રવ્યજિનને વંદના છે, ત્રીજા અધિકારમાં એક ચૈત્યના સ્થાપના જિનને વંદના છે, અને ચોથા અધિકારમાં નામજિનને વંદના છે ॥ ૪૩ ॥

**भावार्थः**—નમુત્થુણંમાં નમુત્થુણંથી જિઅભયાણં સુધીના

પાઠમાં ભાવજિનને એટલે તીર્થંકર નામકર્મના વિપાકોદયવાળા કેવળજ્ઞાની તીર્થંકર ભગવંતો કે જેઓ દેશનાદિ વડે ભવિકજનનો ઉદ્ધાર કરતા અને વિહાર વડે પૃથ્વીતલને પવિત્ર કરવા પૂર્વક વિચરતા હોય છે, અથવા વિચરતા હતા તે વખતને અથવા તે અવસ્થાને લક્ષ્યમાં રાખી વંદના કરી છે. ॥ इति प्रथमाधिकार: ॥

ત્યારબાદ નમુત્થુણંની છેલ્લી સંપૂર્ણ ગાથામાં (જેઅ અઇયા સિદ્ધાથી સવ્વેતિવિહેણ વંદામિ સુધીમાં) દ્રવ્યજિનને એટલે પૂર્વના ત્રીજા ભવે નિકાચીત તીર્થંકરનામકર્મ બાંધીને તેના પ્રદેશોદયમાં વર્તતા એવા જે તીર્થંકરો હજી કેવળજ્ઞાન પૂર્વક ભાવ અરિહંતપણું ( ભાવ તીર્થંકરપણું ) પામ્યા નથી પરન્તુ જેઓ ભવિષ્યમાં પામશે તે દ્રવ્યજિન, તેમજ ( ભાવ તીર્થંકર પણું પ્રાપ્ત કરીને ) જેઓ સિદ્ધિપદને પ્રાપ્ત થયા છે. તે સિદ્ધાવસ્થાવાળા પણ દ્રવ્યજિન કહેવાય છે. એ પ્રમાણે ભાવજિનની ઉભય પાર્શ્વવર્તી અવસ્થા રુપ બન્ને પ્રકારના [1]દ્રવ્યજિનને વંદના કરી છે. ॥ इति द्वितीयाधिकारः ॥

ત્યારબાદ અરિહંત ચેઇયાણંથી ઠામિ કાઉસ્સગ્ગં [2]સુધીના સંપૂર્ણ સૂત્રમાં જે ચૈત્યમાં ચૈત્યવંદના કરવાની છે તે ચૈત્યમાં

---

१ भूयस्स भाविणो वा, भावस्सिह कारणं तु जं लोए
तं दव्वं सव्वन्नू, सचेयणाचेयणं बेंति ॥ १ ॥

( આવશ્કાદિ અનેક ગ્રંથોમાં ).

જગતમાં વ્યતીત થયેલા ભાવનું અથવા ભાવિકાળે થનારા ભાવનું જે કારણ ( અવસ્થા ) તેને સર્વજ્ઞ ભગવંતો द्रव्य કહે છે, અને તે સચિત્ત તથા અચિત્ત બન્ને પ્રકારનું છે. ॥ ૧ ॥ એ પ્રમાણે ભાવ તીર્થંકરની બાલ્યાવસ્થાદિ પૂર્વ અવસ્થા તે ભાવી કારણરુપ દ્રવ્યજિન છે, અને સિદ્ધ અવસ્થા તે ભૂતકારણરુપ દ્રવ્યજિન છે. તથા અહિં અતીત અને અનાગત કાળના દ્રવ્યજિન તે સર્વે ( ૧૫ કર્મભૂમિ) ક્ષેત્રના જાણવા, પરન્તુ વર્તમાન કાળના ( =ભરતાદિ ૧૦ ક્ષેત્રની અપેક્ષાએ ચાલુ પાંચમા આરામાં ) તો પાંચ મહાવિદેહમાં વર્તતા તદ્ભવિક ગૃહસ્થ તિર્થંકરો, અને શેષ ૧૦ માં અર્વાગ્ તૃતિયભવિક તીર્થંકરો દ્રવ્યજીન જાણવા.

૨. આ અધિકારનો પર્યન્ત ભાગ અરિહંત ચે૦ સૂત્ર ઉપરાન્ત

રહેલા સર્વ સ્થાપના જિનને એટલે સર્વ પ્રતિમાઓને વંદના કરી છે. ॥ इति तृतीयाधिकारः ॥

ત્યારબાદ સંપૂર્ણ લોગસ્સમાં વર્તમાન અવસર્પિણીમાં થયેલા ૨૪ જિનેશ્વરોનાં નામની સ્તવના હોવાથી નામ જિનેશ્વરની વંદનાનો અધિકાર છે ॥ इति चतुर्थाधिकारः ॥

એ પ્રમાણે એ ૪ અધિકારમાં શ્રી જિનેશ્વરના નામ-સ્થાપના-દ્રવ્ય-અને ભાવ એ ચારે નિક્ષેપને પશ્ચાનુપૂર્વીએ (ઉલટા ક્રમે) વંદના કરેલી છે.

---

अवतरण—આ બે ગાથામાં શેષ રહેલા ૮ અધિકાર કહે છે-

**तिहुअणठवणाजिणे पुण, पंचमए विहरमाणजिण छट्ठे।**
**सत्तमए सुअनाणं, अट्ठमए सव्वसिद्धथुई ॥ ४४ ॥**
**तित्थाहिव वीरथुई, नवमे दसमे य उज्जयंत थुई ।**
**अट्ठावयाइ इगादिसि, सुदिट्ठिसुरसमरणा चरिमे॥४५॥**

શબ્દાર્થ:—

તિહુઅણ=ત્રણ ભુવનના
વિહરમાણ=વિચરતા
થુઈ=સ્તુતિ
તિત્થાહિવ=તીર્થાધિપ (વર્તમાન તીર્થના અધિપતિ.)
ઉજ્જયંત=ગિરનાર (એટલે શ્રી નેમિનાથ )
અટ્ઠાવયાઈ=અષ્ટાપદ વિગેરે
ઈગદિસિ=અગિઆરમામાં
સુદિટ્ઠિ=સમ્યગ્દષ્ટિ
ચરિમે=છેલ્લા, બારમામાં

**गाथार्थः**—પુન: પાંચમા અધિકારમાં ત્રણે ભુવનના સ્થાપના જિનને વંદના કરી છે, છઠ્ઠા અધિકારમાં વિહરમાન જિનેશ્વરોને

---

અન્નત્થના પર્યન્તે ૧ નવકારના કાઉસ્સગ્ગ બાદ અધિકૃત એક જીન વા એક ચૈત્યાદિ સંબંધી પહેલી એક થોય કહેવાય છે તે થોયના પર્યન્ત સુધી છે. એમ શ્રી ધર્મસંગ્રહની વૃત્તિમાં કહ્યું છે. એ રીતે આગળના અધિકારો જે ચૂલિકા સ્તુતિવાળા છે તે સર્વે ચૂલિકા સ્તુતિ સુધીના જાણવા. અહિં પર્યન્ને કહેવાતી દરેક થોય તે ચૂલિકાસ્તુતિ. પ્રવ૦સારો૦ વૃત્તિમાં સ્પષ્ટ રીતે પર્યન્તવર્તી થોય સુધી ચારે અધિકાર ગણ્યા છે.

વંદના કરી છે, સાતમા અધિકારમાં શ્રુતજ્ઞાનને વંદના કરી છે, આઠમા અધિકારમાં સર્વ સિદ્ધની સ્તુતિ છે. નવમા અધિકારમાં વર્તમાન તીર્થના અધિપતિ શ્રી વીરજિનેશ્વરની સ્તુતિ છે, દશમા અધિકારમાં ગિરનારની સ્તુતિ છે, અગિયારમા અધિકારમાં અષ્ટાપદ આદિ તીર્થોની સ્તુતિ છે, અને બારમા અધિકારમાં સમ્યગ્દ્રષ્ટિ દેવનું સ્મરણ ( પણ સ્તુતિ નહિ ) છે. ॥ ૪૪ ॥૪૫॥

**ભાવાર્થઃ**—સવ્વલોએ અરિહંત ચેઇયાણંથી ઠામિ કાઉસ્સગ્ગં સુધીમાં અને તે ઉપરાન્ત બીજી થોય સુધીમાં પણ ઉર્ધ્વલોક અધોલોક અને તીર્છાલોક એ ત્રણે લોકમાં રહેલાં સર્વ પ્રતિમાજીને વંદના કરવા રૂપ પાંચમો અધિકાર છે, ॥ इति पंचमाधिकारः

૬ ઠ્ઠો અધિકાર પુખ્ખરવરદીની ૧ લી ગાથામાં છે, કે જેમાં ૨॥ દ્વીપને વિષે રહેલી ૫ મહાવિદેહ સંબંધી ૧૬૦ વિજયમાંની ૨૦ વિજયમાં એકેક જિનેશ્વર વર્તમાન સમયે પણ પોતાની પવિત્ર દેશનાથી ત્યાંના ભવ્ય પ્રાણીઓને પરમ ઉપકાર કરતા વિચરે છે એટલે વિહાર કરે છે, માટે વર્તમાન કાળમાં તે ૨૦ વિહરમાન તીર્થંકર કહેવાય છે, તેમને વંદના કરી છે. ॥ इति षष्टाधिकारः॥

સાતમો અધિકાર પુખ્ખરવરદીની બીજી અને ત્રીજી ગાથામાં છે અને તે ઉપરાન્ત "સુઅસ્સ ભગવઓ અરિહંત ચેઈયાણં"થી પ્રારંભીને યાવત્ ત્રીજી થોય કહેવાય છે તે પણ ૭ મા અધિકારમાં ગણાય. इति सप्तमाधिकारः ॥

ત્યારબાદ સિદ્ધાણંની પહેલી ગાથામાં સિદ્ધ ભગવંતની સ્તુતિ હોવાથી સિદ્ધસ્તુતિ નામનો ૮ મો અધિકાર છે ॥ इति अष्टमाधिकार: ॥ ત્યારબાદ સિદ્ધાણંની બીજી અને ત્રીજી એ બે ગાથામાં વર્તમાન શાસનના અધિપતિ અને આસન્ન ઉપકારી છેલ્લા તીર્થંકર શ્રી મહાવીર પ્રભુની સ્તુતિ હોવાથી એ બે ગાથારૂપ ૯ મો અધિકાર વીરસ્તુતિ નામનો છે. ॥ इति नवमाधिकार: ॥ ત્યારબાદ ઉજ્જીંતસેલ સિહરે એ પદવાળી સિદ્ધાણંની ૪ થી ગાથામાં શ્રી ગિરનાર પર્વત ઉપર થયેલાં દીક્ષાદિ ત્રણ કલ્યાણકવાળા શ્રી નેમિનાથ પ્રભુની સ્તવના રૂપ ૧૦ મો અધિકાર

**છે इति दशमोऽधिकारः—અને સિદ્ધાણંની છેલ્લી ગાથામાં (ચત્તારિ અટ્ઠ દસદોય ઈત્યાદિ પદવાળી પાંચમી ગાથામાં) અષ્ટાપદાદિ તીર્થોની તથા ભિન્ન [1]ભિન્ન સંખ્યાવાળા જિનેશ્વરોની સ્તુતિ છે, તે ૧૧ મો અધિકાર છે॥ इति एकादशमोऽधिकारः ॥**

---

૧ અહિં ૧૧ મા અધિકારમાં ભિન્ન ભિન્ન સંખ્યાએ જિનેશ્વરોને તીર્થાદિ આશ્રયિ કરેલી વંદના સંક્ષેપમાં આ પ્રમાણે—

( ૪+૮+૧૦+૨=૨૪ ) એ પ્રમાણે ૨૪ તીર્થંકરની પ્રતિમા ભરતચક્રીએ અષ્ટાપદ પર્વત ઉપર ભરાવી છે તે અષ્ટાપદ તીર્થના ૨૪ ભગવંતને વંદના થઇ. એ ગાથામાં મુખ્ય વંદના **अष्टापदतीर्थ**ની ગણાય છે. તથા ૪×૮ =૩૨ અને ૧૦×૨=૨૦ જેથી ૩૨ અને ૨૦ મળીને ૫૨ ચૈત્યયુક્ત શ્રી **नंदीश्वरतीर्थ**ને વંદના થઈ. તથા **चत्त** એટલે ત્યાગ કર્યો છે **अरि**=અંતરંગ શત્રુ (કષાય) જેણે એવા ( ૮+૧૦+૨ ) ૨૦ તીર્થંકરો શ્રી સમ્મેતશિખર ગિરિ ઉપર નિર્વાણ પામેલા હોવાથી શ્રી **सम्मेतशिखर**ને વંદના થઇ, અથવા ઉત્કૃષ્ટથી સમકાળે જન્મ પામતા **२० तीर्थंकरने** વંદના થઇ, અથવા વર્તમાનકાળમાં વિચરતા **२० विहरमान**ને વંદના થઇ. તથા એજ ૨૦ ને ૪ વડે ભાગતાં ૫ આવે તેને અટ્ઠદસ એટલે ૧૮ માં ઉમેરતાં શ્રી શત્રુંજયગિરિ ઉપર સમવસરેલા ૨૩ તીર્થંકરને એટલે શ્રી **शत्रुंजयगिरि**ને વંદના થઈ. તથા ( ૮×૧૦=૮૦×૨= ) **१६० तीर्थंकर** ઉત્કૃષ્ટથી મહાવિદેહમાં વિચરતા હોય છે તેમને વંદના થઈ. તથા ( ૮+૧૦=૧૮×૪= ) ૭૨ તીર્થંકર ત્રણ કાળની **त्रण चोवीसी**ના ભરત અને ઐરવત એ ૨ ક્ષેત્રમાં જૂદા જૂદા થાય તે સર્વને વંદના થઈ. તથા ( ૪+૮=૧૨×૧૦=૧૨૦×૨= ) **२४० तीर्थंकर** ભરતાદિ ૧૦ ક્ષેત્રની ૧૦ ચોવીસીના થાય તેમને વંદના થઇ. તથા ૮ ના વર્ગ ૬૪ માં ૧૦ નો વર્ગ ૧૦૦ મેળવતાં ૧૬૪ થાય તેમાં ૪ અને ૨ મેળવતાં **१७० तीर्थंकर** અઢી દ્વીપમાં ઉત્કૃષ્ટથી વિચરે તે સર્વને વંદના થઈ. તથા **चत्तारि** એટલે અનુત્તર ગ્રૈવેયક કલ્પ અને જ્યોતિષી એ ૪ દેવલોકમાં, **अट्ठ** એટલે ૮ વ્યન્તરનિકાયમાં, **दस** એટલે ૧૦ ભવનપતિમાં અને **दोय** એટલે અધોલોકવર્તી તથા તિર્યગ્લોકવર્તિ એ બે પ્રકારના મનુષ્યલોકમાં શાશ્વત્ અને અશાશ્વત્ બન્ને પ્રકારની પ્રતિમાઓને એટલે **त्रणे लोक**ની સર્વ પ્રતિમાઓને વંદના થઇ. **( આ ગાથાની વૃત્તિઃ ) હજી બીજો પણ વિશેષ અર્થ આ ગાથાની વૃત્તિમાં કહ્યો છે ત્યાંથી જાણવો.**

એ પ્રમાણે સિદ્ધાણં બુદ્ધાણંમાં ( = સિદ્ધસ્તવના એકજ દંડકમાં ) ૮-૯-૧૦-૧૧ એ ચાર અધિકાર છે, જેમાં પહેલા બે અધિકારની ૩ ગાથા શ્રી ×ગણધરકૃત છે, અને તે પ્રાચીન કાળમાં ચૈત્યવંદનના પર્યન્તે કહેવાતી ૩ [૧]સ્તુતિરૂપે એજ સ્તુતિઓ હતી, ત્યારપછીની બે અધિકારની બે ગાથા શ્રી ગીતાર્થોએ ચૈત્યવંદનાના સંબંધમાં સંયુક્ત કરી છે.

ત્યારબાદ વેયાવચ્ચગરાણંથી પ્રારંભીને સંપૂર્ણ અન્નત્થ અને તે ઉપરાન્ત ૧ નવકારના કાઉસ્સગ્ગ પર્યન્તે કહેવાતી ચોથી થોય સુધીનો પાઠ સમ્યગ્દૃષ્ટિ દેવને ( વંદના નહિ પરન્તુ ) સ્મરણ કરવા અને તેનો કાઉસ્સગ્ગ કરવા સંબંધિ છે, તે સર્વ બારમા અધિકારમાં ગણાય છે. ॥ इति द्वादशमोऽधिकारः ॥

---

× શ્રી ધર્મસંગ્રહવૃત્તિ.

૧ પ્રથમ દર્શાવેલ ૯ પ્રકારની ચૈત્યવંદનામાં ૬ ઠ્ઠા ભેદને વિષે એ ૩ સ્તુતિ કહેવાય છે.

## ॥ ચૈત્યવંદનના ૧૨ અધિકારનો યંત્ર. ॥

| અધિકાર | ક્યાંથી ક્યાંસુધી? | કોને વંદના? | કયા દંડકમાં | આદ્યપદ |
|---|---|---|---|---|
| ૧ લો અધિકાર | નમુત્થુણંથી જી અભયાણં | ભાવજિનને | નમુત્થુણંમા | નમુત્થુણં |
| ૨ જો ,, | નમુત્થુણંની છેલ્લી ગાથા | દ્રવ્યજિનને | ,, | જેઅ અઈયા૦ |
| ૩ જો ,, | અરિહંતચે૦ થી૧ લી થોય સુધી | સ્થાપના જિનને | ચૈત્યસ્તવમાં | અરિહંત ચે૦ |
| ૪ થો ,, | લોગસ્સ સંપૂર્ણ | નામજિનને | નામસ્તવમાં | લોગસ્સ |
| ૫ મો ,, | સવ્વલોએ અરિહંતચે૦થી ૨ જી થોય સુધી | ત્રણે ભુવનના સ્થાપના જિનને | ,, | સવ્વલોએ |
| ૬ ઠ્ઠો ,, | પુખ્ખરવરદીની ૧ લી ગાથા | ૨૦ વિહરમાન જિનને | શ્રુતસ્તવમાં | પુખ્ખરવરદી૦ |
| ૭ મો ,, | ,, ની ૨ જી ગાથાથી ૩ જી થોય સુધી | શ્રુતજ્ઞાનને | ,, | તમતિમિર૦ |
| ૮ મો ,, | સિદ્ધાણંની ૧ લી ગાથા | સર્વ સિદ્ધને | સિદ્ધસ્તવમાં | સિદ્ધાણં૦ |
| ૯ મો ,, | ,, ૨-૩ જી ગાથા | શ્રીમહાવીરપ્રભુને | ,, | જો દેવાણવિ૦ |
| ૧૦ મો ,, | ,, ૪ થી ગાથા | શ્રીગીરનારતીર્થને | ,, | ઉજ્જિંતસેલ૦ |
| ૧૧ મો ,, | ,, ૫ મી ગાથા | શ્રી અષ્ટાપદાદિ તીર્થોને | ,, | ચત્તારિ અટ્ઠ૦ |
| ૧૨ મો ,, | વેયાવચ્ચગરા૦ થી૪થીથોય સુધી | શાસનદેવનું સ્મરણ | ,, | વેયાવચ્ચ૦ |

**અવતરણઃ**—ચૈત્યવંદનાના એ ૧૨ અધિકાર ચાલુ સમયમાં કયા સૂત્રના આધારે (પ્રમાણથી) પ્રવર્તે છે? તે કહેવાય છે—

**नव अहिगारा इह ललियवित्थरावित्तिमाइ अणुसारा।**
**तिन्नि सुअपरंपरया, बीओ दसमो इगारसमो ॥४६॥**

શબ્દાર્થ:—ગાથાર્થાનુસારે સુગમ છે.

**ગાથાર્થ**—અહિં ૯ અધિકાર શ્રી લલિતવિસ્તરા નામની વૃત્તિ આદિના અનુસારે છે, અને બીજો દશમો તથા અગિયારમો એ ૩ અધિકાર શ્રુતપરંપરાએ ચાલ્યા આવે છે. ॥ ૪૬ ॥

**ભાવાર્થ:**—નમુત્થુણંમાં 'જેઅ અઇયા સિદ્ધા'ની ૧ ગાથા એ બીજો અધિકાર, અને સિદ્ધાણંની છેલ્લી ૨ ગાથારૂપ ૧૦ મો ૧૧ મો અધિકાર એ ૩ અધિકાર શ્રુતપરંપરાએ એટલે ગીતાર્થ પૂર્વાચાર્યના સંપ્રદાયથી કહેવાય છે, અથવા શ્રુત એટલે સૂત્રથી તેમજ તે સૂત્રની નિર્યુકિતથી અને તેના ભાષ્યથી તથા તેની ચૂર્ણિથી એ પ્રમાણે શ્રુતની પરંપરાથી (સૂત્રાદિ પંચાંગીની પરંપરાથી) કહેવાય છે. જેમકે સૂત્રમાં ચૈત્યવંદના પુખ્ખરવરદી સુધી કહી છે, અને નિર્યુક્તિમાં પુખ્ખરવરદી ઉપરાન્ત એકસિદ્ધસ્તુતિ (સિદ્ધાણંની ૧ ગાથા) સુધી કહેલ છે. અને ચૂર્ણિમાં તે ઉપરાન્ત પણ મહાવીર પ્રભુની ૨ સ્તુતિ સુધી ( એટલે સિદ્ધાણંની ૩ ગાથા સુધી ) કહેલ છે, અને સેસ ઉજ્જયંતાદિ અધિકાર યથેચ્છાએ કહેવા યોગ્ય છે તે આગળની ગાથામાંજ કહેવાશે. શેષ ૯ અધિકાર સૂત્રના[1] પ્રમાણથી છે, કારણ કે લલિતવિસ્તરા

૧ અર્થાત્ એ ૯ અધિકાર તો સૂત્રરૂપ છે, માટે તે ચૈત્યવંદનાના ૯ અધિકારવાળાં નમુત્થુણં આદિ ચૈત્યવંદનસૂત્રોની વૃત્તિ શ્રી હરિભદ્ર સૂરિએ રચી છે, તે ચૈત્યવંદનવૃત્તિનું નામ લલિતવિસ્તરા છે, ત્યાં સિદ્ધાણંની પહેલી ૩ ગાથાની વૃત્તિના પર્યન્તે "एताः तिस्रः स्तुतयो नियमेनोच्यन्ते, केचित्तु अन्या अपि पठन्ति न च तत्र नियम इति न तद्व्याख्यानक्रिया" [=સિદ્ધાણંની એ ૩ સ્તુતિઓ (અર્થાત્ પહેલી ૩ ગાથા) નિયમ તરિકે એટલે અવશ્ય કહેવાય છે માટે તેની વ્યાખ્યા કરી છે, અને કેટલાક આચાર્યો તો એ ૩ ઉપરાન્ત બીજી (બે) સ્તુતિઓ ( ઉર્જિજતાદિ) કહે છે, પરન્તુ એ બે સ્તુતિઓ કહેવીજ જોઇએ એવો નિયમ નથી, માટે તેની વ્યાખ્યા અહિં કરી નથી] એમ કહ્યું છે, તે ઉપરથી સહજે

વૃત્તિમાં "એ ૯ અધિકાર અવશ્ય-નિયમા ભણવા યોગ્ય કહયા છે, અને શેષ ૩ અધિકાર નિયમથી ભણવા યોગ્ય ન હોવાથી એ ૩ અધિકારની વ્યાખ્યા કરતા નથી" એમ કહ્યું છે, પરન્તુ એ ૩ અધિકાર પૂર્વાચાર્યકૃત નિર્યુકિત અને ચૂર્ણિમાં કહેલા હોવાથી શ્રુત પરંપરાએ પ્રવર્તે છે.

---

**अवतरण**—૯ અધિકાર સિવાયના ૩ અધિકાર (**जहेच्छाए**=) વંદન કરનારની ઇચ્છાને અનુસરીને કહ્યા છે, તે શાસ્ત્ર વિરૂદ્ધ નથી, પરન્તુ શાસ્ત્રની સમ્મતિ પૂર્વકજ છે એમ દર્શાવવાને શ્રી ભાષ્યકર્તા તે ૩ અધિકારના સંબંધમાં શાસ્ત્રસાક્ષી દર્શાવે છે—:

**आवस्सयचुन्नीए, जं भणियं सेसया जहिच्छाए ।**
**तेणं उज्जिंताइवि, अहिगारा सुअमया चेव ॥ ४७ ॥**

શબ્દાર્થ:—ગાથાર્થ પ્રમાણે સુગમ છે.

**गाथार्थ**—જે કારણથી આવશ્યક ચૂર્ણિને વિષે (પ્રતિક્રમણ અધ્યયનના પ્રસંગે) "**सेसया जहिच्छाए**" (એટલે શેષ અધિકાર વંદન કરનારની ઇચ્છાનુસારે છે) એમ કહ્યું છે, તે કારણથી ઉજ્જિંતસેલસિહરે વિગેરે ૩ અધિકાર પણ નિશ્ચય (શ્રુતપરંપરાવાળા હોવાથી) શ્રુતમયજ જાણવા પરન્તુ શ્રુતબાહ્ય નહિં, (કારણ કે આવશ્યકચૂર્ણિનું વચન તે શ્રુતબાહ્ય ન ગણાય માટે). ॥ ૪૭ ॥

**भावार्थः**—ગાથાર્થ પ્રમાણે સુગમ છે.

---

સમજાય છે કે લલિતવિસ્તરામાં વ્યાખ્યા કરેલા ૯ અધિકાર પણ અવશ્ય ભણવા યોગ્ય છે. નહિતર તેની વ્યાખ્યા ન કરત.

પુનઃ એ ઉપરથી (શાસનદેવની ચોથી થોયનો ૧૨ મો અધિકાર પણ વેયાવચ્ચગરાણં આદિ સૂત્રથી વ્યાખ્યા કરેલો હોવાથી) ચોથી થુઈ પણ અવશ્ય ભણવા યોગ્ય થઇ, જેથી ત્રણ સ્તુતિની ચૈત્યવંદના પ્રરૂપવી અને ૪ થી થુઇ અર્વાચીન-નવી છે એમ શ્રી પંચાશકજીની વૃત્તિમાં શ્રી અભયદેવસૂરિએ અન્ય આચાર્યોના મતાંતરથી દર્શાવી છે તેનું આલંબન લઇ ચૈત્યવંદનામાં ન કહેવાની પ્રરુપણા કરવી અને ન કહેવી તે ઉત્સૂત્ર પ્રરુપણા જાણવી.

**અવતરણ:**—પૂર્વગાથામાં उज्झिताइवि એ પદમાં કહેલા આદિ શબ્દના ક્રમથી તો ઉજ્જિંત અને चत्तारि એ ૧૦ મો અને ૧૧ મો અધિકાર જ શ્રુતમય ગણાય, તો બીજો અધિકાર શ્રુતમય કેવી રીતે ગણાય? તે આ ગાથામાં દર્શાવાય છે—

**बीओ सुयत्थयाई, (इ)*अत्थओ वन्निओ तहिं चेव ।**
**सक्कथयंते पढिओ, दव्वारिहवसरि पयडत्थो ॥ ४८ ॥**

**શબ્દાર્થ:**—

सुयत्थयाई = શ્રુતસ્તવની આદિમાં
वन्निओ = વર્ણવ્યો છે, કહ્યો છે.
तहिं = ત્યાં, આવશ્યકચૂર્ણિમાં.
पढिओ = કહેલો છે.
दव्वारिह = દ્રવ્ય અરિહંતની વંદનાના.
अवसरि = અવસરે, પ્રસંગે.
पयडत्थो = પ્રગટ અર્થવાળો.

**ગાથાર્થ:**—"જેઅ અઈયા સિદ્ધા" એ ગાથારૂપ બીજો અધિકાર નિશ્ચયથી ત્યાં આવશ્યક ચૂર્ણિમાં જ [1]અર્થથી શ્રુતસ્તવના (પુખ્ખરવરદીના) પ્રારંભમાં કહેલો છે, તેજ અધિકારને (ત્યાંથી આકર્ષી) પૂર્વાચાર્યોએ નમુત્થુણંના પર્યન્તે દ્રવ્ય અરિહંતની વંદનાને અવસરે કહ્યો છે તે પ્રગટ અર્થવાળો છે (અર્થાત્ ત્યાંથી આકર્ષી નમુ૦ના અન્તે કહેવાનું-સ્થાપવાનું પ્રયોજન સ્પષ્ટ છે, કેમકે નમુત્થુણંમાં પ્રથમ ભાવ અરિહંતને વાંદ્યાબાદ પશ્ચાનુપૂર્વીના ક્રમથી દ્રવ્ય અરિહંત વાંદવા જોઇએ તેથી એ દ્રવ્યાર્હત્ વંદનાની ગાથા નમુ૦ના પર્યન્તે સ્થાપી છે માટે એ બીજો અધિકાર પણ ૯-૧૦ મા અધિકારવત્ શ્રુતમય જ છે). ॥ ૪૮ ॥

**ભાવાર્થ:**—ગાથાર્થમાં કહ્યા પ્રમાણે સુગમ છે.

---

**અવતરણ**—૯ અધિકાર સૂત્રોક્ત હોવાથી પ્રમાણ છે, અને

---

* આ બીજા ચરણમાં એક અક્ષર ન્યૂન છે, તે અવચૂરિની પ્રતમાં છાપેલા इअत्थओ પદથી સંપૂર્ણ થાય છે અને કેટલીક પ્રતોમાં इ નથી.

૧ તે આવશ્યક ચૂર્ણિનો પાઠ અર્થથી આ પ્રમાણે-उक्कोस(प)एणं सत्तरिं तित्थयरसयं जहन्नपएणं वीसं तित्थयरा एए ताव एगकालेण भवंति ।

શેષ ૩ અધિકાર તો ( ચૂર્ણિઆદિકમાં ) પૂર્વાચાર્યોએ કહેલા હોવાથી તે પૂર્વાચાર્યોની આચરણા સૂત્રાનુસારી કેમ ગણાય? અને તે કારણથી પૂર્વાચાર્યોની એવી આચરણાઓ તેમજ એ ૩ અધિકાર પણ માન્ય કરવા યોગ્ય કેમ હોય? તે દર્શાવે છે—

**असढाइन्नणवज्जं, गीअत्थ अवारयंति मज्झत्था।**
**आयरणावि हु आण–त्ति वयणओ सुबहु मन्नंति ॥**
**॥ ४९ ॥**

શબ્દાર્થ:—

| | |
|---|---|
| असढ = અશઠ | मज्झत्था = મધ્યસ્થ આચાર્યો |
| आइन्न = આચરીત-આચીર્ણ | आयरणा = આચરણા |
| अणवज्जं = અનવદ્ય, નિર્દોષ | आण = આજ્ઞા, જીનાજ્ઞા |
| अवारयंति = નિવારણ ન કરે | त्ति = ઇતિ, એ. |

ગાથાર્થ:—જે આચરણા અશઠ ગીતાર્થે આચરેલી હોય, અને તે નિરવદ્ય ( નિષ્પાપ ) હોય તો તેવી આચરણાને મધ્યસ્થ ગીતાર્થો નિવારતા ( નિષેધતા ) નથી, પરન્તુ તેવી આચરણા તે પ્રભુની આજ્ઞા જ છે એમ શાસ્ત્રમાં કહેલું હોવાથી તે આચરણાને ઘણી રીતે સન્માન આપે છે ( આદરે છે ) ॥ ૪૯ ॥ માટે પૂર્વધર મહાત્માઓએ આચરેલા અને ચૂર્ણિ વિગેરેમાં પ્રરૂપેલા એ ૩ અધિકાર પણ સૂત્રોક્ત અધિકાર જેવાજ સૂત્રમય અને પ્રમાણભૂત જાણવા. ॥ ૪૯ ॥

**भावार्थ:**—ગાથાર્થ પ્રમાણે સુગમ છે. આ સંબંધિ વિશેષ ચર્ચા શ્રી સંઘાચાર ભાષ્યમાંથી જાણવા જેવી છે.॥इति १२ मुं द्वार॥

---

अईया अणागयाणंता ते तित्थयरे नमंसामि. અર્થ:—(૨॥ દ્વીપમાં) ઉત્કૃષ્ટથી ૧૭૦ તીર્થંકર અને જઘન્ય થકી ૨૦ તીર્થંકર એટલા તો સમકાળે વર્તતા હોય તેમને અને અતીતકાળમાં (જેતીર્થંકરો થયા છે) તથા અનાગત કાળમાં જે અનન્ત તીર્થંકરો (થશે) તે (ત્રણેકાળના) સર્વ તીર્થંકરોને હું નમસ્કાર કરૂં છું. એજ ભાવાર્થવાળી जे अ अईया सिद्धा ની ગાથા તે બીજો અધિકાર છે. એમાં અતીત તથા અનાગત તીર્થંકરોને વંદના કરવાથી દ્રવ્ય અરિહંતવંદના છે.

अवतरण—હવે ચૈત્યવંદનામાં કોને કોને વંદના થાય છે? વિગેરે તાત્પર્ય કહેવાય છે, અને તે સાથે ચાર વંદનીય વિગેરેનું ૧૩-૧૪-૧૫ મું દ્વાર કહેવાય છે.

**चउ वंदणिज्ज जिण-मुणि-सुय-सिद्धा इह सुराय सरणिज्जा ।**
**चउह जिणा नाम ठ (ट्ठ) वण दव्वभावजिण भेएणं ॥ ॥ ५० ॥**

શબ્દાર્થ:—

वंदणिज्ज = વાંદવા યોગ્ય  सरणिज्जा = સ્મરણ કરવા યોગ્ય

गाथार्थ—( આ ચૈત્યવંદનામાં ) જિન-મુનિ-શ્રુત-અને સિદ્ધ એ ૪ વંદના કરવા યોગ્ય છે ॥ इति १३ मुं द्वार ॥ અને અહિં શાસનના અધિષ્ટાયક સમ્યગ્દ્રષ્ટિ દેવ સ્મરણ કરવા યોગ્યછે (પણ વંદનીય નહિં ) ॥ इति १४ मुं द्वार ॥ તથા (ચાર નિક્ષેપાથી) ૪ પ્રકારના જિન તે નામ જિન, સ્થાપના જિન, દ્રવ્ય જિન, અને ભાવજિન એ ૪ ભેદે જાણવા ॥ इति १५ मुं द्वार ॥ ५० ॥

भावार्थ--જિન આદિ ૪ જ વંદનીય છે, જેથી ચૈત્યવંદનામાં મુખ્યત્વે જો કે અરિહંતની ( પ્રતિમાની ) વંદના છે તો પણ પ્રસંગતઃ શ્રુતસ્તવમાં શ્રુતજ્ઞાનને, સિદ્ધાણંમાં સિદ્ધને, અને પ્રણિધાનમાં ( જાવંત કેવિ સાહૂ૦માં ) મુનિને પણ વંદના કરી છે, તેથી ચૈત્યવંદનામાં વાંદવા યોગ્ય સર્વને વંદના કરી છે. ( તથા મુનિની વંદના મુખ્યત્વે તો ગુરૂવંદન ભાષ્યમાં ગુરૂવંદનાના સ્વરૂપે કહેવાશે. ) તથા શાસનદેવ અવિરત સમ્યગ્દ્રષ્ટિ ગુણસ્થાને ( ચોથા ગુણસ્થાને ) હોવાથી દેશવિરત અને સર્વવિરતને ( ૫ મા ૬ ઠ્ઠા ને ૭ મા ગુણસ્થાનવર્તીને ) વંદના કરવા યોગ્ય ન હોય તે કારણથી તેનું સ્મરણ માત્ર કરાય છે, કારણ કે તે શાસનપ્રેમી દેવો શાસનમાં થતા ઉપદ્રવોને દૂર કર્યા છે, દૂર કરે છે, અને દૂર કરશે, માટે ચૈત્યવંદનાથી થતી ઇષ્ટ સિદ્ધિમાં નડતાં વિઘ્નોની ઉપશાન્તિને અર્થે તેમજ કોઈ શાસનનું પ્રભાવિક કાર્ય કરાવવાના કારણથી તેના સ્મરણાર્થે

કાયોત્સર્ગ કરવામાં આવે છે. પુનઃ તેવા પ્રકારનું કોઈ કાર્ય ન હોય તો પણ પ્રતિક્રમણાદિ ક્રિયા પ્રસંગે ચૈત્યવંદનામાં ચોથી થોયપૂર્વક દેવનું સ્મરણ વિરતિવંત પણ કરે છે, તે સર્વથા નિરર્થક નથી, કારણ કે પ્રતિક્રમણાદિ પ્રસંગે દરરોજ કરાતા કાઉસ્સગ્ગથી શાસનપ્રેમી દેવોનો પ્રતિદિન સત્કાર થાય છે તે ઉચિત છે, તેમજ તે દેવ કદાચ સ્વસ્મરણ ન જાણે તો પણ વૈયાવચ્ચગ૦ના સૂત્રાક્ષરોથી પણ [1]મંત્રાક્ષરવત્ વિઘ્નોપશાન્તિ આદિ ઇષ્ટસિદ્ધિ કહી છે.

અહિં મુનિ વિના ૩ વંદનીય અને ૧ સ્મરણીય એ ૪ તે ૧૨ અધિકારમાં અન્તર્ગત થાય છે, તે આ પ્રમાણે-૧-૬-૯-૧૦-૧૧ એ પાંચ અધિકારમાં ભાવજિનને, ૩-૫ એ બે અધિકારમાં સ્થાપના જિનને, ૭ મે શ્રુતજ્ઞાનને, ૮ મામાં સિદ્ધને, ૨ જે દ્રવ્ય જિનને, અને ૪ થામાં નામજિનને વંદના કરી છે, તથા ૧૨ મામાં શાસનદેવનું સ્મરણ કર્યું છે એમ શ્રી પ્રવ૦ સારોદ્ધારમાં કહ્યું છે, જેથી ૧-૨-૩-૪-૫-૬-૯-૧૦-૧૧ એ ૯ અધિકારમાં જિનવંદના, ૭ મામાં શ્રુતવંદના, ૮ મામાં સિદ્ધવંદના અને ૧૨ મામાં સુર-સ્મરણ છે. અહિં મુનિવંદન ૧૨ અધિકારમાંનથી. ॥इति १३ मुं द्वार ॥

---

अवतरण—પૂર્વ ગાથામાં ચાર નિક્ષેપ વડે ૪ પ્રકારના જિન કહ્યા તેનું સ્વરૂપ આ ગાથામાં કહેવાય છે.

**नामजिणा जिणनामा, ठवणाजिणा पुण जिणंद पडिमाओ ।**
**दव्वजिणा जिणजीवा, भावजिणा समवसरणत्था ॥५१॥**

શબ્દાર્થઃ—ગાથાર્થ પ્રમાણે સુગમ છે.

गाथार्थ—ઋષભદેવ[2] ઇત્યાદિ તીર્થંકરનું જે નામ તે નામ જિનેશ્વર, અને જિનેન્દ્ર ભગવંતની પ્રતિમા (અથવા પગલાં વિગેરે)

---

१ इह च यद्यपि वैयावृत्त्यकरादयः स्वस्मरणार्थं क्रियमाणं कायोत्सर्गं न जानते तथापि तत्कर्तुर्विघ्नोपशमादिसिद्धिः स्यादेव मन्त्रज्ञातेन (इत्यवचूरिः)

૨ કોઈ સજીવ અથવા નિર્જીવ વસ્તુનું "જીન" એવું નામ પાડીએ

તે સ્થાપના જિન, તથા જિનેશ્વરના જીવ તે દ્રવ્યજિન, અને સમવસરણમાં બેઠેલા તે ભાવજિન કહેવાય. ॥ ૫૧ ॥

**भावार्थः**--અહિં નામજિન તથા સ્થાપના જિનનો ભાવાર્થ સુગમ છે, અને દ્રવ્યજિન તે જિનેશ્વરનો કેવળજ્ઞાન પામ્યા પહેલાંનો તથા સિદ્ધિ ગતિ પામેલો આત્મા-જીવ જાણવો, કારણકે ભાવનું કારણ તે દ્રવ્ય કહેવાય, માટે તીર્થંકરના ભવથી ત્રીજા પૂર્વભવમાં જ્યારથી જિન નામકર્મ નિકાચિત કરે અથવા નિકાચિતપણે બાંધે ત્યારથી તે જિન નામકર્મનો ત્રીજે ભવે વિપાકોદય શરૂ ન થાય ત્યાંસુધીની અવસ્થામાં (ભાવિકાળે તીર્થંકરપદની પ્રાપ્તિ નિયત હોવાથી-થવાથી) [1]द्रव्य जिन કહેવાય, અને જ્યારથી વિપાકોદય શરૂ થાય (=કેવળ જ્ઞાન પામે) ત્યારથી નિર્વાણ ન પામે ત્યાં સુધી તીર્થંકર નામકર્મના ઉદય વડે भावजिन કહેવાય. એવા ભાવજિન કેટલીકવાર દેવોએ રચેલા સમવસરણમાં બેસીને દેશના-ઉપદેશ આપે છે તેવી તીર્થંકરની પુન્યાઇનો મહિમા દર્શાવવા માટે ગાથામાં સમવસરણસ્થ જીનને ભાવિજન કહ્યા છે. જ્યારે સમવસરણ ન હોય ત્યારે ઘણીવાર તો આઠ પ્રાતિહાર્યયુક્ત સિંહાસન ઉપર બેસીનેજ દેશના આપે છે, તોપણ તે ભાવજિન કહેવાય. ત્યારબાદ નિર્વાણ પામી સિદ્ધિપદ પામે ત્યારે પુનઃ તે જિનેશ્વર દ્રવ્યજિન કહેવાય. એ પ્રમાણે ભાવજિનની ઉભય પાર્શ્વવર્તી બન્ને અવસ્થાઓ દ્રવ્યજિન કહેવાય છે. ॥ ૧૯ મું द्वार समाप्त. ॥

---

**अवतरण**--હવે ૪ ચૂલિકા સ્તુતિનું ૧૬ મું દ્વાર કહેવાય છે-

---

-સ્થાપીએ તો તે વસ્તુ પણ જો કે નામજીન કહેવાય છે, પરન્તુ તેવા નામનિક્ષેપનું અત્રે પ્રયોજન નથી.

૧ જેમ વર્તમાનકાળમાં પહેલી નરકમાં રહેલો શ્રેણિક રાજાનો જીવ અને ત્રીજી નરકમાં રહેલો કૃષ્ણનો જીવ આવતી ચોવીશીમાં ૧ લા અને ૧૨ મા (ગ્રન્થાન્તરે ૧૩ મા) તીર્થંકર થવાના છે, માટે તે બન્ને વર્તમાનકાળમાં દ્રવ્યજિન છે, એ પ્રમાણે શેષ ૨૨ તીર્થંકરના જીવ માટે પણ યથાયોગ્ય જાણવું.

**अहिगयजिण पढमथुई, बीया सव्वाण तइय नाणस्स।**
**वेयावच्चगराणं, उवओगत्थं चउत्थथुई ॥ ५२ ॥**

શબ્દાર્થ:—

अहिगय=અધિકૃત, મુખ્ય એક (મૂળનાયક). (શેષ ગાથાર્થ પ્રમાણે સુગમ છે).

ગાથાર્થઃ—પ્રથમ થોય અધિકૃત જીનની, બીજી થોય સર્વ જિનની, ત્રીજી થોય જ્ઞાનની, અને ચોથી થોય વેયાવચ્ચ કરનારા દેવોના ઉપયોગને અર્થે (સ્મરણાર્થે) છે ॥ ૫૨ ॥

ભાવાર્થઃ—ચાર થોયના જોડાથી અથવા આઠ થોયના (બે) જોડાથી જે ચૈત્યવંદના થાય છે, તેમાં જે ચાર ચાર થોય આવે છે તેમાં અરિહંત ચે૦ ના ૧ નવકારના કાઉસ્સગ્ગને અન્તે જે ૧ થોય કહેવાય છે તે પહેલી થોય અધિકૃત (ચૈત્યમાં મૂળ નાયકની અથવા અન્યસ્થાને ચોવીસમાંથી કોઇ પણ મુખ્ય) એક જિનેશ્વરની હોય છે, અથવા તો પંચતીર્થીની વંદનામાં અધિકૃત ૫ મુખ્ય જિનેન્દ્રોની પણ હોય છે, જેમ સંસારદાવાની પહેલી થોય એક શ્રી મહાવીર પ્રભુની છે, અને કલ્લાણકંદંની પહેલી થોય અધિકૃત ૫ જિનેશ્વરની છે. ત્યારબાદ સવ્વલોએ અરિહંત ચે૦ ના ૧ નવકારના કાઉસ્સગ્ગને અન્તે કહેવાતી બીજી થોયમાં સર્વ જિનેશ્વરોની સ્તુતિ હોય છે, ત્યારબાદ શ્રુતસ્તવના ૧ નવકારના કાઉસ્સગ્ગને અન્તે કહેવાતી ત્રીજી થોયમાં શ્રુતજ્ઞાનની સ્તુતિ હોય છે, અને ત્યારબાદ વેયાવચ્ચગ૦ ના ૧ નવકારના કાઉસ્સગ્ગને અન્તે કહેવાતી ચોથી થોય સમ્યગ્દૃષ્ટિ શાસનદેવને પોતાના વૈયાવૃત્ત્યાદિ કાર્યમાં ઉપયોગ દેવા માટે એટલે સાવધાન કરવા માટે હોય છે. એ પ્રમાણે જેવો અધિકાર હોય છે તેવાજ અધિકારને અનુસરતી થોય પણ હોય છે. એ ચાર થોય સ્વસ્વ અધિકારના પર્યન્તે હોવાથી ચૂલિકાસ્તુતિ કહેવાય છે. અથવા એ ૪ થોયમાની પહેલી ૩ થોય વંદના સ્તુતિ અને ૪ થી થોય અનુશાસનરૂપ (શાસન દેવના સ્મરણરૂપ) હોવાથી [1]અનુશાસ્તિ સ્તુતિ કહેવાય છે,

૧. પ્રતિક્રમણમાં એ ચોથી થોય ન કહેવાની વિપરીત પ્રરૂપણાથી વર્તમાન સમયે ત્રિસ્તુતિ મત નામનો મત વિદ્યમાન છે.

માટે વંદના અને અનુશાસ્તિ એ બે ભેદ વડે ૪ થાયનું ૧ સ્તુતિ યુગલ અથવા થાયજોડો ગણાય છે. ॥इति १६ मुं द्वार समाप्त॥

**अवतरण**—હવે આ ગાથામાં ચૈત્યવંદના કરવાનાં ૮ નિમિત્ત (પ્રયોજન)નું ૧૭ મું દ્વાર કહેવાય છે—

**पावखवणत्थ इरियाइ वंदणवत्तियाइ छ निमित्ता ।**
**पवयणसुर सरणत्थं, उस्सग्गो इय निमित्तट्ठ ॥ ५३ ॥**

શબ્દાર્થ:—

| | |
|---|---|
| **पावखवणत्थ**=પાપ ખપાવવાને અર્થે | **सरणत्थं**=સ્મરણને અર્થે. |
| **पवयणसुर**=પ્રવચનસુર (શાસનદેવ). | **उस्सग्गो**=કાઉસ્સગ્ગ કરવો. |

**गाथार्थ**—( ઉસ્સગ્ગો એ પદનો અર્થ આ કહેવાતા ૩ વાક્યો સાથે જોડવો જેથી ) પાપ ખપાવવાને અર્થે ઇરિયાવહિયંનો કાઉસગ્ગ કરવો તે ૧ નિમિત્ત, વંદણવત્તિયાએ ઇત્યાદિ (૬ પદમાં કહ્યા પ્રમાણે પ્રભુનું વંદન-[1]પૂજા-[2]સત્કાર-સન્માનથી થતો લાભ-તથા સમ્યક્ત્વ લાભ-અને [3]નિરુપસર્ગ એ ) ૬ નિમિત્તને અર્થે થતો (૩) કાઉસ્સગ્ગ તે ૬ નિમિત્ત, અને સમ્યગ્દૃષ્ટિ શાસનદેવનું સ્મરણ કરવાને અર્થે થતો છેલ્લો કાઉસ્સગ્ગ તે ૧ નિમિત્ત, એ પ્રમાણે ૮ નિમિત્ત છે. એટલે ચૈત્યવંદના કરવાથી ૮ પ્રકારનાં ફળ પ્રાપ્ત થાય છે. ॥ ૫૩ ॥

**भावार्थः**—ગાથાર્થ પ્રમાણે સુગમ છે.

---

૧-૨ અહિં મુખ્યત્વે દ્રવ્યપૂજાથી અને દ્રવ્ય સત્કારથી જે ફળ પ્રાપ્ત થાય તે ફળ આ ચૈત્યવંદનાન્તર્ગત કાઉસ્સગ્ગથી પણ થાઓ, એ ભાવાર્થ છે, તોપણ ભાવપૂજાના અધિકારી મુનિ મહાત્માને માટે એ પદ સંબંધિ (દ્રવ્ય પૂજાના ફળ સંબંધિ) વિસંવાદ નથી (એટલે દ્રવ્યપૂજાનું ફળ માગવું અ-યોગ્ય નથી), કારણકે મુનિમહારાજને અનુમતિથી દ્રવ્યપૂજા હોય છે (એટલે દ્રવ્ય પૂજાને પ્રશંસનીય ગણે છે, એટલુંજ નહિ, પરન્તુ દ્રવ્યપૂજા ન કરનારને કરવાની પ્રેરણા પણ કરે છે. ) ઇત્યાદિ વિશેષ ચર્ચા ચૈ૦ મહાભાષ્યમાં છે.

૩ એ પદોના વિશેષ ભાવાર્થ તો અરિહંતચે૦ સૂત્રના અર્થથી અન્ય ગ્રંથદ્વારા જાણવા.

**अवतरण**—આ ગાથામાં ૧૨ હેતુનું ૧૮ મું દ્વાર કહેવાય છે—

**चउ तस्स उत्तरी करण पमुह सद्धाइया य पण हेऊ ।**
**वेयावच्चगरत्ता--इ तिन्नि इअ हेउ बारसगं ॥ ५४ ॥**

શબ્દાર્થ:—

| | |
|---|---|
| पमुह=વિગેરે. | इअ=એ. એ પ્રમાણે. |

**गाथार्थ**—તસ્સઉત્તરીકરણ વિગેરે ૪ હેતુ, શ્રદ્ધા વિગેરે ૫ હેતુ, અને વેયાવચ્ચ કરવાપણું વિગેરે ૩ હેતુ, એ પ્રમાણે ૧૨ હેતુ ચૈત્યવં૦ ના છે ॥ ૫૪ ॥

**भावार्थः**—પૂર્વે કહેલાં ૮ નિમિત્ત એટલે ફળરૂપ કાર્ય તેની સિદ્ધિમાં જે કારણરૂપ હોય તે હેતુ અહિં ૧૨ પ્રકારના છે. તે આ પ્રમાણે—

ઇરિયાવહિના કાઉસ્સગ્ગથી પાપનો ક્ષયરૂપ કાર્ય-ફળ થાય છે, પરન્તુ તે ઇરિયાવહિમાં જે આલોચના પ્રાયશ્ચિત્ત અને પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત એ બે પ્રાયશ્ચિત્ત કર્યાં છે, તે પ્રાયશ્ચિત્તથી પણ ઉત્તર (એટલે ઊર્ધ્વ-ઉપર-ઉપરાન્ત) કરણ એટલે કાઉસ્સગ્ગ કરવો તે પાપક્ષપણનો હેતુ છે, એટલે અતિચારટાળવાનો હેતુ છે. પુનઃ તે કાઉસ્સગ્ગની સિદ્ધિમાં પ્રાયશ્ચિત-(પશ્ચાતાપ) કરણ તે હેતુ છે. પુનઃ તે પ્રાયશ્ચિતની ( પશ્ચાતાપની ) સિદ્ધિમાં આત્માના શુદ્ધ પરિણામરૂપ વિશુદ્ધિ તે હેતુ છે, અને તે શુદ્ધ પરિણામમાં પણ નિઃશલ્ય કરણ (માયા-નિયાણ-મિથ્યાત્વ એ ૩ શલ્યનો અભાવ) તે હેતુરૂપ છે. એ પ્રમાણે ઇરિયાવહિ સંબંધિ અતિચારોની શુદ્ધિમાં કાઉસ્સગ્ગ-પ્રાયશ્ચિત-આત્મશુદ્ધિ અને નિઃશલ્યતા એ ૪ હેતુ છે. અને તે પ્રત્યેક પૂર્વ પૂર્વના હેતુ છે.

તથા અરિહંત ચેઈયાણંના ત્રણે કાઉસ્સગ્ગમાં જે વંદન ફળ વિગેરે ૬ ફળરૂપ કાર્ય છે તેની સિદ્ધિમાં શ્રદ્ધા-મેધા (વિશિષ્ટ બુદ્ધિ) ધૃતિ (ધૈર્ય)-ધારણા (=અરિહંતના ગુણની અવિસ્મૃતિ)-અને અનુપ્રેક્ષા (અરિહંતના ગુણનું પુનઃ પુનઃ સ્મરણ ) એ ૫ હેતુ છે, અર્થાત્ શ્રદ્ધાદિ ૫ પૂર્વક કરેલો કાઉસ્સગ્ગ વંદનાદિના ૬ ફળને આપે છે, માટે એ ૫ હેતુ ગણાય છે. પુનઃ એ પાંચ હેતુમાં પૂર્વ હેતુ પણ પરહેતુનો હેતુ છે.

તથા ચૈત્યવંદનામાં શાસનદેવના સ્મરણને વિષે (=૮ મા નિ-મિત્તમાં) તે શાસનદેવ અથવા દેવી સંઘનું વૈયાવૃત્ત્ય કરે, સંઘમાં શાન્તિ કરે, અને સમ્યગ્દૃષ્ટિ જીવોને સમાધિ કરે એ ૩ હેતુ છે. એ પ્રમાણે સર્વ મળી ૧૨ હેતુ કહ્યા. (ધર્મ સંગ્રહવૃત્તિ તથા યોગશાસ્ત્રની વૃત્તિના આધારે એ ભાવાર્થ કહ્યો છે.)

---

अवतरण—આ ગાથામાં કાઉસ્સગ્ગના ૧૨ અથવા ૧૬ આગારનું ૧૯ મું દ્વાર કહેવાય છે—

**अन्नत्थयाइ बारस, आगारा एवमाइया चउरो ।**
**अगणी पणिंदिछिंदण, बोहीखोभाइ डक्को अ ॥ ५५ ॥**

શબ્દાર્થ:—ગાથાર્થાનુસારે સુગમ છે.

गाथार्थ—અન્નત્થ ઈત્યાદિ ૧૨ આગાર, અને એવમાઈ એહિં એ પદથી ૪ આગાર તે અગ્નિ-પંચેન્દ્રિય છિંદન-બોધિક્ષોભ-અને ડંક એ પ્રમાણે જાણવા. ॥ ૫૫ ॥

भावार्थ—અન્નત્થ ઉસસિએણંથી પ્રારંભીને દિટ્ઠિસંચાલેહિં સુધીના ૧૨ આગાર તે આ પ્રમાણે—

| | | | |
|---|---|---|---|
| ૧ ઊંચો શ્વાસ | ૪ છીંક | ૭ અધોવાયુ (વાછૂટ) | ૧૦ સૂક્ષ્મ કાયકંપ |
| ૨ નીચો શ્વાસ | ૫ બગાસું | ૮ ભમરી (ચક્કરી) | ૧૧ સૂક્ષ્મ શ્લેષ્મ-સંચાર |
| ૩ ખાંસી | ૬ ઓડકાર (ઊર્ધ્વવાયુ) | ૯ વમન | ૧૨ સૂક્ષ્મ દૃષ્ટિ સં-ચાર. |

એ ૧૨ આગારથી એટલે (કાઉસ્સગ્ગમાં રાખેલા) અપવાદથી કાઉસ્સગ્ગનો ભંગ ન થાય. જો એ આગાર રાખ્યા વિના કાઉ-સ્સગ્ગ કરે તો કુદરતી રીતે થતી એ ૧૨ ક્રિયાઓથી સર્વથા નિષ્ક્રીય એવા કાઉસ્સગ્ગનો ભંગજ ગણાય. એ ૧૨ આગાર તો એક સ્થાને ઉભા રહેવા આશ્રયિ છે, પરન્તુ કાઉસ્સગ્ગના નિ-યત સ્થાનથી ખસીને બીજે સ્થાને જવા છતાં પણ કાઉસ્સગ્ગ

અખંડ ગણાય તેવા પણ ૪ આગાર મુખ્ય છે તે આ પ્રમાણે-

૧ વિજળી દીપક વિગેરે અગ્નિનો પ્રકાશ શરીર ઉપર પડવાથી પ્રકાશના અગ્નિ [1]જીવોનો (શરીરના સ્પર્શથી) નાશ થાય છે, તે બચાવવાને ચાલુ કાઉસ્સગ્ગમાં વસ્ત્ર ઓઢવું પડે, અથવા તો ખસીને અપ્રકાશ સ્થાને જવું પડે તેથી, તેમજ અગ્નિનો ઉપદ્રવ જણાવાથી બીજે સ્થાને જવું પડે તો કાઉસ્સગ્ગનો ભંગ ન થાય.

૨ સ્થાપના અને પોતાની વચગાળે ઉંદર વિગેરે પંચેન્દ્રિયો સોંસરા આડા ઉતરતા હોય તો તે છિંદનનું એટલે [2]આડનું નિવારણ કરવા ખસીને અન્યસ્થાને જતાં કાઉસ્સગ્ગ ભંગ ન થાય.

૩ बोधिक એટલે [3]ચોર તથા खोभाइ માં કહેલા आइ શબ્દથી રાજા વિગેરેથી ક્ષોભ એટલે સંભ્રમ-ભય-ઉપદ્રવ ઉત્પન્ન થયે ત્યાંથી ખસી અન્યસ્થાને જવા વિગેરેના કારણથી અપૂર્ણ કાઉસ્સગ્ગ પારતાં પણ કાઉસ્સગ્ગનો ભંગ ન ગણાય. તે बोधिक्षोभादि આગાર જાણવો.

૪ પોતાને અથવા પરને (સાધુ વિગેરેને) दीह=દીર્ઘ એટલે સર્પે डक्को=ડંશ દીધો હોય (અર્થાત્ સર્પ કરડયો હોય) તો તેવા સમયે (તેના ઉપચાર માટે) કાઉસ્સગ્ગ પૂર્ણ થયા વિના પારે તો પણ કાઉસ્સગ્ગ ભંગ ન ગણાય તે दीर्घडंक આગાર

---

૧ અગ્નિના શુદ્ધ (કાચ આદિવડે આંતરા રહિત) પ્રકાશમાં તેમજ કાચમાંથી ભેદાઈને આવતા પ્રકાશમાં યુક્તિવાદથી અગ્નિજીવોનો અભાવ વર્તમાન સમયમાં કેટલાક માને છે, પરન્તુ માર્ગાનુયાયીઓએ આજ્ઞામાં યુક્તિવાદને આગળ કરી પ્રતિકૂળ પ્રવૃત્તિ ન આચરવી તે અતિ શ્રેયસ્કર છે.

૨ અહિં પંચે૦ છિંદન એટલે પંચેન્દ્રિયનો છેદ અર્થાત્ વધ એવો અર્થ દેખવામાં નથી.

૩ बोधिकास्तेनकास्तेभ्यः क्षोभः संभ्रमः आदिशब्दाद्राजादि क्षोभः परिगृह्यते (ઇતિ આવ૦ નિર્યુક્તિ ગા. ૧૫૧૬ મીની વૃત્તિઃ)

જાણવો (અહિં સર્પ કરડયો ન હોય અને ઉપદ્રવજ થયો હોય તો પણ એ આગાર સંભવે છે.)

अवतरण—આ બે ગાથામાં કાઉસ્સગ્ગના ૧૯ દોષનું ૨૦ મું દ્વાર કહેવાય છે—

**घोडग लय खंभाई, मालुद्धीनिअल सबरिखलिणवहू।**
**लंबुत्तर थण संजइ, भमुहंगुलि वायस कविट्टो ॥५६॥**
**सिरकंप मूअ वारुणि, पेहत्ति चइज्ज दोस उस्सग्गे।**
**लंबुत्तर थण संजइ,न दोस समणाणि सवहु सड्ढीणं ५७**

શબ્દાર્થઃ—ગાથા ૫૬ મીનો.

निअल=નિગડ, બેડી.
सबरि=શબરી, ભીલ્લડી
खलिण=ખલિન, લગામ.
लंबुत्तर=લાંબુ ઉત્તરીય, દીર્ઘ અધોવસ્ત્ર.

શબ્દાર્થઃ—ગાથા ૫૭ મીનો.

मूअ=મૂક, મુંગો.
वारुणि=મદિરા.
सड्ढीण=શ્રાવિકાને.

गाथार्थ—૧ ઘોટક, ૨ લતા, ૩ સ્તંભાદિ, ૪ માલ, ૫ ઉદ્ધી, ૬ નિગડ, ૭ શબરી, ૮ ખલિન, ૯ વધૂ, ૧૦ લંબુત્તર, ૧૧ સ્તન, ૧૨ સંયતિ, ૧૩ ભ્રમિતાંગુલિ, ૧૪ વાયસ, ૧૫ કપિત્થ, ૧૬ શિરઃકંપ, ૧૭ મૂક, ૧૮ વારૂણી, અને ૧૯ મો પ્રેક્ષ્ય દોષ ( त्ति=એ દોષો ) કાઉસ્સગ્ગમાં चइज्ज=ત્યાગ કરવા. પુનઃ समणीण=સાધ્વીઓને લંબુત્તર દોષ સ્તનદોષ અને સંયતિદોષ એ ૩ દોષ ન હોય, તથા શ્રાવિકાને सवहु=વધૂ દોષ સહિત ૪ દોષ ન હોય ॥ ૫૬ ॥ ૫૭ ॥

भावार्थः—ઘોડાની પેઠે એક પગ વાંકો અથવા ઉંચો રાખે તે ૧ घोटक दोष, વાયુથી કંપતી લતા-વેલડીની પેઠે શરીર ધુણાવે તે ૨ लतादोष, સ્તંભ વિગેરેને ઓઠિંગણ દે ( ટેકો લે ) તે ૩ स्तंभादिदोष, માળને મસ્તક લગાડી ઉભો રહે તે ૪ માળदोष, ગાડાની ઉદ્ધીની માફક પગના બે અંગુઠા અથવા બે

એડી (તથા પાની) મેળવીને ઉભો રહે તે ૫ उद्धीदोष, નિગડ એટલે બેડીમાં જકડેલા કેદીની માફક બે પગ પહોળા કરીને અથવા બે પગ સંકડાવીને ઉભો રહે તે ૬ निगडदोष, શબરી એટલે નગ્ન ભીલડીની પેઠે ગુહ્ય અવયવ આગળ બે હાથ રાખીને ઉભો રહે તે ૭ शबरीदोष, ખલિન એટલે ઘોડાની લગામના ચોકડાની પેઠે [1]ઓઘા અથવા *ચરવળાને આગળ કરીને રાખે (દાંડી પાછળ રાખી ગુચ્છો આગળ રાખે) તે ૮ खलिनदोष, વધૂ (વહુ) ની માફક મસ્તક નીચું રાખે તે ૯ वधू दोष, ધોતિયું અને ચોલપટ્ટ નાભિથી ૪ અંગુલ નીચે અને જાનુ (ઢીંચણ) થી ૪ અંગુલ ઉપર રાખવો જોઇએ તેને બદલે વિશેષ લાંબો રાખે તે (લંબ=દીર્ઘ, ઉત્તર=ઉત્તરીય વસ્ત્ર સંબંધિ) ૧૦ लंबुत्तर दोष. ડાંસ મચ્છર વિગેરેના ઉપદ્રવના ભયથી અથવા અજ્ઞાનથી સ્ત્રીની પેઠે હૃદય ઢાંકી રાખે (અર્થાત્ છાતીપર વસ્ત્ર ઓઢી રાખે) તે ૧૧ स्तनदोष, સાધ્વીની માફક સર્વ શરીર (મસ્તક વિના) વસ્ત્રથી ઢાંકે તે ૧૨ संयतिदोष, નવકારની સંખ્યા અથવા આલાવાની સંખ્યા ગણવાને આંગળી ચલાયમાન કરે (આંગળીથી ગણે) અથવા નેત્રનાં ભવાં હલાવ્યા કરે તે ૧૩ भ्रमितांगुलि दोष, વાયસ એટલે કાગડાની પેઠે આંખના ડોળા આમતેમ ફેરવ્યા કરે તે ૧૪ वायस दोष, પહેરેલા વસ્ત્રને મલિન થવાના ભય વિગેરે કારણથી સંકેલી-સંકોચી રાખે તે કપિત્થ એટલે [2]કવિઠ ફળ તુલ્ય ૧૫ कपित्थ दोष, શરીરમાં ભૂત પ્રવેશની માફક મસ્તક ધુણાવે તે ૧૬ शिरःकंप, દોષ, મૂક=મૂંગાની પેઠે હું હું કરે તે ૧૭ मूकदोष, વારુણી એટલે મદિરા પાકે ત્યારે તેમાં થતા શબ્દની માફક બુડબુડ કરે તે ૧૮ वारुणी दोष, અને વાનરની માફક આમતેમ જોતો

---

૧ * શ્રાવકોને ચરવળો તથા ધોતીયું, અને મુનિને માટે ઓઘો તથા ચોલપટ્ટ જાણવો.

૨ કવિઠ (કોઠું) જેમ ગોળાકાર હોય છે, તેમ કાછોટીવાળા ભાગમાં પહેરેલા ધોતીયામાં પાટલીવાળા ભાગને નાખી ગોળ પિંડો કરી બે જંઘા વચ્ચે દબાવે તે. (પ્રવ૦ સારો૦ માં એ દોષ ષટ્પદિકા ભયથી લખ્યો છે.)

હોઠ હલાવ્યા કરે તે ૧૯ વાનરદોષ. એ પ્રમાણે *કાઉસ્સગ્ગમાં ૧૯ પ્રકારના દોષનો ત્યાગ કરવો.

એ ૧૯ દોષમાંથી લંબુત્તર દોષ, સ્તન દોષ અને સંયતિ દોષ એ ૩ દોષ સાધ્વીજીને ન હોય, કારણકે તેમનું શરીર વસ્ત્રથી ઢંકાયલુંજ રહેવું જોઈએ, (પરન્તુ પ્રતિક્રમણાદિ ક્રિયા વખતે મસ્તક ઉઘાડું રાખવું જોઇએ).

તથા વધૂ દોષ સહિત એ ૩ દોષ મળીને ૪ દોષ શ્રાવિકાને ન હોય, કારણકે સ્ત્રીએ મસ્તક સહિત સર્વ અંગ ઢાંકેલું રાખવું, તેમજ દ્રષ્ટિ નીચી રાખવી તે સ્ત્રીનું ભૂષણ છે.

---

अवतरण—આ ગાથામાં કાઉસ્સગ્ગના કાળનું પ્રમાણ તે ૨૧ મું દ્વાર, તથા સ્તવન કેવા પ્રકારનું કહેવું, તેનું ૨૨ મું દ્વાર કહે છે—

**इरिउस्सग्गपमाणं, पणवीसुस्सास अट्ठ सेसेसु ।**
**गंभीर महुरसद्दं, महत्थजुत्तं हवइ थुत्तं ॥ ५८ ॥**

શબ્દાર્થ:—

इरि=ઈરિયાવહિયંના
उस्सग्ग=કાઉસ્સગ્ગનું
पणवीस=પચીસ
उस्सास=શ્વાસોચ્છવાસ
सेसेसु=બાકીના કાઉસ્સગ્ગોનું (પ્રમાણ)
महुरसद्दं=મધુર ધ્વનિવાળું
महत्थजुत्तं=મહાન્ અર્થયુક્ત
थुत्तं=સ્તવન.

गाथार्थ—કહેવાતા ભાવાર્થ પ્રમાણે સુગમ છે. ॥ ૫૮ ॥

भावार्थ—ચૈત્યવંદનામાં ઇરિયાવહિયંના કાઉસ્સગ્ગનું પ્રમાણ ૨૫ શ્વાસોચ્છવાસના કાળ જેટલું છે, કારણકે એ કાઉસ્સગ્ગ "ચંદેસુ નિમ્મલયરા" એ લોગસ્સની છેલ્લી ૭ મી ગાથાના

---

* શ્રી ધર્મરત્ન પ્રકરણમાં **घोडगलयाइखंभे कुड्डु माले य** ઇત્યાદિ વચનથી **कुड्डे** એટલે કુડય દોષ અધિક ગણાવ્યો છે, જેથી ૨૦ થાય છે, ત્યાં કુડય એટલે ભિત્તિ (ભીંત)નો ટેકો લેવો તે. તથા શ્રી ચૈ૦ મહાભાષ્યમાં એ કુડય દોષ ઉપરાન્ત અંગુલી દોષ અને ભ્રૂ (ભવાંની ચપળતા કરવી) એ ૨ દોષ જૂદા ગણીને ૨૧ દોષ ગણાવ્યા છે.

પહેલા ચરણ સુધીનો હોવાથી ૨૫ ચરણ-પાદ જેટલો છે, અને પાય સમા ઉસ્સાસા એ વચનથી ૧ ઉચ્છવાસનું પ્રમાણ તે ૧ પાદના ઉચ્ચાર જેટલું ગણાય છે માટે. અહિં ઉચ્છવાસ એટલે ૧ પાદનો ઉચ્ચાર કાળ જાણવો, પરન્તુ નાસિકાદ્વારા જે શ્વાસોચ્છવાસ લેવાય છે તે પ્રમાણ અહિં ગણવાનું નથી. તથા સેસ અરિહંત ચે૦ ના ૩ કાયોત્સર્ગ અને વેયાવચ્ચગ૦નો ૧ કાઉસ્સગ્ગ એ ૪ કાઉસ્સગ્ગ ૧-૧ નવકારના થાય છે, ત્યાં એક નવકારની ૮ સંપદા છે, અને તે એકેક સંપદા તે એકેક પાદતુલ્ય (=એકેક શ્વાસોચ્છવાસ પ્રમાણની) ગણાય છે માટે તે ચાર કાઉસ્સગ્ગ ૮-૮શ્વાસોચ્છવાસ પ્રમાણના (એટલે ૮ પાદોચ્ચાર કાળ ) પ્રમાણના જાણવા.

તથા જાવંતિ ચે૦ અને જાવંત કેવિસાહૂ પછી જે સ્તવન કહેવામાં આવે છે તે મેઘ સરખા ગંભીર અને મધુર [1]ધ્વનિપૂર્વક કહેવું, અને તે પણ મ[2]હાન્ અર્થવાળું (એટલે ભકિત જ્ઞાન અને વૈરાગ્ય ઉત્પન્ન કરે એવું, તેમજ થોડા અક્ષરોમાંથી પણ ઘણો અર્થ નિકળે એવું) વિશેષતઃ પૂર્વાચાર્યરચિત કહેવું. પુનઃ આ સ્તવન ભિન્ન ભિન્ન આચાર્યોનાં અથવા મુનિ મહાત્માઓનાં બનાવેલાં કહેવાય છે, માટે અમુક સ્તવનજ કહેવાય એવું સ્તવનનું નિયતપણું ન હોવાથી ચૈત્યવંદનભાષ્યાદિમાં સૂત્રો સાથે ગણત્રીમાં ગણ્યું નથી.

---

૧ ચૈત્યવંદન અથવા સ્તવન મનમાંજ કહેવું અથવા અન્ય ન સાંભળે એવી રીતેજ કહેવું એવો અવશ્ય વિધિ નથી, પરન્તુ ઘણા મોટા ઢદ્ગર સ્વરે ઘાંટા પાડી ન બોલતાં મધુરતાથી મધ્યમ સ્વરે બોલે તો પોતાને અને પરને પણ ઘણો આલ્હાદ ઊપજે જેથી ઉભયને ઘણી નિર્જરા થાય.

૨ અહિં મહાન્ અર્થવાળું એટલે અતિ ઉત્તમતાવાળું સ્તોત્ર અથવા સ્તવન કહેવું અને તે ઉત્તમતા આ પ્રમાણે—જે અધ્યવસાયની વિશુદ્ધિ કરે, જેથી આત્મામાં સંવેગ-વૈરાગ્ય ઉત્પન્ન થાય, જેમાં પોતાના કરેલા પાપોનું નિવેદન (અથવા પશ્ચાત્તાપ) હોય, વિચિત્ર અર્થ (અનેક પવિત્ર અર્થ) નીકળતા હોય, અસ્ખલિતાદિ ગુણવાળું (એટલે છંદોભંગાદિ દોષ વિનાનું) હોય, ઇત્યાદિ અનેક વિશિષ્ટતાવાળું સ્તોત્ર અથવા સ્તવન હોય. (પ્રવ. સારો. વૃત્તિ.)

**अवतरणः**—મુનિએ પ્રતિદિન ૭ ચૈત્યવંદન કરવાં તે કયે કયે વખતે કરવાં તે સંબંધિ ૨૩ મું દ્વાર આ ગાથામાં દર્શાવે છે—

**पडिकमणे चेइय जिमण,चरम पडिकमण सुअण पडिबोहे**
**चिइवंदण इय जइणो, सत्त उ वेला अहोरत्ते॥ ५९ ॥**

**શબ્દાર્થ:**—

चेइय=ચૈત્યમાં (પ્રભુના દર્શન વખતે)
चरम=દિવસચરિમના પચ્ચખ્ખાણ વખતે.
सुअण=સૂતી વખતે
पडिबोहे=જાગૃત થયે (પ્રભાતે)
इय=એ પ્રમાણે
जइणो=યતિને, મુનિને

**गाथार्थः**—ભાવાર્થને અનુસારે સુગમ છે. ॥૫૯॥

**भावार्थः**—પ્રભાતના પ્રતિક્રમણમાં (*વિશાલલોચનનું), ત્યારબાદ ચૈત્યમાં-દેહરામાં પ્રભુનું દર્શન કરતી વખતે, ત્યારબાદ જમણ-ગોચરી કરતી વખતે આહાર કર્યા પહેલાં પચ્ચખ્ખાણ કરતી વખતે, ત્યારબાદ સંધ્યાના પ્રતિક્રમણમાં *(નમોસ્તુ વર્ધમાનાયનું), ત્યારબાદ સૂતા પહેલાં સંથારાપોરિસિ ભણાવતી વખતે (ચઉક્કસાયનું), ત્યારબાદ જાગૃત થઇને કુસુમિણ દુસુમિણનો કાઉસ્સગ્ગ કર્યા બાદ (જગચિંતામણિનું), એ પ્રમાણે યતિને એક અહોરાત્રમાં ૭ વાર ચૈત્યવંદન તો અવશ્ય કરવાં, અને અષ્ટમી આદિ પર્વતિથિઓમાં તો સર્વ ચૈત્ય વાંદવા માટે તે સાતથી અધિક ઘણીવાર પણ ચૈત્યવંદન કરવાં. કહ્યુ છે કે—

* વર્તમાનકાળે પ્રભાતના પ્રતિક્રમણમાં જે પહેલું જગચિંતામણિનું ચૈત્યવંદન થાય છે, તે જાગૃત થઇને કરવાનું સાતમું ચૈત્યવંદન છે, અને તે પ્રતિક્રમણક્રિયાની સાથે જોડવામાં આવ્યું છે. એ પ્રમાણે સંધ્યા પ્રતિક્રમણમાં જે પહેલું ચૈત્યવંદન કરવામાં આવે છે તે દિવસચરિમ સંબંધી ચોથું ચૈત્યવંદન છે, કે જેને સંધ્યાપ્રતિક્રમણની સાથે જોડવામાં આવ્યું છે. એ ચૈત્યવંદનો સ્વસ્વપર્યન્તવર્તી નમુત્થુણં સુધીનાં જાણવાં.

अट्ठमि चउद्दसीसु सव्वाइं चेइयाइं सव्वेवि साहुणो [1]वंदेयव्वा ઇતિ વચનાત્.

આ સાત ચૈત્યવંદનો જૂદી જૂદી વિધિએ થાય છે તે વિધિ ચાલુ પ્રણાલિકા પ્રમાણે ગુરુગમથી જાણવો.

---

**अवतरण**—હવે આ ગાથામાં શ્રાવકે કેટલાં ચૈત્યવંદન, કયા વખતે કરવાં તે કહેવાય છે.

**पडिकमओ गिहिणोवि हु, सगवेला पंचवेल इयरस्स।**
**पूआसु तिसंझासु अ, होइ तिवेला जहन्नेण ॥६०॥**

શબ્દાર્થ:—

पडिकमओ=પ્રતિક્રમણ કરતા(ને)
वि हु=પણ નિશ્ચયથી
इयरस्स=ઇતરગૃહસ્થને, (પ્રતિ૦ નહિ કરનાર શ્રાવકને).

**गाथार्थ:**—પ્રતિક્રમણ કરતા એવા ગૃહસ્થને પણ ૭ વાર (યતિની પેઠે) અથવા ૫ વાર ચૈત્યવંદન કરવું, અને પ્રતિક્રમણ નહિ કરનાર ગૃહસ્થને પ્રતિદિન ત્રણ સંધ્યાકાળની પૂજાઓમાં જઘન્યથી ૩ વાર ચૈત્યવંદના કરવી. ॥ ૬૦ ॥

**भावार्थ:**—સુગમ છે. વિશેષ એજ કે બે વાર પ્રતિક્રમણ કરનારને* ૭, અને એકવાર પ્રતિક્રમણ કરનારને ત્રણ સંધ્યાની પૂજાનાં ૩, સંથારા પોરિસિ સાંભળતાં ૧, અને એક પ્રતિક્રમણનું ૧ મળી [2]૫ ચૈત્યવંદન જાણવાં. અહિં પૌષધ રહિત છૂટો ગૃહસ્થ પોરિસિ પોતે ભણાવે નહિ, પરન્તુ મુનિ મહારાજ પાસે સાંભળે એ વિધિ છે.

---

૧ અષ્ટમી અને ચૌદસ એ બે તિથિઓમાં તો સર્વે ચૈત્ય તથા (વડીલ) સાધુઓને વાંદવા-ઇતિ અર્થઃ

* પ્રભાતના પ્રતિક્રમણમાં ૨ ( જાગવાનું અને પડિક્કમણાનું ), ત્રણ સંધ્યાના દેવવંદનનાં ૩, સાંજરે પ્રતિક્રમણનું ૧, અને ૧ સૂતી વખતે મુનિ પાસે સંથારાપોરિસી સાંભળ્યાનું, એમ ૭ ચૈત્યવંદન બે વાર પ્રતિક્રમણ કરનાર છૂટા શ્રાવકને હોય છે.

૨ એકવાર પ્રતિક્રમણ કરનારને પ્રભાતમાં જાગવા સમયનું અથવા

**अवतरण**—હવે આ ગાથામાં ૧૦ મોટી આશાતનાનું ૨૪ મું દ્વાર કહે છે.

**तंबोल पाण भोयण, वाहण मेहुन्न सुअण निट्ठवणं ।**
**मुत्तु-च्चारं जूअं, वज्जे जिणनाह जगईए ॥ ६१ ॥**

શબ્દાર્થ:—

| | |
|---|---|
| वाणह=ઉપાનહ, પગરખાં. | उच्चार=વડીનીતિ, ઝાડે જવું. |
| सुअण=સૂવું. | जूअं=જુગાર રમવો. |
| निट्ठवण=નિષ્ઠીવન, થુકવું વિગેરે. | जगइए=જગતીમાં, કોટમાં |

**गाथार्थ**—તંબોલ ખાવું, પાણી પીવું, ભોજન કરવું, પગરખાં પહેરવાં, મૈથુન સેવવું, શયન કરવું, થુંકવું અથવા નાક નસિંઘવું, મૂત્ર-પિશાબ કરવો, વડીનીતિ કરવી, અને જુગાર રમવો, એ જઘન્યથી ૧૦ આશાતનાઓ મોટી છે તે શ્રી જિનેશ્વરના દેહરાસરની જગતીમાં-કોટમાં પ્રવેશતાંજ વર્જવી,॥૬૧॥

**भावार्थः**—સુગમ છે. વિશેષ એજ કે મધ્યમ આશાતના ૪૨ છે, અને ઉત્કૃષ્ટથી સર્વ આશાતના ૮૪ છે તેનું સ્વરૂપ અન્ય ગ્રંથથી જાણવું. અહિં आ એટલે આય ( અર્થાત્ જ્ઞાનાદિકનો ) લાભ તેની શાતના=ખંડના જે અવિનયવાળા આચરણથી થાય તેવા અવિનયી આચરણનું નામ આશાતના છે.
॥ इति चैत्यवंदनायाश्चतुर्विंशति(२४)र्द्वाराणि ॥

---

**अवतरण**—હવે આ ગાથામાં ઉત્કૃષ્ટ ચૈત્યવંદના કરવાનો વિધિ કહે છે—

---

તો રાત્રે સૂતી વખતનું ચૈત્યવંદન ન કરે તો ૬ ચૈત્યવંદન હોય છે, પરન્તુ જાગવાના સમયનું ચૈત્યવંદન પ્રભાતના પ્રતિક્રમણાં જોડી દીધેલું હોવાથી ( પ્રાતઃપ્રતિક્રમણ નહિં કરનારને એટલે ) ૧ સંધ્યા પ્રતિક્રમણ કરનારની અપેક્ષાએ પ્રભાતનાં ૨ ચૈત્યવંદન ( જે પ્રાતઃપ્રતિક્રમણાન્તર્ગત છે તે ) ન હોવાથી ગાથામાં ૫ ચૈત્યવંદન કહેલાં સંભવે છે, અન્યથા ૧ પ્રતિક્રમણ કરનારને ૬ ચૈત્યવંદન હોય છે. " एकावश्यककरणे तु षट्, स्वापादिसमये तदकरणे पंचादयोऽपि"-ઇતિ ધર્મસંગ્રહવૃત્તિઃ

**इरि-नमुकार-नमुत्थुण-रिहंत-थुइ-लोग-सव्व-थुइ-पुरक।**
**थुइ-सिद्धा-वेया-थुइ-नमुत्थु-जावंति-थय-जयवी ॥६२॥**

શબ્દાર્થ:—ગાથાર્થને અનુસારે.

**गाथार्थ**—ઇરિયાવહિયં-નમસ્કાર-નમુત્થુણં-અરિહંતચે૦-સ્તુતિ ( થોય ),-લોગસ્સ-સવ્વલોએ-થુઈ-પુખ્ખરવરદી—થુઇ—સિદ્ધાણં-વેયાવચ્ચગરાણં-થુઇ-નમુત્થુણં-જાવંતિ બે-સ્તવન—અને જયવીઅરાય એ ક્રમથી ઉત્કૃષ્ટ (જઘન્યોત્કૃષ્ટ) ચૈત્યવંદના થાય છે.

**भावार्थ**—અહિં ઇરિયાવહિયં એટલે પ્રથમ ૧ ખમાસમણ દઈ આદેશ પૂર્વક ઇરિયાવહિયં તસ્સઉત્તરી અન્નત્થ૦ કહી ૧ લોગસ્સનો (૨૫ ઉચ્છ્વાસ પ્રમાણનો ચંદેસુ નિમ્મલયરા સુધીનો) કાઉસ્સગ્ગ કરી પારીને પ્રગટ લોગસ્સ કહેવો તે ઇરિયાવહિયં કહેવાય.

ત્યારબાદ ૩ ખમાસમણ દઇ ચૈત્યવં૦ નો આદેશ માગી નમુકાર એટલે જઘન્યથી ૩ ગાથાવાળું અને ઉત્કૃષ્ટથી ૧૦૮ ગાથાવાળું દેશ ભાષાનું અથવા સંસ્કૃત કે પ્રાકૃત ભાષાનું જે ચૈત્યવંદન કરવામાં આવે છે તે ૩ અથવા ૧૦૮ નમસ્કાર કહેવાય, અને તે ઉપરાન્ત*जंकिंचि સૂત્ર પણ કહેવું.

ત્યારબાદ નમુત્થુણં કહેવાય છે, ॥ १-२ अधिकारः ॥ ત્યારબાદ અરિહંત એટલે અરિહંત ચે૦ અને અન્નત્થ કહી ૧ નવકારનો કાઉસ્સગ્ગ ( ૮ ઉચ્છ્વાસ પ્રમાણ ) કરવો.

ત્યારબાદ થુઈ એટલે ( ૧ નવકારનો કાઉસ્સગ્ગ પારી ) અધિકૃત એક ચૈત્ય વા જિન સંબંધી ૧ થોય[1] કહેવી. ॥ इति ३ जो अधिकार ॥

---

* **जंकिंचि** સૂત્ર ભાષ્યાદિમાં કહ્યું નથી, પરન્તુ વૃદ્ધ સંપ્રદાયથી કહેવાય છે, અને તે નમસ્કારમાં અંતર્ગત જાણવું.

૧ સમુદાયમાં વડીલે જેને આદેશ આપેલ હોય તે એક જણ થોય કહે અને બીજા સાંભળે, તેમાં પુરુષની કહેલી થોય ચતુર્વિધ સંઘને સાંભળવી કલ્પે, અને સ્ત્રીએ કહેલી થોય સાધ્વી અને શ્રાવિકા એબેનેજ કલ્પે (એ રીતે દેવવંદના પણ જાણવી).—સંઘાચાર ગાથા ૫૦૦ મી.

ત્યારબાદ લોગસ્સ સંપૂર્ણ કહી (॥ इति चतुर्थाधिकारः ॥) "સવ્વલોએ અરિહંત ચેઈયાણં કરેમિ કાઉસ્સગ્ગં વંદણવત્તિયાએ" ઇત્યાદિ પદોથી અરિહંત ચેઈ૦ સૂત્ર સંપૂર્ણ કહી પુનઃ અન્નત્થ૦ કહી ૧ નવકારનો કાઉસ્સગ્ગ કરી પારીને સર્વજિન સંબંધી બીજી થોય કહેવી ( इति ५ मोऽधिकार: )

ત્યારબાદ પુખ્ખરવરદી સૂત્ર કહી સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં વંદણવત્તિયાએ ઈત્યાદિ સૂત્ર બોલી અન્નત્થ કહી ૧ નવકારનો કાઉસ્સગ્ગ કરી પારીને સિદ્ધાન્તની વંદના સંબંધિ ત્રીજી થોય કહેવી, ( इति ६-७ अधिकार )

ત્યારબાદ સિદ્ધાણં૦ (इति ८-९-१०-११ अधिकारः) અને વેયાવચ્ચગરાણં૦ કહી અન્નત્થ૦ કહી ૧ નવકારનો કાઉસ્સગ્ગ કરી પારીને શાસનદેવ દેવીના સ્મરણ સંબંધિ ચોથી થોય કહેવી. ( इति १२ मो अधिकार: ). એ પ્રમાણે ૧૨ અધિકાર પણ પ્રસંગથી અહિં પુનઃ સ્પષ્ટ કહ્યા.

ત્યારબાદ ×નમુત્થુણં૦-જાવંતિચે૦-ખમા૦-જાવંતકેવિ૦ કહી નમોર્હત્ કહી પૂર્વાચાર્ય રચિત ગંભીર અર્થવાળું સંસ્કૃત પ્રાકૃત અથવા દેશ ભાષાત્મક સ્તવન જઘન્યથી પણ પાંચ ગાથાવાળું કહેવું. ત્યારબાદ જયવીઅરાય કહેવા. અહિં ૧ થોય જોડાથીજ ચૈત્યવંદન સમાપ્ત કરવું હોય તો જયવીઅરાયની સંપૂર્ણ પાંચે ગાથા કહેવી, અને જો ઉત્કૃષ્ટોત્કૃષ્ટ ચૈત્યવંદન કરવું હોય તો જયવીઅરાયની પહેલી ૨ ગાથા કહેવી.

ગાથામાં કહેલ એ ૪ થોયવાળું ઉત્કૃષ્ટ ચૈત્યવંદન ૯ ભેદને અનુસારે તો જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદન જાણવું અને ઉત્કૃષ્ટોત્કૃષ્ટ ચૈત્યવંદન તો ૮ થોયથી પ્રણિધાનત્રિક સહિત થાય છે.

---

**अवतरण**—હવે ગ્રન્થકર્ત્તા આ ગાથામાં ચૈ૦ ભાષ્યનો ઉપ-

× અહિં ઉત્કૃષ્ટોત્કૃષ્ટ ચૈત્યવંદન કરવાનું હોય તો ઉપર કહેલો ૧૨મો અધિકાર સંપૂર્ણ થયા બાદ પુનઃ નમુ૦ કહી અરિહંત ચે૦ ઇત્યાદિ ૪ દંડક પૂર્વક પૂર્વોક્ત ક્રમ પ્રમાણે ચારે થોય (બીજીવાર) કહીને ત્યારબાદ

સંહાર કરી (સમાપ્ત કરી) ગર્ભિત રીતે પોતાનું નામ સૂચવવા પૂર્વક પર્યન્ત મંગળ કરે છે.

**सव्वोवाहि विसुद्धं, एवं जो वंदए सया देवे।**
**देविंदविंद महिअं, परमपयं पावइ लहु सो॥ ६३॥**

શબ્દાર્થ:—

| | |
|---|---|
| उवाहि=ઉપાધિ, ધર્મચિંતા | महिअं=પૂજિત |
| जो=જે મનુષ્ય | {अहि=અધિ, અધિક / अं=કં=જ્ઞાનવાળું} |
| सया=સદા, પ્રતિદિન | परमपयं=પરમપદ, મોક્ષ |
| देविंद=દેવના ઇંદ્ર, અથવા દેવેન્દ્રસૂરિ | पावइ=પામે |
| विंद=સમૂહ | लहु=લઘુ, શીઘ્ર |
| (विंदं=વિચાર, જ્ઞાનવાળું) | सो=તે મનુષ્ય |

**ગાથાર્થ**—એ પ્રમાણે સર્વ ઉપાધિ એટલે સર્વ ધર્મચિંતવનવડે વિશુદ્ધ રીતે જે મનુષ્ય દેવને પ્રતિદિન વંદના કરે તે મનુષ્ય દેવેન્દ્રોના સમૂહ વડે પૂજિત એવા મોક્ષપદને શીઘ્ર પામે.

**બીજો અર્થ:**—સર્વ [1]ધર્મચિંતવનવડે વિશુદ્ધ, તથા देविंद=શ્રી દેવેન્દ્રસૂરિએ विंदं=દર્શાવેલા વિચારવાળું (એટલે જેનું વિધિ સ્વરૂપ

---

બે નમુત્થુણં તથા બે જાવંતિ અને સ્તવન તથા જયવી૦ કહેવા. એ પ્રમાણે કરવાથી શાસ્ત્રોક્ત દ્વિગુણ ચૈત્યવંદના થાય છે, અને એજ ઉત્કૃષ્ટોત્કૃષ્ટ ચૈત્યવંદના ગણાય છે, અને વર્તમાનમાં પણ એ દ્વિગુણ ચૈત્યવંદના કરવાનો વિધિ ઉત્કૃષ્ટ દેવવંદન તરીકે પ્રસિદ્ધ છે.

૧ **उपाधयो धर्मानुविद्धाश्चिताः "उपाधिर्धर्मचिंतनम्" इतिवचनात् न पुनः सावद्यैहिकप्रयोजनादिविषयाः**-અર્થ અહિં "ઉપાધિઓ" એટલે ધર્મ વડે વ્યાપ્ત એવી ચિંતાઓ જાણવી, કારણ કે "ઉપાધિ એટલે ધર્મચિંતવન" એમ શાસ્ત્રનું વચન છે માટે, પરન્તુ સાવદ્ય એવી આ લોકના પ્રયોજનાદિ વિષયવાળી ચિંતારુપ ઉપાધિઓ આ સ્થાને ન જાણવી.

જણાવનારા શ્રી દેવેન્દ્રસૂરિ છે એવું અને अं=कं=જ્ઞાન તે વડે अहि=અધિ=અધિક, ( એટલે શ્રી દેવેન્દ્રસૂરિએ પોતાના બોધને અનુસારે જેવી રીતે જાણ્યું તેવી રીતે દર્શાવેલું) એવું જે દેવવંદન (ચૈ૦ ભાષ્ય) एवं=તેમાં કહેલી રીતિ પ્રમાણે જે મનુષ્ય પ્રતિદિન દેવને વંદના કરે તે શીઘ્ર મોક્ષપદ પામે (આ બીજો અર્થ અવચૂરિના આધારે છે). ।। ૬૩ ।।

इति महिसानाख्यनगरनिवासि-श्रेष्ठिवर्यश्रीयुतवेणिचन्द्र सुरचन्द्र संस्थापित-श्रीजैनश्रेयस्करमंडलाख्यसंस्थायाः सत्प्रेरणातः भृगुकच्छनिवासिश्रेष्ठिवर्य-श्रीयुतानुपचंद्र मलुकचंद्र विद्यार्थि-चंदुलाल-लिखितो चैत्यवंदनभाष्यस्य भावार्थः समाप्तः



॥ श्री जिनेन्द्राय नमः ॥

# श्री गुरुवंदन भाष्य (भावार्थ सहित)

( मूळकर्त्तारः श्री देवेन्द्रसूरयः )

**अवतरणः**—ગુરુવંદન ભાષ્યની આ પહેલી ગાથામાં ગુરૂ-વંદનના ત્રણ પ્રકાર કહેવાય છે—

**गुरुवंदणमह तिविहं, तं फिट्टा छोभ बारसावत्तं ।**
**सिरनमणाइसु पढमं, पुन्नखमासमणदुगि बीअं ॥१॥**

શબ્દાર્થ—

गुरुवंदणं = ગુરુવંદન
अह = અથ (=દેવવંદન કહ્યાબાદ)
तिविहं = ત્રણ પ્રકારનું
तं = તે ગુરુવંદન
फिट्टा = ફેટાવંદન
छोभ = છોભવંદન
बारसावत्तं = દ્વાદશાવર્ત્તવંદન
सिर = મસ્તક
नमणाइसु = નમાવવા વિગેરેમાં (વડે).
पढमं = પહેલું (ફેટાવંદન)
पुन्न = પૂર્ણ, સંપૂર્ણ.
खमासमण = ખમાસમણ
दुगि = બે દેવા* વડે
बीअं = બીજું (છોભવંદન)

**गाथार्थः**—હવે દેવવંદન કહ્યા બાદ ગુરુવંદન કહેવાય છે તે ફેટાવંદન, છોભવંદન, અને દ્વાદશાવર્ત્તવંદન એમ ૩ પ્રકારનું છે. તેમાં મસ્તક નમાવવાદિ વડે પહેલું ફેટાવંદન થાય છે; ગુરુને બે ખમાસમણ સંપૂર્ણ દેવા વડે બીજું છોભવંદન થાય છે. ॥ ૧ ॥

---

* ગાથામાં સપ્તમી છે તે પ્રાકૃતના નિયમથી તૃતીયાના અર્થમાં આવી છે, માટે બન્ને સ્થાને અર્થમાં તૃતીયા વિભક્તિ જાણવી.

**भावार्थः**—ગાથાર્થવત્ સુગમ છે, પરન્તુ વિશેષ એ છે કે-सिरनमणाइसुમાં કહેલા आदि શબ્દથી બે હાથ જોડવાથી તેમ જ અંજલિ કરવા વિગેરેથી પણ પહેલું ફેટાવંદન થાય છે એમ જાણવું, તેમ જ અહિં पुन्न (खमासमण दुगि) પદથી બે પૂર્ણ ખમાસમણ કહ્યાં તે સંપૂર્ણ ×પાંચે અંગને નમાવવાથી બીજું વંદન થાય એમ સૂચવ્યું.

---

**अवतरण**—પૂર્વ ગાથામાં બે પ્રકારના ગુરુવંદનનો અર્થ કહીને હવે ત્રીજા પ્રકારના ગુરુવંદનનો અર્થ કહેવાનો છે, પરન્તુ બીજા પ્રકારવાળા ગુરુવંદનમાં અને આગળ કહેવાતા ત્રીજા પ્રકારના ગુરુવંદનમાં પણ જે બે બે વાર વંદના કરવી કહી છે, તેનું શું કારણ? તે શિષ્ય જિજ્ઞાસાનો ઉત્તર પ્રથમ જ (વચ્ચે) કહેવાય છે:—

**[१] जह दूओ रायाणं, नमिउं कज्जं निवेइउं पच्छा ।**
**वीसज्जिओ वि वंदिय, गच्छइ एमेव इत्थ दुगं ॥३॥**

શબ્દાર્થ:—

जह = જેમ
दूओ = દૂત (રાજસેવક)
रायाणं = રાજાને
नमिउं = નમસ્કાર કરીને
कज्जं = કાર્ય
निवेइउं = નિવેદન કરીને
पच्छा = પછીથી, ત્યારબાદ
वीसज्जिओ = વિસર્જન કર્યો છતો
(अ) वि = પણ
वंदिय = નમસ્કાર કરીને
गच्छइ = જાય છે
एमेव = એ પ્રમાણે
इत्थ = અહિં (ગુરુવંદનમાં)
दुगं = બે વાર વંદના હોય છે.

---

× જે એકાંગાદિ ૪ પ્રકારના પ્રણામ ચૈ૦ ભાષ્યમાં કહેવાયા છે તેવા પ્રણામ અહિં ગુરુવંદનના સંબંધમાં પહેલા ફિટ્ટાવંદન તરીકે ગણાય, કારણ કે ખમાસમણ તો પંચાગ પ્રણામરુપ જ હોય, પરંતુ એકાંગાદિ પ્રણામરુપ નહિં.

૧ આ ગાથા આવશ્યક નિર્યુક્તિની છે.

**ગાથાર્થ**—જેમ દૂત ( રાજસેવક ) પ્રથમ રાજાને નમસ્કાર કરીને કાર્યનું નિવેદન કરે, અને ત્યારબાદ રાજાએ વિસર્જન કર્યો છતો પણ ( રાજાએ વિદાય કર્યા બાદ પણ) પુન: (બીજી વાર) નમસ્કાર કરીને જાય છે તેમ અહિં ગુરુવંદનમાં પણ બે વાર વંદના કરાય છે ( અર્થાત્ તે કારણથી જ ગુરૂને ખમાસમણ પણ બે દેવાય છે, અને દ્વાદશાવર્ત્તવંદન પણ બે વાર કરાય છે. ) ॥ ૨ ॥

**ભાવાર્થ**:—ગાથાર્થવત્ સુગમ છે.

---

**અવતરણ**:—(પુનઃ પ્રસંગથી) વંદણા તે શું ? અને તે શી રીતે થાય છે ? તે બન્ને વાત ( હજી કહેવા બાકી રાખેલા ત્રીજા પ્રકારના ગુરુવંદન પહેલાં ) કહેવાય છે—

**आयारस्स उ मूलं, विणओ सो गुणवओ य पडिवत्ती ।**
**सा य विहि वंदणाओ, विही इमो बारसावत्ते ॥ ३ ॥**

શબ્દાર્થ:—

आयारस्स = આચારનું, ધર્મનું
उ = (तु), વળી
मूलं = મૂળ
विणओ = વિનય
सो = તે ( વિનય )
गुणवओ = ગુણવંતની
पडिवत्ती = પ્રતિપત્તિ, ભક્તિ
सा = તે (ગુણવંતની ભક્તિ)
विहि = વિધિપૂર્વક
वंदणाओ = વંદના કરવાથી ( થાય છે. )
विही = (અને તે) વંદનાવિધિ
इमो = આ, આગળ કહેવામાં આવશે તે (વિધિ).
बारसावत्ते = દ્વાદશાવર્ત્ત વંદનમાં છે.

**ગાથાર્થ**:—આચારનું મળ ( ધર્મનું મૂળ ) વિનય છે, અને વિનય તે ગુણવંત ગુરૂની ભક્તિરૂપ છે, અને તે ( ગુણવંત ગુરૂની ) ભક્તિ વિધિપૂર્વક વંદના કરવાથી થાય છે, અને તે વિધિ આ ( આગળ કહેવામાં આવશે તેવા પ્રકારનો ) છે, કે જે વિધિ દ્વાદશાવર્ત્ત વંદનમાં કહેવાશે. ॥ ૩ ॥

**ભાવાર્થ:**—વિનય તે ધર્મનું જ્ઞાનનું અને આચારનું મૂળ છે; જો વિનય (દેવ ગુરૂ પ્રત્યે ભક્તિ અને નમ્રતા) ન હોય તો તેવા વિનય રહિત ધર્મનું કંઈ પણ ફળ નથી. તે કારણથી જ શ્રી મુનિ મહાત્માઓના આચાર વિચારોને દર્શાવનાર અને શ્રી આચારાંગ સૂત્રથી પણ પહેલાં જ યોગવહન (તપ વિશેષ) કરીને અધ્યયન કરવા (ભણવા) યોગ્ય શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ૩૬ અધ્યયનોમાં સર્વથી પહેલું વિનય નામનું જ અધ્યયન વર્ણવ્યું છે. શ્રી આવશ્યક નિર્યુક્તિમાં પણ કહ્યું છે કે—

विणओ सासणे मूलं, विणीओ संजओ भवे ।
विणयाउ विप्पमुक्कस्स, कओ धम्मो कओ तवो ? १२१६ ॥
जम्हा विणयइ कम्मं, अट्ठविहं चाउरंतमुरकाए ।
तम्हा उ वयंति विऊ, विणउत्ति विलीनसंसारा ॥ १२१७ ॥

અર્થ:-દ્વાદશાંગ શ્રુતજ્ઞાનરૂપી શ્રી જિનેન્દ્રશાસનનું મૂળ વિનય છે, તે કારણથી જે વિનયવંત હોય તે જ સંયત-સાધુ હોય છે. પરન્તુ જે વિનયથી રહિત હોય તેવા સાધુને ધર્મ પણ ક્યાંથી ? અને તપ પણ ક્યાંથી (=કેવી રીતે) હોય ? ॥ ૧૨૧૬ ॥ (હવે "વિનય" શબ્દનો અર્થ કહે છે-) જે કારણથી ચાર ગતિ રૂપ સંસારનો મોક્ષ-વિનાશ કરવા માટે (જે આચાર-ક્રિયા) આઠ પ્રકારનાં કર્મનો विनयति=વિશેષતઃ નાશ પમાડે છે, તે કારણથી વિનષ્ટ સંસારવાળા વિદ્વાનો (=શ્રી સર્વજ્ઞ ભગવંતો તેવા આચારને) "विनय" એમ કહે છે. ॥ ૧૨૧૭ ॥

---

**अवतरण:**—હવે ત્રીજા પ્રકારની ગુરૂવંદનાનો અર્થ (જે પ્રથમ કહેવો બાકી રાખ્યો હતો તે), અને તે ત્રણે પ્રકારની વંદના કોને કરવી ? તે બે વાત આ ગાથામાં કહેવાય છે.

**तइयं तु छंदणदुगे, तत्थ मिहो आइमं सयलसंघे।**
**बीयं तु दंसणीण य, पयट्ठियाणं च तइयं तु ॥४॥**

શબ્દાર્થઃ—

तइयं-ત્રીજું વંદન
छंदण=વાંદણાંમાં, વંદનકમાં
दुगे=બે વારના
तत्थ=ત્યાં, ૩ પ્રકારના વંદનમાં
मिहो=મિથઃ પરસ્પર
आइमं=પહેલું (ફિટ્ટા) વંદન
सयल=સકલ, સર્વ
संघे=સંઘમાં, સંઘને.
बीयं=બીજું (છોભ) વંદન
दंसणीण=દર્શનીને, મુનિને
पय=પદ, પદવીમાં
ट्ठियाणं=રહેલા મુનિને
तइयं=ત્રીજું (દ્વાદશા૦)વંદન.

**गाथार्थः**—ત્રીજું દ્વાદશાવર્ત વંદન બે વંદન વડે ( બે વાંદણાં દેવા વડે ) કરાય છે. તથા એ ત્રણ વંદનમાં પહેલું ફેટા વંદન સંઘમાં-સંઘને પરસ્પર કરાય છે, બીજું છોભ વંદન ( ખમાસમણ વંદન ) સાધુ સાધ્વીને જ કરાય છે, અને ત્રીજું દ્વાદશાવર્ત્ત વંદન આચાર્ય આદિ પદવીધર મુનિઓને કરાય છે ॥ ૪ ॥

**भावार्थ**—પહેલી ગાથામાં ૨ પ્રકારનું વંદન કહીને આ ૪ થી ગાથામાં ત્રીજા પ્રકારનું વંદન કહ્યું, તે ત્રણે વંદન ક્રમશઃ આ પ્રમાણે—

## ॥ ૩ પ્રકારની ગુરુવંદના કેવી રીતે થાય ? ॥

૧ **फिट्टा वंदन**-શીર્ષ નમાવવાથી, હાથ જોડવાથી, અંજલિ રચવાથી, અથવા પાંચ અંગમાં યથાયોગ્ય ૧-૨-૩ વા ૪+અંગ વડે નમસ્કાર કરવાથી ફિટ્ટાવંદન થાય છે.

૨ **छोभवंदन**—(**पंचांग वंदन**) પાંચે અંગને નમાવવા પૂર્વક ખમાસમણ દેવાથી થાય છે.

૩ **द्वादशावर्त्त वंदन**-"અહો કાયં કાય" એ પ્રસિદ્ધ પદવાળા વંદનક સૂત્રથી ( આગળ કહેવાતા વિધિ પ્રમાણે ) આ ત્રીજું

+ એ ચાર પ્રકારનો પ્રણામ ચૈત્યવંદન ભાષ્યના અર્થ પ્રસંગે કહ્યો છે ત્યાંથી જાણવો.

વંદન થાય છે. અહિં ગુરૂવંદન નામના ભાષ્યમાં મુખ્ય અધિકાર આ દ્વાદશાવર્ત્ત વંદનની વિધિનોજ કહેવાશે. એ પ્રમાણે ત્રણે પ્રકારની ગુરૂવંદનાનો સામાન્ય વિધિ કહ્યા બાદ હવે કઇ વંદના કોને થાય? (કરવી?) તે દર્શાવાય છે—

## ॥ ૩ પ્રકારની ગુરુવંદના કોને કરવી ? ॥

૧ फिट्टा वंदन—સંઘમાં પરસ્પર કરવું, એટલે સાધુ સાધુએ પરસ્પર, સાધ્વી સાધ્વીએ પરસ્પર, શ્રાવક શ્રાવકે પરસ્પર, અને શ્રાવિકા શ્રાવિકાએ પરસ્પર ફિટ્ટવંદન કરવું. અથવા શ્રાવક સાધુ વિગેરે ચારેને, તેમજ શ્રાવિકા પણ સાધુ વિગેરે ચારેને અને સાધ્વી સાધુને તથા સાધ્વીને, અને સાધુ તો કેવળ સાધુનેજ ફિટ્ટાવંદન કરે.

૨ छोभवंदन—સાધુ વડીલ સાધુને, સાધ્વી વડીલ સાધ્વીને અને લઘુ પર્યાયવાળા પણ [૧]સાધુને, શ્રાવક સાધુને, અને શ્રાવિકા સાધુ તથા સાધ્વીને પંચાંગ વંદન કરે. એ પ્રમાણે ખમાસમણ પૂર્વક ગુરૂવંદના *સાધુ સાધ્વીનેજ થઈ શકે પરન્તુ શ્રાવક ગમે તેવો ભાવથી ચારિત્રની ઇચ્છાવાળો હોય તેમજ ઉત્કૃષ્ટ ક્રિયાપાત્ર હોય તો પણ તેવા શ્રાવકને ખમાસમણવાળી વંદના થાયજ નહિ, અને જો તેમ[૨] કરે તો તે શ્રી જિનેન્દ્રની આજ્ઞાનો મહા ઘાતક જાણવો,

---

૧ સો વર્ષની દીક્ષિત સાધ્વી હોય તેમજ જ્ઞાનાદિકમાં અધિક હોય, તો પણ ૧ દિવસના દીક્ષિત લઘુવયવાળા સાધુને પણ ખમાસમણ પૂર્વક વંદના કરે, એ પ્રમાણે ધર્મમાં પુરુષની પ્રધાનતા તે શ્રી જૈન સિદ્ધાન્તની મર્યાદા છે.

* (કોઇ અવશ્ય) કારણસર ગુણ રહિત વેષધારી સાધુને પણ થઈ શકે (અવચૂરિ).

૨ વર્તમાન સમયમાં કેટલાક શ્રાવકો પોતાને આત્મજ્ઞાન હોવાના આડંબરથી ભાવ સાધુપણું માની પોતાના ભક્ત શ્રાવક શ્રાવિકાઓ પાસે ખમાસમણ દેવડાવે છે, અથવા ભક્તો ભક્તિના મિષથી ખમાસમણ દે છે, છતાં નિવારતા નથી એમ સંભળાય છે, તે જો સત્ય હોય તો તેઓ બન્ને શ્રીજિનેન્દ્રની આજ્ઞાના વિઘાતક જાણવા.

૩ द्वादशावर्तवंदन—આ વંદન સાધુ સાધ્વી શ્રાવક અને શ્રાવિકા એ ચારે કરે, અને તે પણ આચાર્યાદિ પાંચપદવીવાળા સાધુને જ કરે, અને સમાનપદવાળા સાધુઓ વધારે દીક્ષા પર્યાય-વાળા (=રત્નાધિક)ને કરે, તેનું વિશેષ સ્વરૂપ ૧૩ મી ગાથામાં કહેવાશે.

---

अवतरण—હવે ગ્રન્થકર્ત્તા (પોતાની રચેલી ગાથાઓ વડે નહિ પરન્તુ) સિદ્ધાન્ત પરની ભક્તિ વડે શ્રી આવશ્યકનિર્યુક્તિમાં કહેલી બે ગાથાઓ વડે દ્વાદશાવર્ત્તવંદનની વિધિને દર્શાવનાર ૯ દ્વારનાં નામ કહે છે.

**वंदण-चिइ-किइकम्मं, पूयाकम्मं च विणयकम्मं च ।**
**कायव्वं कस्स व केण वावि काहे व कइखुत्तो ॥५॥**
**कइ ओणयं कइ सिरं, कइहिं व आवस्सएहिं परिसुद्धं।**
**कइदोसविप्पमुक्कं, किइकम्मं कीस कीरइ वा ॥ ६ ॥**

શબ્દાર્થ ગાથા ૫ મીનો

| | |
|---|---|
| कायव्वं=કરવું | (अ)=વિ પણ |
| कस्स=કોને ? | काहे=કઈ વખત ? |
| व=અથવા | कइ=કેટલી |
| केण=કોણે ? | खुत्तो=વાર |
| वा=અથવા, વળી | |

શબ્દાર્થ ગાથા ૬ ઠ્ઠીનો

| | |
|---|---|
| कइओणयं=કેટલા અવનત ? | कीस=શું કારણ ? શા માટે ? |
| विप्पमुक्कं=રહિત | कीरइ=કરાય |

गाथार्थ—વંદનકર્મ, ચિતિકર્મ, કૃતિકર્મ, પૂજાકર્મ, અને વિનય કર્મ (એ પાંચ નામ ગુરૂવંદનનાં છે) તે કોને કરવું ?

---

× कइविह (=કેટલા) એવો પણ પાઠ છે.

કોણે કરવું ? ક્યારે કરવું ? કેટલીવાર કરવું ? તથા વંદનમાં અવનત (શિષ્યના પ્રણામ) કેટલા ? શીર્ષનમન કેટલાં ? અને આ ગુરૂવંદન કેટલાં આવશ્યકો વડે વિશુદ્ધ કરાય છે ? કેટલા દોષ વડે રહિત કરાય છે ? તથા કૃતિકર્મ (વંદનક-વાંદણાં) શા માટે કરાય છે (દેવાય છે)? એ ૯ સ્વરૂપ (દ્વાર) આ વંદન વિધિમાં કહેવાનાં છે. ॥ ૫ ॥ ૬ ॥

**भावार्थः**—ગાથાર્થવત્ સુગમ છે, પરન્તુ વિશેષ એ છે કે- આ ભાષ્યમાં જે બાબતો કહેવાશે તે આ ૯ દ્વારનાજ ધોરણથી નહિ કહેવાય, પરન્તુ આગળ બીજી રીતે કહેવાતા ૨૨ દ્વારોના ધોરણથીજ કહેવાશે. આ ૯ દ્વારો પણ તે ૨૨ દ્વારમાં [૧]અન્તર્ગતપણે કહેવાઇ જશે, જેથી આ બે ગાથાઓ તો શ્રી આવશ્યક સૂત્રમાં વર્ણવાતા (ત્રીજા) વંદન આવશ્યકની (નિર્યુક્તિમાં) પ્રારંભની મુખ્ય હોવાથી અને ચાલુ પ્રકરણનાજ અવશ્ય સંબંધવાળી હોવાથી સિદ્ધાંત પરની ભક્તિ નિમિત્તે કહી છે.

---

**अवतरण**—પૂર્વે બે ગાથાઓમાં જે (આવશ્યક નિર્યુક્તિમાં કહેલાં) ૯ દ્વાર કહ્યાં તેજ ૯ દ્વારોનું વિશેષ સ્વરૂપ સમજાવવાને માટે બીજી રીતે ૨૨ દ્વારો ગ્રંથકાર (પોતાની રચેલી) ૩ ગાથાઓ વડે કહે છે તે આ પ્રમાણે—

---

૧ એ ૯ દ્વારોનો સંબંધ આગળ કહેવાતા ૨૨ દ્વારોમાં આ પ્રમાણે છે-

| | | | |
|---|---|---|---|
| ૧ લું દ્વાર | ૪ થા દ્વારમાં | ૫-૬-૭ મું | ૧૦ મા ,, |
| ૨ જું ,, | ૫-૬ ઠ્ઠા ,, | ૮ મું | ૧૩ મા ,, |
| ૩ જું ,, | ૭-૮ મા ,, | ૯ મું | ૧૪ મા ,, |
| ૪ થું ,, | ૯ મા ,, | (ઇતિ આવશ્યક નિર્યુક્તિ અનુસારે). | |

૧ ૨ ૩ ૪ ૫
**पण नाम पणाहरणा, अजुग्गपण जुग्गपण चउ अदाया।**
૬ ૭ ૮ ૯
**चउदाय पण निसेहा, चउ अणिसेह ट्ठकारणया ॥७॥**
૧૦ ૧૧ ૧૨ ૧૩
**आवस्सय मुहणंतय, तणुपेहपणीस दोसबत्तीसा ।**
૧૪ ૧૫ ૧૬ ૧૭ ૧૮
**छगुण गुरुठवण दुग्गह, दुछवीसक्खर गुरुपणीसा ॥८॥**
૧૯ ૨૦ ૨૧ ૨૨
**पय अडवन्न छठाणा, छग्गुरुवयणा असायणातितीसं ।**
**दुविही दुवीस दारेहिं चउसया बाणउइ ठाणा ॥९॥**

### શબ્દાર્થ ૭ મી ગાથાનો

पण=પાંચ
आहरणा=ઉદાહરણો, દ્રષ્ટાન્તો.
अजुग्ग=(વંદનને) અયોગ્ય.
जुग्ग=(વંદનને) યોગ્ય
अदाया=(વંદન) નહિ દેનાર
निसेहा=નિષેધ સ્થાનો
अणिसेह=અનિષેધ સ્થાનો
(अ)ट्ठ=આઠ
कारणया=કારણો

### શબ્દાર્થ ૮ મી ગાથાનો

मुहणंतय=મુખાનંતક, મ્હોપત્તિ.
तणुपेह=શરીરની પડિલેહણા
पणीस=પચ્ચીસ
गुरुठवण=ગુરૂની સ્થાપના
दुग्ग=બે અવગ્રહ
दुछवीसक्खर=બસો છવીસ અક્ષર

### શબ્દાર્થ ૯ મી ગાથાનો

अडवन्न=અઠ્ઠાવન
असायण=આશાતના (ગુરૂની)
दुवीस=બાવીસ

**गाथार्थः**—ગુરૂવંદનનાં ૫ નામ કહેશે, ૫ દ્રષ્ટાન્ત કહેશે, વંદન દેવાને અયોગ્ય ૫ પ્રકારના સાધુ કહેશે, ૫ પ્રકારના સાધુ વંદન

દેવા યોગ્ય છે તે કહેશે, ચાર પ્રકારના સાધુ વંદના ન કરે તે કહેશે ( એટલે ૪ જણ પાસે વંદના ન કરાવવી તે કહેશે ), અને ચાર પ્રકારના સાધુ વંદના કરે તે કહેશે. વંદન દેવા માટે ૫ નિષેધ સ્થાનો ( વંદન નહિ કરવાના અવસર ) કહેશે, અને ૪ અનિષેધ સ્થાનો ( વંદન કરવાના અવસર ) કહેશે, તથા વંદન કરવાનાં ૯ કારણો કહેશે. ( એ ૯ દ્વાર આ સાતમી ગાથામાં કહ્યાં. ) ॥ ૭ ॥

તથા ૨૫ આવશ્યક કહેશે, મુહપત્તિની ૨૫ પડિલેહણા કહેશે, શરીરની ૨૫ પડિલેહણા કહેશે, વંદન સમયે ટાળવા યોગ્ય ૩૨ દોષ કહેશે, વંદનથી થતા ૬ ગુણ કહેશે, ગુરૂની સ્થાપના કહેશે, બે પ્રકારનો અવગ્રહ ( ગુરૂથી દૂર ઉભા રહેવાની ક્ષેત્ર મર્યાદા ) કહેશે, વંદનક સૂત્રના ૨૨૬ અક્ષર કહેશે, અને તેમાં ૨૫ ગુરૂ અક્ષર (જોડાક્ષર) પણ કહેશે. (એ ૮ દ્વાર આ ગાથામાં કહ્યાં ) ॥ ૮ ॥

તથા વંદનસૂત્રમાં ૨૫૮ પદ છે તે કહેશે, વંદનનાં ૬ સ્થાન ( ૬ અધિકાર તે શિષ્યના પ્રશ્નરૂપે ) કહેશે, વંદન સમયે ગુરૂને બોલવા યોગ્ય ૬ વચનો ( તે પ્રશ્નોના ઉત્તરરૂપ ) કહેશે, ગુરૂ પ્રત્યે થતી ૩૩ આશાતના કહેશે, અને વંદનની ૨ વિધિ (રાત્રિ સમયની અને દિવસની વંદનવિધિ ) કહેશે, એ પ્રમાણે ૨૨ મુખ્યદ્વારો વડે ૪૯૨ સ્થાન (દ્વારોના ઉત્તરભેદ ૪૯૨) થાય છે॥૯॥

## ॥ ૨૨ મૂળદ્વારના ૪૯૨ ઉત્તર ભેદનું કોષ્ટક ॥

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | વંદનનાં નામ | ૫ | ૧૩ | દોષ | ૩૨ |
| ૨ | દ્રષ્ટાંત | ૫ | ૧૪ | ગુણ | ૬ |
| ૩ | વંદન અયોગ્ય | ૫ | ૧૫ | ગુરૂ સ્થાપના | ૧ |
| ૪ | વંદન યોગ્ય | ૫ | ૧૬ | અવગ્રહ | ૨ |
| ૫ | વંદન અદાતા | ૪ | ૧૭ | વંદન સૂત્રની અક્ષર સંખ્યા | ૨૨૬ |
| ૬ | વંદન દાતા | | | | |
| ૭ | નિષેધસ્થાન | ૫ | ૧૮ | પદ સંખ્યા | ૫૮ |
| ૮ | અનિષેધ સ્થાન | ૪ | ૧૯ | સ્થાન (શિષ્યના પ્રશ્નો) | ૬ |
| ૯ | વંદનનાં કારણ | ૮ | ૨૦ | ગુરૂવચન (ઉત્તરો) | ૬ |
| ૧૦ | આવશ્યક | ૨૫ | ૨૧ | ગુરૂ આશાતના | ૩૩ |
| ૧૧ | મુહપત્તિ પડિલેહણા | ૨૫ | ૨૨ | વિધિ | ૨ |
| ૧૨ | શરીર પડિલેહણા | ૨૫ | | | |
| | | | | | *૪૯૨ |

---

* શાસ્ત્રોમાં દ્વાદશા૦ વંદનના ૧૯૮ બોલ કહ્યા છે, તેમાં ૨૨૬ અક્ષર ૫૮ પદ, ૪ વંદનદાતા, ૪ વંદન અદાતા, ૪ અનિષેધ સ્થાન, ૨ વિધિ, ૧ ગુરૂ સ્થાપના એ (૨૯૯) ભેદ ગણાવ્યા નથી, તેમજ અવગ્રહ બેને બદલે ૧ ગણેલો હોવાથી સર્વ મળી ૩૦૦ ભેદ ગણાવ્યા નથી, અને માન–અવિનય–ખિંસા (નિંદા)–નીચગોત્ર બંધ—અબોધિ–તથા ભવવૃદ્ધિ એ વંદન નહિ કરનારને ૬ દોષ અધિક ગણાવ્યા છે, માટે (૪૯૨–૩૦૦=૧૯૨+૬ =) ૧૯૮ બોલ ગણ્યા છે. ( ધ. સં. વૃત્તિઃ )

अवतरणः—પૂર્વે કહેલાં ૨૨ દ્વારમાંથી ગુરૂવંદનનાં ૫ નામનું પહેલું દ્વાર આ ગાથામાં કહેવાય છે.—

**वंदणयं चिइकम्मं, किइकम्मं विणयकम्म पूअकम्मं ।**
**गुरुवंदणपणनामा,दव्वे भावे दुहोहेण (दुहाहरणा)॥१०॥**

શબ્દાર્થ:—

पणनामा=પાંચનામ
दुहा=બે પ્રકારે
ओहेण=ઓઘથી-સામાન્યથી
आहरणा=ઉદાહરણો, દ્રષ્ટાન્તો

गाथार्थ—વંદનકર્મ-ચિતિકર્મ-કૃતિકર્મ-વિનયકર્મ-અને પૂજાકર્મ એ પ્રમાણે ગુરૂવંદનનાં ૫ નામ છે, પુનઃ તે દરેક નામ ઓઘથી (સામાન્યતઃ) દ્રવ્યથી અને ભાવથી એમ ૨-૨ પ્રકારે જાણવાં ॥ ૧૦ ॥

भावार्थः—ઘટનું જેમ ઘટ-કુંભ-કળશ ઈત્યાદિ જૂદું જૂદું નામ છે, પરન્તુ ઘટ વસ્તુ એકજ છે, તેમ અહિં વંદનકર્મ ચિતિકર્મ આદિ પણ ગુરૂવંદનનાંજ પર્યાયનામ ( એકજ અર્થવાળાં નામ ) છે, તો પણ વ્યુત્પત્તિના ભેદથી કિંચિત્ ભિન્નતા છે તે આ પ્રમાણે—

## ॥ ગુરૂવંદનના ૫ નામના અર્થ ॥

પ્રશસ્ત મન વચન કાયા વડે (વંદાય=)સ્તવના કરાય તે १ वंदनकर्म, રજોહરણ આદિ ઉપધિ સહિત કુશલ કર્મનું चिति=સંચયન કરવું તે ૨ चितिकर्म, મોક્ષાર્થે નમસ્કાર (નમન) આદિ વિશિષ્ટ ક્રિયા કરવી તે ३ कृतिकर्म, મન વચન કાયાના પ્રશસ્ત વ્યાપાર તે ४ पूजाकर्म, અને જેના વડે કર્મનો વિનાશ થાય ( તેવી ગુરૂ પ્રત્યે અનુકૂળ પ્રવૃત્તિ ) તે विनयकर्म ( આવશ્યકવૃત્તિઃ )

## ॥ પાંચ ગુરૂવંદન દ્રવ્યથી અને ભાવથી ॥

અહિં દ્રવ્ય શબ્દ અપ્રાધાન્યવાચક અને "ભાવ" શબ્દ પ્રાધાન્યવાચક (ઉત્તમ-શ્રેષ્ઠ એવા અર્થવાળો)ગણવો, જેથી સમ્યક્પ્રકારના

ફળને ન આપી શકે એવી વંદનાદિ ક્રિયા તે દ્રવ્યથી જાણવી, અને સમ્યક્ પ્રકારના ફળને આપી શકે તેવી વંદનાદિ ક્રિયા તે ભાવથી જાણવી. એ પ્રમાણે મિથ્યાદષ્ટિ જીવની ગુરૂસ્તવના તેમજ ઉપયોગ રહિત સમ્યગ્દ્રષ્ટિની ગુરૂસ્તવના તે દ્રવ્ય વંદનકર્મ જાણવું; અને ઉપયોગ સહિત સમ્યગદ્રષ્ટિએ કરેલી ગુરૂસ્તવના તે ભાવવંદન જાણવું.

તથા તાપસ વિગેરે મિથ્યાદ્રષ્ટિ જીવોની જે તાપસાદિ યોગ્ય ઉપધિ-ઉપકરણ પૂર્વક કુશળ ક્રિયા એટલે તાપસાદિનાં ઉપકરણોનો સંચય-ગ્રહણ અને તત્પૂર્વક તાપસી આદિ ક્રિયા, તેમજ સમ્યગ્ દ્રષ્ટિ જીવોની ઉપયોગ રહિત રજોહરણાદિ ઉપધિ પૂર્વક કુશળ ક્રિયા તે દ્રવ્ય ચિતિકર્મ, અને ઉપયોગ સહિત સમ્યગ્દ્રષ્ટિની રજોહરણાદિ ઉપકરણો પૂર્વક ક્રિયા તે ભાવ ચિતિકર્મ.

તથા નિન્હવ વગેરે (મિથ્યાદ્રષ્ટિઓ)ની અને ઉપયોગ રહિત સમ્યગ્દ્રષ્ટિની નમસ્કાર ક્રિયા તે દ્રવ્ય કૃતિકર્મ, અને ઉપયોગ સહિત સમ્યગ્દ્રષ્ટિની નમસ્કાર ક્રિયા તે ભાવ કૃતિકર્મ.

તથા મિથ્યાદ્રષ્ટિઓની અને ઉપયોગ રહિત સમ્યગ્દ્રષ્ટિઓની મન વચન કાય સંબંધિ ક્રિયા તે દ્રવ્ય પૂજાકર્મ, અને ઉપયોગ પૂર્વક સમ્યગ્દ્રષ્ટિઓની પ્રશસ્ત મન વચન કાયા સંબંધિ ક્રિયા તે ભાવ પૂજાકર્મ.

તથા મિથ્યાદ્રષ્ટિનો અને ઉપયોગ રહિત સમ્યગ્દ્રષ્ટિનો જે ગુરૂ પ્રત્યે વિનય તે દ્રવ્ય વિનયકર્મ અને ઉપયોગ પૂર્વક સમ્યગદ્રષ્ટિએ કરેલો ગુરૂ પ્રત્યેનો વિનય તે ભાવ વિનયકર્મ કહેવાય. (ઈતિ૦ આવ૦ વૃત્તિ તથા પ્રવ૦ સારો૦ વૃત્તિને અનુસારે).

એ પાંચમાંથી આ ભાષ્યમાં મુખ્ય વિષય ત્રીજા કૃતિકર્મ સંબંધિ છે, એમ જાણવું.

**अवतरणः**—હવે ૨ જું ઉદાહરણ દ્વાર કહેવાય છે, તેમાં પૂર્વે કહેલ ૫ નામવાળું પ્રત્યેક ગુરૂવંદન દ્રવ્યથી કોણે કર્યું ? અને ભાવથી કોણે કર્યું ? તેનાં દ્રષ્ટાન્ત દર્શાવાય છે—

**सीयलय खुड्डुए वीरकन्ह सेवगदु पालए संबे ।**
**पंचे ए दिट्ठंता, किइकम्मे दव्वभावेहिं ॥ ११ ॥**

શબ્દાર્થઃ—

सीयलय = શીતલાચાર્ય
खुड्डुए = ક્ષુલ્લકાચાર્ય
वीर = વીરક શાલવી
कन्ह = કૃષ્ણ
सेवग दु = બે રાજસેવક
पालए = પાલક
संबे = શામ્બકુમાર
पंचे ए = એ પાંચ
दिट्ठंता = દ્રષ્ટાન્તો

**गाथार्थः**—દ્રવ્ય કૃતિકર્મ અને ભાવ કૃતિકર્મ[1] (એટલે પાંચ દ્રવ્ય ગુરૂવંદન અને પાંચ ભાવ ગુરૂવંદન)ને વિષે અનુક્રમે શીતલાચાર્યનું, ક્ષુલ્લકાચાર્યનું, વીરા શાલવી અને કૃષ્ણનું, બે રાજસેવકનું તથા પાલક અને શામ્બકુમારનું એ પાંચ દ્રષ્ટાન્ત છે ॥૧૧॥

**भावार्थ**—ગુરૂવંદનનાં પાંચ નામ જે દ્રવ્યથી અને ભાવથી પૂર્વ ગાથામાં કહ્યાં તે પ્રત્યેકનું હવે એકેક દ્રષ્ટાન્ત મળી ૫ દ્રષ્ટાન્ત કહેવાય છે, જેમાં પહેલા અને બીજા દ્રષ્ટાન્તમાં દરેકમાં એકજ મુનીએ જુદા જુદા વખતે પ્રથમ દ્રવ્યવંદન કર્યું, અને ત્યારબાદ ભાવવંદન કર્યું, અને શેષ ત્રણ દ્રષ્ટાન્તમાં દરેકમાં બે બે જણની વંદનામાં એકે દ્રવ્યવંદન કર્યું અને બીજાએ ભાવવંદન કર્યું એવી હકીકત છે, તે આ પ્રમાણે—

૧ આ ગાથામાં કૃતિકર્મ (**किइकम्म**) શબ્દ ૫ વંદનમાંના કેવળ ત્રીજા વંદનનાજ અર્થવાળો નથી, પરન્તુ સામાન્યથી "ગુરુવંદન" એવા અર્થવાળો છે.

## ॥ વંદનકર્મમાં શીતલાચાર્યનું દ્રષ્ટાન્ત ॥

[૧]શ્રીપુર નગરના શીતલ નામના રાજાએ શ્રી ધર્મઘોષસૂરિ પાસે દીક્ષા ગ્રહણ કરી, ગુરૂએ અનુક્રમે આચાર્ય પદવી આપી જેથી શીતલાચાર્ય એવા નામથી પ્રસિદ્ધ થયા. એ શીતલ રાજાની શૃંગારમંજરી નામની બેનને ચાર પુત્ર હતા, તે શૃંગારમંજરી પોતાના પુત્રોને " તમારા મામાએ સંસાર છોડી આત્મકલ્યાણનો માર્ગ ગ્રહણ કર્યો છે, અને સંસાર વસ્તુતઃ અસાર છે " ઇત્યાદિ ઉપદેશ નિરન્તર આપતી હતી, જેથી પુત્રોએ પણ વૈરાગ્ય પામી કોઇ સ્થવિર પાસે દીક્ષા ગ્રહણ કરી અને ચારે ગીતાર્થ થયા; ત્યારબાદ પોતાના મામા શીતલાચાર્યને વંદના કરવા માટે ગુરુ પાસેથી આજ્ઞા લઇ વિહાર કરી શીતલાચાર્ય જે નગરમાં હતા તે નગરે આવ્યા, પરન્તુ સંધ્યા સમય થઈ જવાથી નગર બહાર રહી કોઇ શ્રાવકદ્વારા પોતાના આચાર્યને ચાર ભાણેજ મુનિઓ વંદના કરવા આવ્યા છે એવા સમાચાર પહોચાડયા. અહિં રાત્રિને અવસરે ધ્યાન દશામાં એ ચારે મુનિઓ કેવળજ્ઞાન પામ્યા તે વાતની શીતલાચાર્યને ખબર પડી નહીં, જેથી પ્રભાત થતાં ભાણેજ મુનિઓ આવવાની ઘણી રાહ જોવા છતાં પણ આવ્યા નહિ ત્યારે શીતલાચાર્ય પોતેજ ભાણેજ મુનિઓ પાસે આવ્યા. ભાણેજ મુનિઓએ કેવલી હોવાથી શીતલાચાર્યનો ગુરુ તરીકે યોગ્ય સત્કાર ન કર્યો. તેથી શીતલાચાર્યે રોષ સહિત અવિનયી અને દુષ્ટ શિષ્યો જાણીને પોતે તેમને વંદના કરી, તે **द्रव्य वंदनकर्म** જાણવું. પછી કેવલિમુનિઓએ કહ્યું કે એ તો દ્રવ્યવંદના થઇ માટે હવે ભાવવંદના કરો. શીતલા૦—શી રીતે જાણ્યું ? કેવલી—જ્ઞાનથી; શીતલા૦—કયા જ્ઞાનથી ? કેવલી—અપ્રતિપાતી જ્ઞાનથી. એમ સાંભળતાંજ શીતલાચાર્યનો ક્રોધ શાન્ત થયો, અને પોતાનો અપરાધ ખમાવી પુનઃ ચારે મુનિને વંદના કરી, તેને પરિણામે શુભ ભાવે ચડતાં તેઓ પણ તુર્ત કેવળજ્ઞાન પામ્યા. એ શીતલાચાર્યની બીજી

---

૧ શ્રી જ્ઞાનાવિમલસૂરિકૃત બાલાવબોધમાં હસ્તિનાપુર ઇત્યાદિ નામો કહ્યાં છે, પરન્તુ કોઈ ગ્રંથમાં ન દેખવાથી અહિં કહ્યાં નથી.

વારની વંદના તે भाव वंदनकर्म જાણવું. (પ્રવ૦ સારો૦ વૃત્તિ).
॥ इति १ द्रष्टान्त ॥

## ॥ ૨ ચિતિકર્મમાં ક્ષુલ્લકાચાર્યનું દ્રષ્ટાન્ત ॥

શ્રી ગુણસુંદરસૂરિ નામના આચાર્ય એક ક્ષુલ્લકને (લઘુવય-વાળા મુનિને) સંઘની સમ્મતિ પૂર્વક સૂરિપદે સ્થાપી કાળધર્મ પામ્યા. સર્વે ગચ્છવાસી મુનિઓ તે ક્ષુલ્લકાચાર્યની આજ્ઞામાં વર્તે છે, અને ક્ષુલ્લકાચાર્ય પણ પોતે ગીતાર્થ પાસે શ્રુત અભ્યાસ કરે છે. એક વખતે મોહનીય કર્મના પ્રબલ ઉદયથી ચારિત્ર છોડ-વાની ઇચ્છાએ એક મુનિને સાથે લઇ તે ક્ષુલ્લકાચાર્ય દેહચિંતાના બ્હાનાથી બહાર નિકળ્યા, સાથે આવેલા મુનિ વૃક્ષોને આંતરે ઉભા રહેતાં તે ન દેખે તેવી રીતે ક્ષુલ્લકાચાર્ય એક સીધી દિશા તરફ ચાલ્યા ગયા. આગળ જતાં એક સુંદર વનમાં અનેક ઉત્તમ વૃક્ષો હોવા છતાં પણ લોકોને પીઠથી બદ્ધ (પીઠિકા વાળા-ચોતરા વાળા) એવા એક ખીજડાનું વૃક્ષ પૂજતા દેખી વિચાર્યું કે આ વૃક્ષને પૂજવામાં તેને પૂજ્ય ઠરાવીને આ બાંધેલી પીઠિ-કાજ કારણ છે, નહિતર બીજા વૃક્ષોને કેમ પૂજતા નથી ! લોકોને પણ પૂછતાં એજ ઉત્તર મળ્યો કે અમારા પૂર્વજો એનેજ પૂજતા આવ્યા છે, માટે અમો આ ખીજડાનેજ પૂજીએ છીએ. તે સાં-ભળી ક્ષુલ્લકાચાર્યને વિચાર થયો કે “ આ ખીજડા સરખો હું નિર્ગુણ છું, ગચ્છમાં તિલક બકુલ આદિ ઉત્તમ વૃક્ષ સરખા ઘણા રાજકુમાર મુનિઓ છે, છતાં પણ ગુરૂએ તેમને સૂરિપદ ન આ-પતાં મને આપ્યું, અને આ ગચ્છના મુનિઓ મને પૂજે છે, તેનું કારણ શું ? મારામાં શ્રમણપણું તો છે નહિ, પરન્તુ આ રજો હરણાદિ ઉપકરણમાત્ર રૂપ મારા ચિતિગુણવડે (રજોહરણાદિ ઉપકરણને અંગે) અને ગુરૂએ મને આચાર્યપદ આપેલ હોવાથી વાંદે છે.” એમ વિચારી તુર્ત પાછા વળ્યા અને ઉપાશ્રયે આવ્યા. તેમની શોધ કરનારા મુનિઓએ પૂછતાં દેહચિંતાએ જતાં શૂલની અકસ્માત વેદનાથી આટલો વિલંબ થયાનો ઉત્તર આપ્યો. ત્યાર બાદ ગચ્છ સ્વસ્થ થયો, અને ક્ષુલ્લકાચાર્ય પ્રાયશ્ચિત્ત અંગીકાર કરી શુદ્ધ થયા. અહિં ક્ષુલ્લકાચાર્યને વ્રત છોડવાની ઇચ્છા વખતે

તેમનો રજોહરણાદિ ઉપકરણોનો ચિતિ=સંચય તે द्रव्य चितिवंदन અને પ્રાયશ્ચિત્ત વખતે એજ ઉપકરણોનો સંચય તે भाव चितिवंदन જાણવું. ( આવ૦ વૃત્તિ અને પ્રવ૦ સારો૦ વૃત્તિને અનુસારે ). ॥ इति द्वितीय द्रष्टान्त ॥

## ॥ ૩ કૃતિકર્મમાં કૃષ્ણ અને વીરકનું દ્રષ્ટાન્ત ॥

દ્વારિકા નગરીમાં કૃષ્ણવાસુદેવ અને તેમનું મુખ જોયા પછી જ ભોજન કરનારો વીરક નામનો કોળી રાજસેવક હતો. ચોમાસામાં કૃષ્ણ વાસુદેવ રાજવાડીએ ન જતા હોવાથી રાજમહેલની બહારજ નીકળતા ન હતા તેથી દર્શનના અભાવે વીરક શાળાપતિ દુર્બળ થયો. ચાતુર્માસ વીત્યાબાદ સર્વ રાજાઓ આવ્યા અને વીરક પણ દર્શનાર્થે આવ્યો. કૃષ્ણે દુર્બળતાનું કારણ પૂછતાં દ્વારપાલે ચાર મહિના સુધી આપના દર્શનવિના ખાધાપીધા સિવાય બેસી રહેવાની સર્વ વિગત કહી, તે સાંભળી વીરકને અંતઃપુરમાં પણ રજા વિના પ્રવેશ કરવાની આજ્ઞા આપી. હવે કૃષ્ણની જે જે પુત્રી વિવાહ યોગ્ય થાય તેને માતા કૃષ્ણ પાસે શણગાર પહેરાવી મોકલે ત્યારે તેને "રાણી થવું છે કે દાસી ?" એમ કૃષ્ણ પૂછે, અને "રાણી થવું છે" એમ કહેનારને કૃષ્ણ મહોત્સવ પૂર્વક શ્રી નેમિનાથ પાસે દીક્ષા અપાવે. એક વખતે માતાએ શીખવેલી એક પુત્રીએ દાસી થવાનું કહેતાં તે વીરક કોળીને પરણાવી, અને પોતાની પુત્રી પાસે સખ્ત ઘર કામ કરાવાની વીરકને ફરજ પાડતાં પુત્રીએ અકળાઇને અન્તે રાણી થવાનું કહેતાં વીરકની અનુમતિ લઇ કૃષ્ણે દીક્ષા અપાવી. આમાં કૃષ્ણનો હેતુ એજ કે મારી પુત્રી દુર્ગતિમાં ન જાય. એક વખતે શ્રી નેમિનાથ પ્રભુ રૈવતકગિરિ (ગિરનાર) સમવસર્યા, તે વખતે કૃષ્ણ વાસુદેવ અને એજ વીરક શાળાપતિ પ્રભુને વંદના કરવા ગયા, ત્યાં કૃષ્ણે તો સર્વ સાધુઓને દ્વાદશાવર્તવંદન વડે વંદન કર્યું, બીજા રાજાઓ કૃષ્ણની સાથે વંદના કરતાં કરતાં થાકીને થોડા ઘણા મુનિઓને વાંદીને બેઠા, અને વીરકે તો કૃષ્ણની અનુવૃત્તિએ સર્વ સાધુને વંદના કરી. કૃષ્ણ પરિણામે અત્યંત થાકી ગયા ત્યારે પ્રભુને કહ્યું કે, 'હે પ્રભુ! ૩૬૦ સંગ્રામમાં પણ મને આવો

થાક નથી લાગ્યો.' પ્રભુએ કહ્યું 'હે કૃષ્ણ! ત્હેં ક્ષાયિક સમ્યકત્વ અને તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું છે, તેમજ સાતમી નરકનું બાંધેલું [1]આયુષ્ય તોડીને ત્રીજી નરકનું કર્યું છે." અહિં કૃષ્ણની દ્વાદશાવર્ત વંદના તે ભાવ कृतिकर्म, અને કૃષ્ણનું મન સાચવવા માટે વીરકે કરેલી વંદના તે द्रव्य कृतिकर्म જાણવું ॥ इति द्रष्टान्त ॥

## ॥ ૪ વિનયકર્મમાં બે રાજસેવકનું દ્રષ્ટાન્ત ॥

નજીક રહેલા બે ગામમાં વસતા બે રાજસેવકોને પોત પોતાના ગામની સીમા માટે વાદવિવાદ થતાં તેનો ન્યાય કરાવવા રાજદરબારમાં જતાં સાધુ મહારાજના શુકન થયા. જેથી એક જણ તો ભાવપૂર્વક "મુનિના દર્શનથી મારૂં કાર્ય અવશ્ય સિદ્ધ થશે" એમ કહી પ્રદક્ષિણા પૂર્વક વંદના કરીને રાજ દરબારમાં ગયો, અને બીજો પહેલાના અનુકરણથી ( ભાવ રહિત) વંદના કરી રાજદરબારમાં ગયો. ત્યાં ન્યાય થતાં ભાવ વંદના વાળાની તરફેણમાં ન્યાય ઉતર્યો, અને બીજાનો પરાજય થયો. એમાં પહેલાનું ભાવ विनयकर्म અને તેનું અનુકરણ માત્ર કરનાર બીજાને द्रव्य विनयकर्म જાણવું. ॥इति ४ थुं द्रष्टान्त॥

## ॥ ૫ પૂજાકર્મ વિષે પાલક અને શામ્બનું દ્રષ્ટાન્ત ॥

દ્વારિકા નગરીમાં કૃષ્ણ વાસુદેવના પાલક અને શામ્બકુમાર વિગેરે અનેક પુત્રો હતા; એક વખતે શ્રી નેમિનાથ પ્રભુ સમવસર્યા ત્યારે વાસુદેવે કહ્યું કે કાલે જે (પુત્ર) પ્રભુને પહેલી વંદના કરશે તેને હું મારો અશ્વ આપીશ. જેથી શામ્બકુમારે તો પ્રભાતમાં શય્યાપરથી ઉઠીને ત્યાં રહ્યા રહ્યાજ વંદના કરી, અને પાલકે તો અશ્વ મેળવવાની લાલચથી શીઘ્ર પ્રભાતમાં ઉઠી અશ્વરત્ન ઉપર બેસી પ્રભુ પાસે જઈને વંદના કરી. પાલક

[1] કર્મપ્રકૃતિ આદિમાં ઉદયમાં નહિ આવેલું આયુષ્ય ત્રૂટે (ઓછું થાય ) નહિ એમ કહ્યું છે, તો પણ શ્રી ભગવતીજી વિગેરેમાં કૃષ્ણે નરકાયુષ્ય ઓછું કર્યાનું સ્પષ્ટ કહ્યું છે, તે અપવાદ વા આશ્ચર્ય રૂપ સમજાય છે.

કુમાર અભવ્ય હતો તેથી કાયાથી વંદના કરી પરન્તુ ચિત્તમાં તો લોભ વૃત્તિજ હતી. કૃષ્ણે પ્રભુ પાસે જઈને આપને પ્રથમ વંદના કોણે કરી ? એમ પૂછતાં પ્રભુએ કહ્યું કે—પાલકકુમારે પ્રથમ અહીં આવીને દ્રવ્ય વંદના કરી, અને શામ્બકુમારે ઘરે બેઠા ભાવવંદના કરી છે, જેથી કૃષ્ણે શામ્બકુમારને અશ્વ-રત્ન આપ્યો. એમાં પાલક અભવ્યનું द्रव्य पूजाकर्म, અને શા-મ્બકુમારનું भाव पूजाकर्म જાણવું. ॥ इति ૯ मुं द्रष्टान्त ॥

એ પાંચેમાં વંદના વિષય જો કે તુલ્ય છે, તો પણ પ્રથમ કહેલ વ્યુત્પત્તિ અર્થવાળી ક્રિયાઓની મુખ્યતા ગણીને તે તે વંદના જૂદા જૂદા નામવાળી જાણવી.

---

अवतरण—હવે ૫ પ્રકારના અવંદનીય સાધુનું ૩જું द्वार આ ગાથામાં કહેવાય છે—

**पासत्थो ओसन्नो, कुसील संसत्तओ अहाछंदो ।**
**दुग-दुग-ति-दु-णेगविहा, अवंदणिज्जा जिणमयंमि ।१२।**

શબ્દાર્થઃ—ગાથાર્થવત્ સુગમ છે.

गाथार्थ—પાર્શ્વસ્થ ( અથવા પાશસ્થ ), અવસન્ન, કુશીલ, સંસક્ત, અને યથાછંદ ( એ ૫ પ્રકારના સાધુ તે અનુક્રમે ) ૨-૨-૩-૨ અને અનેક પ્રકારના છે, અને તે જૈન દર્શનને વિષે અવંદનીય ( નહિ વાંદવા યોગ્ય ) કહ્યા છે. ॥ ૧૨ ॥

भावार्थ—ગાથામાં કહેલા ૫ અવંદનીય પાર્શ્વસ્થાદિ સાધુ-ઓનું કિંચિત્ સ્વરૂપ આ પ્રમાણે—

### ॥ ૧ ( અવંદનીય ) પાર્શ્વસ્થ સાધુના ૨ ભેદ ॥

જ્ઞાન દર્શન ચારિત્રની पार्श्व=પાસે स्थ=રહે ( એટલે જ્ઞાનાદિકને પાસે રાખે પરન્તુ સેવે નહિ ) તે पार्श्वस्थ કહેવાય. અથવા કર્મબંધના હેતુ જે મિથ્યાત્વ વિગેરે તે રૂપ पाश=પાશ (જાળ) માં વર્તે તે पाशस्थ કહેવાય.

તે પાર્શ્વસ્થના ૨ પ્રકાર આ પ્રમાણે—સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર એ સર્વ રહિત કેવળ વેષધારી હોય તે ૧ સર્વ પાર્શ્વસ્થ, અને [1]શય્યાતરાહૃત પિંડ, [2]રાજપિંડ, [3]નિત્યપિંડ, તથા [4]અગ્રપિંડને વિના કારણે ભોગવે, [5]કુલનિશ્રાએ વિચરે, સ્થાપના [6]કુલમાં પ્રવેશ કરે, સંખડી (ગૃહસ્થનાં જમણવાર) જોતો ફરે, અને ગૃહસ્થની સ્તવના કરે તે ૨ દેશપાર્શ્વસ્થ જાણવો. એ *બન્ને પાસત્થા સાધુ વંદન કરવા યોગ્ય નથી.

## ॥ ૨ (અવંદનીય) અવસન્ન સાધુના ૨ ભેદ ॥

સાધુ સામાચારીમાં જે અવસન્ન એટલે શિથિલ (ખેદવાળો) હોય તે अवसन्न કહેવાય; તેના દેશથી અવસન્ન અને સર્વથી અવસન્ન એમ ૨ ભેદ છે. ત્યાં ઋતુબદ્ધ [7]પીઠ ફલકનો ઉપભોગી

---

૧ જેના મકાનમાં રહ્યા હોય તેનો આણેલો આહાર તે शय्यातराहृतपिंड

૨ રાજા અને રાજાના અમુક મુખ્ય અધિકારીઓના ઘરનો આહાર તે राजपिंड.

૩ એક ઘેરથી પ્રથમ કરી રાખેલી નિમંત્રણા પ્રમાણે નિત્ય આહાર લે તે नित्यपिंड.

૪ ભાત વિગેરેનો પ્રથમનો અગ્ર (ઉપરલો) ભાગ ગ્રહણ કરે (એટલે ગૃહસ્થે પોતાને માટે આહાર કાઢયા પહેલાંજ ગ્રહણ કરે ) તે अग्रपिंड.

૫ આટલાં મારાંજ (ભાવિત કરેલાં) કુળ (સમુદાય વિશેષ) જાણી ત્યાંજ આહાર માટે વિચરે તે कुलनिश्रा.

૬ ગુરૂ આદિની વિશેષ ભક્તિ કરનારા કુળ ( સમુદાય ) તે स्थापना कुल.

* એ પ્રમાણે પાર્શ્વસ્થ સાધુ બે પ્રકારના હોવાથી જે કેટલાએક આચાર્યો પાર્શ્વસ્થને સર્વથા ચારિત્ર રહિતજ માને છે તે અયુક્ત છે. ( પ્રવ૦ સારો૦ વૃત્તિ: )

૭ સંથારા માટે પાટ વિગેરે ન મલે તો વર્ષાઋતુમાં વાંસ વિગેરેના ઘણા કકડાઓને દોરીઓથી બાંધી સંથારો કરવો પડે, પરન્તુ તેની પુનઃ બંધ છોડીને પડિલેહણા કરવી જોઈએ તે કરે નહિ, તે ઋતુબદ્ધ પીઠ ફલક દોષ, અથવા વારંવાર શયન માટે સંથારો કરે અથવા સંથારો પાથર્યો રાખે અથવા ચોમાસા વિના પાટપાટલાદિ વાપરે તે પણ ऋतुबद्ध पीठफलक દોષ જાણવો.

હોય અને સ્થાપના [1]ભોજી તથા [2]પ્રાભૃતિકાભોજી હોય તે સર્વથી અવસન્ન; અને પ્રતિક્રમણ, પડિલેહણા, સ્વાધ્યાય, ભિક્ષાચર્યા, ધ્યાન, ઉપવાસાદિ, [3]આગમન, [4]નિર્ગમન, [5]સ્થાન, બેસવું, અને શયન કરવું એ સર્વ સાધુ સામાચારી કરે નહિ, અથવા કરે તો હીનાધિક કરે, અથવા ગુરૂના વચનથી બલાત્કારે કરે તે દેશથી અવસન્ન જાણવો. એ બન્ને અવંદનીય છે.

## ॥ ૩ (અવંદનીય) કુશીલ સાધુના ૩ ભેદ ॥

કુત્સિત (માઠા) આચારવાળો તે કુશીલ સાધુ કહેવાય, તેના ૩ ભેદ આ પ્રમાણે છે—" કાલે વિણએ બહુમાણે " એ પદવાળી ગાથામાં કહેલા ૮ પ્રકારના જ્ઞાનાચારની વિરાધના કરે તે ૧ જ્ઞાનકુશીલ; "નિસ્સંકિય નિકકંખિય" એ પદવાળી ગાથામાં કહેલા ૮ પ્રકારના દર્શનાચારની વિરાધના કરે તે ૨ દર્શનકુશીલ; તથા યંત્ર મંત્ર કરે, એક અંગમાં ગોળા નાખીને બીજા અંગમાંથી કાઢવા, અથવા મુખમાંથી અગ્નિ કાઢવો, ઇત્યાદિ ચમત્કાર દેખાડે, સ્વપ્નફળ કહે, જયોતિષ પ્રકાશે, ભૂત ભાવીનો લાભાલાભ કહે, જડીબુટ્ટી કરે, પોતાનાં જાતિ કુલ પ્રકાશ કરે, સ્ત્રી પુરૂષાદિનાં લક્ષણ કહે, કામણ વશીકરણ કરે, સ્નાનાદિકથી શરીર વિભૂષા કરે, ઇત્યાદિ અનેક પ્રકારે ચારિત્રની વિરાધના કરનાર તે ૩ ચારિત્રકુશીલ; જાણવો. એ ત્રણે અવંદનીય છે.

---

૧ સાધુને માટે આહાર રાખી મૂકવો તે **સ્થાપના.**

૨ તથા પ્રાભૃતિકા ભોજી તે પોતાના ઇષ્ટ વા પૂજ્ય મુનિને જે ઇષ્ટ આહાર હોય તે બહુમાન પૂર્વક વહોરાવવો તે **પ્રાભૃતિકા.** તેનું ભોજન કરે.

૩ ઉપાશ્રયમાં પ્રવેશ કરતી વખતે પગ પ્રમાર્જનાદિ વિધિ તથા નિસીહી કહેવાની વિધિ તે **આગમન સામાચારી.**

૪ ઉપાશ્રયમાંથી નિકળતી વખતે આવસ્સહિ કહેવા વિગેરેની વિધિ તે **નિર્ગમન સામાચારી.**

૫ કાયોત્સર્ગાદિ વખતે ઉભા રહેવાની વિધિ તે **સ્થાન સામાચારી.**

## ॥ ४ (અવંદનીય) સંસક્ત સાધુના ૨ ભેદ ॥

ગુણ અને દોષ એ બન્ને વડે સંસક્ત એટલે મિશ્ર હોય તે संसक्त કહેવાય; જેમ ગાય વિગેરે પોતાને ખાવાના ટોપલામાં એઠું અથવા સારૂં ભોજન ખોળ કપાસીઆ વિગેરે સર્વ મિશ્ર થયેલું ખાય છે, તેમ આ સંસક્ત સાધુના મૂળગુણ (=૫ મહાવ્રત), અને ઉત્તરગુણ ( પિંડવિશુદ્ધિ-આહારશુદ્ધિ )૩૫ ગુણોમાં તેમજ તેથી વ્યતિરિક્ત બીજા પણ ગુણોમાં ઘણા દોષ પ્રાપ્ત થયેલા હોય છે. તેના ૨ ભેદ છે તે આ પ્રમાણે-પ્રાણાતિપાતાદિ પાંચ આશ્રવયુક્ત, રસ ગારવાદિ ૩ ( રસ-ઋદ્ધિ-શાતા ) ગારવ યુક્ત, સ્ત્રી અને ગૃહયુક્ત ઇત્યાદિ દોષયુક્ત હોય તે १ संक्लिष्ट संसक्त, અને પાર્શ્વસ્થાદિ પાસે જાય ત્યારે તેવા ગુણવાળો થાય, અને સંવિજ્ઞ સાધુઓમાં વસે ત્યારે જાણે સંવિજ્ઞ ગુણવાળો હોય એવા આચાર વિચાર રાખે,એ પ્રમાણે જ્યાં જાય ત્યાં તેવા પ્રકારનો આચાર પાળે તે असंक्लिष्ट संसक्त. એ બન્ને અવંદનીય છે.

## ॥ ૫ (અવંદનીય) યથાછંદ સાધુના અનેક ભેદ ॥

ઉત્સૂત્ર પ્રરૂપણા કરે, પોતાની મતિકલ્પના પ્રમાણે અર્થ પ્રરૂપે, ગૃહસ્થના કાર્યમાં પ્રવર્તે, અન્ય સાધુના કે શિષ્યના અલ્પ અપરાધમાં પણ વારંવાર ક્રોધ-આક્રોશ કરે, પોતાની કલ્પના પ્રમાણે આગમનો અર્થ વિચારી વિગઈ વિગેરેના ઉપભોગથી સુખશીલ થઇ વિચરે, ત્રણ ગારવ યુક્ત થાય,ઇત્યાદિ અનેક પ્રકારનાં લક્ષણવાળો यथाछंद ( એટલે આગમની અપેક્ષા વિના પોતાના છંદે ચાલનાર ) સાધુ જાણવો. તે જૈનદર્શનમાં અવંદનીય ગણ્યો છે.

એ પાર્શ્વસ્થાદિ સાધુઓને વંદના કરવાથી કીર્તિ કે કર્મ્મ-નિર્જરા ન થતાં કેવળ કાયકલેશ અને કર્મબંધજ થાય છે. ( ઇત્યાદિ વિશેષ ભાવાર્થ આવ૦ નિર્યુકિતમાં ઘણો કહ્યો છે ) તો પણ જ્ઞાન દર્શન ચારિત્રાદિકના ગાઢ કારણે કોઇ વખતે પાર્શ્વસ્થાદિકને પણ વંદના કરવાનું કહ્યું છે; તેનું કારણ કે, પાર્શ્વસ્થાદિક સાધુઓ જો કે ચારિત્રના અસંભવવાળા છે તો પણ

સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલા *ન હોય; વળી એ પ્રભુનો વેષ ધરનાર છે માટે સાધુ વેષ દેખીને પણ પાર્શ્વસ્થાદિકને વંદના કરવી એમ કેટલાક કહે છે, પણ તેવા અભિપ્રાયથી કરેલી વંદના પણ મોટા અનર્થવાળી છે; એ સંબંધિ ઘણી [1]ચર્ચા આવશ્યક નિર્યુક્તિથી જાણવા જેવી છે. વળી પ્રમાદવાળા પાર્શ્વસ્થાદિકને વંદના કરવાથી તે પ્રમાદી સાધુમાં રહેલાં સર્વે પ્રમાદસ્થાનો વંદનીય થાય છે, માટે પ્રમાદી મુનિ અવંદનીય છે, તેમજ પાર્શ્વસ્થાદિનો સંગ કરનારા સાધુઓ પણ અવંદનીય છે.

પ્રશ્ન:—પરિચયમાં આવેલા સાધુઓને તો પાર્શ્વસ્થાદિનાં લક્ષણવાળા જાણી વંદના ન કરીએ; પરન્તુ અપરિચિત (અજાણ્યા) સાધુ મહારાજ ગામમાં પધાર્યા હોય તો તેમને વંદના કરવી કે નહિ ?

ઉત્તર:-પૂર્વે પરિચયમાં નહિ આવેલા સાધુ મહારાજને પ્રથમ તો ઉચિત વિનય અને વંદનાદિ કરવા યોગ્ય છે, પરન્તુ

---

* **दंसणपरको सावय, चरित्तभट्ठे य मंदधम्मे य । दंसणचरित्तपरको समणे परलोगकंखम्मि.** એમાં "**मन्दधर्मे च**" **पार्श्वस्थादौ** ઇતિ વચનાત્ (આવ૦ નિર્યુક્તિ). એ ગાથાનો ભાવાર્થ—શ્રાવકમાં, કોઇક અનવસ્થિત સાધુમાં, અને પાર્શ્વસ્થાદિ સાધુઓમાં દર્શનપક્ષ=સમ્યક્ત્વ હોય છે, અને પરલોકની આકાંક્ષાવાળા સુસાધુમાં તો દર્શનપક્ષ ( ઉપલક્ષણથી જ્ઞાનપક્ષ ) અને ચારિત્ર પક્ષ એ બન્ને (ત્રણે) હોય છે.

૧ આ સંબંધમાં શ્રી આવશ્યક નિર્યુક્તિમાં જે ઉપયોગી ચર્ચા છે તેનો સંક્ષિપ્ત સાર આ પ્રમાણે—

શિષ્ય પ્રશ્ન—અધ્યવસાયની વિશુદ્ધિથી આ સુવિહિત સાધુ છે અને અવિશુદ્ધિથી આ પાર્શ્વસ્થાદિ પતિત સાધુઓ છે, એમ અમો છદ્મસ્થ હોવાથી ઓળખી શકીએ નહિં માટે અમો તો તેમનો સાધુવેષ દેખીનેજ વાંદના કરીએ તે ઉચિત છે.

ગુરૂ ઉત્તર—જો કેવળ સાધુવેષ દેખીનેજ વંદના કરતા હો ત્યારે તો જમાલી વિગેરે જાણીતા મિથ્યાદૃષ્ટિઓને પણ સાધુવેષ હોવાથી

**શિથિલ વિહારી માલુમ પડયા પછી તો વંદનાદિ કરવા યોગ્ય નથી.**

---

વંદના કરવી પડશે, અને જો એવા સ્પષ્ટ મિથ્યાદ્રષ્ટિઓને સાધુવેષ છતાં વંદના નહિ કરો તો " કેવળ સાધુવેષ જ વંદનીય છે " એમ શા માટે કહો છો ?

શિષ્ય પ્રશ્ન—જો વંદના કરવામાં સાધુવેષ મુખ્ય ન ગણીએ તો છદ્મસ્થ જીવ સાધુ અસાધુને કેવી રીતે જાણે ? કોઈક વખત અસાધુઓ પણ કારણસર સાધુવત્ પ્રવૃત્તિવાળા હોય છે, અને કોઇ વખત સુવિહિત સાધુઓ પણ કારણસર અસાધુ સરખી પ્રવૃત્તિવાળા હોય છે, તો એ પ્રમાણે હોવાથી મુનિઓએ સાધુવેષવાળા મુનિને જોઇને શું કરવું ?

ગુરુ ઉત્તર—અદ્રષ્ટપૂર્વ(=પૂર્વે પરિચયમાં નહિ આવેલા-અજાણ્યા) સાધુઓને દેખી મુનિઓએ અભ્યુત્થાનાદિ સત્કાર અવશ્ય કરવો, જેથી આ અવિનીત છે, એમ આવેલા સાધુઓ ન સમજે; અને દ્રષ્ટપૂર્વ (પ્રથમ જાણવામાં આવેલા ) સાધુઓ ઉદ્યતવિહારી અને શીતલવિહારી એમ બે પ્રકારના છે. ત્યાં ઉદ્યતવિહારીને અભ્યુત્થાન અને વંદનાદિ યથાયોગ્ય સત્કાર કરવો, અને શીતલવિહારીને તે સત્કાર ન કરવો એ ઉત્સર્ગ માર્ગ છે; તેમને તો કોઈ ગાઢ કારણના અપવાદથી પર્યાય (બ્રહ્મચર્ય)-પરિષદ્-પુરૂષ-ક્ષેત્ર-કાળ-અને આગમનો વિચાર કરીનેજ લાભાલાભ જાણી વંદનાદિ સત્કાર કરવો યોગ્ય છે.

શિષ્ય પ્રશ્ન—જેમ તીર્થંકરની પ્રતિમામાં તીર્થંકરના ગુણ નથી, તોપણ ( તીર્થંકરના ગુણનું આરોપણ કરીને ) સાક્ષાત્ તીર્થંકર માનીને વંદન પૂજા કરીએ છીએ તેમ પાર્શ્વસ્થાદિ સાધુઓમાં સાધુના ગુણ નથી, તો પણ સાધુના ગુણનું આરોપણ કરીને ( સાધુ માનીને ) વંદના કરીએ તો શું ?

ગુરૂ ઉત્તર—પ્રતિમામાં તો ગુણ અને અવગુણ બન્ને ન હોવાથી જેવા ગુણવાળી માનવી હોય તેવી માની શકાય, પરન્તુ પાર્શ્વસ્થાદિમાં તો અવગુણ વિદ્યમાન છે; તેથી તેમાં ગુણનું આરોપણ થાય નહિ. જેમ ખાલી પાત્રમાં જે ભરવું હોય તે ભરાય, પરન્તુ કોઇપણ એક વસ્તુથી ભરેલા પાત્રમાં બીજી વસ્તુ ન ભરાય, માટે પ્રતિમાનું દ્રષ્ટાન્ત આ સ્થાને ઘટી શકતું નથી. ( ઇત્યાદિ સવિસ્તર ચર્ચા આવ૦ નિર્યુક્તિથી જાણવી. )

अवतरण—હવે આ ગાથામાં ૫ વંદનીય સાધુનું ૪ થું દ્વાર કહેવાય છે—

**आयरिय उवज्झाए, पवत्ति थेरे तहेव रायणिए ।**
**किइकम्म निज्जरट्ठा, कायव्वमिमेसि पंचण्हं ॥ १३ ॥**

શબ્દાર્થઃ—

निज्जर=નિર્જરાને
अट्ठा=અર્થે, માટે,
इमेसि=એ (એઓને).

**गाथार्थ**—આચાર્ય-ઉપાધ્યાય-પ્રવર્તક-સ્થવિર-તેમજ રાત્નિક એ પાંચને નિર્જરાને અર્થે વંદન કરવું ॥ ૧૩ ॥

**भावार्थः**—ગણના નાયક તથા સૂત્ર અર્થ બન્નેના જાણ અને અર્થની વાચના આપે તે **आचार्य**, તથા ગણના નાયક થવાને યોગ્ય (નાયક સરખા), સૂત્ર અર્થ બન્નેના જાણ પરન્તુ વાચના સૂત્રની આપે તે **उपाध्याय**, સાધુઓને ક્રિયાકાંડ વિગેરેમાં પ્રવર્તાવે તે **प्रवर्तक**, મુનિમાર્ગથી ખેદ પામતા અને પતિતપરિણામી થતા સાધુઓને અથવા પ્રવર્તકે સાધુને જે માર્ગમાં પ્રવર્તાવેલા હોય તે સાધુઓ પાછા તે માર્ગથી ખેદ પામી પતિતપરિણામી થતા હોય તો તેઓને ઉપદેશાદિ વડે તે માર્ગમાં સ્થિર કરે તે અથવા વૃદ્ધાવસ્થાવાળા હોય તે **स्थविर**, અને *પર્યાયમાં વડીલ હોય તે **रात्निक** અથવા **रत्नाधिक** કહેવાય. તેમજ [1]**गणावच्छेदक** પણ કહેવાય.

એ પાંચેમાં આચાર્યાદિ ચાર[2] દીક્ષાપર્યાય વડે ન્યૂન હોય

* જ્ઞાનપર્યાય, દીક્ષાપર્યાય, અને વયપર્યાય એ ૩ પ્રકારના યથયોગ્ય પર્યાય જાણવા.

૧ આવ૦વૃત્તિમાં ગણાવચ્છેદકને (ગણીને) સ્થવિર સાથે ગણ્યા છે, અને ભાષ્યની અવચૂરિમાં રત્નાધિકનુંજ બીજું નામ ગણાવચ્છેદક કહ્યું છે, ત્યાં ગચ્છના કાર્ય માટે ક્ષેત્ર ઉપધિ આદિકના લાભાર્થે વિચરનાર અને સૂત્ર તથા અર્થ બન્નેને જાણનાર તે **गणावच्छेदक** કહેવાય.

૨ જો કે રત્ન એટલે દર્શન જ્ઞાન અને ચારિત્ર ( એ ૩ રત્ન )માં અધિક હોય તે રત્નાધિક કહેવાય, પરન્તુ અહિં ચારિત્રપર્યાયમાં જ્યેષ્ટ

તો પણ તેઓને દ્વાદશાવર્ત્તવંદન કર્મની નિર્જરા માટે કરવું જોઈએ; તેમજ એ પાંચને અનુક્રમે વંદન કરવું. કેટલાએક આચાર્યો એમ પણ કહે છે કે-સર્વથી પ્રથમ આચાર્યને, અને ત્યારબાદ રત્નાધિકપણાની યોગ્ય મર્યાદાવડે અનુક્રમે વંદન કરવું એટલે દીક્ષાપર્યાય અધિક હોય તેને પહેલું વંદન કરવું. ( આવ૦ નિ૦ વૃત્તિ )

---

**अवतरण**—હવે વંદન કોણે ન કરવું, એટલે વંદના કોની પાસે ન કરાવવી ? તે કહેવાનું (=૪ જણ પાસે વંદન ન કરાવવા સંબંધિ) ૫ મું દ્વાર આ ગાથામાં દર્શાવાય છે. તથા ૪ જણે વંદના કરવી તે સંબંધિ ૬ ઠ્ઠું દ્વાર પણ દર્શાવાય છે.

**माय-पिय-जिट्ठभाया,-ओमावि तहेव सव्वरायणिए ।**
**किइकम्म न कारिज्जा, चउ समणाई कुणंति पुणो१४॥**

**શબ્દાર્થ:—**

**ओम**=અવમ, વયાદિકમાં લઘુ
**अवि**=તો પણ અથવા [1]માતામહ પિતામહ વિગેરે (ના ગ્રહણ માટે અપિ શબ્દ છે.)
**कारिज्जा**=(વંદન) કરાવવું.

**ગાથાર્થ:**—દીક્ષિત માતા, દીક્ષિત પિતા, દીક્ષિત જ્યેષ્ઠભાઈ (મોટોભાઇ) વિગેરે, તેમજ વયમાં લઘુ હોય છતાં પણ સર્વે

---

તે રત્નાધિક એવો અર્થ મુખ્ય હોવાથી રત્નાધિકને " દીક્ષાપર્યાય વડે ન્યૂન હોય તો પણ (વાંદવા)" એ અર્થ સંગત નથી, કારણ કે રત્નાધિક તો દીક્ષાપર્યાયવડે અધિક જ હોય એમ અહિં ગણેલું છે માટે દીક્ષાપર્યાય વડે ન્યૂન એવા ચાર કહ્યા છે.

૧ માતામહ વિગેરેનું ગ્રહણ આવ૦વૃત્તિમાં ( अवि= ) अपि શબ્દથી કર્યું છે, અને અવચૂરિમાં માતાપિતાના ઉપલક્ષણથી કર્યું છે, [એટલે માતપિતા કહેવાથી માતામહ ( =માતાના બાપ ) પિતામહ (બાપના બાપ) વિગેરે પાસે પણ વંદન ન કરાવવું ].

રત્નાધિક ( જ્ઞાનાદિ ગુણવડે અધિક ) એ ચાર જણ પાસે મુનિએ વંદના ન કરાવવી, પરન્તુ એ ૪ સિવાયના શેષ શ્રમણ આદિક ( સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા ) પાસે વંદના કરાવવી, એટલે સાધુ આદિક [1]ચારેએ વંદના કરવી. ॥ ૧૪ ॥ એ ૫ મું તથા ૬ ઠું દ્વાર કહ્યું.

**भावार्थ**—ગાથાર્થવત્ સુગમ છે, પરન્તુ વિશેષ એ છે કે-સાધુ થયેલ માતપિતા અને જ્યેષ્ઠભાઇ વિગેરે પાસે ( માતામહ પિતામહ વિગેરે ) પાસે વંદના ન કરાવવી પરન્તુ ગૃહસ્થપણામાં રહેલા માતાદિક પાસે વંદના કરાવવી. તથા જ્ઞાનાદિ ગુણમાં અધિક એવા રત્નાધિક લઘુ હોય છતાં પણ વંદના ન કરાવવી તે જ્ઞાનાદિ ગુણનું બહુમાન છે, અને તે ઉચિત વ્યવહાર છે.

---

**अवतरण**—હવે આ ગાથામાં પાંચ સ્થાને વંદના ન કરવી તે પાંચ નિષેધસ્થાન સંબંધિ ૭ મું દ્વાર કહે છે.

**विक्खित्त-पराहुत्ते, [2]अ पमत्ते, मा कयाइ वंदिज्जा।**
**आहारं नीहारं, कुणमाणे काउकामे अ ॥ १५ ॥**

શબ્દાર્થઃ—

| | |
|---|---|
| **विक्खित्त**=વ્યાક્ષિપ્ત-વ્યગ્રચિત્ત | **कयाइ**=કદાચિત્, કદી પણ |
| **पराहुत्ते**=પરાઙ્મુખ હોય | **कुणमाणे**=કરતા હોય |
| **पमत्ते**=પ્રમાદમાં હોય | **काउकामे**=કરવાની ઇચ્છાવાળા હોય. |

**गाथार्थ**—ગુરૂ જ્યારે વ્યગ્ર ( કોઇ ધર્મ કાર્યની ચિંતામાં વ્યાકુળ ) ચિત્તવાળા હોય, પરાઙ્મુખ ( એટલે સન્મુખ ન

---

૧ આવ૦ નિર્યુક્તિમાં વંદના કરનાર (વંદન દાતા) સાધુજ હોય એમ કહ્યું છે તે સાધુ સામાચારીને અંગે સંભવે છે.

૨ અવચૂરિ આદિ પ્રતોમાં પણ એ ખૂટતો अ કાર આવ૦ નિર્યુક્તિમાંથી લીધો છે.

બેઠેલા ) હોય, ક્રોધ નિંદ્રા વિગેરે પ્રમાદમાં વર્તતા હોય, આહાર નિહાર કરતા હોય તેમજ કરવાની ઇચ્છાવાળા હોય ત્યારે કદી પણ વંદના ન કરવી, ॥ ૧૫ ॥

भावार्थ—ગાથાર્થવત્ સુગમ છે, પરન્તુ વિશેષ એ છે કે-એ પાંચ વખતે વંદના કરવાથી અનુક્રમે ધર્મનો અન્તરાય, વંદનનું અનવધારણ (=અલક્ષ્ય), ક્રોધ, આહારનો અન્તરાય અને નિહારનું અનિર્ગમન ( લઘુનીતિ વડીનીતિ બરાબર ઉતરે નહિ તે ) ઇત્યાદિ દોષ પ્રાપ્ત થાય છે. ( આવ૦ વૃત્તિ )

---

अवतरण-આ ગાથામાં ગુરૂને ૪ સ્થાનકે ( પ્રસંગે ) વાંદણાં દેવારૂપ ચાર અનિષેધસ્થાનનું ૮ મું द्वार કહે છે.

**पसंते आसणत्थे अ, उवसंते उवट्ठिए ।**
**अणुन्नवित्तु मेहावी, किइकम्मं पउंजइ ॥ १६ ॥**

શબ્દાર્થઃ—

| | |
|---|---|
| उवट्ठिए=ઉપસ્થિત, | मेहावि=બુદ્ધિમાન |
| अणुन्नवित्तु=અનુજ્ઞા માગીને | पउजइ=પ્રયોજે, કરે. |

गाथार्थ—ગુરૂ જ્યારે પ્રશાન્ત (અવ્યગ્ર) ચિત્તવાળા હોય, આસન ઉપર બેઠેલા હોય, ઉપશાન્ત ( ક્રોધાદિ રહિત ) હોય, અને વંદન વખતે શિષ્યને "છંદેણ" ઈત્યાદિ વચન કહેવા માટે ઉપસ્થિત-ઉદ્યત (તત્પર) હોય ત્યારે ( એ ૪ પ્રસંગે ) બુદ્ધિમાન શિષ્ય ગુરૂની આજ્ઞા માગીને વંદન કરે ॥ ૧૬ ॥

भावार्थ—ગાથાર્થવત્ સુગમ છે,

---

अवतरण—હવે ૮ કારણે વંદના કરવાનું ૯ મું द्वार કહેવાય છે.—

**पडिकमणे सज्झाए, काउस्सग्गा-वराह-पाहुणए ।**
**आलोयण-संवरणे, उत्तम(अ)ट्ठे य वंदणयं ॥ १७ ॥**

શબ્દાર્થઃ--ગાથાર્થને અનુસારે.

**ગાથાર્થઃ**—પ્રતિક્રમણમાં (માટે), સ્વાધ્યાયમાં, કાઉસ્સગ્ગમાં, અપરાધ ખમાવવામાં, મોટા સાધુ પ્રાહુણા આવે તેમને, આલોચનામાં, સંવરમાં ( પ્રત્યાખ્યાન માટે), અને ઉત્તમ અર્થમાં ( એટલે સંલેખનાદિ માટે) ગુરૂને વંદન કરવું ॥ ૧૭ ॥

**ભાવાર્થઃ**—પ્રતિક્રમણમાં ચાર વાર બે બે વાંદણાં દેવાય છે તે **प्रतिक्रमण** માટે ગુરૂવંદન જાણવું. તથા ગુરૂ પાસે વાચના લેતી વખતે પ્રથમ ગુરૂને ૩ વાર વંદન કરવું તે **स्वाध्याय*** માટે જાણવું, તથા યોગોદ્વહન વખતે આયંબિલ છોડી નીવીનું પચ્ચખ્ખાણ કરવા માટે જે કાઉસ્સગ્ગ કરવાનો હોય છે તે કાઉસ્સગ્ગ કરવા પહેલાં ગુરૂને વંદન કરવું તે **काउस्सग्ग** માટે જાણવું. ગુરૂ પ્રત્યે થયેલો અપરાધ ખમાવવા માટે જે પ્રથમ ગુરૂવંદન કરવું તે **अपराध** માટે જાણવું, તથા વડીલ સાધુ પ્રાહુણા પધારે ત્યારે તે પ્રાહુણા સાધુને ( સંભોગિક અર્થાત્ સરખી સામાચારીવાળા હોય તો ગુરૂને પૂછીને અને અસંભોગિક હોય તો પ્રથમ ગુરૂને વંદના કરીને પૂછે, અને ગુરૂ આદેશ આપે તો) વંદના કરવી તે [1]**प्राहुणा** માટે જાણવું. તથા કોઇ અતિચાર અનાચારનું આલોચનાદિ પ્રાયશ્ચિત્ત અંગીકાર કરવું હોય ત્યારે ગુરૂને પ્રથમ વંદના કરવી તે **आलोचना** માટે જાણવું, વિહારગમન સમયે પણ જે વંદન તે *આ ભેદમાં અંતર્ગત થાય છે. તથા ઘણા આગારવાળા એકાશનાદિ પચ્ચખ્ખાણને ભોજન કર્યા બાદ ઓછા આગારવાળું કરવું તે દિવસચરિમ પચ્ચખ્ખાણરૂપ સંવર (=સંક્ષેપ), અથવા નમુક્કારસહિયં આદિ લઘુ પચ્ચખ્ખાણ બદલીને ઉપવાસાદિ મોટું પચ્ચખ્ખાણ કરવું તે

---

* પટ્ઠવણાનું પવેયણાનું અને પઠન બાદ કાળ વેળાનું ગુરુવંદન તે સ્વાધ્યાયનાં ૩ વંદન સાધુસામાચારીથી જાણવા યોગ્ય છે.

૧ એમાં પ્રાહુણા મુનિ લઘુ હોય તો તે પ્રાહુણા મુનિએજ વંદન કરવું, અને પ્રાહુણા જયેષ્ટ હોય તો પ્રાહુણાને તત્રસ્થ લઘુ મુનિઓએ વંદન કરવું એ બન્ને અર્થ છે. ( પ્રવ૦ સારો વૃત્તિ )

* आलोचनायां विहारापराधभेदभिन्नायां ઇતિ આવ૦ વૃત્તિ વચનાત્.

પણ સંવર (સંવરણ) કહેવાય, માટે તે સંવર એટલે પ્રત્યાખ્યાન કરવા પહેલાં ગુરૂને વંદના કરવી તે प्रत्याख्यान माटे જાણવું. તેમજ અનશન તથા સંલેખણા (રૂપ ઉત્તમ અર્થ) અંગીકાર કરવા માટે પ્રથમ ગુરૂવંદન કરવું તે उत्तमार्थ माटे જાણવું. એ પ્રમાણે ૮ કારણે ગુરૂને વંદન કરવું.

એમાં પ્રતિક્રમણનાં ૪ અને સ્વાધ્યાયનાં ૩ એ ૭ વંદન દિવસના પૂર્વાર્ધનાં તથા ઉત્તરાર્ધનાં મળી ૧૪ [1]ध्रुववंदन છે, કે જે દરરોજ કરવા યોગ્ય છે, અને શેષ કાયોત્સર્ગાદિકનાં વંદનો તેવા તેવા કારણ પ્રસંગે કરવાનાં હોવાથી अध्रुववंदनो છે,

---

अवतरण—હવે આ ગાથામાં ૨૫ (પચીસ) આવશ્યકનું ૧૦ મું द्वार કહેવાય છે.

**दोऽवणयमहाजायं, आवत्ता बार चउसिर तिगुत्तं ।**
**दुपवेसिगनिरकमणं, पणवीसावसय किइकम्मे ॥१८॥**

શબ્દાર્થઃ—

| | |
|---|---|
| अवणयं=અવનત, નમન | इग निरकमणं=૧ નિષ્ક્રમણ (નિકળવું) |
| अहाजायं=યથાજાત | पणवीस=પચીસ |
| आवत्ता=આવર્ત્ત. | आवसय=આવશ્યક |
| दु-पवेस=બે પ્રવેશ | |

गाथार्थ—૨ અવનત, ૧ યથાજાત, ૧૨ આવર્ત્ત, ૪ શીર્ષ, ૩ ગુપ્તિ, ૨ પ્રવેશ, અને ૧ નિષ્ક્રમણ (નિર્ગમન) એ પ્રમાણે દ્વાદશાવર્ત્તવંદનમાં ૨૫ આવશ્યક છે ॥ ૧૮ ॥

---

१ चत्तारि पडिक्कमणे, किइकम्मा तिन्नि हुंति सज्झाए ।
पुव्वन्हे अवरण्हे, किइकम्मा चउदस हवंति ॥આવ૦ નિ૦૧૨૦૧॥
एवमेतानि ध्रुवाणि प्रत्यहं कृतिकर्माणि चतुर्दश भवन्ति ઇતિ આવ૦ વૃત્તિ૦

**भावार्थ**—અવશ્ય કરવા યોગ્ય ક્રિયાઓ તે आवश्यक કહેવાય, તે અહિં ગુરુવંદનમાં વંદનસૂત્ર બોલતી વખતે પચીસ આવશ્યક સાચવવા યોગ્ય છે તે આ પ્રમાણે—

૨ अवनत–ગુરુ મહારાજને પોતાની વંદન કરવાની ઇચ્છા પ્રગટ જણાવવાને માટે इच्छामि खमासमणो वंदिउं जावणिज्जाए निसीहियाए એટલાં પાંચ પદ કહીને જે કિંચિત્ મસ્તક ( સહિત શરીર ) નમાવવું તે अवनत કહેવાય. તે પહેલા વંદન વખતે પહેલું અવનત, અને બીજીવારના વંદન વખતે બીજું અવનત પણ એજ પાંચ પદના ઉચ્ચાર પૂર્વક જાણવું.

૧ यथाजात—અહિં શિષ્ય यथा=જેવી રીતે जात એટલે જન્મ્યો હતો તેવા આકારવાળા થઇને ગુરુવંદન કરવું ( એટલે વાંદણાનો સૂત્રપાઠ બોલવો તે જન્મ સરખી મુદ્રા ) તે यथाजात આવશ્યક કહેવાય. ત્યાં જન્મ ૨ પ્રકારનો છે, એક સંસારમાયા રૂપી સ્ત્રીની કુક્ષીમાંથી (=સંસારમાંથી ) બહાર નિકળવું તે दीक्षाजन्म, અને બીજો માતાની કુક્ષિમાંથી બહાર નિકળવું તે भवजन्म. એ બન્ને જન્મનું અહિં પ્રયોજન છે તે આ પ્રમાણે-દીક્ષાજન્મ વખતે (=દીક્ષા લેતી વખતે) જેમ ચોલપટ્ટ ( કટિવસ્ત્ર), રજોહરણ (ઓઘો) અને મ્હોપત્તિ એ ૩ ઉપકરણ જ હતાં તેમ દ્વાદશાવર્ત્ત વંદન વખતે પણ એ ૩ જ ઉપકરણ રાખવાં, અને ભવજન્મ વખતે જેમ કપાળે લાગેલા બે હાથ સહિત જન્મ્યો હતો તેમ ગુરૂવંદન વખતે પણ શિષ્યે કપાળે બે હસ્ત લગાડી (અંજલી જોડી) વંદન કરવું તે બન્ને પ્રકારના જન્મના આકારવાળું અહિં ૧ यथाजात આવશ્યક જાણવું.

૧૨ आवर्त्त—( વંદન સૂત્રના અમુક પદોચ્ચાર પૂર્વક ગુરૂના ચરણપર તથા મસ્તકે હાથ સ્થાપવા-સ્પર્શાવવારૂપ જે ) કાયવ્યાપાર વિશેષ તે आवर्त्त કહેવાય. તે ૧૨ આવર્ત્ત પદોના નામથી આ પ્રમાણે—૧ अहो, ૨ कायं, ૩ काय संफासं, ૪ खमणिज्जो भे किलामो अप्पाकिलंताणं बहुसुभेण भे दिवसो वइक्कंतो जत्ता भे, ५ जवणि, ६ ज्जं च भे. એ પહેલા ૬* આવર્ત્ત પહેલા

---

* એ ૬ આવર્ત્તમાં પહેલા ત્રણ આવર્ત્ત " અહો કાયં કાય " એ પ્રમાણે બે બે અક્ષરના ગણવા, તેમાં પહેલા અક્ષરના ઉચ્ચાર વખતે

વંદન વખતે [1]અવગ્રહમાં પ્રવેશ કરીને કરવાના હોય છે, અને અવગ્રહમાંથી નિકળીને પુનઃ બીજા વંદન વખતે પણ અવગ્રહમાં પ્રવેશ કરીને એજ ૬ આવર્ત્ત બીજી વાર કરવાના હોવાથી ૧૨ આવર્ત્ત ગણાય છે.

૪ शीर्ष—અહિં શીર્ષ માત્ર કહેવાથી પણ ગુરૂ બે વાર કિંચિત્ મસ્તક નમાવે, તે ગુરૂનાં બે શીર્ષ, અને શિષ્ય બે વાર વિશેષ શીર્ષનમાવે ( બે વારसंफासं એ પદ બોલતી વખતે ) તે શિષ્યનાં બે શીર્ષવંદન, એ પ્રમાણે ૪ શીર્ષવંદન જાણવાં, એટલે જે વંદનમાં ૪ શીર્ષનમન હોય તે ૪ શીર્ષવંદન જાણવાં,

અહિં કેટલાક આચાર્યો બે ખામણા વખતનાં બે અને (બે) સંફાસં વખતનાં બે, એ રીતે ચારે શીર્ષનમન શિષ્યનાં ગણે છે, પરન્તુ ગુરૂનાં નહિં. પ્રસિદ્ધિમાં પણ શિષ્યનાં ૪ શીર્ષનમન આ મતાંતર પ્રમાણેજ ગણાય છે.

પ્રશ્નઃ—બે અવનતમાં પણ શીર્ષનમન છે, અને આ ચાર શીર્ષમાં પણ શીર્ષનમન છે તો એ બે આવશ્યકોમાં તફાવત શું ?

---

બે હથેલી ઉંધી કરી ગુરુના ચરણે લગાડવી, અને બીજા અક્ષરના ઉચ્ચાર વખતે બે હથેલી ચતી કરી પોતાના કપાળે લગાડવી, એવા પ્રકારની ત્રણ વાર હસ્તચેષ્ટા એજ પહેલા ૩ આવર્ત્ત ગણાય અને "સંફાસં" ના ઉચ્ચાર વખતે મસ્તક ગુરુના ચરણે નમાવવું. તથા બીજા ત્રણ આવર્ત્ત "જત્તા ભે, જવણિ, જ્જં ચ ભે" એ ત્રણ ત્રણ અક્ષરના ગણવા, તેમાં પહેલા અને ત્રીજા અક્ષરોચ્ચાર વખતે ઉપર કહ્યા પ્રમાણે કરવું, અને મધ્ય અક્ષરના ઉચ્ચાર વખતે ચતી કરેલી હથેલીઓને ગુરૂચરણથી પોતાના લલાટ દેશ તરફ લઇ જતાં માર્ગમાંજ (વચમાંજ) સહજ અટકાવવી, એટલે વિસામો આપવો, અહિં ત્રીજા આવર્ત્તમાં "સંફાસં" પદ અને ચોથા આવર્ત્તમાં ખમણિજ્જોથી વઇક્કંતો સુધીનાં પદ કાયવ્યાપાર પૂર્વક થતા આવર્ત્તમાં ગણાતાં નથી, તો પણ સૂત્રનો અસ્ખલિત સંબંધ દર્શાવવા માટે એ પદો આવર્ત્તોની સાથે આવશ્યક વૃત્તિ આદિમાં જેમ લખ્યાં છે તેમ અહિં પણ લખ્યાં છે, પરન્તુ આવર્ત્ત તો બે બે અને ત્રણ ત્રણ અક્ષરનાજ ગણવા.

૧ ગુરૂથી શિષ્યે ૩ાા હાથ દૂર રહેવું જોઈએ, તેથી તે ૩ાા હાથનું વચ્ચેનું આંતરૂ વા ક્ષેત્ર તે अवग्रह. તેમાં ગુરૂની આજ્ઞા માગીનેજ પ્રવેશ થઇ શકે.

ઉત્તર:—અવનત આવશ્યકમાં શિષ્યના શીર્ષનમનની અને તે પણ કિંચિત્ નમનની મુખ્યતા છે, અને શીર્ષ આવશ્યકમાં નમન કરતા સર્વ શીર્ષની તેમજ શિષ્યના વિશેષ શીર્ષ નમનની પણ મુખ્યતા છે, એ તફાવત છે.

અહિં खामेमि खमासमणो देवसियं वइक्कमं એ પદોના ઉચ્ચાર પૂર્વક શિષ્યના મસ્તકનું નમન તે ૧ શીષ્યશીર્ષ, અને अहमावि खामेमि तुमं એ પ્રમાણે બોલતા આચાર્યનું કિંચિત્ શીર્ષ નમન તે ૨ જું ગુરૂશીર્ષ, તે પહેલા વંદન વખતે અને તેવીજ રીતે બીજા વંદન વખતે પણ ૨ શીર્ષ ગણતાં ૪ શીર્ષ આવશ્યક ગણવાં. અથવા કોઇ સ્થાને એમ પણ ગણાય છે કે—संफासं પદોચ્ચાર વખતે શિષ્યનું સંપૂર્ણ (=ગુરૂના ચરણ સુધીનું નમન) તે ૧ શીર્ષનમન, અને खामेमि खमा० ઇત્યાદિ પૂર્વોક્ત પદોચ્ચાર વખતે પણ શિષ્યનુંજ તેવું ૨ જું શીર્ષનમન, તે પહેલા વંદનમાં અને બીજા વંદનમાં એમ બે વાર ગણતાં શીષ્યનાંજ ૪ શીર્ષ આવશ્યક ગણવાં.

गुप्ति—વંદન કરતી વખતે મનની એકાગ્રતા તે ૧ મન ગુપ્તિ, વંદન સૂત્રના અક્ષરોનો શુદ્ધ અને અસ્ખલિત ઉચ્ચાર તે ૨ વચનગુપ્તિ, અને કાયાવડે આવર્ત્ત વિગેરે ( સમ્યક્ પ્રકારે કરે પરન્તુ ) વિરાધે નહિ (=સદોષ ન કરે) તે ૩ કાયગુપ્તિ.

૨ प्रवेश—પહેલા વંદન વખતે ગુરૂની અનુજ્ઞા (આજ્ઞા) લઇને અવગ્રહમાં પ્રથમ [1]પ્રવેશ કરવો તે પહેલો પ્રવેશ, અને અવગ્રહમાંથી બહાર નિકળ્યા બાદ બીજા વંદન વખતે પણ આજ્ઞા માગીને પ્રવેશ કરવો તે બીજો પ્રવેશ.

૧ निष्क्रमण—અવગ્રહમાંથી બહાર નિકળવું તે નિષ્ક્રમણ આવશ્યક કહેવાય, અને તે બે વંદનમાં ( અથવા બે પ્રવેશમાં ) એક વખતજ હોય છે, કારણ કે પહેલી વારના વાંદણામાં અવગ્રહને વિષે પ્રવેશ કરીને ત્યારબાદ ૬ આવર્ત્ત કરીને आवस्सियाए

૧ વંદન વખતે આવર્ત્ત કરવા પહેલાં અવગ્રહથી બહારજ રહેવાનું હોય છે માટે બે વંદન વખતે બે વાર અવગ્રહમાં પ્રવેશ કરવાનો હોય છે.

એ પદ કહી તુર્ત અવગ્રહમાંથી બહાર નિકળીને ઉભા રહી શેષ સૂત્રપાઠ બોલવાનો હોય છે, અને બીજીવારના વાંદણા વખતે તો બીજીવાર પ્રવેશ કરીને બીજીવારના ૬ આવર્ત્ત કરી રહ્યા બાદ પણ અવગ્રહમાં રહીનેજ ઉભા થઇ સર્વ સૂત્રપાઠ બોલવાનો હોય છે, એવો વિધિમાર્ગ છે, જેથી પ્રવેશ બે વાર પરન્તુ નિકળવાનું તો એકવારજ હોય છે, પરન્તુ બીજીવાર નિકળવાનું હોતું નથી તે કારણથીજ आवस्सियाए એ પદ પણ બીજીવાર બોલવામાં આવતું નથી.

પ્રશ્નઃ—બીજીવારનું વંદનસૂત્ર સંપૂર્ણ બોલી રહ્યા પછી પણ અવગ્રહથી બહાર તો નિકળવુંજ જોઇએ, કારણ કે શિષ્યને અવગ્રહમાં વિના કારણે રહેવાની આજ્ઞા નથી, તો તે વખતે બીજું નિષ્ક્રમણ કેમ ન ગણાય ?

ઉત્તરઃ—એ બીજું નિષ્ક્રમણ દ્વાદશાવર્તવંદન કરવા માટે નથી, તેમજ દ્વાદશાવર્ત વંદનમાં વચગાળે પણ નથી તે કારણથી એ નિષ્ક્રમણ દ્વાદશાવર્ત્ત વંદનના આવશ્યક તરીકે ગણાય નહિં. એ પ્રમાણે દ્વાદશાવર્ત્ત વંદનમાં પચીસ આવશ્યકો અવશ્ય સાચવવા યોગ્ય જાણવાં.

---

**अवतरण**—પૂર્વ ગાથામાં કહેલા ૨૫ આવશ્યકોની વિરાધના કરવાથી વંદનનું ફળ ( કર્મ નિર્જરા ) ન થાય તે આ ગાથામાં કહે છે—

**किइकम्मंपि कुणंतो, न होइ किइकम्मनिज्जराभागी ।**
**पणवीसामन्नयरं, साहू ठाणं विराहंतो ॥ १९ ॥**

શબ્દાર્થઃ—

(अ)पि=પણ
कुणंतो=કરતો
पणवीसा=પચીસ ( આવશ્યક ) માંના
अन्नयरं=કોઇ એક પણ
ठाणं=સ્થાનને, આવશ્યકને

**ગાથાર્થ**—ગુરુવંદન કરતો એવો સાધુ ( અને ઉપલક્ષણથી સાધ્વી શ્રાવક અને શ્રાવિકા પણ ) એ પચીસ આવશ્યકોમાં કોઇ એક પણ આવશ્યકને વિરાધતો છતો ( જેમ તેમ કરતો છતો ) વંદનથી થતી કર્મ નિર્જરાના ફળનો ભાગી થતો નથી ( એટલે તેને કર્મની નિર્જરા ન થાય ). ॥ ૧૯ ॥

**भावार्थः**—ગાથાર્થવત્ સુગમ છે.

---

**अवतरणः**—હવે આ ગાથામાં મુહપત્તિની ૨૫ પડિલેહણાનું ૧૧ મું द्वार કહેવાય છે.

**दिट्ठिपडिलेह एगा, छ उड्ढ पप्फोड तिगतिगंतरिया ।**
**अरकोड पमज्जणया, नव नव मुहपत्ति पणवीसा २०**

શબ્દાર્થ—

दिट्ठि=દ્રષ્ટિની
पडिलेह=પડિલેહણા, પ્રતિલેખના
उड्ढ=ઊર્ધ્વ
पप्फोड=પપ્ફોડા, પ્રસ્ફોટક, ખંખેરવી, ઉંચી નીચી કરવી
तिगतिग=ત્રણ ત્રણને
अंतरिया=અંતરિત, આંતરે
अरकोड=અખોડા, આસ્ફોટક, આખોટક, અંદર લેવું.
पमज्जणया=પ્રમાર્જના, પખોડા. (ઘસીને કાઢવું)

**गाथार्थः**—૧ દ્રષ્ટિપડિલેહણા, ૬ ઉર્ધ્વ પપ્ફોડા, અને ત્રણ ત્રણને આંતરે ૯ અખોડા તથા ૯ પ્રમાર્જના ( એટલે ત્રણ ત્રણ અખોડાને આંતરે ત્રણ ત્રણ [1]પ્રમાર્જના અથવા ત્રણ ત્રણ પ્રમાર્જનાને આંતરે ત્રણ ત્રણ [2]અખોડા મળી ૯ અખોડા અને ૯ પ્રમાર્જના ), એ પ્રમાણે મુહપત્તિની ૨૫ પડિલેહણા જાણવી ॥ ૨૦ ॥

**भावार्थः**—ગુરુવંદન કરનાર ભવ્ય પ્રાણીએ પ્રથમ ખમા-

---

૧ ઈતિ અવચૂરિઃ

૨ ઇતિ પ્રવ૦ સારો૦ વૃત્તિઃ, અને ધર્મસંગ્રહવૃત્તિઃ

સમણુ દઇ ગુરુની આજ્ઞા માગી પગના [3]ઉત્કટિક આસનથી બેસીને મૌનપણે મુહપત્તિની ૨૫ પડિલેહણા બે હાથને બે પગના આંતરામાં રાખી કરવી, તે ૨૫ પડિલેહણા આ પ્રમાણે—

**१ द्रष्टि पडिलेहणा**—મુહપત્તિનાં પડ ઉખેડી દ્રષ્ટિ સન્મુખ તીચ્છીં વિસ્તારીને દ્રષ્ટિ સન્મુખ રહેલું પહેલું પાસું દ્રષ્ટિથી બરાબર તપાસવું, તેમાં જો કોઇ જીવજંતુ માલૂમ પડે તો તેને જયણા પૂર્વક યોગ્ય સ્થાને મૂકવો. ત્યારબાદ મુહપત્તિનો બે હાથે ધરેલો ઉપલો ભાગ ડાબા હાથ ઉપર (જમણા હાથવડે) નાખીને બીજું પાસું એવી રીતે બદલી નાખવું કે પ્રથમ ડાબા હાથમાં ધરેલો=દાબેલો ખૂણો જમણા હાથમાં આવે, અને બીજું પાસું દ્રષ્ટિ સન્મુખ થઇ જાય, ત્યારબાદ તે દ્રષ્ટિ સન્મુખ થયેલા બીજા પાસાને પણ પહેલા પાસાવત્ દ્રષ્ટિથી તપાસવું. એ પ્રમાણે, મહોપત્તિનાં બે પાસાં દ્રષ્ટિથી તપાસવાં તે દ્રષ્ટિપડિલેહણા જાણવી.

**६ उर्ध्व पप्फोडा ( =६ पुरिम )**—બીજા પાસાની દ્રષ્ટિ પડિલેહણા કરીને તે [1]ऊर्ध्व એટલે તીચ્છીં વિસ્તારેલી એવી મ્હોપત્તિનો પ્રથમ ડાબા હાથ તરફનો ભાગ ત્રણ વાર ખંખેરવો અથવા નચાવવો તે પહેલા ૩ [2]पुरिम કહેવાય, ત્યારબાદ (દ્રષ્ટિ પડિલેહણામાં કહ્યા પ્રમાણે ) મ્હોપત્તિનું બીજું પાસું બદલીને અને દ્રષ્ટિથી તપાસીને જમણા હાથ તરફનો ભાગ ત્રણ વાર ખંખેરવો અથવા નચાવવો તે બીજા ३ पुरिम ગણાય, એ પ્રમાણે કરેલા ૬ પુરિમ તેજ ૬ ઉર્ધ્વપપ્ફોડા અથવા ૬ ઉર્ધ્વપ્રસ્ફોટક કહેવાય.

---

૩ બે પગ વાળી બન્ને ઘુંટણ ઉંચા રહે તેવી રીતે ઉભા પગે ભૂમિથી અધર બેસવું તે અહિં ઉક્કુડુ આસન અથવા ઉત્કટિકાસન જાણવું, અને મુહપત્તિપડિલેહણ વખતે બે હાથને બે પગની વચ્ચે રાખવા.

૧ ઉત્કટિકાસને બેસવું તે **कायोर्ध्व** અને મુહપત્તિનો તીચ્છોં વિસ્તાર તે **वस्त्रोर्ध्व** એમ બન્ને પ્રકારની ઉર્ધ્વતા અહિં ગણાય.

૨ મહોપત્તિને તીચ્છીં વિસ્તારીને જે પુરિમ એટલે પૂર્વક્રિયા-પ્રથમ ક્રિયા કરવામાં આવે છે તે **पुरिम** કહેવાય.

૯ अक्खोडा—ઉપર કહ્યા પ્રમાણે પુરિમ થઈ ગયા બાદ મુહપત્તિનો મધ્યભાગ ડાબા હાથ ઉપર નાખીને ઘડી વાળો મધ્યભાગનો છેડો જમણા હાથે એવી રીતે ખેંચી લેવો કે જેથી બરાબર બે પડની ઘડી વળી જાય, અને ( તે બે પડવાળી થયેલી મુહપત્તિ ) દ્રષ્ટિ સન્મુખ આવી જાય. ત્યારબાદ તુર્ત તેના ત્રણ ( અથવા બે ) [૧]વધૂટક કરીને જમણા હાથની ચાર અંગુલીઓના ત્રણ આંતરામાં ભરાવવા-દાબવા, અને તેવી રીતે ત્રણ વધૂટક કરેલી મુહપત્તિને ડાબા હાથની હથેલી ઉપર હથેલીને ન અડે-ન સ્પર્શે તેવી રીતે પ્રથમ ત્રણ વાર ખંખેરવા પૂર્વક કાંડા સુધી લઈ જવી, અને એ પ્રમાણે ત્રણ વખત વચ્ચે વચ્ચે આગળ કહેવાતા પખ્ખોડા કરવા પૂર્વક ત્રણ ત્રણવાર અંદર લેવી તે ૯ અખ્ખોડા અથવા ૯ આખોટક અથવા ૯ આસ્ફોટક કહેવાય. ( તેમાં ગ્રહણ કરવાનું હોવાથી ખંખેરવાનું નથી. )

૯ प्रमार्जना (परकोडा)—ઉપર કહ્યા પ્રમાણે પહેલીવાર કાંડા તરફ ચઢતાં ત્રણ અખ્ખોડા કરીને નીચે ઉતરતી વખતે હથેલીને મુહપત્તિ અડે-સ્પર્શે એવી રીતે (મુહપત્તિવડે) ત્રણ ઘસરકા ડાબી હથેલીને કરવા તે પહેલી ૩ પ્રમાર્જના. ત્યારબાદ ( કાંડા તરફ ચઢતાં ૩ અખ્ખોડા કરી ) બીજી વાર ઉતરતાં ૩ પ્રમાર્જના, અને એજ પ્રમાણે ( વચ્ચે ૩ અખ્ખોડા કરીને ) પુનઃ ત્રીજી વખત ૩ પ્રમાર્જના કરવી તે ૯ પ્રમાર્જના. અથવા ૯ પખ્ખોડા અથવા ૯ પ્રસ્ફોટક કહેવાય. ( ઉપર કહેલા ૬ પ્રસ્ફોટક તે આથી જૂદા જાણવા, કારણ કે વિશેષતઃ એ ૬ ઉર્ધ્વપપ્ફોડા અથવા ૬ પુરિમ કહેવાય છે, પરન્તુ પ્રસિદ્ધિમાં જે ૯ પખ્ખોડા ગણાય છે તે તો આ ૯ પ્રમાર્જનાનું નામ છે ).

---

૧ વધૂ એટલે સ્ત્રી જેમ લજ્જાવડે શીર્ષનું વસ્ત્ર મુખ આગળ લટકતું-લંબાયમાન રાખે છે, તેમ મુહપત્તિના ૩ વળને ચાર અંગુલીઓના ૩ આંતરામાં ભરાવી-દબાવી નીચે ઝુલતા-લંબાયમાન રાખવા તે ३ **वधूटक** કહેવાય. શ્રી પ્રવ૦ સારો૦ વૃત્તિમાં બે વધૂટક પણ કરવા કહ્યા છે, પરન્તુ તે પ્રચલિત નથી.

એ ૯ અખ્ખોડા અને ૯ પખ્ખોડા तिगतिग अंतरिया એટલે પરસ્પર ત્રણ ત્રણને આંતરે થાય છે, તે આ પ્રમાણે-પ્રથમ હથેલીએ ચઢતા ૩ અખ્ખોડા કરવા, ત્યારબાદ હથેલી ઉપરથી ઉતરતા ૩ પખ્ખોડા કરવા, ત્યારબાદ પુન: ૩ અખ્ખોડા, પુન: ૩ પખ્ખોડા, પુન: ૩ અખ્ખોડા, અને પુન: ૩ પખ્ખોડા એ અનુક્રમે ૯ અખ્ખોડા અને ૯ પખ્ખોડા પરસ્પર અંતરિત ગણાય છે, અથવા "*અખ્ખોડાના આંતરે પખ્ખોડા" એમ પણ ગણાય છે.

એ પ્રમાણે અહિં મુહપત્તિની ૨૫ પડિલેહણા ગ્રંથ વધવાના ભયથી અત્યંત સંક્ષિપ્ત રીતે કહી છે, માટે વિસ્તારાર્થીએ અન્ય ગ્રંથોથી તેમજ ચાલુ ગુરુસંપ્રદાયથી પણ વિશેષ વિધિ અવશ્ય જાણવી, કારણ કે સંપ્રદાયથી વિધિ જાણ્યા અથવા જોયા વિના મુહપત્તિની યથાર્થ પડિલેહણા કરી શકાય નહિ. તથા મુહપત્તિની પડિલેહણા વખતે ૨૫ બોલ પણ ( સ્પષ્ટ ઉચ્ચારથી બોલવા નહિં પરન્તુ ) મનમાં ચિંતવવાના કહ્યા છે. ॥ इति [1]मुहपत्तिनी २५ पडिलेहणा ॥

---

* પ્રવ૦ સારો૦ વૃત્તિ તથા ધર્મસંગ્રહ વૃત્તિમાં પખ્ખોડાના આંતરે અખ્ખોડા કહ્યા છે. તો પણ અખ્ખોડાના આંતરે પખ્ખોડા કહેવામાં પણ વિરોધ નથી, કારણ કે પ્રારંભથી ગણીએ તો અખ્ખોડાના આંતરે પખ્ખોડા, અને છેડેથી ગણતાં પખ્ખોડાના આંતરે અખ્ખોડા અને સામુદાયિક ગણતાં પરસ્પર અંતરિત ગણાય.

૧ મુહપત્તિ શ્વેત વસ્ત્રની ૧ વેંત ૪ અંગુલ પ્રમાણની સમચોરસ જોઈએ, અને તેનો ૧ છેડો ( ચાલુ રીતિ પ્રમાણે ) બંધાયલી કોરવાળો જોઈએ, તે કોરવાળો ભાગ જમણા હાથ તરફ રહે એવી રીતે પહેલી બરાબર અર્ધભાગની ૧ ઘડી વાળીને પુન: બીજી ઘડી ઉપલા ભાગમાં આશરે બે અંગુલ પહોળી દ્રષ્ટિ સન્મુખ પાડવી, જેથી ઉપર બે અંગુલ જેટલા ભાગમાં ૪ પડ અને નીચે ચાર અંગુલ જેટલા ભાગમાં બે પડ થાય.

તથા ચરવળો દશીઓ સહિત ૩૨ અંગુલ રાખવો, જેમાં ૨૪ અંગુલની દાંડી અને ૮ અંગુલની દશીઓ હોય.

મુહપત્તિની ક્રમવાર ૨૫ પડિલેહણા વખતે ક્રમવાર ચિંતવવા યોગ્ય બોલ આ પ્રમાણે—

| | કઈ પડિલેહણા વખતે ? | કયા બોલ ! |
| --- | --- | --- |
| ૧ | પહેલું પાસુ તપાસતાં | સૂત્ર, } ૧ બોલ |
| | બીજું પાસુ તપાસતાં | અર્થ-તત્ત્વ કરી સદ્દહું } |
| ૬ | પહેલા ૩ પુરિમ વખતે | સમકિત મોહનીય, મિશ્ર મો૦ મિથ્યાત્વ મો૦ પરિહરૂં (૩) |
| | બીજા ૩ પુરિમ વખતે | કામરાગ-સ્નેહરાગ-દ્રષ્ટિ રાગ પરિહરૂં (૩) |
| ૧૮ | પહેલા ૩ અખ્ખોડા કરતાં | સુદેવ-સુગુરૂ-સુધર્મ આદરૂં (૩) |
| | પહેલા ૩ પખ્ખોડા કરતાં | કુદેવ-કુગુરૂ-કુધર્મ પરિહરૂં (૩) |
| | બીજા ૩ અખ્ખોડા કરતાં | જ્ઞાન-દર્શન-ચારિત્ર આદરૂં (૩) |
| | બીજા ૩ પખ્ખોડા કરતાં | જ્ઞાન-દર્શન-ચારિત્ર વિરાધના પરિહરૂં (૩) |
| | ત્રીજા ૩ અખ્ખોડા કરતાં | મનગુપ્તિ-વચનગુપ્તિ-કાયગુપ્તિ આદરૂં (૩) |
| | ત્રીજા ૩ પખ્ખોડા કરતાં | મનદંડ-વચનદંડ-કાયદંડ પરિહરૂં (૩) |

---

**अवतरण**—હવે આ ગાથામાં શરીરની પચીસ પડિલેહણાનું ૧૨ મું દ્વાર કહે છે.

**पायाहिणेण तिय तिय, वामेयरबाहु-सीस-मुह-हियए ।**
**अंसुड्ढाहो पिट्ठे, चउ छप्पय देहपणवीसा ॥ २१ ॥**

શબ્દાર્થ:—

**पायाहिणेण**=પ્રદક્ષિણા પ્રમાણે
**वाम**=ડાબો
**इयर**=જમણો (ડાબાથીઇતર)
**बाहु**=હાથ
**हियए**=હૃદય ઉપર
**अंस**=ખભો
**उड्ढ**=ઊર્ધ્વ, ઉપર
**अहो**=નીચે

**ગાથાર્થ**—પ્રદક્ષિણાના ક્રમે પ્રથમ ડાબા હાથની, ત્યારબાદ જમણા હાથની, મસ્તકની, મુખની અને હૃદય (છાતી)ની ત્રણ ત્રણ પડિલેહણા કરવી, ત્યારબાદ બન્ને ખભાની ઉપર તથા નીચે પીઠની પ્રમાર્જના કરવી તે ૪ પડિલેહણા [1]પીઠની અને ત્યારબાદ ૬ પડિલેહણા બે પગની; એ પ્રમાણે શરીરની પચીસ પડિલેહણા જાણવી ॥ ૨૧ ॥

## ॥ પુરુષના શરીરની ૨૫ પડિલેહણા ॥

**ભાવાર્થઃ**—જમણા હાથમાં વધૂટક કરેલી મુહપત્તિ વડે પ્રથમ ડાબા હાથના મધ્ય જમણા અને ડાબા ભાગને અનુક્રમે પ્રમાર્જવો તે વામભુજાની ૩ પડિલેહણા જાણવી, ત્યારબાદ મુહપત્તિને ડાબા હાથમાં વધૂટક કરી જમણા હાથની (ડાબા હાથની જેમ) ત્રણ પ્રમાર્જના કરવી તે દક્ષિણભુજાની ૩ પડિલેહણા, ત્યારબાદ વધૂટક છૂટા કરી દઇ બે હાથથી બે છેડે ગ્રહણ કરેલી મુહપત્તિ વડે મસ્તકના મધ્ય દક્ષિણ (જમણા) અને વામ (ડાબા) ભાગને અનુક્રમે પ્રમાર્જવા તે શીર્ષની ૩ પડિલેહણા. ત્યારબાદ એજ ક્રમ પ્રમાણે મુખની ૩ તથા હૃદયની ૩ મળી પાંચ અંગની ૧૫ પડિલેહણા થઇ.

ત્યારબાદ મુહપત્તિને જમણા હાથમાં લઇ જમણા ખભા ઉપરથી ફેરવીને વાંસાનો—પીઠનો જમણો ભાગ (=જમણાનો ઉપલો ભાગ) પ્રમાર્જવો તે પીઠની પહેલી પડિલેહણા જાણવી. ત્યારબાદ મુહપત્તિને ડાબા હાથમાં લઇ ડાબા ખભા ઉપરથી ફેરવી પીઠનો ડાબો ભાગ (=ડાબા વાંસાનો ઊપરલો ભાગ) પ્રમાર્જવો તે પીઠની બીજી પડિલેહણા જાણવી. ત્યારબાદ તેજ ડાબા હાથમાં રાખેલી મુહપત્તિને જમણા હાથની કક્ષા (=જમણી કાખ) સ્થાને ફેરવીને જમણા વાંસાનો નીચેનો ભાગ પ્રમાર્જવો તે પીઠની અથવા ચાલુ રીતિ પ્રમાણે કાખની ત્રીજી પડિલેહણા જાણવી. ત્યારબાદ મુહપત્તિ જમણા હાથમાં લઇ ડાબી કક્ષા (કાખ)

૧ પીઠની એ ૪ પ્રમાર્જના પ્રસિદ્ધિમાં બે ખભાની અને બે કક્ષાની પડિલેહણા ગણાય છે, તેનું કારણકે મ્હોપત્તિને પ્રથમ ત્યાંથીજ ફેરવીને લઈ જવાની હોય છે માટે એવી પ્રસિદ્ધિ સંભવે છે.

ના સ્થાને ફેરવી ડાબા વાંસાની નીચેનો ભાગ પ્રમાર્જવો. એ પ્રમાણે પીઠની વાંસાની ૪ પ્રમાર્જના થઇ. એ ૪ પડિલેહણાને ૨ ખભાની અને ૨ પીઠની પડિલેહણા ગણવાનો વ્યવહાર પ્રસિદ્ધ છે.

ત્યારબાદ ચરવલા અથવા ઓઘા વડે પ્રથમ જમણા પગનો મધ્યભાગ-જમણો ભાગ-ડાબો ભાગ અનુક્રમે પ્રમાર્જવો, ત્યારબાદ એજ રીતે ડાબા પગની પણ ૩ પ્રમાર્જના કરવી. એ પ્રમાણે બે પગની ૬ પ્રમાર્જના થઈ, જેથી સર્વ મળી શરીરની ૨૫ પડિલેહણા કરવી. ( શ્રી પ્રવ૦ સારો૦ વૃત્તિમાં તો પગની ૬ પડિલેહણા મુહપત્તિથી કરવાની કહી છે પરન્તુ મુખ આગળ રાખવાની મુહપત્તિને પગે અડાડવી યોગ્ય ન હોવાથી ઓઘા અથવા ચરવળા વડેજ પગની પડિલેહણા કરવાનો વ્યવહાર છે. )

## ॥ સ્ત્રીના શરીરની ૧૫ પડિલેહણા ॥

સ્ત્રીઓનું હૃદય, તથા શીર્ષ, તથા ખભા વસ્ત્રવડે સદા આવૃત્ત ( ઢાંકેલા ) હોય છે, માટે તે ત્રણ અંગની ( અનુક્રમે ૩-૩-૪=) ૧૦ પડિલેહણા હોય નહિ, માટે શેષ (=બે હાથની ૩-૩, મુખની ૩, અને બે પગની ૩-૩ એ ) ૧૫ પડિલેહણા સ્ત્રીઓના શરીરની હોય છે, તેમાં પણ પ્રતિક્રમણ વખતે સાધ્વીજીનું શીર્ષ ખુલ્લું રહેવાનો વ્યવહાર હોવાથી ૩ શીર્ષ પડિલેહણા સહ ૧૮ [1]પડિલેહણા સાધ્વીજીને હોય છે).

એ શરીરની પચીસ પડિલેહણા વખતે પણ પચીસ *બોલ મનમાં ચિંતવવાના કહ્યા છે.

---

૧ પ્રવૃત્તિમાં તેવો વ્યવહાર દેખાય છે. પ્રવ૦ સારો૦ અને ધર્મ સં૦ ની વૃત્તિમાં તો સાધ્વીજીની ૧૮ પડિલેહણા કહી નથી, ફક્ત સ્ત્રીની ૧૫ પડિલેહણા કહી છે. પરન્તુ ભાષ્યના જ્ઞા૦ વિ૦ સૂ૦ કૃત બાલાવબોધમાં કહી છે.

* તે પચીસ બોલ આ પ્રમાણે અનુક્રમે જાણવા—

**अवतरण:**—પૂર્વે કહેલાં પચીસ આવશ્યક વિગેરે વિધિ પૂર્વક કરવાથી શું ફળ થાય ? તે આ ગાથામાં દર્શાવે છે—

**आवस्सएसु जह जह, कुणइ पयत्तं अहीणमइरित्तं।**
**तिविहकरणोवउत्तो, तह तह से निज्जरा होइ ॥२२॥**

**શબ્દાર્થ:**—

| | |
|---|---|
| **अहीण**=અહીન, સંપૂર્ણ, અન્યૂન. | **उवउत्तो**=ઉપયોગ વાળો |
| (अ) **अइरित्तं**=અધિક (નહિ). | **से**=તેને |

**ગાથાર્થ:**—જે જીવ ગુરુવંદનનાં પચીસ આવશ્યકોને વિષે (તેમજ ઉપલક્ષણથી મુહપત્તિની અને શરીરની પણ પચીસ પચીસ પડિલેહણાને વિષે) ત્રણે પ્રકારના કરણ વડે (મન વચન કાયા વડે) ઉપયુક્ત-ઉપયોગવાળો થઇને જેમ જેમ અન્યૂનાધિક

---

| | |
|---|---|
| (૩) ડાબા હાથના ૩ ભાગ પડિલેહતાં | (૩) હાસ્ય-રતિ-અરતિ પરિહરૂં |
| (૩) જમણા હાથના ,, ,, | (૩) ભય-શોક-દુગંછા પરિહરૂં |
| (૩) મસ્તકના ,, ,, | (૩) કૃષ્ણ લેશ્યા-નીલ લેશ્યા-કાપોતલે૦ પરિહરૂં |
| (૩) મુખ ઉપરના ,, ,, | (૩) રસગારવ-ઋદ્ધિગારવ-શાતા ગા૦ પરિહરૂં |
| (૩) હૃદયના ,, ,, | (૩) માયાશલ્ય-નિયાણશ૦-મિથ્યાત્વશ૦ પરિહરૂં |
| (૪) ૨ ખભા ને ૨ પીઠ મળી ૪ ભાગ,, | (૪) ક્રોધ—માન—માયા—લોભ પરિહરૂં |
| (૩) જમણા પગના ૩ ભાગ ,, | (૩) પૃથ્વીકાય-અપ્કાય-તેઉકાયની રક્ષા કરૂં. |
| (૩) ડાબા પગના ,, ,, | (૩) વાયુકાય-વનસ્પતિકાય-ત્રસ કાયની જયણા કરૂં. |
| ૨૫ | ૨૫ બોલ. |

(ન્યૂન નહિ તેમ અધિકપણું[1] નહિ એવો યથાવિધિ ) પ્રયત્ન કરે તેમ તેમ તે જીવને કર્મની(ઘણી)અધિક અધિક નિર્જરા થાય (અને ઉપયોગ રહિત અવિધિએ હીનાધિક કરે તો તે મુનિ પણ વિરાધક જાણવા ) ॥૨૨॥

**ભાવાર્થ**:—ગાથાર્થવત્ સુગમ છે.

---

**અવતરણ**:—હવે આ ૩ ગાથામાં ગુરુવંદનમાં (દ્વાદશાવર્ત્ત વંદનમાં) ટાળવા યોગ્ય ૩૨ દોષનું ૧૩ મું દ્વાર કહેવાય છે—

**दोस अणाढिय[१] थड्ढिय[२], पविद्ध[३] परिपिंडियं[४] च टोलगइं[५] ।**
**अंकुस[६] कच्छभरिंगिय[७], मच्छुव्वत्तं[८] मणपउट्ठं[९] ॥२३॥**
**वेइयबध्ध[१०] भयंतं[११], भय[१२] गारव[१३] मित्त[१४] कारणा[१५] तिन्नं[१६] ।**
**पडणीय[१७] रुट्ठ[१८] तज्जिय[१९], सढ[२०] हीलिय[२१] विपलिउंचिययं[२२]॥२४॥**
**दिट्ठमदिट्ठं[२३] सिंगं[२४], कर[२५] तम्मोअण[२६] अलिद्धणालिद्धं[२७] ।**
**ऊणं[२८] उत्तरचूलिअ[२९], मूअं[३०] ढड्ढर[३१] चुडलियं[३२] च ॥२५॥**

**શબ્દાર્થ**:—ગાથાર્થને અનુસારે

**ગાથાર્થ**:—અનાદત[૧] ( અનાદર ) દોષ-સ્તબ્ધ[૩] દોષ-પ્રવિદ્ધ[૩] દોષ-પરિપિંડિત[૪] દોષ-ટોલગતિ[૫] દોષ-અંકુશ[૬] દોષ-કચ્છપરિંગિત[૭] દોષ-મત્સ્યોદ્વૃત્ત[૮] દોષ-મનઃપ્રદુષ્ટ[૯] દોષ-વેદિકાબદ્ધ[૧૦] દોષ-ભજન્ત[૧૧]

---

૧ ધર્માનુષ્ઠાન તો જેટલું અધિક થાય તેટલું શ્રેષ્ઠજ ગણાય, એ વાત જો કે સત્ય છે, પરન્તુ તે અનિયત વિધિવાળા ધર્મકાર્યોને અંગે સમજવું, અને નિયત (મર્યાદિત) વિધિવાળા ધર્મકાર્યોમાં–ધર્માનુષ્ઠાનોમાં તો જે વિધિ મર્યાદિત કરી હોય તે વિધિથી કિંચિત્ ન્યૂનતા તેમજ કિંચિત્ અધિકતા પણ ન થવી જોઇએ, કારણ કે તેથી વિધિમાર્ગ અનવસ્થિત થતાં ધર્મનો પણ વિચ્છેદ થવાનો પ્રસંગ ઉપસ્થિત થાય.

દોષ-ભય[12] દોષ-ગારવ[13] (ગૌરવ) દોષ—મિત્ર[14] દોષ-કારણ[15] દોષ—સ્તેન[16] દોષ-પ્રત્યનીક[17] દોષ-રૂષ્ટ[18] દોષ-તર્જિત[19] દોષ-શઠ[20] દોષ-હીલિત[21] દોષ-વિપરિકુંચિત[22] દોષ-દ્રષ્ટાદ્રષ્ટ[23] દોષ-શૃંગ[24]દોષ-કર[25] દોષ-(તન્મોચન =) કર મોચન[26] દોષ—આશ્લિષ્ટ[27] અનાશ્લિષ્ટ દોષ-ઊન[28] દોષ-ઉત્તરચૂડ[29] (ઉત્તર ચૂલિકા) દોષ-મૂક[30] દોષ-ઢઢ્ઢર[31] દોષ-અને ચુડલિક[32] દોષ ( એ ૩૨ દોષ ટાળી ગુરુવંદન-દ્વાદશાવર્ત્ત વંદન કરવું) ॥૨૩॥૨૪॥૨૫॥

**भावार्थ**—ગુરૂવંદનમાં ટાળવા યોગ્ય ૩૨ દોષનું કિંચિત્ સ્વરૂપ કહેવાય છે તે આ પ્રમાણે—

૧ **अनादृत** (અનાદર)**दोष**—અનાદરપણે સંભ્રમ (એટલે ચિત્તાની ઉત્સુકતા) સહિત વંદન કરવું તે. (અહિં આઢા=આદર તે રહિત હોવાથી અણાઢિય દોષ કહેવાય છે.)

૨ **स्तब्ध दोष**—મદ ( જાતિમદ વિગેરે મદ ) વડે સ્તબ્ધ[1] —અક્કડ-અભિમાની થઈ વંદન કરે તે.

૩ **प्रविद्ध दोष**—વંદના અસ્થાને[2] છોડીને એટલે અધૂરી રાખીને ભાડતની[3] પેઠે નાસી જાય તે. આ દોષવાળું વંદન **अनुपचार वंदन** કહેવાય છે.

---

૧ વાયુ આદિકથી નહિ નમતું અંગ **द्रव्य स्तब्ध**, અને અભિમાનથી નહિ નમવું તે **भावस्तब्ध** તેના ૪ ભાંગા આ પ્રમાણે-(૧) દ્રવ્યથી સ્તબ્ધ-ભાવથી અસ્તબ્ધ, (૨) ભાવથી સ્તબ્ધ-દ્રવ્યથી અસ્તબ્ધ, (૩) દ્રવ્યથી સ્તબ્ધ-ભાવથી પણ સ્તબ્ધ, અને (૪) દ્રવ્યથી અસ્તબ્ધ અને ભાવથી પણ અસ્તબ્ધ. એ ચાર ભાંગામાં ચોથો ભંગ શુદ્ધ છે, અને શેષ ત્રણ ભંગમાં ભાવથી સ્તબ્ધ તો અશુદ્ધજ છે, તથા દ્રવ્યથી સ્તબ્ધ તે (પહેલે ભાંગે ) શુદ્ધ અને ( ત્રીજે ભાંગે) અશુદ્ધ પણ હોય.

૨ પ્રથમપ્રવેશ આદિ સાચવવા યોગ્ય સ્થાનો અધૂરાં રાખીને નાસી જવું તે અસ્થાને છોડવું ગણાય,

૩ ભાડુતી ગાડાવાળો કોઈક વ્યાપારીનાં વાસણો બીજા નગરથી

**૪ परिपिंडित दोष**—એકત્ર થયેલા ઘણા આચાર્યાદિકને જૂદી જૂદી વંદનાવડે ન વાંદતાં એકજ વંદનાથી સર્વને વાંદે તે. અથવા આવર્તોને અને સૂત્રાક્ષરોને યથાયોગ્ય જૂદા ન પાડતાં ભેગા કરી નાખી વંદના કરે તે. અથવા[1] બે કુક્ષિ ઉપર ( =કેડ ઉપર ડાબો જમણો) બે હાથ સ્થાપવાથી પિંડિત (=ભેગા ) થયેલા હાથ પગ પૂર્વક વંદન કરે તે. એ ૩ અર્થ જાણવા.

**૫ टोलगति दोष**—ટોલ એટલે તીડ તેની માફક ( વંદન કરતી વખતે ) પાછો હઠે, અને આગળ (સન્મુખ) ખસે, એ પ્રમાણે આગળ પાછળ કુદકા મારતો વાંદે તે.

**૬ अंकुश दोष**—હાથીને જેમ અંકુશથી યથાસ્થાને લઈ જવાય અથવા બેસાડાય છે, તેમ શિષ્ય પણ વંદનાર્થે આચાર્યનો હાથ અથવા કપડું ઝાલી-ખેંચી યથાસ્થાને લાવી અથવા બેસાડી વંદના કરે તે, અથવા રજોહરણને અંકુશની પેઠે બે હાથે ઝાલી વંદના કરે તે. અન્ય આચાર્યો કહે છે કે-અંકુશથી હસ્તિ (નાશીર્ષ)ની પેઠે ( વંદન કરતી વખતે ) શીર્ષને નીચું ઉંચું કરવું તે. એમ *ત્રણ અર્થ જાણવા.

**૭ कच्छपरिंगित दोष**—કચ્છપ એટલે કાચબો, તેની પેઠે +રિંગતો એટલે અભિમુખ (સન્મુખ) અને પશ્ચાત્મુખ કિંચિત્ શરીરને ચળાચમાન કરતો વંદના કરે, એટલે ઉભા રહીને

---

તે વ્યાપારીને ત્યાં લાવ્યો. વ્યાપારીએ કહ્યું હું વાસણો ઉતારવાનું સ્થાન દેખું તેટલીવાર જરા થોભજે, ત્યારે ભાડુતીએ કહ્યું ભાડું નગર સુધી લાવવાનું ઠરાવ્યું છે, પરન્તુ થોભીને તમારા બતાવેલા સ્થાને વાસણો ઉતારવાનું ઠરાવ્યું નથી, એમ કહી અસ્થાનેજ તે વાસણો ઠાલવી ચાલ્યો ગયો તેમ.

૧ એ ત્રીજો અર્થ ધર્મસંગ્રહવૃત્તિમાં કહેલો લખ્યો છે.

* બીજો અર્થ આવ૦વૃત્તિ તથા ભાષ્યાવચૂરિમાં પણ છે, તોપણ પ્રવ૦ સારો૦ વૃત્તિમાં એ બીજા અને ત્રીજા અર્થ માટે પણ " સૂત્રાનુસારી નથી માટે તત્ત્વ બહુ શ્રુતગમ્ય " કહ્યું છે. ધર્મ સં૦ વૃત્તિમાં ત્રણે અર્થ કહ્યા છે.

+ કાચબો પોતાની ડોકને પીઠમાંથી વારંવાર બહાર કાઢે છે અને પુનઃ પાછો ખેંચી લે છે તે કાચબાનું રિંગણ કહેવાય.

"તિત્તીસન્નયરાએ" ઇત્યાદિ વંદનાક્ષરો બોલતી વખતે, અને બેસીને "અહો કાયં" ઇત્યાદિ અક્ષરો બોલતી વખતે શરીરને ગુરૂ સન્મુખ અને પશ્ચાત્=પોતાના તરફ ઉભા ઉભા તેમજ બેઠાં બેઠાં હિંડોલાની પેઠે હલાવ્યા કરે તે.

૮ मत्स्योद्वृत्त दोष—મત્સ્ય (માછલું) જેમ જળમાં ઉછાળો મારતું શીઘ્ર ઉપર આવે છે, અને પુનઃ નીચે ડૂબતી વખતે પોતાનું શરીર ઉલટાવી શીઘ્ર ડૂબી જાય છે, તેમ શિષ્ય પણ ઉઠતી અને બેસતી વખતે એકદમ ઉછળવા સરખો શીઘ્ર ઊઠે અને બેસે તે मत्स्योद्वृत्त અથવા मत्स्योद्धृत દોષ કહેવાય.અથવા મત્સ્ય જેમ ઉછળીને ડૂબતી વખતે શરીર એકદમ ફેરવી-પલટાવી નાખે છે, તેમ એકને વંદના કરતો પુનઃ (પાસે-પડખે વા પશ્ચાત્ બેઠેલા) બીજા આચાર્યાદિકને વાંદવા માટે ત્યાંને ત્યાંજ બેઠો છતો પોતાનું શરીર એકદમ ઘુમાવે=ફેરવી દે, પરન્તુ જયણાથી ઉઠીને ત્યાં ન જાય તે मत्स्यावर्त्त દોષ પણ આ દોષમાં જ અંતર્ગત છે. અહિં મત્સ્યનું "ઉદ્ધૃત" એટલે ઊંચું ઉછળવું અને "આવર્ત્ત" એટલે શરીરને ગોળાકારમાં પરાવર્ત્તવું-ફેરવી દેવું-ઘુમાવવું એવો શબ્દાર્થ છે.

૯ मनःप्रदुष्ट दोष—વંદનીય આચાર્યાદિ કોઇ ગુણવડે હીન હોય તો તે હીન ગુણને મનમાં લાવી અસુયા સહિત (અરૂચિ પૂર્વક) વંદના કરે તે. અથવા [1]આત્મપ્રત્યય અને પરપ્રત્યયથી ઉત્પન્ન થયેલા મનોદ્વેષ પૂર્વક વંદના કરે તે.

૧૦ वेदिकाबद्ध दोष—બે જાનુ (ઘુંટણ) ઉપર બે હાથ સ્થાપીને, અથવા બે જાનુની નીચે બે હાથ સ્થાપીને, અથવા બે જાનુના પડખે બે હાથ સ્થાપીને, અથવા બે હાથ ખોળામાં રાખીને, અથવા એક જાનુને બે હાથની વચ્ચે રાખીને એમ પાંચ પ્રકારે વંદના કરે તે પાંચ પ્રકારનો વેદિકાબદ્ધ દોષ જાણવો. (અહિં વેદિકા એટલે હાથની રચના-સ્થાપના તે વડે બદ્ધ એટલે યુક્ત તે વેદિકાબદ્ધ દોષ).

---

૧ ગુરુએ શિષ્યને પોતાને કહ્યું હોય તો આત્મપ્રત્યય, અને શિષ્યના મિત્રાદિક આગળ શિષ્યને રૂબરૂમાં કહ્યું હોય તો પરપ્રયત્યય મનઃપ્રદોષ જાણવો. (પ્રવ૦ સારો૦ વૃત્તિઃ)

૧૧ **भजन्त दोष**—આ ગુરૂ મને ભજે છે એટલે સેવે છે, ( એટલે મારી સારી રીતે બરદાસ કરે છે ) મને અનુસરે છે, તેમજ આગળ પણ મને ભજશે ( =અનુવર્તશે—મારી સેવા બરદાસ કરશે ) એવા અભિપ્રાયથી વંદના કરવી; અથવા હે ગુરૂજી ! અમે તમને વંદના કરતા ઉભા છીએ એમ કહેવું તે.

૧૨ **भय दोष**—વંદના નહિં કરૂં તો ગુરૂ મને સંઘથી, કુલથી, ગચ્છથી અથવા ક્ષેત્રથી બહાર કરશે (કાઢશે) એવા ભયથી વંદના કરવી તે.

૧૩ **मैत्री दोष**—આચાર્ય મારા મિત્ર છે, અથવા આચાર્ય સાથે મારે મૈત્રી ( મિત્રતા ) થશે એમ જાણીને વંદન કરવું તે.

૧૪ **गौरव दोष**--સર્વ સાધુઓ જાણે કે આ સાધુ વંદનાદિ સામાચારીમાં અતિ કુશળ છે, એવા ગર્વથી-માનથી આવર્ત્ત વિગેરે વંદનવિધિ યથાર્થ કરે તે.

૧૫ **कारण दोष**-જ્ઞાન દર્શન અને ચારિત્રનો લાભ એ ત્રણ કારણ વર્જીને શેષ વસ્ત્ર પાત્ર આદિના લાભના કારણથી વંદન કરવું તે. ( અહિં જ્ઞાનાદિકના લાભને જો કે કારણદોષમાં ગણ્યો નથી તો પણ લોકમાં પૂજા મહત્વાદિ માટે જ્ઞાનાદિ ત્રણેના લાભની ઇચ્છા પણ કારણદોષમાં ગણાય. )

૧૬ **स्तेन दोष**—વંદના કરવાથી મારી લઘુતા જણાશે એવા અભિપ્રાયથી છાનો છૂપો રહી વંદન કરી લેવું, અથવા કોઇ દેખે ન દેખે તેમ ઉતાવળથી કરી લેવું તે સ્તેન (એટલે ચોરવત્ છાનો અને ઉતાવળવાળો ) દોષ જાણવો.

૧૭ **प्रत्यनीक दोष**—પંદરમી ગાથામાં કહેલા વંદના નહિ કરવાના અવસરે વંદના કરવી તે.

૧૮ **रूष्ट दोष**—ગુરૂ રોષાયમાન હોય તે વખતે વંદન [1]કરવું અથવા પોતે રોષમાં-ક્રોધમાં વર્તતાં વંદન કરવું તે બન્ને રીતે રૂષ્ટ દોષ જાણવો.

---

૧ આ અર્થ જો કે ૧૭ મા પ્રત્યનીકના એક અવયવમાં અન્તર્ગત (ગૌણપણે રહ્યો) છે, તો પણ અહિં રોષની મુખ્યતાએ મુખ્ય ગણીને કહ્યો છે.

૧૯ तर्जना दोष—" હે ગુરૂ ! કાષ્ઠના મહાદેવ સરખા તમો ન વાંદવાંથી રોષ કરતા નથી, તેમ વાંદવાથી પ્રસન્ન પણ થતા નથી, માટે અમે વાંદીએ કે ન વાંદીએ તે બધું તમારે મન સરખુંજ છે" એમ (વચનથી) તર્જના કરતો વંદન કરે તે, અથવા અંગુલિ આદિક વડે ( કાયાથી ) તર્જના કરતો વંદન કરે તે.

૨૦ शठ दोष—વંદન તે વિશ્વાસ ઉપજાવવાનું કારણ છે, એમ માની લોકમાં વિશ્વાસ ઉપજાવવાના અભિપ્રાયથી યથાર્થ વિધિ સાચવી વંદના કરે તે. ( અહિં શઠ એટલે કપટ ભાવ જાણવો. ) અથવા માંદગી વિગેરેનું બ્હાનું કાઢી યથાવિધિ વંદના ન કરે તે પણ શઠદોષ જાણવો.

૨૧ हीलित दोष—હે ગુરૂ ! તમને વાંદવાથી શું ? ઇત્યાદિ વચનોથી હેલના—અવજ્ઞા કરતો વંદન કરે તે.

૨૨ विपलि(रि)कुंचित—થોડી વંદના કરીને વચ્ચે દેશકથાદિ વિકથાઓ કરે તે. એનું *વિપરિકુંચિત નામ પણ છે.

૨૩ द्रष्टाद्रष्ट दोष—ઘણા સાધુઓ વંદન કરતા હોય તે વખતે કોઇ સાધુની ઓથે—આડમાં રહીને અથવા અંધારામાં ગુરૂ ન દેખે ત્યારે વંદના કર્યા વિના ઉભો રહે અથવા બેસી રહે, અને ગુરૂ દેખે કે તુર્ત વંદન કરવા માંડે તે.[૧]

૨૪ शृंग दोष—પશુનાં બે શિંગડાં જેમ મસ્તકના ડાબા જમણા બે ભાગમાં હોય છે, તેમ અહિં પોતાના લલાટના બે પડખે વંદન કરે તે. અર્થાત્ " અહો કાયં કાય " એ પદોના ઉચ્ચાર વખતે લલાટના મધ્ય ભાગે બે હાથ (ની અંજલિ)

---

* એ શબ્દમાં "વિ" અને "પરિ" એ બે ઉપસર્ગ છે, અને કુંચ ધાતુથી બનતો કુંચન શબ્દ અલ્પ કરવાના અર્થવાળો છે જેથી કુંચિત=અલ્પીકૃત=અર્ધીકૃત વંદના.

૧ સોળમા સ્તેન દોષમાં દ્રષ્ટાદ્રષ્ટ કહેલ છે તે લોકવડે દ્રષ્ટાદ્રષ્ટ છે, અને આ ત્રેવીસમા દોષમાં ગુરૂવડે દ્રષ્ટાદ્રષ્ટ શિષ્ય જાણવો.

સ્પર્શી—લગાડી આવર્ત (વા વંદન) ન કરતાં લલાટના ડાબા જમણા એ બે પડખે હાથ લગાડી વંદન કરે તે શૃંગ દોષ.

૨૫ कर दोष—આ વંદન કરવું તે પણ અરિહંત ભગવંત રૂપી રાજાનો વા ગુરૂનો કર છે એમ સમજી વંદન કરવું તે.

૨૬ करमोचन दोष—સાધુ થવાથી લૌકિક (રાજાના) કરથી તો છૂટયા, પરન્તુ અરિહંતરૂપી રાજાના (વાંદણાં દેવારૂપી) કરથી હજી છૂટા થયા નથી, એમ કર ચુકવવા સરખું સમજી વંદન કરે તે.

૨૭ आश्लिष्ट अनाश्लिष्ट दोष—અહો કાયં કાય ઇત્યાદિ ૬ આવર્ત્ત કરતી વખતે બે હાથ રજોહરણને અને મસ્તકે લગાડવા-સ્પર્શવા જોઇએ, તે યથાવિધિ ન સ્પર્શે તો ( आश्लिष्ट=સ્પર્શ, अनाश्लिष्ट=અસ્પર્શ ) તે દોષરૂપ છે. અહિં સ્પર્શના ૪ ભાંગા થાય છે તેમાં પહેલો ભાંગો શુદ્ધ છે તે આ પ્રમાણે—

| | | | |
|---|---|---|---|
| (૧) બે હસ્ત વડે | રજોહરણને સ્પર્શે—અને | મસ્તકને સ્પર્શે | (શુદ્ધ) |
| (૨) ,, | ,, સ્પર્શે- ,, | ,, ન ,, | અશુદ્ધ |
| (૩) ,, | ,, ન ,, - ,, | ,, - ,, | |
| (૪) ,, | ,, ન ,, - ,, | ,, ન ,, | |

૨૮ न्यून दोष—વંદનસૂત્રના વ્યંજન (=અક્ષર), અભિલાપ (પદ-વાક્ય), અને આવશ્યક (જે પૂર્વે પચીસ કહ્યાં છે તે) ન્યૂન કરે, પણ પરિપૂર્ણ ન કરે તે.

૨૯ उत्तरचूड (उत्तरचूलिका) दोष—(ઉત્તર એટલે) વંદન કર્યા પછી પર્યન્તે ( ચૂડ એટલે ઉંચી શીખા તે સરખા) મોટા સાદે " મત્થએણ વંદામિ " એ ચૂલિકારૂપે અધિક કહેવું તે.

૩૦ मूक दोष—મૂક-મૂંગા મનુષ્યની પેઠે વંદન સૂત્રના અક્ષરો આલાપક કે આવર્ત્તનો પ્રગટ ઉચ્ચાર કરે નહિ, પરન્તુ મોઢે ગણગણીને અથવા મનમાં બોલી-વિચારીને વંદન કરે તે.

૩૧ ढड्ढर दोष—ઘણા મોટા સાદે બોલીને વંદન કરે તે.

૩૨ चुडलिक दोष—ચુડલિક એટલે બળતું ઉંબાડીયું, તે જેમ છેડાથી ધરીને ગોળ ભમાવાય છે ( બાળકો ભમાવે છે ),

તેમ રજોહરણને છેડેથી ધરીને ભમાવતો વંદન કરે તે, અથવા હાથ લાંબો કરીને "વંદન કરૂં છું" એમ કહેતો છતો વંદન કરે તે, અથવા હાથ લાંબો કરી ભમાવતો છતો "સર્વને વાંદુ છું" એમ કહી વંદન કરે તે. એ ત્રણ અર્થ જાણવા.

**अवतरण**—પૂર્વે ત્રણ ગાથામાં જે બત્રીસ દોષ કહ્યા, તે બત્રીસ દોષ રહિત વંદન કરનારને શું ફળ થાય? તે આ ગાથામાં દર્શાવે છે—

**बत्तीसंदोस परिसुद्धं, किइकम्मं जो पउंजइ गुरुणं।**
**सो पावइ निव्वाणं, अचिरेण विमाणवासं वा ॥ २६ ॥**

શબ્દાર્થઃ—

| | |
|---|---|
| जो=જે સાધુ | अचिरेण=શીઘ્ર |
| पउंजइ=કરે, પ્રયુંજે. | |

**गाथार्थ**—જે સાધુ (સાધ્વી શ્રાવક કે શ્રાવિકા) ગુરૂને બત્રીસ દોષ વડે અત્યંત શુદ્ધ (=બત્રીસ દોષ રહિત) કૃતિકર્મ (=દ્વાદશાવર્ત્ત વંદન) કરે તે સાધુ (વિગેરે) શીઘ્ર નિર્વાણ-મોક્ષ પામે અથવા તો વિમાનમાં વાસ (વૈમાનિક દેવપણું) પામે ॥૨૬॥

**भावार्थ**—ગાથાર્થવત્ સુગમ છે.

**अवतरण**—ગુરુને વંદન કરવાથી ૬ ગુણ ઉત્પન્ન થાય છે તે સંબંધિ ૧૪ મું द्वार કહેવાય છે—

**इह छच्च गुणा विणओ-वयार माणाइभंग गुरुपूआ।**
**तित्थयराण य आणा, सुयधम्माराहणाऽकिरिया ॥२७॥**

શબ્દાર્થઃ-ગાથાર્થને અનુસારે

**गाथार्थः**—અહિં (ગુરૂને વંદન કરવામાં) છ ગુણ થાય છે તે આ પ્રમાણે—

(૧) विनयोपचार+ એટલે વિનય ગુણ ઉત્પન્ન થાય છે. (૨) मानभंग એટલે અભિમાન અહંકાર વિગેરેનો ભંગ—નાશ થાય છે. (૩) गुरुपूजा ગુરૂજનની [૧]સમ્યક્ પૂજા (=સત્કાર) થાય છે, (૪) શ્રી તીર્થંકર ભગવંતની [૨]आज्ञानुं आराधन એટલે આજ્ઞાનું પાલન થાય છે, (૫) श्रुतधर्मनी आराधना [૩]થાય છે, અને પરંપરાએ (૬) अक्रिया એટલે [૪]સિદ્ધિ થાય છે. ॥૨૭॥

**भावार्थः**—ગાથાર્થવત્ સુગમ છે. પરન્તુ વિશેષ એ છે કે વંદન કરવાથી જે ૬ પ્રકારના ગુણ કહ્યા છે, તેમ ગુરુને વંદન ન કરવાથી ૬ પ્રકારના દોષ પણ કહ્યા છે તે આ પ્રમાણે—

**माणो अविणय खिंसा, नीयागोयं अबोहि भववुढ्ढी ।**
**अनमंते छद्दोसा, [ एवं अडनउयसयमहियं ॥ १ ॥ ]** ધ.સં.વૃત્તિ.

---

÷ વિનય તેજ ઉપચાર=આરાધનાનો પ્રકાર તે **विनयोपचार.**

૧ અભિમાન રહિત વિનીતપણે વંદન કરવાથીજ **सम्यक् गुरुपूजा** ગણાય છે.

૨ " વિનય તે ધર્મનું મૂળ છે " એવી તીર્થંકર ભગવંતની **आज्ञा** છે માટે.

૩ વંદન પૂર્વકજ શ્રુત ગ્રહણ કરાય છે માટે વંદન કરવાથી **श्रुतनी आराधना** થાય છે.

૪ ગુરુ વંદનથી પરંપરાએ સિદ્ધિપદની પ્રાપ્તિ થાય છે તે સંબંધિ શ્રી સિદ્ધાન્તમાં આ પ્રમાણે કહ્યું છે—

**तहारूवाणं भंते समणं वा माहणं वा वंदमाणस्स वा पज्जुवासमाणस्स वा वंदणा पज्जुवासणा य किं फला पन्नत्ता ?** ઉત્તર-**गोयमा सवणफला** "ઇત્યાદિ આલાપકનો (કથનનો) ભાવાર્થ આ પ્રમાણે—

હે ભગવન્ ! તથા સ્વરૂપવાળા શ્રમણ અથવા માહણને વંદન કરતા અથવા પર્યુપાસના કરતા એવા સાધુની તે વંદના અને પર્યુપાસના શું ફળવાળી કહી છે ? (હોય ?) ઉત્તર—હે ગૌતમ ! શાસ્ત્રશ્રવણ રુપ ફળ હોય. પ્રશ્નઃ—તે શ્રવણનું શું ફળ ? ઉત્તર–જ્ઞાન ફળ. પ્ર૦—જ્ઞાનનું ફળ શું ? ઉ૦—વિજ્ઞાન ફળ. પ્ર૦—વિજ્ઞાનનું શું ફળ ? ઉ૦-પચ્ચખ્ખાણ ફળ. એ પ્રમાણે પચ્ચખ્ખાણનું સંયમ ફળ, સંયમનું અનાશ્રવ ( સંવર ) ફળ, અનાશ્રવનું તપ ફળ, તપનું વ્યવદાન ( નિર્જરા ) ફળ, નિર્જરાનું અક્રિયા ફળ, અને અક્રિયાનું સિદ્ધિ ગતિ ફળ છે.

**અર્થ:**—ગુરુને નમસ્કાર (વંદન) નહિ કરવાથી અભિમાન—અવિનય-ખિંસા ( નિંદા અથવા લોકનો તિરસ્કાર )-નીચ ગોત્રનો બંધ-સમ્યક્ત્વનો અલાભ-અને સંસારની વૃદ્ધિ એ ૬ દોષ ઉત્પન્ન થાય છે, [ એ પ્રમાણે દ્વાદશાવર્ત્ત વંદનના ૧૯૮ બોલ જાણવા.-]

---

**अवतरण**—ગુરુ સાક્ષાત્ ન વર્તતા હોય ત્યારે કોની આગળ વંદન કરવું ? તે સંબંધિ (એટલે ગુરુના અભાવે ગુરુની સ્થાપના સ્થાપવા સંબંધિ ) ૧૯ મું દ્વાર કહેવાય છેઃ—

**गुरुगुणजुत्तं तु गुरुं, ठाविज्जा अहव तत्थ अरकाई ।**
**अहवा नाणाइ तियं,ठविज्ज सक्खं गुरुअभावे ॥ १८ ॥**

શબ્દાર્થ:—

**जुत्तं**=સહિત
**ठाविज्जा**=સ્થાપવા
**अरकाई**=અક્ષ વિગેરે ( અરિયા વિગેરે ).
**सक्खं**=સાક્ષાત્, પ્રત્યક્ષ

**गाथार्थः—સાક્ષાત્ ગુરુના અભાવે ગુરૂના ૩૬ ગુણ યુક્ત સ્થાપનાગુરૂ સ્થાપવા** ( એટલે ગુરૂની સદ્ભૂત સ્થાપના સ્થાપવી ), **અથવા** ( તેવી સદ્ભૂત સ્થાપના સ્થાપવાનું ન બને તો ) **અક્ષ** ( ચંદન—અરિયા ) વિગેરે [1] ( ની અસદ્ભૂત[2] સ્થાપના ) **અથવા જ્ઞાનાદિ ત્રણને સ્થાપવાં,** ( એટલે જ્ઞાન દર્શન ચારિત્રનાં ઉપકરણને ગુરુ તરીકે માનીને તેવી અસદ્ભૂત સ્થાપના સ્થાપવી ).

**भावार्थ**—ગાથાર્થવત્ સુગમ છે.

---

**अवतरण**—પૂર્વ ગાથામાં ગુરૂના **અભાવે ગુરૂની સ્થાપના**

---

૧—૨ ગુરુના સરખા પુરૂષ આકારવાળી મૂર્ત્તિ તે ગુરૂની **सद्भूत स्थापना**, અને પુરૂષાકાર સિવાય ગમે તેવા આકારવાળી વસ્તુમાં ગુરુપણું આરોપવું તે ગુરૂની **असद्भूत स्थापना**, એ બન્ને સ્થાપના ગાથામાં ગર્ભિત દર્શાવી છે.

अरकाइ એટલે અક્ષ વિગેરેથી સ્થાપવાની કહી તેમાં "અક્ષ વિગેરે" એમ કહેવાથી કયા કયા પદાર્થો ( વડે ગુરૂ સ્થાપના સ્થપાવી )? તેમ જ તે સ્થાપના કેવા પ્રકારની? અને કેટલા કાળ સુધીની ગણવી? તે આ ગાથામાં દર્શાવાય છે—

**अरके वराडए वा, कट्ठे पुत्थे अ चित्तकम्मे अ ।**
**सब्भावमसब्भावं, गुरुठवणा इत्तरावकहा ॥ २९ ॥**

શબ્દાર્થ:—

| | |
|---|---|
| अरके=અક્ષ(માં) | असब्भावं=અસદ્દભાવસ્થાપના |
| वराडए=વરાટક, કોડા | इत्तरा=ઇત્વર, અલ્પ કાળની |
| सब्भावं=સદ્દભાવ સ્થાપના | आवकहा=યાવત્કથિત, હમેશની |

**गाथार्थ:**—ગુરૂની સ્થાપના અક્ષમાં, વરાટક-કોડામાં, કાષ્ટમાં, પુસ્તકમાં અને ચિત્રકર્મમાં (ચિત્રમાં) કરાય છે; તે સદ્દભાવ સ્થાપના અને અસદ્દભાવ સ્થાપના એમ બે પ્રકારની છે; પુનઃ તે પ્રત્યેક ઇત્વર અને યાવત્કથિત એમ બે બે પ્રકારની છે ॥૨૯॥

**भावार्थ:**—અક્ષ એટલે અરિયા કે જે વર્તમાન કાળમાં પણ મુનિ મહારાજો સ્થાપનામાં રાખે છે, તે સમુદ્રમાં શંખની પેઠે ઉત્પન્ન થતા દ્વીન્દ્રિય જીવોનું અચિત્ત કલેવર-શરીર છે, પરન્તુ શંખ વિગેરેની માફક તે પણ બહુ ઉત્તમ-શ્રેષ્ઠ પદાર્થ હોવાથી શાસ્ત્રને વિષે તેમાં ગુરુની[1] સ્થાપના કરવાનું કહ્યુ છે, તેમ જ તેનાં લક્ષણ તથા ફળ વિગેરે ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુ સ્વા-

૧ વર્ત્તમાનમાં અક્ષાદિકની જે ગુરુસ્થાપના સ્થપાય છે, તે વર્તમાન સાધુપરંપરાના મૂળ ગુરુ **श्री सुधर्मा गणधर** ની જાણવી. કારણ કે તેમની જ શિષ્યપરંપરા પંચમ આરાના પર્યન્ત સુધી ચાલવાની છે, અને શેષ ગણધરો કેવળજ્ઞાન પામી ગયા હોવાથી તેમણે પોતાની સાધુ સંતતિ સુધર્માસ્વામીને સોંપેલી છે. તેથી જ શ્રી વીર પ્રભુએ વર્તમાન શાસન શ્રી સુધર્મા ગણધરને સોંપ્યું હતું.

બીએ સ્થાપના કલ્પ (કુલક)માં કહેલ છે. તથા वराटक એટલે ત્રણ લીટીવાળા કોડા જાણવા, તે હાલ સ્થાપનાચાર્ય તરીકે દેખવામાં આવતા નથી, તો પણ તેમાં ગુરુની સ્થાપના થઈ શકે છે. અક્ષ અને કોડામાં ગુરુની સ્થાપના કરવી તે असद्भाव સ્થાપના જાણવી, કારણ કે તેમાં ગુરુ સરખો પુરૂષ આકાર નથી.

તથા ચંદનના કાષ્ઠ સરખા બીજા પણ ઉતમ કાષ્ઠને ઘડીને ગુરુ સરખો આકાર બનાવી તે કાષ્ઠમૂર્તિમાં ગુરુના ૩૬ ગુણ પ્રતિષ્ઠા વિધિ પૂર્વક સ્થાપી તેને ગુરુ માનવા તે ગુરુની सद्भाव स्थापना જાણવી, અને ચારિત્રના ઉપકરણ તરીકે દાંડો અથવા ઓઘાની દાંડી વિગેરે સ્થાપવી તે ગુરુની [1]કાષ્ઠ સંબંધિ અસદ્દભાવ સ્થાપના જાણવી. તથા पुस्त એટલે લેપ્ય કર્મ અર્થાત્ રંગ વિગેરેથી ગુરુની મૂર્તિ [2]આલેખવી તે, અથવા પુસ્તક જે જ્ઞાનનું ઉપકરણ છે તેને ગુરુ તરીકે સ્થાપવું તે પણ ગુરુ સ્થાપના જાણવી. તથા चित्रकर्म એટલે પાષાણ વિગેરે ઘડવા યોગ્ય પદાર્થને ઘડીને અથવા કોરીને ગુરુ મૂર્તિ બનાવી હોય તેમાં પણ ગુરુની સ્થાપના કરાય છે, એ પુસ્તકર્માદિમાં યથાયોગ્ય સદ્દભાવ અથવા અસદ્દ-ભાવ સ્થાપના સ્વબુદ્ધિથી વિચારવી.

તથા ઉપર કહેલી બન્ને પ્રકારની સ્થાપના ગુરુવંદન અથવા સામાયિક વિગેરે ધર્મ ક્રિયા કરતા સુધી જ અલ્પકાળ સ્થાપવી તે इत्वर સ્થાપના એટલે અલ્પકાળની સ્થાપના જાણવી, અને પ્રતિષ્ઠાદિક વિધિ પૂર્વક કરેલી સ્થાપના તો તે દ્રવ્ય–વસ્તુ જ્યાં સુધી રહે ત્યાં સુધી ગુરુ રૂપે મનાય છે, માટે તે यावत्कथित સ્થાપના જાણવી. (એમાં યાવત=જ્યાં સુધી કાયમ રહે ત્યાં સુધીની કથિત=કહેવાયલી–કહેલી તે " યાવત્‌કથિત " એવો શબ્દાર્થ છે). એ સ્થાપનાને પણ સાક્ષાત્ ગુરુ તુલ્ય ગણી તેની સાક્ષીએ ધર્મક્રિયા કરવી, અને ગુરુની જેમ ગુરુ સ્થાપનાની પણ અશાતના ન કરવી.

---

૧ વર્તમાન કાળમાં ખરતર ગચ્છના મુનિરાજો કાષ્ઠની અસદ્દભાવ સ્થાપના રાખે છે, અને તે સુખડની એક જ નાની પટીમાં ઘડેલી ૫ સોગઠી સરખા આકારની હોય છે કે જે પંચપરમેષ્ઠિને સૂચવનારી મનાય છે.

૨ એ અર્થ ચિત્રકર્મમાં પણ કરવો હોય તો કરી શકાય છે.

**अवतरण**—ગુરુ ન હોય તો ગુરુની સ્થાપના કરવાનું શું કારણ? અને તેથી કાર્ય સિદ્ધિ કેવી રીતે મનાય? તે દ્રષ્ટાન્ત સહિત આ ગાથામાં દર્શાવાય છેઃ-

**गुरुविरहंमी ठवणा, गुरूवएसोवदंसणत्थं च।**
**जिणविरहंमि जिणबिंब-सेवणामंतणं सहलं ॥३०॥**

શબ્દાર્થઃ—

उवएस=ઉપદેશ-આદેશ-આજ્ઞા
उदवंसणथ्थं=દર્શાવવાને અર્થે
आमंतणं=આમંત્રણ
सहलं=સફલ

**गाथार्थः**—સાક્ષાત્ ગુરુનો વિરહ હોય ત્યારે ( ગુરુની ) સ્થાપના કરાય છે, અને તે સ્થાપના ગુરુનો આદેશ દેખાડવાને હોય છે, [ માટે ગાથામાં કહેલા च શબ્દથી સ્થાપના વિના ધર્માનુષ્ઠાન ન કરવું. ] ( તેમાં દ્રષ્ટાન્ત- ) જેમ સાક્ષાત્ જિનેશ્વરનો -તીર્થંકરનો વિરહ હોય ત્યારે જિનેશ્વરની પ્રતિમાની સેવા અને આમન્ત્રણ સફલ થાય છે ( તેમ ગુરૂના અભાવે ગુરૂની પ્રતિમા -સ્થાપના સમક્ષ કરેલી ધર્મ ક્રિયા પણ સફળ થાય છે-ઇતિ સંબંધઃ ). ॥ ૩૦ ॥

**भावार्थः**—ગાથાર્થવત્ સુગમ છે. તાત્પર્ય એજ કે-સ્થાપના આગળ સામાયિક પ્રતિક્રમણ આદિ ધર્માનુષ્ઠાન કરતી વખતે જાણે સાક્ષાત્ ગુરૂ આગળ જ તે ક્રિયાઓ કરીએ છીએ, અને તેમાં માગવામાં આવતા આદેશો--આજ્ઞા-સમ્મતિ પણ સાક્ષાત્ ગુરૂ મહારાજ પાસે જ માગીએ છીએ, અને સાક્ષાત્ ગુરૂ મહારાજ જ તે આદેશ-આજ્ઞા આપે છે એમ સમજવું જોઇએ.

આ ગાથાઓના ભાવાર્થ દર્શાવી આપે છે કે-શ્રી જિનેન્દ્ર શાસનમાં ગુરૂનુ કેટલું અત્યંત માન છે! તેમ શિષ્યોએ ગુરૂનો કેટલો બધો વિનય સાચવવો જોઇએ! તેનો અનહદ ચિતાર એ ગાથાઓમાં સ્પષ્ટ દેખાઇ આવે છે.

---

**अवतरण**—હવે "અવગ્રહ" એટલે ગુરૂથી કેટલે દૂર રહેવું તેનું ૧૬ મું द्वार કહે છે—

**चउदिसि गुरुग्गहो इह, अहुट्ठ तेरस करे सपरपक्खे।**
**अणणुन्नायस्स सया, न कप्पए तत्थ पविसेउं ॥३१॥**

શબ્દાર્થ:

उग्गहो=અવગ્રહ
अह=હવે, અથ
उट्ठ=સાડાત્રણ (હાથ)
स(परक्के)=સ્વ(પક્ષમાં)
परपरक्के=પર પક્ષમાં
अणणुन्नायस्स=ગુરૂની આજ્ઞા નહિ લીધેલ એવા (સાધુ આદિક)ને

**गाथार्थ**—હવે અહિં ચારે દિશામાં ગુરૂનો અવગ્રહ સ્વપક્ષને વિષે ૩ા હાથ છે, અને પરપક્ષને વિષે ૧૩ હાથ છે, માટે તે અવગ્રહમાં ગુરૂની આજ્ઞા નહિ લીધેલ એવા સાધુને-સાધુએ પ્રવેશ કરવો હંમેશાં-કદીપણ ન કલ્પે ॥ ૩૧ ॥

**भावार्थ**—અહિં પુરૂષ આશ્રયિ પુરૂષ સ્વપક્ષ, અને સ્ત્રીની અપેક્ષાએ સ્ત્રી સ્વપક્ષ એમ બે પ્રકારનો સ્વપક્ષ છે, તથા પુરૂષાપેક્ષાએ સ્ત્રી અને સ્ત્રી અપેક્ષાએ પુરૂષ, એમ પરપક્ષ પણ બે પ્રકારનો જાણવો. ત્યાં સ્વપક્ષે ૩ા હાથ અને પરપક્ષે ૧૩ હાથ દૂર રહેવું તે આ પ્રમાણે—

| | ૩ા હાથ અવગ્રહ | | ૧૩ હાથ અવગ્રહ |
|---|---|---|---|
| ૪ સ્વપક્ષ | ગુરુથી સાધુને | ૪ પરપક્ષ | ગુરુથી સાધ્વીને |
| | ગુરુથી શ્રાવકને | | ,, શ્રાવિકાને |
| | ગુરુણીથી સાધ્વીને | | ગુરુણીથી સાધુને |
| | ગુરુણીથી શ્રાવિકાને | | ,, શ્રાવકને |

એ કહેલા અવગ્રહમાં ગુરુની અથવા ગુરુણીની આજ્ઞા લીધા વિના પ્રવેશ કરવો કલ્પે નહિ. એ અવગ્રહથી ગુરૂનું સન્માન સચવાય છે, ગુરુની આશાતનાઓ ટળે છે, તેમજ પોતાનું શીલ-સદાચાર પણ સારી રીતે સચવાય છે. ઇત્યાદિ અનેક ગુણ ઉત્પન્ન થવાના કારણથી શ્રીજિનેન્દ્ર ભગવંતોએ અવગ્રહની મર્યાદા બાંધેલી છે, માટે તે સમ્યક્‌પ્રકારે સાચવવી એજ પરમકલ્યાણનું કારણ છે.

**अवतरण**—હવે વંદનસૂત્રના સર્વ અક્ષરની સંખ્યાનું ૧૭ મું દ્વાર તથા પદની સંખ્યાનું ૧૮ મું દ્વાર કહેવાય છે—

**पण तिग बारस दुग तिग, चउरो छट्ठाण पय इगुणतीसं**
**गुणतीस सेस आवस्सयाइ सव्वपय अडवन्ना ॥३२॥**

શબ્દાર્થ—ગાથાર્થને અનુસારે સુગમ છે.

**गाथार्थ**—૧૭ મું અક્ષરદ્વાર સુગમ હોવાથી કહ્યું નથી, અને ૧૮ મું પદદ્વાર આ પ્રમાણે—( વંદનનાં આગળ કહેવાતાં ૬ સ્થાનને વિષે અનુક્રમે ) ૫-૩-૧૨-૨-૩-૪ એ પ્રમાણે છ સ્થાનમાં ૨૯ પદ છે, તેમજ એ ઓગણત્રીસથી શેષ રહેલાં બીજાં પણ "આવસિઆએ" ઇત્યાદિ ૨૯ પદ છે, જેથી સર્વ પદ ૫૮ (અઠ્ઠાવન) છે. ॥ ૩૨ ॥

**भावार्थ**—૧૭ મું અક્ષરદ્વાર સુગમ હોવાથી ગાથામાં કહ્યું નથી, તોપણ અહિં કિંચિત્ દર્શાવાય છે—વંદનસૂત્રમાં સર્વઅક્ષર ૨૨૬ ( બસો છવીસ ) છે, તેમાં લઘુ અક્ષર ૨૦૧ ( બસો-એક )છે, અને ગુરુ અક્ષર (જોડાક્ષર) પચીસ છે તે આ પ્રમાણે—च्छा-ज्जा-ग्ग-ज्जो-प्प-क्कं-त्ता-ज्जं-क्क-क्क-त्ती-न्न-च्छा-क्क-क्क-क्क ढव-ढव=च्छो=ढव=म्मा=क्क=स्स=क्क=प्पा એ સત્તરમું અક્ષરદ્વાર કહ્યું.

૧૮ મું *પદદ્વાર આ પ્રમાણે—૩૩ મી ગાથામાં વંદના કરનારનાં જે ૬ સ્થાન કહેવાશે તેમાં અનુક્રમે ૫-૩-૧૨-૨-૩-૪ પદ છે, અને શેષ ૨૯ પદ મળી ૫૮ પદ છે તે આ પ્રમાણે—

इच्छामि-खमासमणो-वंदिउं-जावणिज्जाए-निसीहियाए (એ પ્રથમ સ્થાનનાં પાંચ પદ. ત્યારબાદ ) अणुजाणह-मे-मिउग्गहं ( એ બીજા સ્થાનનાં ૩ પદ. ત્યારબાદ ) निसीहि-[1]अहो-कायं-कायसंफासं-खमणिज्जो-भे-किलामो-अप्पकिलंताणं-बहुसुभेण-मे-दिवसो-वइक्कंतो ( એ ત્રીજા સ્થાનનાં ૧૨ પદ. ત્યારબાદ )

* **पदं च विभक्त्यन्तमत्र ग्राह्यं**—ઇતિ અવચૂરિઃ

૧ **अहो** એ અવ્યય હોવાથી ભિન્નપદ સંભવે છે. અર્થથી તો **अहोकायं** એકજ ગણાય તેથીજ આવ૦ સૂત્રમાં એક શબ્દથી લખેલ સંભવે છે.

जत्ता-भे ( એ ચોથા સ્થાનનાં ૨ પદ. ) जवणिज्जं-च-भे ( એ પાંચમા સ્થાનનાં ૩ પદ ). खामेमि-खमासमणो-देवसिअं-वइक्कमं (એ છઠ્ઠાસ્થાનનાં ૪ પદ,) એ પ્રમાણે ૬ સ્થાનનાં ૨૯ પદ થયાં.

ત્યારબાદ )[૧]आवसियाए* [૨]पडिक्कमामि-खमासमणाणं-[૩]देवसियाए-[૪]आसायणाए-[૫]तित्तीसन्नयराए-[૬]जंकिंचिमिच्छाए-[૭]मणदुक्कडाए-[૮]वयदुक्कडाए-[૯]कायदुक्कडाए-[૧૦]कोहाए-[૧૧]माणाए-[૧૨]मायाए-[૧૩]लोभाए-[૧૪]सव्वकालियाए-[૧૫]सव्वमिच्छोवयाराए-[૧૬]सव्वधम्माइक्कमणाए-[૧૭]आसायणाए-[૧૮]जो-[૧૯]मे-[૨૦]अइआरो-[૨૧]कओ-[૨૨]तस्स-[૨૩]खमासमणो-[૨૪]पडिक्कमामि-[૨૫]निंदामि-[૨૬]गरिहामि-[૨૭]अप्पाणं-[૨૮]वोसिरामि[૨૯]

---

अवतरण—હવે વંદના કરનાર શિષ્ય જે છ બાબત પૂર્વક ગુરુને વંદના કરે છે તે શિષ્યનાં ૬ સ્થાન કહેવાય, તેનું ૧૯ મું द्वार આ ગાથામાં કહે છે—

**इच्छा य अणुन्नवणा, अव्वाबाहं च जत्त जवणा य ।**
**अवराहखामणावि अ, वंदणदायस्स छट्ठाणा ॥३३॥**

શબ્દાર્થ:—

अणुन्नवणा=અનુજ્ઞાપના=( આજ્ઞા ).
अव्वाबाहं=અવ્યાબાધ (=સુખશાતા )
जत्त=યાત્રા (=સંયમ યાત્રા )
जवणा=યાપના (=દેહસમાધિ)
अवराह=અપરાધ

गाथार्थ—ઇચ્છા-અનુજ્ઞા-અવ્યાબાધ-સંયમયાત્રા-દેહસમાધિ-અને અપરાધખામણા એ વંદન કરનાર શિષ્યનાં ૬ સ્થાન છે. ॥ ૩૩ ॥

---

* આવશ્યક સૂત્રમાં स्सि એ જોડાક્ષર છે. તથા શ્રી જ્ઞાનવિ૦સૂરિના બાલાવબોધમાં કહ્યું છે કે "એ પદ અનવસ્થિત હોવાથી ગણત્રીમાં કેટલાક આચાર્યો ગણતા નથી, અને जंकिंचि मिच्छाए ને એકજ પદ માને છે, માટે શ્રી બહુશ્રુત કહે તે પ્રમાણ."

**ભાવાર્થઃ**—પ્રથમ "इच्छामि खमासमणो वंदिउं जावणिज्जाए निसीहिआए" એ પાંચ પદ બોલવાથી શિષ્યે ગુરૂને પોતાની વંદના કરવાની ઇચ્છા-અભિલાષા દર્શાવી, માટે इच्छा એ શિષ્યનું પહેલું વંદનસ્થાન કહેવાય.

પહેલા સ્થાનમાં જણાવ્યું કે હું વંદન કરવા આવ્યો છું માટે अणुजाणह मे मिउग्गहं=હે ભગવંત મને મિતા[1]વગ્રહમાં ( પ્રવેશ કરવાની ) અનુજ્ઞા આપો ( =આજ્ઞા આપો ) એ ત્રણ પદ વડે અવગ્રહમાં પ્રવેશ કરવાની આજ્ઞા માગી તે अनुज्ञा. એ શિષ્યનું બીજું વંદનસ્થાન ગણાય.

ત્યારબાદ निसीहिથી वइक्कंतो સુધીનાં બાર પદ બોલવા વડે શિષ્યે ગુરુને વંદના કરવા પૂર્વક અવ્યાબાધા-સુખશાતા પૂછી તે अव्याबाध નામનું ત્રીજું વંદનસ્થાન જાણવું.

ત્યારબાદ "जत्ता मे" એ બે પદવડે मे=હે ભગવંત! આપની जत्ता=સંયમયાત્રા સુખપૂર્વક વર્તે છે? એમ પૂછવું તે यात्रा નામનુ ચોથું વંદનસ્થાન જાણવું.

ત્યારબાદ जवणिज्जं च भे એ ૩ પદવડે શિષ્યે ગુરુની યાપના એટલે શરીરની સમાધિ ( સુખરૂપતા ) પૂછી છે, માટે यापना (=દેહસમાધિ) એ પાંચમું વંદનસ્થાન જાણવું.

ત્યારબાદ खामेमि खमासमणो देवसिअं वइक्कमं એ ચાર પદ વડે શિષ્ય પોતાના તે દિવસે થયેલા અપરાધને (સામાન્યથી) ખમાવે છે, માટે अपराधक्षमापना એ શિષ્યનું છઠ્ઠું વંદનસ્થાન જાણવું. ( ત્યારપછીના પાઠમાં વિશેષ પ્રકારના અપરાધ ખમાવે છે પરન્તુ તે ક્ષમાપના કોઈ પણ સ્થાનમાં ગણાયલી નથી ).

**પ્રશ્નઃ**—અવ્યાબાધ, યાત્રા, અને યાપના એ ત્રણમાં પરસ્પર શું તફાવત છે?

ઉત્તરઃ—ખડ્ગાદિના અભિઘાતથી થયેલ વ્યાબાધા એટલે પીડા તે દ્રવ્યવ્યાબાધા, અને મિથ્યાત્વાદિ (શલ્ય)થી થતી પીડા તે ભાવવ્યાબાધા તે બન્નેનો અભાવ તે અહિં अव्याबाधा

---

૧ मित=ગુરુના દેહપ્રમાણવાળો એટલે ૩॥ હાથ પ્રમાણનો अवग्रह= ચારે દિશાનો ક્ષેત્રભાગ તે मितावग्रह.

જાણવી. તથા સુખપૂર્વક સંયમક્રિયા પ્રવર્તવી તે યાત્રા, અને ઔષધાદિ વડે શરીરની વર્તતી સમાધિ તે દ્રવ્યયાપના, તથા ઇન્દ્રિય અને મનના ઉપશમવડે વર્તતી શરીરસમાધિ તે ભાવયાપના, એ પ્રમાણે બન્ને પ્રકારની યાપના જાણવી. એ ભાવાર્થથી ત્રણેની પરસ્પર ભિન્નતા શું છે તે સમજાય તેવી છે.

---

**अवतरण:**—પૂર્વ ગાથામાં કહેલ શિષ્યનાં પ્રશ્નરૂપ વંદનસ્થાનોમાં ગુરૂનાં પણ ઉત્તરરૂપ ૬ વચન હોય છે, તે છ ગુરૂવચન સંબંધિ ૨૦ મું દ્વાર આ ગાથામાં કહેવાય છે.

**छंदेणणुजाणामि, तहत्ति तुब्भंपि वट्टए एवं ।**
**अहमवि खामेमि तुमं, वयणाइं वंदणरिहस्स ॥३४॥**

શબ્દાર્થ:—

छंदेण=ઇચ્છા વડે, અભિપ્રાય વડે.
अणुजाणामि=આજ્ઞા આપું છું.
त्तहत्ति=તેમજ, તેવીજ
तुब्भंपि=તને પણ
वट्टए=વર્તે છે
एवं=એમજ
अहमवि=હું પણ
खामेमि=ખમાવું છુ
तुमं=તને
वयणाइं=એ (છ) વચનો
वंदण(अ)रिहस्स=વંદન કરવા યોગ્યનાં (એટલે ગુરૂનાં)

**गाथार्थ:**—છંદેણ-અણુજાણામિ-તહત્તિ-તુબ્ભંપિવટ્ટએ-એવં-અને "અહમવિ ખામેમિ તુમં" એ ૬ વચનો ગુરૂનાં હોય છે. ॥ ૩૪ ॥

**भावार्थ**—શિષ્ય પોતાના પહેલા વંદનસ્થાનમાં इच्छामि ઇત્યાદિ પાંચ પદો વડે જ્યારે ગુરૂને વંદન કરવાની ઇચ્છા જણાવે, ત્યારે વંદન કરાવવું હોય તો ગુરૂ "*छंदेण" એમ કહે

---

* छदेण=અભિપ્રાયવડે, અર્થાત્ મારો પણ એ અભિપ્રાય છે (કે તું વંદના કરે)—પ્રવ૦સા૦વૃત્તિ: એમાં શિષ્યને "જેવો તારો અભિપ્રાય" એમ કહેવાનો અર્થ દેખવામાં નથી, પરન્તુ સમજી શકાય એવો છે.

તે ગુરૂનું પહેલું વચન જાણવું. તથા કંઈ કારણથી વંદન ન કરાવવું હોય તો [1]पडिक्खह કહે, અથવા [2]तिविहेण કહે, ત્યારે શિષ્ય સંક્ષિપ્ત વંદન કરીને એટલે ખમાસમણ દઇને અથવા તો ફક્ત "મત્થએણવંદામિ" એટલું જ કહીને જાય પરન્તુ સર્વથા વંદન કર્યા વિના ન જાય એ શિષ્ટાચાર છે.

ત્યારબાદ બીજા વંદનસ્થાનમાં अणुजाणह मे मिउग्गहं એ ૩ પદો વડે શિષ્ય વંદના કરવા માટે જ્યારે ગુરૂના અવગ્રહમાં પ્રવેશ કરવાની આજ્ઞા માગે ત્યારે ગુરૂ अणुजाणामि (=આજ્ઞા આપું છું કે મારા અવગ્રહમાં પ્રવેશ કર) એમ કહે તે ગુરૂનું બીજું વચન જાણવું.

ત્યારબાદ ત્રીજા વંદનસ્થાનમાં निसीहिथी दिवसो वइक्कंतो સુધીનાં બાર પદ વડે ( ગુરૂના ચરણને સ્પર્શ કરવાથી થયેલી અલ્પ કિલામણા ખમાવીને ) આપનો આજનો દિવસ બહુ સારી રીતે વ્યતીત થયો ? એ પ્રમાણે સુખશાતા પૂછે ત્યારે ગુરૂ [3]तहत्ति કહે તે ગુરૂનું ત્રીજું વચન જાણવું.

ત્યારબાદ " जत्ता भे " એ બે પદવડે " આપની સંયમ-યાત્રા સુખપૂર્વક વર્તે છે ? " એમ પૂછે, ત્યારે ગુરૂ [4]तुब्भंपि वट्टए કહે તે ગુરૂનું ચોથું વચન જાણવું.

ત્યારબાદ " जवणिज्जं च भे " એ ત્રણ પદ વડે ગુરૂને

---

૧ पडिरकह (=પ્રતિક્ષસ્વ-થોભો) એ આવ૦ ચૂર્ણિનું વચન અર્થસહ પ્રવ૦ સારો વૃત્તિમાં કહ્યું છે. પુનઃ તે કારણ જો શિષ્યને કહેવા યોગ્ય હોય તો કહે નહિતર ન કહે.

૨ तिविहेण એ પદ આવશ્યક વૃત્તિમાં કહ્યું છે, અને તેનો અર્થ " મન વચન કાયા વડે વંદન કરવાનો નિષેધ છે " એ અર્થ પ્રવ૦ સારો૦ વૃત્તિમાં કહ્યો છે.

૩ तहत्ति એટલે તેમજ. અર્થાત્ જેમ તું કહે છે તેમ મારો દિવસ શુભ વ્યતીત થયો છે.

૪ અર્થાત્ " તને પણ વર્તે છે ? " એટલે તારી સંયમ યાત્રા પણ સુખે વર્તે છે ? મારી તો વર્તે છે.

યાપના ( દેહની સુખ સમાધિ ) પૂછે, ત્યારે ગુરૂ [1]एवं કહે તે ગુરૂનું પાંચમું વચન જાણવું.

ત્યારબાદ खामेमि खमासमणो देवसिअं वइक्कमं એ છઠ્ઠા વંદનસ્થાનનાં ચાર પદો વડે હે ક્ષમાશ્રમણ! મારાથી આપનો આજના દિવસ સંબંધિ જે અપરાધ થયો હોય તે ખમાવું છું, એમ કહી ખમાવે ત્યારે ગુરૂ [2]अहमवि खामेमि तुमं એમ કહે તે ગુરૂનું છઠ્ઠું વચન જાણવું. એ પ્રમાણે શિષ્યના છ વંદન-સ્થાનમાં દરેક વખતે ગુરૂ એકેક ઉત્તર આપતાં જે છ ઉત્તર આપે છે તે છ ગુરૂવચન જાણવાં.

---

अवतरण—હવે ગુરૂ પ્રત્યે થતી ૩૩ આશાતના ટાળવાનું ૨૧ મું द्वार કહે છે—

१ २ ३ ६ ९ १०
**पुरओ पक्खासन्ने, गंता चिट्ठण निसीअणा—यमणे**
११ * १२ १३ १४
**आलोअणऽपडिसुणणे पुव्वालवणे य आलोए ॥३५॥**
१५ १६ १७ १८ १९
**तह उवदंस निमंतण, खद्धाययणे तहा अपडिसुणणे ।**
२० २१ २२ २३ २४ २५
**खद्धत्ति य तत्थगए, किं तुम तज्जाय नो सुमणे ॥३६॥**
२६ २७ २८ २९
**तो सरसि कहंछित्ता, परिसंभित्ता अणुट्ठियाइ कहे ।**
३० ३१ ३२ ३३
**संथारपायघट्टण, चिट्ठुच्च समासणे आवि ॥३७॥**

શબ્દાર્થ:—ગાથાર્થાનુસારે સુગમ છે.

---

૧ एवं=હા એમજ ( એટલે મારા શરીરને સુખ સમાધિ વર્તે છે. )

૨ હું પણ તને ખમાવું છું—ઈત્યર્થ;

* દેખાતા પાઠોમાં "ऽ" એવો અવગ્રહ કે અકાર સ્પષ્ટ સમજાય એવો પાઠ નથી તેથી પાછળના ण માં ડૂબેલો માનવો, અથવા પ્રવ૦ સારો૦ ને અનુસારે તો आलोअणापडिसुणणे પાઠ હોય તો તે પણ ઉચિત છે.

**ગાથાર્થઃ**—[૧]પુરોગમન× (પુરોગન્તા×)—[૨]પક્ષગમન-[૩]આસન્ન-ગમન ( [૧]પૃષ્ઠગમન ) તથા પુરઃસ્થ, ( =[૪]પુરઃતિષ્ઠન્ ) પક્ષસ્થ ( [૫]પક્ષેતિષ્ઠન્ )— પૃષ્ઠસ્થ ( [૬]આસન્નતિષ્ઠન્ )-તથા [૭]પુરોનિષીદન [૮]પક્ષેનિષીદન—[૯]આસન્નનિષીદન ( પૃષ્ઠનિષીદન ) [ એ ૯ અશાતના ત્રણ ત્રિક રૂપ જાણવી. )—તથા [૧૦]પૂર્વ આચમન-[૧૧]પૂર્વ આલોચન—[૧૨]અપ્રતિશ્રવણ—[૧૩]પૂર્વાલાપન—[૧૪]પૂર્વાલોચન—[૧૫]પૂર્વોપદર્શન—પૂર્વ-[૧૬]નિમંત્રણ—[૧૭]ખદ્ધદાન—[૧૮]ખદ્ધાદન—[૧૯]અપ્રતિશ્રવણ—[૨૦]ખદ્ધ (ખદ્ધભાષણ) [૨૧]તત્રગત—[૨૨]કિં (શું)?—[૨૩]તું—[૨૪]તજ્જાત ( તજ્જાતવચન )—[૨૫]નોસુમન—[૨૬]નોસ્મરણ—[૨૭]કથાછેદ-[૨૮]પરિષદ્‌ભેદ—[૨૯]અનુત્થિત કથા—સંથાર-[૩૦]પાદઘટ્ટન—[૩૨]સંથારાવસ્થાન—[૩૨]ઉચ્ચાસન—અને [૩૩]સમાસન आवि=તે પણ, એ ૩૩ આશાતનાઓ છે.

---

× × ગાથામાં **पुरोगन्ता** એ શબ્દ ( ગુરૂની આગળ ચાલનાર શિષ્ય આશાતનાવાળો જાણવો " એવા અર્થવાળો હોવાથી ) શિષ્યનું વિશેષણ થાય છે, અને તે પ્રમાણે ગાથામાં કહેલા સર્વે શબ્દ શિષ્યના વિશેષણ તરીકે ગણવાના કહ્યા છે, તો પણ અહિં તો **पुरोगमन** (=ગુરૂની આગળ ચાલવું તે આશાતના " એ અર્થ પ્રમાણે ) એ આશાતનાનું નામ કહ્યું છે, અને તેથી આ ગાથાર્થમાં કહેલા સર્વે શબ્દો આશાતનાના નામ તરિકે ગણાવ્યા છે, પરન્તુ શિષ્યના વિશેષણ તરીકે નહિં. એ વિપર્યય કરવાનું કારણ આશાતનાના નામનુંજ અહિં પ્રયોજન હોવાથી તે નામોની સુગમતા કરવી તે છે.

૧ ગાથામાં જો કે **आसन्न** શબ્દ છે, પરન્તુ તે અહિં **पृष्ठ** ના અર્થ સાથે જોડવા માટે છે, તેમજ પક્ષની આશાતના વખતે પણ ઉપલક્ષણથી જોડવાનો છે.

**ભાવાર્થઃ**—એ ૩૩ આશાતનાઓનાં નામ અને ભાવાર્થ સંક્ષેપમાં આ પ્રમાણે—

१ पुरोगमन આશાતના—ગુરૂની (पुरः=) આગળ આગળ કારણ વિના (गमन=) ચાલે તે. ( માર્ગ દેખાડવો ઇત્યાદિ કારણથી આગળ ચાલવામાં આશાતના ન ગણવી. )

२ पक्षगमन આશાતના—ગુરૂની (पक्ष=) પડખે પડખે ( બરાબરીમાં દેખાય એવી રીતે ) [1]નજીકમાં ચાલવું તે. (નજીકમાં ચાલવાથી શ્વાસ ખાંસી છીંક ઇત્યાદિ થતાં ગુરૂને શ્લેષ્મ વિગેરે ઉડે છે માટે તેવી આશાતના ન થાય તેટલે દૂર ચાલવું).

३ ×पृष्ठ (आसन्न) गमन—ગુરૂની पृष्ठे=પાછળ નજીકમાં ચાલે તે આશાતના.

४ पुरःस्थ—ગુરૂની पुरः=આગળ (स्थ=) ઉભા રહેવું તે આશાતના.

५ पक्षस्थः—ગુરૂની પડખે નજીકમાં ઉભા રહેવું તે આશાતના.

६ पृष्ठ (आसन्न) स्थ—ગુરૂની પાછળ પરન્તુ નજીકમાં ઉભા રહેવું તે આશાતના,

७ पुरोनिषीदन—ગુરૂની આગળ निषीदन=બેસવું તે આશાતના.

८ पक्ष निषीदन—ગુરૂની પડખે નજીકમાં બેસવું તે આશાતના.

---

૧ એ " નજીક " અર્થ પક્ષની ૩ આશાતનાઓમાં ન જોડીએ તો પણ ચાલે, પરન્તુ પૃષ્ઠ સંબંધિ આશાતનાઓમાં અવશ્ય જોડવો.

× ગાથામાં તો પૃષ્ઠ શબ્દ છેજ નહિ, પરન્તુ આસન્ન શબ્દ છે, તો અહિં આસન્ન ગમનને બદલે પૃષ્ઠગમન આશાતના કેમ કહી ? એ શંકાના સમાધાનમાં જાણવું કે ગુરૂની પૃષ્ઠે=પાછળ તો શિષ્યને ચાલવા વિગેરેનો અધિકાર છેજ પરન્તુ આસન્ન=નજીકમાં ચાલવાનો અધિકાર નથી માટે ગાથાંમાં પૃષ્ઠ શબ્દને બદલે आसन्न શબ્દ કહ્યો છે તે જ વિશેષ ઠીક છે, અને તે પૃષ્ઠ સાથે જોડવા માટે છે, જેથી પાછળ ચાલે તે આશાતના નહિં પરન્તુ પાછળ નજીકમાં ચાલે તેજ આશાતના એ ભાવ સ્પષ્ટ થાય છે. અને ગ્રંથોમાં પૃષ્ઠગમન આશાતના લખેલી હોવાથી અહિં પણ પૃષ્ઠગમન આશાતના લખી છે.

* ९ पृष्ठ (आसन्न) निषीदन—ગુરૂની પાછળ પરન્તુ નજીકમાં બેસવું તે આશાતના.

१० आचमन—ગુરૂની સાથે ઉચ્ચારભૂમિએ (=વડીનીતિ માટે ) ગયેલ શિષ્ય ગુરૂના પહેલાં આચમન (=હાથ પગની શુદ્ધિ ) કરે તો આશાતના. આહારાદિ વખતે પણ પહેલી મુખાદિ શુદ્ધિ કરવાથી પણ એ જ આશાતના લાગે છે.

११ आलोचन—બહારથી ઉપાશ્રયે ગુરૂની સાથે આવ્યા છતાં ગુરૂથી પહેલાં ગમનાગમન આલોવવું તે આશાતના.

१२ अप्रतिश्रवण—કોણ ઉંઘે છે? કોણ જાગે છે? એ પ્રમાણે રાત્રે ગુરૂ પૂછે ત્યારે શિષ્ય જાગતો હોય તો પણ જાણે अप्रतिश्रवण=સાંભળતો ન હોય તેમ જવાબ ન આપે તો આશાતના.

१३ पूर्वालापन—કોઇ આવેલ ગૃહસ્થાદિકને ગુરૂએ બોલાવ્યા પહેલાં પોતે બોલાવે તો આશાતના. ( પૂર્વ=પ્રથમ આલાપન=બોલાવવું એ શબ્દાર્થ છે. )

१४ पूर्वालोचन[1]—ગોચરી-આહારાદિ લાવીને પ્રથમ બીજા કોઈ સાધુ આગળ તે ગોચરી આલોચે, અને ત્યારબાદ ગુરૂ આગળ આલોચે તો આશાતના. (અહિં ગોચરી સંબંધિ ગમનાગમનની ઈરિયાવહિ પડિક્કમવી તે ગોચરી આલોવવી અથવા આલોચવી કહેવાય ).

१५ पूर्वोपदर्शन—લાવેલી ગોચરી ગુરૂને દેખાડયા પહેલાં બીજા કોઇ સાધુને દેખાડે તો આશાતના (અહિં પૂર્વ=પહેલાં ઉપદર્શન=દેખાડવું એ શબ્દાર્થ છે ).

---

* આગળની ૩, પડખાની ૩, અને પાછળની ૩ આશાતનાઓ ( ચાલવું-ઉભા રહેવું-અને બેસવા સંબંધિ ) ગણતાં એ ત્રણ ત્રિકની ૯ આશાતના ગણવી. અથવા ચાલવાની ૩ ઉભા રહેવાની ૩ અને બેસવાની ૩ એ પ્રમાણે પણ ૯ આશાતના ત્રણ ત્રિકરૂપ ગણાય.

૧ ૧૧ મી અને ૧૪ મી આશાતના નામથી તુલ્ય છે. પરન્તુ અર્થથી ભિન્ન છે.

૧૬ पूर्वनिमन्त्रण—લાવેલાં આહાર પાણી વાપરવા માટે પહેલાં બીજા સાધુઓને નિમન્ત્રણ કરે (બોલાવે), અને ત્યાર-બાદ ગુરુને નિમન્ત્રણ કરે તો આશાતના.

૧૭ खद्ध दान—આહાર લાવીને ગુરૂની આજ્ઞા વિના પોતેજ બીજા સાધુઓને જેમ ઘટે તેમ મધુર સ્નિગ્ધ આદિ खद्ध=ખાદ્ય[1] આહાર યથાયોગ્ય दान=વહેંચી આપે તો આશાતના.

૧૮ खद्धादन—આહાર લાવીને ગુરુને કંઈક થોડો આપીને જે સ્નિગ્ધ અને મધુર આહાર ઉત્તમ દ્રવ્યોનો બનેલો હોય તે પોતે વાપરે તો આશાતના ( અહિં खघ्ध એટલે ખાદ્ય-મધુર આહારનું अदन=ખાવું એ [2]શબ્દાર્થ છે. )

૧૯ अप्रतिश्रवण—ગુરૂ બોલાવે ત્યારે ન બોલવું તે આશાતના ( બારમી આશાતના પણ એજ નામવાળી છે, પણ તેમાં અને આમાં તફાવત એ છે કે બારમી આશાતના રાત્રે નિદ્રાના સમયની છે, અને આ ૧૯ મી આશાતના [1] દિવસે બોલાવવા સંબંધિ છે. )

૨૦ खद्ध (भाषण)—કઠિન કર્કશ અને મોટા ઘાંટા પાડીને ગુરૂ સાથે ( ખદ્ધ એટલે પ્રચુર—ઘણું ) બોલવું તે આશાતના.

૨૧ तत्रगत (भाषण)—ગુરૂ બોલાવે ત્યારે શિષ્ય "[2]મત્થએ-ણવંદામિ " ઇત્યાદિ બોલી તુર્ત ઉઠી ગુરૂ પાસે જઇને નમ્રતાથી ગુરૂ શું કહે છે તે સાંભળવું જોઇએ, તેને બદલે પોતાના આ-સને બેઠો છતોજ જવાબ આપે તો આશાતના.

૨૨ किं भाषण—ગુરુ બોલાવે ત્યારે ' કેમ ? શું છે ? શું કહો છો ? ઇત્યાદિ બોલે તો આશાતના. કારણ કે ગુરુ બોલાવે

---

૧ ખદ્ધ એટલે પ્રચુર—ઘણું ઘણુ આપવું એવો પણ અર્થ છે.

૨ અહિં " ખદ્ધાદિ અદન " એ પણ આશાતના કહી છે, જેમાં ખદ્ધ એટલે પ્રચુર-ઘણું અર્થ થાય છે; તે પ્રચુર આદિ આહારવાળો અર્થ ભણનારને દીર્ઘ અને સુગમ ન હોવાના કારણથી કહ્યો નથી.

૧ ઇતિ પ્રવ૦ સારો૦ અને ધર્મ સં૦ વૃત્તિ.

૨ વર્તમાનમાં એ વચન પ્રચલિત નથી, તો પણ તુર્ત जी કહીને ઉઠવું તે ( પ્રચલિત ) રિવાજ પણ વિનય ભર્યો છે.

ત્યારે શિષ્યે શીઘ્ર " મત્થએણ વંદામિ " કહેવું, ( અને તુર્ત ગુરુ પાસે જઈને " આજ્ઞા ફરમાવો " ઈત્યાદિ નમ્ર વચનો બોલવાં જોઇએ. )

૨૩ तुं ( भाषण )—ગુરુને "ભગવંત, શ્રી, પૂજ્ય, આપ," ઈત્યાદિ મોટા માનવાળા ( બહુવચનવાળા ) શબ્દોથી બોલાવવા જોઈએ, તેને બદલે " તું, તને, ત્હારા " ઈત્યાદિ તોછડાઈવાળા " ( એકવચનવાળા ) શબ્દોથી તુંકારીતે બોલાવે તો આશાતના.

૨૪ तज्जात ( भाषण )—ગુરુ શિષ્યને કહે કે " આ ગ્લાન (માંદા) સાધુની વેયાવચ્ચ કેમ કરતો નથી ? તું બહુ આળસુ થઇ ગયો છે. " ત્યારે શિષ્ય કહે કે " તમે પોતેજ કેમ વેયાવચ્ચ કરતા નથી ? તમે પોતેજ આળસુ થઇ ગયા છો" ઈત્યાદિ રીતે ગુરુ જે શિખામણનું વચન કહે તેજ વાકય-વચન પ્રમાણે ગુરુને પ્રત્યુત્તર ( સામો-ઉલટો જવાબ ) આપે તે તજ્જાત ભાષણ અથવા તજ્જાત વચન આશાતના કહેવાય. [ અહિં तज्जात એટલે તેજ જાતિના અર્થાત્ તે સરખા વચનો ( વડે ઉલટો જવાબ ) એ શબ્દાર્થ છે. ]

૨૫ नोसुमन—ગુરુ ( અથવા રત્નાધિક ) કથા કહેતા હોય ત્યારે " અહો આપે આ વચન ઉત્તમ કહ્યું " ઇત્યાદિ પ્રશંસા વચનો ન કહે તેમજ કથાથી પોતાને સારી અસર થઇ છે એવો આશ્ચર્યભાવ અથવા હર્ષભાવ પણ ન દર્શાવે, પરન્તુ મનમાં ( શું મારાથી પણ એમની અધિક વ્યાખ્યાન કળા છે ? એવી ઇર્ષ્યાથીજ જાણે ) દુભાતો હોય તેમ વર્તે તો આશાતના. ( અહિં ગુરુપ્રત્યે કથાદિ પ્રસંગે શિષ્યનું सुमन=સારૂં મન नो= નહિં તે नोसुमन—એ શબ્દાર્થ છે. )

૨૬ नोस्मरण—ગુરુ ધર્મકથા કહેતા હોય ત્યારે "તમને આ અર્થ સ્મરણમાં-યાદ નથી, એ અર્થ એ પ્રમાણે ન હોય" ઈત્યાદિ કહે તો આશાતના.

૨૭ कथाछेद—ગુરુ ધર્મકથા કહેતા હોય ત્યારે " એ કથા હું તમને (સભાજનોને) પછીથી સારી રીતે સમજા-

વીશ" ઇત્યાદિ કહીને અથવા તે કથા પુનઃ સમજાવીને ચાલતી કથામાં વ્યાઘાત-ભંગ કરે તો આશાતના.

૨૮ परिषद् भेद—ગુરુ કથા કહેતા હોય, અને સભા પણ કથાના રસમાં એકતાન થઇ રહી હોય, તેટલામાં શિષ્ય આવીને કહે કે 'હવે કયાં સુધી કથા લંબાવવી છે? આહાર પાણીનો અવસર થઈ ગયો અથવા પૌરૂષી વેળા પણ થઇ ગઈ" ઈત્યાદિ કહી પરિષદ્=સભા (જનના ચિત્ત) નો ભંગ કરે (તેમજ સભાજનો પણ કેટલાક ઉઠી ઉઠીને ચાલવા માંડે) તો આશાતના. અથવા એવું કંઇ કહે કે જેથી સભા ભેગી ન થાય તે [1]પણ આશાતના.

૨૯ अनुत्थित कथा—ગુરૂ કથા કહી રહ્યા બાદ પર્ષદા—સભા હજી ઉઠી ગઈ ન હોય તેટલામાં પોતાની ચતુરાઇ દર્શાવવા ગુરૂએ વ્યાખ્યાનમાં કહેલી કથાનો અથવા અર્થનો વિશેષ વિસ્તાર કહી બતાવે તો આશાતના.

૩૦ संथारपादघट्टन—ગુરૂની શય્યાને અને સંથારા વિગેરેને પોતાનો પગ લગાડવો, તેમજ આજ્ઞા વિના હાથ લગાડવો, તથા તેમ કરીને પણ ગુરૂને તે દોષ ખમાવે નહિં તો આશાતના જાણવી. કારણ કે ગુરૂની પેઠે ગુરૂનાં ઉપકરણ પણ પૂજ્ય છે માટે શિષ્યનો ધર્મ છે કે ગુરૂનાં ઉપકરણને પણ પગ વિગેરે લગાડવો નહિ અને આજ્ઞા વિના સ્પર્શ પણ કરવો નહિં, અને જો સ્પર્શ થઈ જાય તો 'ફરીથી એમ નહિ કરૂં' એમ બોલી અપરાધ ખમાવવો [અહિં શરીર પ્રમાણની (૩॥ હાથની) શય્યા અને અઢી હાથનો સંથારો જાણવો.]

૩૧ संथारावस्थान—ગુરૂની શય્યા તથા સંથારા વિગેરે ઉપર अवस्थान=ઉભા રહેવું (તથા ઉપલક્ષણથી) બેસવું, સૂવું, તે આશાતના.

૩૨ उच्चासन—ગુરૂથી અથવા ગુરૂની આગળ તેમના કરતાં ઉંચા [2]આસન ઉપર બેસે તો આશાતના.

---

૧ तहकिंचि भणइ जह न सा मिलइ—ઇતિ પ્રવ૦ સારો૦ વચનાત્.

૨ ઉપલક્ષણથી ગુરુનાં વસ્ત્રાદિકથી અધિક મૂલ્યવાળાં વસ્ત્રાદિક વાપરવાં તે પણ આશાતના એમાં અંતર્ગત સંભવે છે.

૩૩ समासन—ગુરૂથી અથવા ગુરૂની આગળ સરખા આસને બેસે તો આશાતના.

ઉત્તમ શિષ્યે એ ૩૩ આશાતનાઓ વર્જવી. કારણ કે ગુરૂની આશાતના (અવિનય) નહિ કરનાર શિષ્ય ઉપર ગુરૂની પરમ કૃપા સ્વાભાવિક હોય છે, અને તેથી જ્ઞાનાદિકની પ્રાપ્તિ સુગમ થાય છે. એ આશાતનાઓ સાધુની મુખ્યતાએ કહી છે, છતાં શ્રાવકને પણ એ આશાતનાઓ યથાયોગ્ય ( જેટલી શ્રાવને અંગે ઘટે તેટલી ) ટાળવા યોગ્ય જાણવી.

॥ ગુરૂની જઘન્યાદિ ભેદથી ૩ આશાતના ॥

ગુરૂને પગ વિગેરે લગાડવો ઈત્યાદિ जघन्य आशातना, થુંક વિગેરે લગાડવું ઈત્યાદિ मध्यम आशातना, અને ગુરૂની આજ્ઞા ન માનવી, અથવા આજ્ઞાથી વિપરીત કરવું, આજ્ઞા સાંભળવી નહિ, અને કઠોર ભાષણ કરવું વિગેરે उत्कृष्ट आशातना જાણવી. એ પ્રમાણે સાક્ષાત્ ગુરૂની આશાતના ૩૩ પ્રકારે અથવા ૩ પ્રકારે જાણવી. (—શ્રાદ્ધવિધિ વૃત્તિ: )

॥ ગુરૂની સ્થાપનાની ૩ આશાતના ॥

સ્થાપનાને પગ લગાડવો વિગેરે, અથવા આમતેમ ચલવિચલ કરવી તે जघन्य, ભૂમિ ઉપર પાડી નાખવી અને અવજ્ઞાથી જેમ તેમ મૂકવી-ગોઠવવી તે मध्यम, તથા નાશ કરવો અથવા ભાગી નાખવી વિગેરે उत्कृष्ट આશાતના જાણવી. (—શ્રાદ્ધવિધિ વૃત્તિઃ ).

---

अवतरण—હવે ( બૃહત્ ) ગુરૂવંદન કરવાની બે વિધિનું ૨૨ મું દ્વાર કહેવાય છે કે જે સવાર અને સાંજનું लघुप्रतिक्रमण ગણાય છે. તેમાં પ્રથમ સવારનું લઘુપ્રતિક્રમણ આ પ્રમાણે—

**इरिया कुसुमिणुसग्गो, चिइवंदण पुत्ति वंदणा-लोयं।**
**वंदण खामण वंदण, संवर चउछोभ दुसज्झाओ ३८**

શબ્દાર્થ:—ભાવાર્થમાં લખેલા ક્રમ પ્રમાણે સુગમ છે.

गाथार्थ—ભાવાર્થમાં લખેલા ક્રમ પ્રમાણે સુગમ છે—

**भावार्थ**—પ્રભાતનું પ્રતિક્રમણ કરવાના નિયમવાળાએ કોઈ વખતે પ્રતિક્રમણની સામગ્રીના અભાવે અથવા તેવી શક્તિના અભાવે આ ગાથામાં દર્શાવેલા વિધિ પ્રમાણે બૃહત્ ગુરુવંદન તો અવશ્ય કરવું જોઈએ, એ બૃહત્ ગુરુવંદન તે लघुप्रतिक्रमण ગણાય છે. તે સવારના બૃહત્ ગરૂવંદનનો (એટલે લઘુ પ્રતિક્રમણનો) વિધિ [2]સંક્ષેપમાં આ પ્રમાણે—

૧ **इरियावहियं**—ગુરુ પાસે ઇરિયાવહિયં પડિક્કમી પર્યન્તે લોગસ્સ કહેવો,

૨ **कुसुमिणदुसुमिणनो काउस्सग्ग**—ત્યારબાદ રાત્રે રાગથી આવેલ તે (સ્ત્રીગમનાદિક) કુસ્વપ્ન, અને દ્વેષથી આવ્યાં હોય તે દુઃસ્વપ્નનો દોષ ટાળવા માટે ૪ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો તે કુસુમિણ દુસુમિણનો કાઉસ્સગ્ગ જાણવો.

૩ **चैत्यवंदन**—ત્યારબાદ ચૈત્યવં૦ નો આદેશ માગી જગચિંતામણી ચૈત્યવંદન જયવીઅરાય સુધીનું કરવું.

૪ **मुहपत्ति**—ત્યારબાદ ખમાસમણ પૂર્વક આદેશ માગી મ્હોપત્તિ પડિલેહવી.

૫ **वंदण**—ત્યારબાદ બે વાર દ્વાદશાવર્ત્ત વંદન કરવું.

૬ **आलोचना**—ત્યારબાદ આદેશ માગી રાઇયિ આલોયણા કરવી. (="ઈચ્છા૦ સં૦ ભ૦ રાઇયં આલોઉં ? ઇચ્છં આલોએમિ જો મે રાઈઓ" ઇત્યાદિ કહેવું.) અહિં એજ लघु प्रतिक्रमण सूत्र છે.

૭ **वंदण**—ત્યારબાદ પુનઃ બે વાર દ્વાદશાવર્ત વંદન કરવું.

૮ **खामणा**—ત્યારબાદ રાઇય અબ્ભુટ્ઠિઓ ખામવો.

૯ **वंदन**—ત્યારબાદ પુનઃ બે વાર દ્વાદશાવર્ત્ત વંદન કરવું.

૧૦ **संवर (=पच्चरकाण)**—ત્યારબાદ ગુરુ પાસે યથાશક્તિ પચ્ચખ્ખાણ લેવું.

---

૧ આ બૃ૦ ગુરૂવંદનની અપેક્ષાએ દ્વાદશાવર્ત વંદન તે અહિં લઘુ ગુરૂવંદન જાણવું.

૨ ક્રમશઃ વિશેષ વિધિ ગુરૂ વિગેરે પાસે શીખવાથી જાણી શકાય.

११ चार छोभवंदन—ત્યારબાદ ૪ ખમાસમણ પૂર્વક "ભગવાન હું" આદિ ૪ ને છોભવંદન કરવું.

१२ बे स्वाध्याय आदेश—ત્યારબાદ બે ખમાસમણ પૂર્વક સજ્ઝાય કરવાના બે આદેશ માગવા, અને ગુરુ પાસે સ્વાધ્યાય કરવો.

अवतरण—પૂર્વ ગાથામાં સવારના બૃહત્ ગુરુવંદનનો વિધિ કહીને હવે આ ગાથામાં સાંજે કરવા યોગ્ય બૃ० गुरूवंदन અથવા સાંજના लघु प्रतिक्रमण નો વિધિ દર્શાવે છે—

**इरिया-चिइवंदण-पुत्ति-वंदण-चरिम-वंदणा-लोयं**
**वंदण खामण चउछो-भ दिवसुस्सग्गो दुसज्झाओ ३९**

શબ્દાર્થ:—ભાવાર્થમાં કહેલા ક્રમ પ્રમાણે સુગમ છે.

गाथार्थः—ભાવાર્થના ક્રમ પ્રમાણે સુગમ છે.

भावार्थ—સાંજરે પ્રતિક્રમણ કરવાના નિયમવાળાએ કોઇક વખતે પ્રતિક્રમણની સામગ્રીના અભાવે અથવા તેવી શક્તિના અભાવે આ ગાથામાં દર્શાવેલા વિધિ પ્રમાણે બૃ० ગુરૂવંદન તો અવશ્ય કરવું જોઇએ. કે જે સંધ્યાનું લઘુ પ્રતિક્રમણ ગણાય છે. તેનો વિધ આ પ્રમાણે—

१ इरियावहियं—ઇરિયાવહિયં પડિક્કમી પર્યન્તે લોગસ્સ કહેવો.

२ चिइवंदण—ત્યારબાદ ખમા० દઇ આદેશ માગી ચૈત્યવંદન કરવું.

३ मुहपत्ति—ત્યારબાદ ખમા० દઇ આદેશ માગી મુહપત્તિ પડિલેહવી.

४ वंदन—ત્યારબાદ બે વાર દ્વાદશાવર્ત્ત વંદન કરવું.

५ दिवसचरिम—ત્યારબાદ દિવસચરિમ પચ્ચખ્ખાણ કરવું.

६ वंदन—ત્યારબાદ બે વાર દ્વાદશાવર્ત્ત વંદન કરવું.

७ आलोचना--ત્યારબાદ આદેશ માગી દિવસ સંબંધિ અતિચાર આલોવવા ( એટલે " ઇચ્છિં આલોએમિ જો મે દેવસિઓ અઇયારો " એ સૂત્ર કહેવું. ) અહિં મુખ્યત્વે એજ સુત્ર लघु प्रतिक्रमण सूत्र જાણવું.

८ वंदण—ત્યારબાદ બે વાર દ્વાદશાવર્ત વંદન કરવું.

९ खामणा--ત્યારબાદ આદેશ માગી અબ્ભુટ્ઠિઓ ખામવો.

१० चार छोभवंदन--ત્યારબાદ ૪ ખમાસમણ પૂર્વક ૪ છોભવંદન કરવાં.

११ दैवसिक प्रायश्चित्तनो काउस्सग्ग--ત્યારબાદ આદેશ માગી ચાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.

१२ बे स्वाध्याय आदेश—ત્યારબાદ બે ખમાસમણ પૂર્વક બે આદેશ માગી સજ્ઝાય ( સ્વાધ્યાય) કરવી. ॥ इति २२ मुं द्वार समाप्त ॥

॥ इति गुरुवंदनस्य २२ द्वाराणि समाप्तानि ॥

---

अवतरण—હવે આ પ્રકરણના ઉપસંહારમાં ( સમાપ્તિના પ્રસંગમાં ) પ્રથમ પૂર્વોક્ત વિધિએ ગુરુવંદન કરનારને જે મહાન લાભ થાય છે તે આ ગાથામાં દર્શાવાય છેઃ—

**एयं किइकम्मविहिं, जुंजंता चरणकरणमाउत्ता ।**
**साहू खवंति कम्मं, अणेगभवसंचिअमणंतं ॥ ४० ॥**

શબ્દાર્થ:

एयं(=એવં)=એ પ્રમાણે; પૂર્વે કહેલી.
जुंजंता=પ્રયુંજતા, કરનારા
आउत्ता=ઉપયોગવાળા, સાવધાન.
संचिअ=સંચિત, એકઠાં કરેલ.

गाथार्थ—એ પ્રમાણે પૂર્વે કહેલી કૃતિકર્મ વિધિને ( ગુરુ-વંદન વિધિને ) કરનારા એવા ચરણ કરણમાં (=ચારિત્રમાં અને તેની ક્રિયામાં અથવા ચરણ સિત્તરિ તથા કરણ સિત્તરિમાં )

ઉપયોગવાળા સાધુઓ અનેક પૂર્વ ભવનાં (માં) એકઠાં કરેલાં અનન્ત કર્મોને [1]ખપાવે છે ( એટલે મોક્ષપદ પામે છે ) ॥૪૦॥

**ભાવાર્થઃ**—ગાથાર્થને અનુસારે જાણવો, પરન્તુ આ ગાથામાં વિશેષ તાત્પર્ય એ છે કે—સાધુ પોતાની સર્વ ક્રિયામાં ચાહે તેવો કુશળ અને ઉપયોગવાળો હોય તો પણ ગુરુવંદન વિધિપૂર્વક ન કરતો હોય તો તેવો ( ગુરુના વિનયમાં અનાદરવાળો ) સાધુ કર્મની નિર્જરા કરી મુક્તિપદ ન પામી શકે, માટે ક્રિયાવંત સાધુએ પણ ગુરુ મહારાજનો વિનય કરવામાં અનાદરવાળા ન થવું, એ ઉપદેશ છે.

---

**અવતરણ**—હવે આ છેલ્લી ગાથાવડે ગુરૂવંદન ભાષ્યની સમાપ્તિ થાય છે, ત્યાં આ ભાષ્યના કર્તા શ્રી દેવેન્દ્રસૂરિ પોતાના મતિદોષથી અજાણતાં થઈ ગયેલી ( રહી ગયેલી ) કોઈ ભૂલચુકને માટે પોતાની લઘુતા દર્શાવી શ્રી ગીતાર્થોને તે ભૂલ સુધારી લેવા વિજ્ઞપ્તિ કરે છે—

**अप्पमइभव्वबोह-त्थ भासियं विवरियं च जमिहमए।**
**तं सोहंतु गियत्था, अणभिनिवेसी अमच्छरिणो ४१**

---

१ શ્રી સિદ્ધાન્તમાં કહ્યું છે કે-**वंदणएणं भंते जीवे किं अज्जिअइ ? गोअमा ! अठ्ठकम्मपगडीओ निविडबंधणबद्धाओ सिढिलबंधण बद्धाओ करेइ** ઈત્યાદિ આલાપકનો અર્થ આ પ્રમાણે—

હે ભગવંત ! ગુરૂવંદન વડે જીવ શું (લાભ) ઉપાર્જન કરે ? ઉત્તર—હે ગૌતમ ! આઠ કર્મપ્રકૃતિઓ જે ગાઢ બંધનથી બંધાયલી હોય તેને શિથિલ બંધનથી બંધાયલી (=શિથિલ) કરે, દીર્ઘકાળની સ્થિતિવાળી હોય તેને અલ્પકાળની સ્થિતિવાળી કરે, તીવ્ર રસવાળી હોય તેને મંદરસવાળી કરે, ઘણા પ્રદેશસમૂહવાળી હોય તેને અલ્પપ્રદેશ સમૂહવાળી કરે, અને આ અનાદિ અનન્ત સંસારરૂપી અટવીમાં પરિભ્રમણ ન કરે અને તેનો પાર પામે. ( બીજા આલાપકનો અર્થઃ—) તથા વંદનવડે નીચગોત્ર કર્મ ખપાવે, અને ઉચ્ચગોત્રકર્મ બાંધે, તેમજ સૌભાગ્યવાળુ અપ્રતિહત એવું ( શ્રી જિનેન્દ્રની ) આજ્ઞાનું ફળ ( મુક્તિપદ ) પામે. —ઇતિ ધર્મ સંગ્રહ વૃત્તિઃ )

શબ્દાર્થ:—

अप्पमइ=અલ્પમતિવાળા
भव्व=ભવ્ય જીવોને
बोहत्थ=બોધ કરવાને અર્થે
भासियं=ભાષ્યું, કહ્યું.
विवरियं=વિપરીત
च=અને (પરન્તુ)
जं=જે કાંઇ
इह=અહિં, તેમાં
मए=મેં, મારાવડે
सोहंतु=શોધો, શુદ્ધ કરો.
गियत्था=હે ગીતાર્થો !
अणभिनिवेसी=આગ્રહરહિત
अमच्छरिणो=મત્સર(=ઈર્ષ્યા) રહિત

ગાથાર્થ—અલ્પ મતિવાળા એવા ભવ્ય જીવોને બોધ કરવાને અર્થે ( આ ગુરૂવંદન ભાષ્ય નામનું પ્રકરણ મેં દેવેન્દ્રસૂરિએ ) કહ્યું છે, પરન્તુ તેમાં મારા વડે જે કાંઇ વિપરિત કહેવાયું હોય ( એટલે મારાથી અજાણતાં જે કંઇ ભૂલચુક થઇ હોય ) તે ભૂલચુકને આગ્રહરહિત અને ઈર્ષ્યારહિત એવા હે ગીતાર્થ મુનિઓ ! તમે શુદ્ધ કરજો ॥ ૪૧ ॥

ભાવાર્થ—ગાથાર્થવત્ સુગમ છે.

इति श्री महिसानाख्य–नगरनिवासि–सद्गतश्रेष्ठिवर्य–श्रीयुत वेणीचन्द्र–सुरचन्द्र संस्थापित–श्री जैनश्रेयस्करमंडल–सत्प्रेरणातः श्री भृगुकच्छनिवासि–श्रेष्ठिवर्य–श्रीयुतानुपचन्द्र–विद्यार्थि–चंदुलाल–लिखितः
श्री गुरुवंदनभाष्यभावार्थः
समाप्तः

॥ श्री जिनेन्द्राय नमः ॥

# प्रत्याख्यान भाष्य

## भावार्थ सहित.

( मूलकर्त्ता श्रीमद् देवेन्द्रसूरि ॥ )

अवतरणः—હવે આ ત્રીજા પચ્ચખ્ખાણ ભાષ્યમાં પચ્ચખ્ખાણ લેવાનો વિધિ કહેવાય છે. ત્યાં આ પહેલી ગાથામાં પચ્ચખ્ખાણનાં ૯ મૂળદ્વાર દર્શાવાય છે—

**दस[१] पच्चखाण चउविहि,[२] आहार[३] दुवीसगार[४] अदुरुत्ता।**
**दसविगइ[५] तीस विगई-गय[६] दुहभंगा[७] छसुद्धि[८] फलं[९] १**

शब्दार्थः—

चउविहि=૪ પ્રકારનો વિધિ
दुवीस(आ)गार=બાવીસ આગાર
अदुरुत्ता=બીજીવાર નહિ ઉચ્ચરેલા
विगइगय=વિકૃતિગત, નીવિયાતાં.

गाथार्थः—૧૦ પચ્ચખ્ખાણ-૪ પ્રકારનો (ઉચ્ચાર) વિધિ-૪ *પ્રકારનો આહાર-બીજીવાર નહિ ઉચ્ચરેલા (=નહીં ગણેલા) એવા ૨૨ આગાર-૧૦ વિગઈ-૩૦ નીવિયાતાં-૨ પ્રકારના ભાંગા-૬ પ્રકારની શુદ્ધિ-અને ( ૨ પ્રકારનું ) ફળ. ( એ પ્રમાણે ૯ મૂળ દ્વારના ૯૦ ઉત્તરભેદ થાય છે ) ॥૧॥

---

* ગાથાને વિષે चउविहि માં કહેલા चउ શબ્દનુ અનુસરણ आहार શબ્દ સાથે પણ કરાય, તેથી "૪ પ્રકારનો આહાર" એ અર્થ થાય છે.

**भावार्थ**—આ પચ્ચખ્ખાણ ભાષ્યમાં કહેવાતું પચ્ચખ્ખાણનું સ્વરૂપ ૯ દ્વારવડે ( એટલે સમજવા યોગ્ય ૯ પ્રકારો વડે) સમજાવવાનું છે, તે ૯ મૂળદ્વારોની ટુંકી સમજ આ પ્રમાણે—

૧ दश पच्चक्खाण द्वार—આ દ્વારમાં પચ્ચખ્ખાણના અનાગત આદિ ૧૦ મૂળભેદ તેમજ ૧૦ મા ભેદના એટલે અદ્ધા પચ્ચખ્ખાણના પણ ૧૦ પ્રતિભેદ ( ઉત્તરભેદ ) કહેવાશે. ( ગા. ૨-૩ માં )

૨ चार विधिनुं द्वार—એમાં પચ્ચખ્ખાણનો પાઠ ઉચ્ચરવાના ૪ પ્રકાર કહેવાશે. ( ગા. ૪ થી ૧૨ માં )

૩ चार आहारनुं द्वार—એમાં અશન-પાન-ખાદિમ-અને સ્વાદિમ એ ૪ પ્રકારના આહારનું સ્વરૂપ કહેવાશે. ( ગા. ૧૩-૧૪-૧૫ માં )

૪ बावीस आगार—એમાં એકજ જાતિનો આગાર જૂદા જૂદા પચ્ચખ્ખાણમાં આવતો હોવાથી અનેકવાર બોલવામાં આવે છે, પરન્તુ તેને જૂદો ન ગણતાં એકજ વાર ગણીએ તો તેવા ( અદ્વિરુક્ત એટલે બીજીવાર નહિ ઉચ્ચરેલા અથવા નહિ ગણાયલા) ૨૨ (બાવીસ) આગાર એટલે ૨૨ અપવાદ છે તે કહેવાશે. ( ગા. ૧૬ થી ૨૮ માં ).

૫ दशविगइ—દૂધ આદિ છ ભક્ષ્ય વિગઇ અને મદ્ય આદિ ચાર અભક્ષ્ય વિગઈ ( અથવા એજ છ લઘુવિગઈ અને ચાર મહાવિગઇ ) મળી ૧૦ વિગઈનું સ્વરૂપ કહેવાશે. ( ગા. ૨૯-૩૦-૩૧ માં )

૬ त्रीस निवियातां—છ ભક્ષ્ય વિગઇનાં ત્રીસ નિવિયાતાં થાય છે તે કહેવાશે. ( ગા. ૩૨ થી ૪૧ માં )

૭ बे भांगा—મૂળગુણ પચ્ચખ્ખાણ અને ઉત્તરગુણ પચ્ચખ્ખાણ એ બે ભાંગા મુખ્ય કહેવાશે, અને તે પ્રસંગે ૧૪૭ ભાંગા પણ કહેવાશે. ( ગા. ૪૨-૪૩ માં ).

૮ छ शुद्धि—પચ્ચખ્ખાણની સ્પર્શના. પાલના વિગેરે ૬ શુદ્ધિ કહેવાશે. ( ગા. ૪૪-૪૫-૪૬ માં ).

૧ बे फळ—પચ્ચખ્ખાણથી આ લોકમાં અને પરલોકમાં જે ફળ પ્રાપ્ત થાય તે બે પ્રકારનું ફળ કહેવાશે. ગાથામાં બે ફળ નથી કહ્યાં તો પણ અધ્યાહારથી " दु=બે " નું ગ્રહણ કરવું. ( ગા. ૪૭ માં ).

એ પ્રમાણે ૯ મૂળદ્વારના ઉત્તરભેદ ( ૧૦+૪+૪+૨૨+૧૦+૩૦ ૨+૬+૨=) ૯૦ થયા. ॥इति द्वारसंग्रहनी प्रथम गाथानो भावार्थः॥

अवतरण—હવે ( પૂર્વે કહેલાં નવ દ્વારમાં પ્રથમ) ૧૦ પ્રકારના *પચ્ચખ્ખાણનું पहेलुं द्वार ( એટલે પચ્ચખ્ખાણના ૧૦ ભેદ ) કહેવાય છે—

**अणागय-मइक्कंतं, कोडीसहियं नियंटि अणगारं ।**
**सागार निरवसेसं, परिमाणकडं सके अद्धा ॥ २ ॥**

શબ્દાર્થઃ—ગાથાર્થ પ્રમાણે સુગમ છે.

गाथार्थ—અનાગત પચ્ચ૦, અતિક્રાન્ત પચ્ચ૦, કોટિસહિત પચ્ચ૦, નિયન્ત્રિત પચ્ચ૦, અનાગાર પચ્ચ૦, સાગાર પચ્ચ૦, નિરવશેષ પચ્ચ૦, પરિમાણકૃત પચ્ચ૦, સકેત (સંકેત) પચ્ચ૦, અને અદ્ધા પચ્ચ૦ (એ પ્રમાણે 'પચ્ચખ્ખાણ ૧૦ પ્રકારનાં છે). ॥૨॥

भावार्थ—એ ૧૦ પ્રકારના પચ્ચખ્ખાણનો સંક્ષિપ્ત અર્થ આ પ્રમાણે-

૧ अनागत पच्च०—અનાગત એટલે ભવિષ્યકાળ. અર્થાત્ ભવિષ્યકાળે જે પચ્ચખ્ખાણ કરવાનું છે તેને કોઈક કારણસર પહેલું કરી લેવું તે. જેમકે—પર્યુષણાદિ પર્વમાં જે અટ્ઠમ વિગેરે તપ

* આ કહેવાતાં અનાગત વિગેરે ૧૦ પચ્ચખ્ખાણો સર્વોત્તરગુણ પ્રત્યા૦ના ( સર્વવિરતિવંતના ઉત્તરગુણ સંબંધિ ) ભેદરૂપ હોવાથી બહુધા મુનિની અપેક્ષાએ છે તો પણ તેમાંનાં કેટલાંક પ્રત્યાખ્યાનો શ્રાવકને આશ્રયિ પણ છે.

કરવાનો છે તે તપને પર્યુષણા વખતે ગુરૂની, ગચ્છની, રોગી મુનિની, નવી દીક્ષાવાળા શિષ્યની અને તપસ્વી વિગેરેની વેયાવચ્ચ કરવાના કારણસર પર્યુષણ પહેલાંજ કરી લેવો તે અનાગત પચ્ચખ્ખાણ મુખ્યત્વે મુનિને હોય છે.

२ अतिक्रान्त पच्च०—અતિક્રાન્ત એટલે વ્યતીત કાળ-ભૂત કાળનું પચ્ચખ્ખાણ. અર્થાત્ પર્યુષણાદિમાં જે અઠ્ઠમ વિગેરે તપ કરવાનો છે તેને ઉપર કહેલા વેયાવચ્ચ વિગેરેના કારણથી પર્યુષણાદિ પર્વ વ્યતીત થયા બાદ કરવો, તે અતિક્રાન્ત પ્રત્યા૦ મુખ્યત્વે મુનિને અંગે કહ્યું છે.

३ कोटिसहित पच्च०—બે તપના બે ( कोटि એટલે ) છેડા મળતા હોય એવું. એટલે બે તપની સંધિ જોડાણવાળું પચ્ચખ્ખાણ તે કોટિસહિત પચ્ચખ્ખાણ. જેમકે-પહેલે દિવસે ઉપવાસ કરીને પુનઃ બીજા દિવસે પણ પ્રભાતમાં ઉપવાસનું પચ્ચખ્ખાણ કરે તો તે પહેલા ઉપવાસનો પર્યન્ત ભાગ, અને બીજા ઉપવાસનો આદિ ભાગ એ બન્ને ભાગરૂપ બે કોટિ સંધાવાથી-જોડાવાથી એ પચ્ચખ્ખાણ કોટિસહિત ગણાય છે. તે સમકોટિવાળું અને વિષમ કોટિવાળું એમ બન્ને પ્રકારનું હોય છે. ત્યાં ઉપવાસ પૂર્ણ થયે ઉપવાસ કરવો, અને આયંબિલ પૂર્ણ થયે આયંબિલ કરવું ઇત્યાદિ રીતે સરખાં પચ્ચખ્ખાણ સાંધવાં તે समकोटि વાળું, અને ઉપવાસ પૂર્ણ થયે એકાશનાદિ કરવું, અથવા એકાશનાદિ પૂર્ણ થયે ઉપવાસાદિ કરવા, ઇત્યાદિ રીતે લગોલગ બે ભિન્ન તપ જોડવાથી—કરવાથી विषमकोटि વાળું પચ્ચખ્ખાણ ગણાય છે.

४ नियन्त्रित पच्च०—નિયન્ત્રિત એટલે નિશ્ચયપૂર્વક પચ્ચખ્ખાણ કરવું તે. જેમકે—માંદો હોઉં કે સાજો હોઉં, અથવા તો ગમે તેવું મહાન વિઘ્ન આવે, તોપણ અમુક વખતે મારે અમુક તપ કરવોજ. આ પચ્ચખ્ખાણ જિનકલ્પી અને ચૌદ પૂર્વધર મુનિઓના વખતમાં પ્રથમ સંઘયણી એવા સ્થવિરાદિ મુનિઓને પણ હતું, પરન્તુ જિનકલ્પાદિના વિચ્છેદ સાથે એ પચ્ચખ્ખાણ પણ વિછેદ પામવાથી વર્ત્તમાન કાળમાં થઈ શકે નહિં, કારણ કે તેવા પ્રકા-

રના આયુષ્યનો સંઘયણનો અને ભાવિને નિશ્ચય કરવાનો અભાવ છે માટે.

૫ **अनागार पच्च०**—આગળ કહેવાતા આગાર-અપવાદો-માંથી અનાભોગ આગાર અને સહસા આગાર એ બે *વર્જીને શેષ આગાર રહિત પ્રત્યાખ્યાન [1]કરવું તે.

૬ **सागार पच्च०**—આગળ કહેવાતા બાવીસ આગારોમાંના યથાયોગ્ય આગારો સહિત પચ્ચખ્ખાણ કરવું તે.

૭ **निरवशेष पच्च०**—ચારે પ્રકારના આહારનો સર્વથા ત્યાગ કરવો તે. (આ પચ્ચખ્ખાણ વિશેષત: અન્ત સમયે સંલેખણાદિ સમયે કરાય છે. )

૮ **परिमाणकृत पच्च०**—[2]દત્તિનું-[3]કવલનું (કોળીયાનું)-[4]ઘરોનું-ભિક્ષાનું અને [5]દ્રવ્યનું પ્રમાણ કરી શેષ ભોજનનો ત્યાગ કરવો તે.

---

* કારણ કે એ બે આગાર બુદ્ધિપૂર્વક બનતા નથી, પરન્તુ અણચિંતવ્યા-અકસ્માત્ બને છે માટે.

૧ એ પ્રત્યાખ્યાન પહેલા સંઘયણવાળા મુનિઓ પ્રાણાન્ત કષ્ટ અને ભિક્ષાનો સર્વથા અભાવ જેવા મોટા પ્રસંગોમાં કરે છે. માટે વર્તમાન કાળમાં પ્હેલા સંઘયણના અભાવે એ પ્રત્યાખ્યાન કરવામાં આવતું નથી.

૨ હાથ અથવા વાસણ વિગેરેમાંથી જેટલું અન્ન સતત એક ધારાએ પાત્રામાં પડે તેટલું અન્ન એક દત્તિ કહેવાય. તેવી ૧-૨-૩ આદિ દત્તિનું પ્રમાણ કરવું તે **दत्तिप्रमाण**.

૩ મુખમાં સુખે પ્રવેશી શકે તેવા ૩૨ કવલ જેટલો પુરૂષનો અને ૨૮ કવલ જેટલો સ્ત્રીનો આહાર ગણીને તેમાંથી અમુક-આટલા કવલ ખાવાનું પ્રમાણ કરવું તે **कवलप्रमाण**,

૪ આટલા ઘરોમાંથી જ આહાર લેવો એવું પ્રમાણ કરવું તે **गृहप्रमाण**

૫ ખીર ભાત વા મગ આદિ અમુક દ્રવ્ય-આહાર લેવો તે **द्रव्यप्रमाण**.

९ सकेत ( અથવા संकेत ) पच्च०—કેત એટલે ઘર (स=) સહિત એવા ગૃહસ્થોનું જે પચ્ચખ્ખાણ તે सकेत, અથવા મુનિને આશ્રીય વિચારીએ તો કેત એટલે ચિન્હ, તે ચિન્હ સહિત જે પચ્ચખ્ખાણ તે સકેત પચ્ચખ્ખાણ. એનું સંકેત અથવા સાકેત એવાં પણ નામ છે. એ પ્રમાણે એ પચ્ચખ્ખાણ શ્રાવકને તેમજ સાધુને પણ હોય છે, અને ૮ પ્રકારના ચિન્હના ભેદથી એ પચ્ચખ્ખાણ ૮ પ્રકારનું છે તે આ પ્રમાણે—કોઇ શ્રાવક પૌરુષી આદિ પચ્ચખ્ખાણ કરીને તે પચ્ચખ્ખાણ પૂર્ણ થયા છતાં પણ જ્યાં-સુધી હજી ભોજન સામગ્રી થઇ નથી ત્યાંસુધી ક્ષણમાત્ર પણ પચ્ચ-ખ્ખાણ વિના ન રહેવાના આશયથી અંગુઠો વિગેરે આઠ પ્રકા-રના ચિન્હમાંનું કોઈપણ ચિન્હ ધારે તે આ પ્રમાણે—

૧ જ્યાં સુધી મુઠ્ઠીમાં અંગુઠો વાળીને છૂટો ન કરૂં ત્યાં સુધી મારે પચ્ચખ્ખાણ છે એમ ધારી અંગુઠો છૂટો કરે ત્યારેજ મુખમાં ખાવાની વસ્તુ નાખે એવા સંકેતનું નામ अंगुष्टसहित= અંગુટ્ઠસહિયં સંકેત પચ્ચખ્ખાણ.

૨ એ પ્રમાણે મુઠ્ઠી વાળીને છૂટી ન કરે ત્યાં સુધી मुष्टिसहित =મુટ્ઠિસહિયં.

૩ એ પ્રમાણે વસ્ત્રની અથવા દોરા વિગેરેની ગાંઠ વાળીને છૂટી ન કરે ત્યાં સુધી ग्रन्थिसहित=ગંઠિસહિયં.

૪ એ પ્રમાણે ઘરમાં પ્રવેશ ન કરે ત્યાં સુધીનું પચ્ચ૦ તે घरसहित=ઘરસહિયં.

૫ એ પ્રમાણે પરસેવાના બિંદુ ન સૂકાય ત્યાં સુધીનું પચ્ચ૦ તે स्वेदसहित.

૬ એ પ્રમાણે આટલા શ્વાસોચ્છવાસ ન થાય ત્યાં સુધીનું उच्छवाससहित પચ્ચ૦.

૭ એ પ્રમાણે પાણી વિગેરેની માંચીમાં[1] લાગેલા જળના (સ્તિબુક=) બિંદુ ન સૂકાય ત્યાં સુધીનું स्तिबुक सहित.

---

૧ માંચીના ઉપલક્ષણથી શેષ વાસણ વિગેરેનું પણ ગ્રહણ કરવું અનુચિત નથી.

• ૮ એ પ્રમાણે આ દીપક ન હોલવાય ત્યાં સુધીનું પચ્ચ૦ दीपकसहित=દીવસહિયં.

એ પ્રમાણે કરેલો કોઈ પણ પ્રકારનો સંકેત પૂર્ણ થયા પહેલાં જો મુખમાં કોઇ ચીજ પડી જાય તો તે [1]પચ્ચખ્ખાણનો ભંગ થયો-કર્યો જાણીને તેનું પ્રાયશ્ચિત્ત ગુરુ પાસે લેવું પડે છે.

૧૦ अद्धा पच्चक्खाण—અદ્ધા એટલે કાળ, તે મુહૂર્ત્ત પ્રહર બે પ્રહર દિવસ પક્ષ માસ ઇત્યાદિ જાણવો. અને તે મુહૂર્ત્ત આદિ કાળની મર્યાદાવાળું જે નવકારસી-પોરિસી-સાર્દ્ધ પોરિસી-પુરિમડ્ઢ અવડ્ઢ એકાસણું, ઉપવાસ વિગેરે પચ્ચ૦ તે અદ્ધા પચ્ચ૦ કહેવાય, તેના ૧૦ પ્રકાર છે તે આગળની ત્રીજી ગાથામાં કહેવાશે. એ પ્રમાણે પચ્ચખ્ખાણના=+પ્રત્યાખ્યાનના મૂળ ૧૦ ભેદ કહ્યા. એમાં છેલ્લાં બે પ્રત્યાખ્યાન પ્રતિદિન ઉપયોગી જાણવાં. ॥ इति १० प्रत्याख्यानभेदाः ॥

---

૧ આ સંકેત પચ્ચખ્ખાણો એક અથવા ત્રણ નવકાર ગણીને પારવાં. ત્યારબાદ ભોજન કરીને પુનઃ પણ એ સંકેત પચ્ચખ્ખાણ કરી શકાય છે, અને એ પ્રમાણે વારંવાર સંકેત પચ્ચખ્ખાણ ધારવાથી ભોજન સિવાયનો સર્વકાળ વિરતિપણામાં લેખાય છે. દરરોજ એકાસણું કરનારને એ પચ્ચ૦ થી એક માસમાં લગભગ ૨૯ ઉપવાસ અને બેઆસણું કરનારને લગભગ ૨૮ ઉપવાસ જેટલો લાભ મળે છે. તથા એકાસણા બેઆસણા આદિ રહિત છૂટો શ્રાવક પણ દરરોજ એ પચ્ચખ્ખાણ વારંવાર કરે તો અદ્ધા પચ્ચ૦ માં આગળ કહેવાશે તેવી રીતે પણ તેને વિરતિપણાનો સારો લાભ મળે છે, માટે ક્ષણ માત્ર પણ અવિરતિ નહિ ઇચ્છનારા શ્રાવકને (તથા સાધુને પણ) આ પચ્ચખ્ખાણ પ્રતિદિન અને વારંવાર ઉપયોગી છે. તેમજ ૧૦ મું અધ્ધાપ્રત્યા૦ પણ શ્રાવકને અને સાધુને પ્રતિદિન ઉપયોગી છે.

+ "પચ્ચખ્ખાણ" એ પ્રાકૃત શબ્દ છે, અને "પ્રત્યાખ્યાન" એ સંસ્કૃત શબ્દ છે, તેની વ્યુત્પત્તિ (શબ્દાર્થ) આ પ્રમાણે-**प्रति**=પ્રતિકૂળ-પણે **आ**=મર્યાદા વડે **ख्यान**=કહેવું અર્થાત્ અમુક રીતે નિષેધ કહેવો=કરવો તે **प्रत्याख्यान** કહેવાય.

अवतरण—પૂર્વ ગાથામાં જે દશમું અદ્ધા પચ્ચખ્ખાણ કહ્યું તેના ૧૦ ભેદ છે તે આ ગાથામાં કહેવાય છે. [ અથવા પહેલી ગાથામાં કહેલાં મૂળ નવ દ્વારમાં જે "દશ પચ્ચખ્ખાણ" નામનું પહેલું દ્વાર કહ્યું છે તે એક રીતે પૂર્વ ગાથામાં દર્શાવીને પુનઃ તેજ દ્વાર (=૧૦ પચ્ચખ્ખાણ) આ ગાથામાં બીજી રીતે દર્શાવાય છે ] –

**नवकारसहिय[१] पोरिसि[२], पुरिमड्ढ[३]-गासणे[४] गठाणे[५] य ।**
**आयंबिल[६] अभतट्ठे[७], चरिमे[८] अ अभिग्गहे[९] विगई[१०] ॥३॥**

शब्दार्थ:—ગાથાર્થને અનુસારે સુગમ છે.

गाथार्थ—નવકાર સહિત (=નવકારસી)-પૌરષી-પુરિમાર્ધ (પુરિમડ્ઢ)-એકાશન-એકસ્થાન (એકલઠાણું)—આયંબિલ—અભક્તાર્થ (ઉપવાસ)-દિવસચરિમ-અભિગ્રહ-અને વિકૃતિ (નીવી) એ દશ પ્રકારનાં अद्धा पच्चक्खाण છે ॥ ૩ ॥

भावार्थ—હવે અદ્ધા પચ્ચખ્ખાણના ૧૦ ભેદનું કિંચિત્ સ્વરુપ આ પ્રમાણે—

१ नवकारसहियं (=नमस्कार सहित) प्रत्याख्यान—સૂર્યોદયથી પ્રારંભીને ૧ *મુહૂર્ત (=૨ ઘડી=૪૮ મિનિટ) સુધીનું અને

* नमस्कार सहित માં सहित શબ્દ મુહૂર્તનાજ વિશેષણવાળો છે માટે, અને અધ્ધા પચ્ચખ્ખાણ ૧ મુહૂર્તથી ઓછું હોય નહિં માટે નવકારસીનો ૧ મુહૂર્ત કાળ અવશ્ય ગણવો જોઈએ. જેઓ એમ સમજે છે કે નવકારસી તો ૩ નવકાર ગણીને ગમે તે વખતે પારી શકાય, પરન્તુ કાળની લેશ માત્ર પણ મર્યાદા નહિં, સૂર્યોદય પહેલાં તેમજ તુર્ત પણ ૩ નવકાર ગણ્યે નવકારસી પચ્ચખાણ થઈ જાય તો તે સમજવું સર્વથા ભૂલ ભરેલું છે, માટે નવકારસી બે ઘડી પછીજ ૩ નવકાર ગણીને પારી શકાય. કારણ કે બે ઘડી થયા પહેલાં ૩ નવકાર ગણીને પારે તો નવકારસીનો ભંગ થાય છે, તેમજ બે ઘડી થયા બાદ પણ ૩ નવકાર ગણ્યા વિના પારે તો નવકારસી નહિ પારેલી ગણાય છે.

અહિં નવકારસીનો કાળ ૧ મુહૂર્ત કેમ ? તે સંબંધિ વિશેષ ચર્ચા બીજા ગ્રંથોથી જાણવી.

પૂર્ણ થયે ત્રણ નવકાર ગણીને પારવાનું (એ પ્રમાણે મુહુર્ત્ત અને નવકાર એ બે વિધિવાળું) જે પચ્ચખ્ખાણ તે. એ નવકારસીનું પચ્ચ૦ સૂર્યોદય પહેલાં ધારવું-કરવું જોઇએ, અન્યથા અશુદ્ધ ગણાય.

૨ पोरिसी प्रत्या०—સવારમાં પુરુષની છાયા જ્યારે (તે પુરુષના) પોતાના દેહ જેટલી થાય ત્યારે पोरिसी એટલે પ્રહર ગણાય છે, માટે સૂર્યોદયથી પ્રારંભીને ૧ પ્રહર સુધીનું પચ્ચ૦ તે પોરિસી પચ્ચ૦ કહેવાય. આ પ્રત્યાખ્યાન સૂર્યોદય પહેલાં ધારવું જોઈએ, અથવા તો નવકારસી સાથે જોડી દેવાથી પણ થાય છે. તથા सार्ध पोरिसी એટલે દોઢ પ્રહરનું પચ્ચખ્ખાણ પણ આમાંજ અંતર્ગત ગણાય છે.

૩ पुरिमार्ध प्रत्या०—દિવસના पुरिम=પહેલા अर्ध=અર્ધ ભાગનું એટલે સૂર્યોદયથી પહેલા બે પ્રહર સુધીનું પચ્ચ૦ તે પુરિમાર્ધ અથવા પુરિમડ્ઢ. તથા દિવસના अप=પશ્ચાત્‌ના-પાછલા अर्ध=અર્ધ ભાગનું એટલે સૂર્યોદયથી ૩ પ્રહરનું અને મતાન્તરે છેલ્લા બે પ્રહરનું એટલે દિવસના ઉત્તરાર્ધ સુધીનું પચ્ચ૦ તે अपार्ध (અવડ્ઢ) પચ્ચ૦ પણ આમાં અંતર્ભૂત ગણાય. આ પચ્ચ૦ સવારમાં નવકારસી પોરિસી ધાર્યા વિના પણ કરી શકાય છે.

एकाशन(વા=एकासन)—દિવસમાં एक=એકવાર अशन=ભોજન કરવું તે एकाशन. અથવા ઉઠીને પુનઃ ન બેસી શકાય તેમજ બેઠાં બેઠાં પણ ખસી ન શકાય એવી રીતે एक=એકજ અર્થાત્ નિશ્ચલ आसन=આસનથી બેઠકથી ભોજન કરવું તે *एकासन કહેવાય છે. આમાં બેઠક માત્ર (કેડથી નીચેનો ભાગ) નિશ્ચળ હોય છે, પરન્તુ શેષ હાથ પગ વિગેરે અવયવોનું ચલન વલન થઇ શકે છે. અહિં ભોજન કરીને ઉઠ્યા બાદ તિવિહાર અથવા ચઉવિહાર કરવો.

---

* એકાશન-એકઠાણું-આયંબિલ-નીવિ, એ જો કે અનાગતાદિ દશ પ્રકારમાંથી આઠમા પ્રકારનાં પરિમાણકૃત પ્રત્યાખ્યાનો છે, પરન્તુ પોરિસી આદિ અધ્ધાપ્રત્યાખ્યાન સહિત ઉચ્ચરાય છે-કરાય છે માટે અધ્ધા પ્રત્યાખ્યાનમાં ગણ્યાં છે. (-ઈતિ ધર્મસં૦વૃત્તિ આદિ.)

૫ एकस्थान (=એકલઠાણું)—જેમાં જમણો હાથ અને મુખ એ બે અંગ સિવાય બાકીનું કોઇ પણ અંગ હાલેચાલે નહિ એવું અતિ (एक=) નિશ્ચલ (स्थान) આસનવાળું એકાસણું તે એકલઠાણું કહેવાય. પૂર્વે કહેલા એકાસણમાં સર્વ અવયવો હલાવવાની છૂટ છે તેવી છૂટ આમાં નથી, એટલોજ ભેદ એકાસણ અને એકઠાણામાં છે. [ પુનઃ અહિં ભોજન કર્યા બાદ ઉઠતી વખતે ચઉવિહાર કરવાનો હોય છે, તેથી એકાસણની પેઠે ઊઠયા બાદ ઊષ્ણ જળ પણ પીવાય નહિ એ વિશેષ છે ]

૬ आयंबिल ( आचामाम्ल )—એમાં आचाम=ઓસામણ અને आम्ल=ખાટો રસ એ બેના ત્યાગવાળું તે આચામામ્લ અથવા આચામ્લ કહેવાય. તે ભાત—કઠોળ—અને સાથવાના આહારથી મૂળ ૩ પ્રકારનું છે, અને તે દરેક વળી જઘન્ય મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ ત્રણ પ્રકારનું તે દ્રવ્યથી ગુણથી અને રસથી ગણાય છે, ઇત્યાદિ આયંબિલના ભોજનની વિશેષ સામાચારી તો પરંપરાથી જાણવા યોગ્ય છે, અને સામાન્યથી તો એટલુંજ સમજવું યોગ્ય છે કે—આયંબિલમાં મુખ્યત્વે વિગઇ અને ખટાશનો ત્યાગ હોય છે, તેમજ નીવિયાતાંનો પણ ત્યાગ હોય છે, જેથી એમાં રસ કસ વિનાનો નીરસ આહાર લેવાનો હોય છે.

૭ अभक्तार्थ—જેમાં भक्त=ભોજનનું अर्थ=પ્રયોજન अ=નથી, તે अभक्तार्थ એટલે ઉપવાસ કહેવાય. એમાં આજના સૂર્યોદયથી આવતી કાલના સૂર્યોદય સુધી આખો દિવસ અને રાત્રિ ચારે આહારનો અથવા પાણી સિવાય ત્રણે આહારનો સર્વથા ત્યાગ હોય છે, તેમજ તિવિહારવાળાને પણ દિવસે ઉષ્ણ જળ પીવું કલ્પે છે, રાત્રિએ તેનો પણ ત્યાગ હોય છે. આ અભક્તાર્થમાં એક દિવસમાં કરાતા બે વારના ભોજનનો ત્યાગ ગણાય છે, પરન્તુ જો એજ ઉપવાસના ( =અભક્તાર્થના ) પહેલા દિવસે એકાશન અને પછી પારણાના દિવસે પણ એકાશન કરીએ તો ચારવારના ભોજનનો ત્યાગ થવાથી એ બે એકાશન સહિત એક ઉપવાસનું નામ चतुर्थमक्त (=ચોથભક્ત) કહેવાય છે.

૮ चरिम प्रत्या०—આ પ્રત્યાખ્યાન બે પ્રકારનું છે. ત્યાં દિવસના એટલે અહોરાત્રના ચરિમ=છેલ્લા ભાગનું અર્થાત્ રાત્રિનું જે પ્રત્યાખ્યાન તે दिवसचरिम, અને ભવના એટલે આયુષ્યના છેલ્લા ભાગનું અર્થાત્ મરણ વખતનું પચ્ચખ્ખાણ તે ( છેલ્લી વખતે જીવે ત્યાં સુધીનું ) भवचरिम કહેવાય. એમાં દિવસચરિમ પ્રત્યાખ્યાન સૂર્યાસ્તથી ૧ મુહૂર્ત્ત પહેલાં ગૃહસ્થોએ દુવિહાર તિવિહાર ચઉવિહારવાળું કરવું, અને મુનિને તો ચઉવિહારવાળુંજ હોય છે, અને તે છૂટા શ્રાવક સાધુને તેમજ [1]એકાશનાદિવાળાને પણ (પાણહારરૂપે) કરવાનું હોય છે.

૯ अभिग्रह प्रत्या०—અમુક કાર્ય થાય ત્યારેજ મારે અમુક ભોજન કરવું એવા પ્રકારનો અભિગ્રહ કરવો, તે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી એમ મુખ્યત્વે ૪ પ્રકારનો છે. ત્યાં અમુક દ્રવ્ય=આહાર લેવો અથવા અમુક દ્રવ્ય વડે ( કડછી આદિ વડે ) આપે તો જ આહાર લેવો તે द्रव्य अभिग्रह. અમુક ગામમાંથી અથવા અમુક ઘરોમાંથી અથવા અમુક ગાઉ દૂરથી આહાર લાવવાનો અભિગ્રહ તે क्षेत्र अभिग्रह, ભિક્ષાકાળ પહેલાં અથવા ભિક્ષાકાળ વખતે અથવા ભિક્ષાકાળ વીત્યાબાદ આહાર લાવવાનો અભિગ્રહ તે ૩ પ્રકારનો काल अभिग्रह, અને ગાતો અથવા રુદન કરતો અથવા બેઠો બેઠો અથવા ઉભો ઉભો પુરુષ વા સ્ત્રી વહોરાવે તોજ આહાર લેવો ઇત્યાદિ અનેક પ્રકારનો भाव अभिग्रह જાણવો. પૂર્વે કહેલા અનાગતાદિ ૧૦ પ્રકારના પચ્ચ૦ માંનું ૮ મું પરિમાણકૃત પચ્ચ૦ તથા નવકારસી આદિ અદ્ધા પચ્ચ૦ વિનાનું ૯ મું સંકેત પચ્ચખ્ખાણ પણ આ અભિગ્રહ પ્રત્યાખ્યાનમાં (સંબંધવાળું ) ગણાય છે.

---

૧ પ્રશ્ન:—છૂટા શ્રાવકને તો એ પ્રત્યાખ્યાન યુક્ત છે, પરન્તુ એકાશનાદિ તપવાળાને તો એકાશનાદિ તપ બીજા સર્યોદય સુધીનું હોવાથી તે તપમાં જ આવી ગયું ગણાય, માટે તેને દિવસચરિમ પ્રત્યા૦ ની સાર્થકતા શી ?

ઉત્તર:—એકાશન વિગેરે તપ આઠ આદિ આગારવાળું છે, અને દિવસચરિમ પ્રત્યા૦ ચાર આગારવાળું છે, માટે આગારનો સંક્ષેપ થાય છે એ સાર્થકતા છે.–ઇત્યાદિ અધિક ચર્ચા ધર્મસંગ્રહવૃત્તિ વિગેરેથી જાણવી.

૧૦ विगइ प्रत्या०—વિગઈ એટલે વિકૃતિ, અને વિકૃતિ એટલે વિકાર. તે વિકારવાળા એટલે ઈન્દ્રિયોના વિષયોને પ્રબળ કરનારા દૂધ-દહિં-ઘી-તેલ-ગોળ-અને પકવાન્ન એ ૬ પદાર્થો विगइ ( ભક્ષ્ય વિગઈ ) ગણાય છે, તેમાંથી ૧-૨ યાવત્ છએ વિગઇનો ત્યાગ કરવો તે विगइ प्रत्या०, અને એ છ વિગઇનાં ૩૦ નીવિયાતાંનો યથાસંભવ ત્યાગ કરવો તે नीवि प्रत्या० કહેવાય. માંસ, મધ, મદિરા અને માખણ એ ૪ અભક્ષ્ય વિગઈ અથવા મહાવિગઈનો તો હમેશને માટે સર્વથા ત્યાગ હોવોજ જોઇએ, અને તે વિગઇપ્રત્યા૦માં અંતર્ગત ગણાય છે. એ પ્રમાણે ૧૦ પ્રકારનાં અદ્ધાપ્રત્યાખ્યાન કહ્યાં.

॥ इति प्रथमं १० प्रत्याख्यानद्वारम् ॥

---

अवतरण—હવે આ ગાથામાં પચ્ચખ્ખાણનો પાઠ જે ચાર પ્રકારે ઉચ્ચરાય છે (ઉચ્ચારાય છે) તે ૪ પ્રકારના ઉચ્ચારવિધિનું ૨ जुं द्वार કહેવાય છે.—

## उग्गए सूरे अ नमो, पोरिसि पच्चरक उग्गए सूरे
## सूरे उग्गए पुरिमं, अभतट्ठं पच्चखाइ त्ति ॥ ४ ॥

શબ્દાર્થ:—શબ્દાર્થનું અહિં પ્રયોજન નથી.

गाथार्थः—ભાવાર્થને અનુસારે વિચારવો.

भावार्थ—" ઉગ્ગએ સૂરે નમો " એટલે उग्गए सूरे नमुक्कारसहिअं पच्चरकाइ ( मि ) એ પહેલો ઉચ્ચારવિધિ. તથા " પોરિસિ પચ્ચખ્ખ ઉગ્ગએ સૂરે " એટલે पोरिसिं पच्चरकामि उग्गए सूरे ( અથવા उग्गएसूरे पोरिसिअं पच्चरकामि ) એ બીજો ઉચ્ચારવિધિ પોરિસી તેમજ સાર્ધપોરિસી માટે પણ જાણવો. તફાવત એજ કે સાર્ધપોરિસી મટે साढपोरिसिअं એ પદ બોલવું. તથા " સૂરે ઉગ્ગએ પુરિમં " એટલે सूरे उग्गए पुरिमड्ढं पच्चरकामि એ ત્રીજો ઉચ્ચારવિધિ પુરિમડ્ઢ અને અવડ્ઢ માટે પણ જાણવો. તથા " સૂરે ઉગ્ગએ અભતટ્ઠં " એટલે

सूरे उग्गए अभत्तट्ठं पच्चरकामि એ ચોથો ઉચ્ચારવિધિ ઉપવાસ માટે જાણવો. ગાથામાં "पच्चरकाइ त्ति" એ પદ પાંચમી ગાથા સાથે સંબંધવાળું છે. એ પ્રમાણે અહિં[1] ૪ પ્રકારના ઉચ્ચારવિધિ એક અ ારાત્રમાં જેટલાં અદ્ધાપચ્ચખ્ખાણ સૂર્યોદયથી પ્રારંભીને થઇ શકે તેટલાં અદ્ધાપચ્ચ૦ આશ્રયિ દર્શાવ્યા.

વળી જે બે ઉચ્ચારવિધિમાં उग्गए सूरे પાઠ આવે છે તે પચ્ચખ્ખાણો સૂર્યોદય પહેલાં ધારવાથી-કરવાથીજ શુદ્ધ ગણાય, અને જેમાં सूरे उग्गए પાઠ આવેછે તે પચ્ચખ્ખાણો સૂર્યોદય થયા બાદ પણ ધારી-કરી શકાય છે, એ પ્રમાણે उग्गए सूरे અને सूरे उग्गए એ બન્ને પાઠમાં "સૂર્યોદયથી પ્રારંભીને" એ અર્થ જો કે સરખો છે તો પણ ક્રિયાવિધિનો તફાવત હોવાથી એ બન્ને પાઠનો ભેદ સાર્થક ( કારણવાળો ) છે.

---

अवतरण—પચ્ચખ્ખાણના પાઠમાં ગુરુ શિષ્યના વચનરૂપે બીજી રીતે પણ ૪ પ્રકારનો ઉચ્ચારવિધિ દર્શાવે છે, તથા પચ્ચખ્ખાણ આપવામાં પાઠનો ફેરફાર બોલાયો હોય તો પણ ધારેલું પચ્ચખ્ખાણ પ્રમાણ ગણાય, એ બે વાત આ ગાથામાં દર્શાવાય છે—

**भणइ गुरू सीसो पुण, पच्चरकामित्ति एव वोसिरइ ।**
**उवओगित्थ पमाणं, न पमाणं वंजणच्छलणा ॥५॥**

શબ્દાર્થઃ—

त्ति=ઇતિ, એ પ્રમાણે, એમ
एव=એ પ્રમાણે, એમ.
इत्थ=અહિં, પચ્ચખ્ખાણ લેવામાં
वंजण=વ્યંજનની, અક્ષરની.
च्छलणा=સ્ખલના, ભૂલ.

---

૧ બે એકાશન સહિત ૧ ઉપવાસ માટે चउत्थभत्तं अभत्तट्ठं પદનો ઉચ્ચાર હોય, અને કેવળ ૧ ઉપવાસ માટે अभत्तट्ठं પદનો ઉચ્ચાર હોય છે. (—ઇતિ સેનપ્રશ્નઃ )

**गाथार्थ**—(પચ્ચખ્ખાણુનો પાઠ ઉચ્ચરતી વખતે) ગુરુ જ્યારે **पच्चरकाइ** કહે ત્યારે શિષ્ય **पच्चरकामि** એમ કહે, અને એ પ્રમાણેજ ગુરુ જ્યારે **वोसिरइ** કહે ત્યારે શિષ્ય **वोसिरामि** કહે. તથા પચ્ચખ્ખાણ લેવામાં લેનારનો ઉપયોગજ ( =ધારેલું પચ્ચખ્ખાણજ ) પ્રમાણ છે, પરન્તુ અક્ષરની સ્ખલના-ભૂલ પ્રમાણ નથી.

**भावार्थ**—ગાથાર્થ પ્રમાણે સુગમ છે, પરન્તુ વિશેષ એજ કે ગુરુ કહે **पच्चरकाइ** એટલે શિષ્ય પચ્ચખ્ખાણ કરે છે ત્યારે શિષ્ય તે પચ્ચખ્ખાણને સ્વીકારે છે તેથી " **पच्चरकामि**=હું પ્રત્યાખ્યાન કરૂં છું " એમ શિષ્ય કહે છે.

તથા અક્ષરની સ્ખલના થઈ હોય એટલે ચઉવિહાર ઉપવાસ લેતી વખતે પાઠમાં તિવિહાર બોલાઈ જાય, અથવા તો તિવિહાર ઉપવાસ લેતી વખતે પાઠમાં ચઉવિહાર બોલાઇ જાય, અથવા એકાશનને બદલે બિઆસણ અને બિઆસણને બદલે એકાશનનો પાઠ ભૂલથી બોલાઇ જવાય ઇત્યાદિ રીતે પાઠ ફેરફાર બોલવા છતાં પણ પ્રત્યાખ્યાન તો જે ધાર્યું હોય તેજ પ્રમાણ ગણાય.

---

**अवतरण**—પૂર્વે ચાર પ્રકારના ઉચ્ચારવિધિ બે રીતે કહીને હવે આ ગાથામાં એકાશનાદિ પચ્ચખ્ખાણમાં આવતાં પાંચ પ્રકારનાં ઉચ્ચારસ્થાન અને તેના ૨૧ ભેદ કહે છે—

**पढमे ठाणे तेरस, बीए तिन्नि उ तिगाइ (य) तइयंमि**
**पाणस्स चउत्थंमी, देसवगासाइ पंचमए ॥ ६ ॥**

શબ્દાર્થ:—ગાથાર્થને અનુસારે સુગમ છે.

**गाथार्थ**—પહેલા ઉચ્ચારસ્થાનમાં ૧૩ ભેદ છે, બીજા ઉચ્ચારસ્થાનમાં ૩ ભેદ છે, ત્રીજા ઉચ્ચારસ્થાનમાં ૩ ભેદ છે, ચોથા ઉચ્ચારસ્થાનમાં પાણસ્સનો ૧ ભેદ છે, અને પાંચમા ઉચ્ચારસ્થાનમાં પણ દેસાવગાસિક વિગેરેનો ૧ ભેદ છે. ( એ પ્રમાણે પાંચ મૂળ ઉચ્ચારસ્થાનોના ૨૧ ભેદ અથવા ૨૧ ઉચ્ચારસ્થાનો પણ કહેવાય છે. )

**ભાવાર્થઃ**—અહિં ×એકાશનાદિ મોટા પ્રત્યાખ્યાનોમાં અન્તર્ગતપણે (પેટાભાગમાં) જે જૂદાં જૂદાં પાંચ પ્રકારનાં પચ્ચખ્ખાણ ઉચ્ચરાવવામાં આવે છે તે પાંચ સ્થાન કહેવાય છે, અને તે પાંચ પચ્ચખ્ખાણના જૂદા જૂદા આલાપક-આલાવા (=પાઠ) તે પાંચ પ્રકારનાં **ઉચ્ચારસ્થાન** કહેવાય છે. જેમકે—એકાશનમાં સર્વથી પ્રથમ "નમુક્કારસહિયં પોરિસી" આદિ એક અદ્ધાપચ્ચખ્ખાણ અને મુટ્ઠિસહિયં આદિ એક સંકેત પચ્ચખ્ખાણ ઉચ્ચરાવાય છે, તે એ મળીને પહેલું ઉચ્ચારસ્થાન ગણાય, ત્યારબાદ *વિગઈનું પચ્ચખ્ખાણ ઉચ્ચરાવાય છે તે બીજું, ત્યારબાદ એકાશનનો આલાવો ઉચ્ચરાવાય છે તે ત્રીજું, ત્યારબાદ પાણસ્સનો આલાવો ઉચ્ચરાવાય છે તે ચોથું, એ પ્રમાણે ચાર પચ્ચ૦ ના ચાર આલાવા પ્રભાતમાં એકસાથે ઉચ્ચરાવાય છે, અને સવારે તથા સાંજરે દેશાવકાશિક અથવા સાંજે દિવસચરિમ કે પાણહારનું પચ્ચ૦ ઉચ્ચરાવાય છે તે પાંચમું ઉચ્ચારસ્થાન. એ રીતે એકાશનના એકજ પ્રત્યા૦માં પાંચ પેટા પચ્ચખ્ખાણો તે પાંચ સ્થાન કહેવાય છે. અને તે પાંચ પ્રત્યા૦ના પાંચ આલાવા તે પાંચ [1]ઉચ્ચારસ્થાન જાણવાં.

---

× અહિં ગણાતાં પાંચ સ્થાનો તે એકાશનાદિ (આહારવાળાં) પ્રત્યાખ્યાનોના પેટાવિભાગ તરીકે જાણવા, અને ( આહાર રહિતના પ્રત્યાખ્યાન માટે એટલે ) ઉપવાસ માટે જે પાંચ સ્થાનો છે તે તો ખાસ જૂદી ગાથાથી ( ૮ મી ગાથામાં ) જ કહેવાશે.

* ( એકાશન બિઆસણ અને એકઠાણામાં ) ૬ ભક્ષ્યવિગઇમાંની કોઇ એક પણ વિગઇનો ત્યાગ ન કર્યો હોય તો પણ ૪ અભક્ષ્ય વિગઇનો ત્યાગ તો પ્રાયઃ સર્વને હોવોજ જોઈએ તે કારણથી એ પ્રત્યાખ્યાનોમાં વિગઇત્યાગનો આલાવો પણ અવશ્ય ઉચ્ચરાવાય છે. ( ધ. સં૦ વૃત્તિ ભાવાર્થઃ )

૧ અથવા બીજો અર્થ—જે ૨૧ પચ્ચખ્ખાણો છે, તેના ઉચ્ચાર પાઠરૂપ આલાવા જૂદા જૂદા ૨૧ નથી, પરન્તુ મુખ્ય પાંચ આલાવા છે, માટે તે ૨૧ પ્રત્યાખ્યાન ઉચ્ચરાવવામાં જે મુખ્ય પાંચજ આલાવા—સૂત્રપાઠ ઉપયોગી થાય છે, તે પાંચ સૂત્રપાઠ પાંચ **ઉચ્ચારસ્થાન** ગણાય છે.

તથા એ પાંચ ઉચ્ચારસ્થાનોના ૨૧ ભેદ નામપૂર્વક આગળની ગાથામાંજ કહેવાશે.

---

अवतरण—પૂર્વગાથામાં પાંચ સ્થાનને વિષે જે ૧૩-૩-૩-૧-૧- ઉચ્ચારભેદ કહ્યા તે નામ પૂર્વક આ ગાથામાં કહેવાય છે

**नमु पोरिसि सड्ढा पुरि–मवड्ढ अंगुट्ठमाइ अड तेर ।**
**निवि विगइं-बिलतिय तिय,दु इगासण एगठाणाई॥७॥**

શબ્દાર્થ:—ગાથાર્થને અનુસારે સુગમ છે.

गाथार्थ—નવકારસી-પોરસી-સાર્દ્ધપોરિસી-પુરિમઢ્ઢ-અવઢ્ઢ-અને અંગુઠ્ઠસહિયં આદિ આઠ એ ૧૩ પ્રકાર (ઉચ્ચાર ભેદ) પહેલા સ્થાનમાં છે. તથા નીવિ, વિગઇ, અને આયંબિલ એ ૩ બીજા સ્થાનમાં છે, તથા [ दु (आसण)= ] બિયાસણું એકાસણું અને એકઠાણું એ ૩ પ્રકાર ત્રીજા સ્થાનમાં છે, [ અને ચોથા તથા પાંચમા સ્થાનમાં તો પૂર્વે કહેલો પાણસ્સનો અને દેશાવકાશિકનોજ એકેક પ્રકાર છે એમ અધ્યાહારથી સમજવું. ] ॥ ૭ ॥

भावार्थ—પહેલા વિભાગમાં ( એકાશનાદિ પ્રસંગે ) નમુક્કારસહિયંનું અથવા પોરિસીનું યાવત્ અવડ્ઢનું એમ પાંચ પ્રકારમાંથી કોઈપણ એક પ્રકારનું અદ્ધાપચ્ચખ્ખાણ ઉચ્ચરાવાય છે અને એજ અદ્ધાપચ્ચખ્ખાણના શબ્દ સાથે જોડવામાં આવતું અંગુઠ્ઠસહિયં અથવા મુઠ્ઠિસહિયં ઇત્યાદિ ૮ પ્રકારમાંથી કોઈપણ એક પ્રકારનું સંકેત પચ્ચખ્ખાણ પણ ઉચ્ચરાવવામાં આવે છે, માટે એ બેનો ભેગો એકજ આલાવો ઉચ્ચારપાઠ ૧૩ શબ્દના ફેરફારવાળો થવાથી પહેલું ઉચ્ચારસ્થાન એ રીતે ૧૩ પ્રકારનું ગણાય છે.

તથા વિગઇત્યાગ વાળો એકજ આલાવો વિગઈના પચ્ચખ્ખાણ માટે विगइ શબ્દથી, આયંબિલના પચ્ચખ્ખાણ માટે आयंबिलं શબ્દથી અને નીવિના પચ્ચખ્ખાણ માટે निव्विगइ શબ્દથી ઉચ્ચરવામાં આવે છે, માટે વિગઈત્યાગ સંબંધિ બીજું ઉચ્ચાર સ્થાન ત્રણ પ્રકારનું ગણાય છે.

એ પ્રમાણે એક અથવા બે વખતના આહાર સંબંધિ જે એકજ આલાવો તે એકાશન માટે एगासणं શબ્દથી બિઆસણ માટે बिआसणं શબ્દથી અને એકઠાણા માટે एगठाणं શબ્દથી ઉચ્ચરવામાં આવે છે માટે આ ત્રીજું ઉચ્ચારસ્થાન પણ ૩ પ્રકારનું છે.

તથા ચોથા ઉચ્ચારસ્થાનમાં પાણી સંબંધિ અને પાંચમા ઉચ્ચારસ્થાનમાં દેસાવગાસિક (અથવા દિવસચરિમ) સંબંધિ એક એક શબ્દવાળોજ (=એકેક પ્રકારનોજ) એકેક આલાવો હોવાથી આ ગાથામાં એ બે સ્થાનોનો એકેક પ્રકાર સ્પષ્ટ કહ્યો નથી તોપણ અધ્યાહારથી જાણવો.

હવે કયાં પચ્ચ૦માં કયાં સ્થાન ? તેનો સંક્ષિપ્ત સાર—

| | |
|---|---|
| એકાશનમાં ૫ ઉચ્ચારસ્થાન = | ૧ લું સંકેત સહિત અદ્ધા પચ્ચ૦ નું. |
| બિઆસણમાં ૫ ,, = | ૨ જું વિગઇનું. |
| એકઠાણામાં ૫ ,, = | ૩ જું એકાશનનું(એકાશનમાટે) બિઆસણનું (બિઆ૦માટે) એકઠાણાનું(એકઠાણામાટે). |
| | ૪ થું પાણસ્સનું |
| | ૫ મું દેસાવ૦ *વા દિવસચ૦નું |
| આયંબિલમાં ૫ ,, = | એકાશનવત્, પરન્તુ બીજું ઉચ્ચાર સ્થાન આયંબિલના પચ્ચ૦ નું. |
| નીવિમાં ૫ ,, = | એકાશનવત્, પરન્તુ બીજું ઉચ્ચાર સ્થાન નીવિના પચ્ચ૦ નું. |

* દેસાવગાસિકનું પચ્ચખ્ખાણ ચૌદ નિયમ ધારનારને આ સાથેજ આપવામાં આવે છે, અને નહિ ધારનારને એક ઉચ્ચારસ્થાન ઓછું જાણવું.

| | | | |
|---|---|---|---|
| તિવિહાર ઉપવાસમાં | ૫ ,, | = | આગળની ૮ મી ગાથામાં કહેશે તે પ્રમાણે. |
| ચઉવિહાર ઉપવાસમાં | ૨ ,, | = | ઉપવાસનું અને દેશાવકાશિકનું. |

अवतरण—પૂર્વગાથામાં એકાશનાદિ (આહારવાળાં) પ્રત્યાખ્યાનોમાં પાંચ પાંચ ઉચ્ચારસ્થાનો-આલાવા દર્શાવીને હવે (આહાર રહિતના તિવિહાર) ઉપવાસના પ્રત્યાખ્યાનમાં કયાં પાંચ ઉચ્ચારસ્થાનો છે? તે આ ગાથામાં દર્શાવાય છે.

**पढमंमि चउत्थाई, तेरस बीयंमि तइय पाणस्स ।**
**देसवगासं तुरिए, चरिमे जहसंभवं नेयं ॥ ८ ॥**

શબ્દાર્થ:—

तुरिए = ચોથા સ્થાનમાં
चरिमे = છેલ્લા (પાંચમા) સ્થાનમાં
जहसंभवं = યથાસંભવ, જેમ ઘટે તેમ
नेयं = જાણવું

**गाथार्थः**—ઉપવાસના પહેલા ઉચ્ચારસ્થાનમાં ચતુર્થભક્તથી માંડીને ચોત્રીસભક્ત સુધીનું પચ્ચખ્ખાણ, બીજા સ્થાનમાં (નમુક્કારસહિયં આદિ) ૧૩ પચ્ચખ્ખાણ, ત્રીજા ઉચ્ચારમાં પાણસ્સનું, ચોથા ઉચ્ચારમાં દેસાવગાસિકનુ, અને પાંચમા ઉચ્ચાર સ્થાનમાં સાંજે યથાસંભવ પાણહારનું એટલે ચઉવિહારનું પચ્ચખ્ખાણ હોય છે. ॥ ૮ ॥

**भावार्थः**—ચઉવિહાર ઉપવાસ હોય ત્યારે તેનું પચ્ચખ્ખાણ ઉપવાસનો ઉચ્ચાર અને દેશાવકાશિકનો ઉચ્ચાર એ બે જ ઉચ્ચારસ્થાનવાળું હોય છે, પરન્તુ તિવિહાર ઉપવાસ કરવો હોય ત્યારે તેનું પચ્ચખ્ખાણ પાંચ ઉચ્ચારસ્થાનવાળું હોય છે તે આ પ્રમાણે—

તિવિહાર ઉપવાસના પચ્ચખ્ખાણમાં પહેલો એક આલાવો [1]चउत्थभत्तं અથવા [2]अभत्तट्ठं એટલે ૧ ઉપવા-

---

૧–૨ બે એકાશન યુક્ત ૧ ઉપવાસ કરનારને सूरेउग्गए चउत्थभत्तं अभत्तट्ठं નો ઉચ્ચાર અને બે એકાશન રહિત એક ઉપવાસમાં (આગલી રાત્રે ચઉવિહાર કર્યો હોય અગર ન કર્યો હોય તોપણ) सूरे उग्गए अभत्तट्ठंनो

સથી માંડીને यावत् चउत्तीसभत्तं પર્યન્ત એટલે ૧૬ ઉપવાસ સુધીનો ઉચ્ચરાવાય છે, માટે એ (વર્તમાન[1]કાળે ૧૬ પ્રકારનું) પહેલું ઉચ્ચારસ્થાન જાણવું.

ત્યારબાદ બીજો આલાવો નમુક્કારસહિયં આદિ તેર અદ્ધાપચ્ચખ્ખાણમાંના અને અંગુટ્ઠસહિયં આદિ આઠ સંકેત પચ્ચખ્ખાણમાંના કોઈ પણ એકેક પચ્ચખ્ખાણ સહિત મિશ્ર છે, માટે બીજું ઉચ્ચારસ્થાન ૧૩* પ્રકારનું છે.

ત્યારબાદ ત્રીજો આલાવો पाणस्स लेवेणवा ઈત્યાદિ પદો પૂર્વક તિવિહાર ઉપવાસમાંજ પાણી સંબંધિ છે, માટે આ ત્રીજું ઉચ્ચારસ્થાન ૧ પ્રકારનું જાણવું. એ ત્રણે ઉચ્ચારસ્થાન એકસાથે ઉચ્ચરાવવામાં આવે છે.

ત્યારબાદ ચૌદ નિયમના સંક્ષેપ માટે દેસાવગાસિક ઉચ્ચરાવાય છે, માટે એ ચોથું ઉચ્ચારસ્થાન ૧ પ્રકારનું છે, તે તથા સાંજરે દિવસચરિમ ચઉવિહારનું (=પાણહારનું) ઉચ્ચારસ્થાન તે પાંચમું ઉચ્ચારસ્થાન ૧ પ્રકારનું છે, અથવા તે વખતે

---

ઉચ્ચાર હોય છે. તથા છટ્ઠ વિગેરેના પચ્ચખ્ખાણમાં ચતુર્થભક્તની પેઠે આગળ પાછળ એકાશનનો નિયમ નથી, તેથી કેવળ આગળ પાછળના બે એકાશન રહિત બે ઉપવાસ ત્રણ ઉપવાસ વિગેરે કર્યા હોય તોપણ તે છટ્ઠ અટ્ઠમ ઇત્યાદિ સંજ્ઞાથીજ ઓળખાય છે, અને પ્રત્યાખ્યાનનો ઉચ્ચાર પણ सूरे उग्गए छट्ठभत्तं અથવા अट्ठमभत्तं ઇત્યાદિ પદોથીજ હોય છે. (સેનપ્રશ્ન ભાવાર્થ:)

[1] પહેલા ભગવંતના શાસનમાં એક સામટું ૧૨ માસના ઉપવાસનું, બાવીસ તીર્થંકરના શાસનમાં સામટું ૮ માસના ઉપવાસનું, અને છેલ્લા તીર્થંકરના શાસનમાં પહેલાં સામટું ૬ માસના ઉપવાસનું પચ્ચખ્ખાણ અપાતું હતું, પરન્તુ છેલ્લા તીર્થંકરના શાસનમાં હાલમાં સંઘયણ બળ વિગેરેની હાનિના કારણે સામટા ૧૬ ઉપવાસથી અધિક પચ્ચખ્ખાણ આપવાની આજ્ઞા નથી માટે.

* આ ગાથાનાજ પ્રસંગે અવચૂરિમાં કહેલ द्वितीयस्थाने "पाणहार नमुक्कारसहियं" इत्यादि प्रागुक्ता एव १३ प्रकाराः (ઇતિ વચનાત્)

જેને પોતાનું આયુષ્ય અલ્પ રહ્યું જાણી શેષ આયુષ્ય સુધી ચારે આહારનો ત્યાગ કરવો હોય તો भवचरिमं पच्चक्खामि चउव्विहंपि आहारं ઇત્યાદિ પદોથી ભવચરિમ પચ્ચખ્ખાણનું પણ ઉચ્ચારસ્થાન આ પાંચમા[1] ઉચ્ચારસ્થાનમાં અન્તર્ગત છે.

अवतरण—પચ્ચખ્ખાણના પ્રારંભમાં આવતો "ઉગ્ગએ સૂરે" અને પર્યન્તે આવતો "વોસિરઈ" એ શબ્દો (મોટા પચ્ચખ્ખાણના) દરેક પેટા પચ્ચખ્ખાણોમાં કહેવા કે નહિં? તે સંબંધિ ઉચ્ચારવિધિ દર્શાવે છે—

**तह मज्झपच्चखाणे-सु न पिहु सूरुग्गयाइ वोसिरइ।**
**करणविहि उ न भन्नइ, जहावसीआइ बियछंदे ॥९॥**

શબ્દાર્થઃ—

पिहु=પૃથક્, જૂદાં.
करणविहि=કરણવિધિ, ક્રિયા વિધિ (પ્રત્યા૦ કરવાનો વિધિ)
आवसीआइ="આવસિઆએ" એ પદ
वियछंदे=બીજા વાંદણામાં

गाथार्थ—તથા મધ્યના પચ્ચખ્ખાણોમાં सूरे उग्गए ઇત્યાદિ અને वोसिरइ એ પદ જૂદાં જૂદાં ન કહેવાં. જેમ બીજા વંદનમાં "આવસિઆએ" એ પદ બીજીવાર કહેવાતું નથી, તેમ એ (સૂરે ઉગ્ગએ અને વોસિરઇ પદ) પણ વારંવાર ન કહેવાં તે કરણવિધિ (પ્રત્યા૦ ઉચ્ચરવાનો વિધિ)જ એવો છે. ॥ ૯ ॥

भावार्थ—દ્વાદશાવર્ત્ત વંદનમાં બીજીવારના વાંદણામાં "આવસિઆએ" એ પદ ન બોલવું એવી પરંપરા પૂર્વાચાર્યોથી ચાલી આવે છે, તેમ એકાસન-બિઆસણ-એકઠાણું-આયંબિલ-નીવિ અને ઉપવાસ વિગેરે મોટા પચ્ચખ્ખાણોના પ્રારંભમાં જ એકવાર सूरे उग्गए અથવા उग्गए सूरे શબ્દ યથાયોગ્ય બોલવો અને પર્યન્તે એકવાર वोसिरइ શબ્દ બોલવો, પરન્તુ એ મોટા પચ્ચખ્ખાણના આલાવામાં મધ્યમાં આવતા

૧ અવચૂરિમાં ત્રણ પ્રકારનું ઉચ્ચાર સ્થાન કહ્યુ છે તે સામાન્ય પાંચમા ઉચ્ચારસ્થાનને અંગે સંભવે.

વિગઇ, એકાશનાદિ, અને પાણસ્સના નાના આલાવામાં દરેકમાં પ્રારંભે અને પર્યન્તે એ બે પાઠ-શબ્દ ( જો કે સંબંધવાળા છે તો પણ ) ન બોલવા, તે પૂર્વાચાર્યોથી ચાલી આવતી કરણ-વિધિ અથવા પરંપરા છે.

---

अवतरण—હવે આ ગાથામાં પાણસ્સના (પાણીના) આગારનો આલાવો ક્યારે ઉચ્ચરાવવો? તે સંબંધિ ઉચ્ચારવિધિ દર્શાવે છે—

**तह तिविह पच्चखाणे, भन्नंति य पाणगस्स आगारा ।**
**दुविहाहारे अच्चित्त-भोइणो तह य फासुजले ॥ १० ॥**

શબ્દાર્થઃ—ગાથાર્થને અનુસારે સુગમ છે.

गाथार्थ—તથા તિવિહાર પચ્ચખ્ખાણમાં ( એટલે તિવિહાર ઉપવાસ એકાશન વિગેરેમાં ) પાણસ્સના આગાર(નો આલાવો) ઉચ્ચરાવાય છે. વળી એકાશન વિગેરે દુવિહારવાળું હોય તો તેમાં પણ અચિત્તભોજીને પાણસ્સના આગાર ઉચ્ચરાવવા, તેમજ એકાશનાદિ કંઈ પણ વિશેષ વ્રત વિના છૂટો શ્રાવક પણ જો ઉષ્ણ જળ પીવાના નિયમવાળો હોય તો તેને પણ પાણસ્સના આગાર ઉચ્ચરાવવા. ( તાત્પર્ય કે ઉષ્ણ પાણી પીવાના નિયમમાં સર્વત્ર [1]પાણસ્સના આગાર કહેવા ) ॥ ૧૦ ॥

---

૧. અહિં પાણસ્સના આગાર ઉચ્ચરવા સંબંધિ ચતુર્ભંગી શ્રીજ્ઞાનવિમલસૂરિકૃત બાલાવબોધમાં કહી છે તે આ પ્રમાણે—

૧ સચિત્ત ભોજન—સચિત્ત જળ ( એમાં પાણીના આગાર નહિં ).
૨ ,, —અચિત્ત જળ (એમાં પાણીના આગાર હોય ).
૩ અચિત્ત ભોજન—સચિત્ત જળ ( ,, ,, ,, નહિં ).
૪ ,, —અચિત્ત જળ ( ,, ,, ,, હોય ).

તાત્પર્ય એ છે કે–એકાશનાદિ જે જે વ્રતોમાં તિવિહાર થઈ શકે છે તે તે વ્રતોના તિવિહારમાં ( અચિત્ત ભોજન અને) અચિત્ત જળ પીવું જોઇએ, અને તેથી પાણસ્સના આગાર પણ ઉચ્ચરવા જોઇએ. અને તે એકાશનાદિ વ્રતોમાં દુવિહાર કર્યો હોય તો તે દુવિહારમાં તેવો નિયમ નથી. ત્યાં કયાં વ્રત દુવિહાર તિવિહાર વા ચઉવિહાર હોય છે તે ૧૨ મી ગાથામાં દર્શાવાશે.

**भावार्थ**—ગાથાર્ધવત્ સુગમ છે, પરન્તુ વિશેષ એજ કે જો શ્રાવકે તિવિહાર એકાશન કર્યું હોય તો સચિત્ત આહાર પાણીનો ત્યાગ કરવો, અને પાણસ્સના આગાર ઉચ્ચરવા, પરન્તુ દુવિહારી એકાશનાદિમાં સચિત્તનો ત્યાગ ન કર્યો હોય તો પાણસ્સના આગાર ન ઉચ્ચરવા.

---

**अवतरण**—પૂર્વ ગાથામાં અચિત્ત જળ પીનારને પાણસ્સના આગાર ઉચ્ચરાવવા કહ્યા, પરન્તુ અચિત્ત જળ કયા કયા વ્રતમાં કોણે પીવું ? તેનો નિયમ આ ગાથામાં દર્શાવાય છે—

**इत्तुच्चिय खवणंबिल-निविआइसु फासुयं चिय जलं तु ।**
**सङ्घा वि पियंति तहा, पच्चरकंति य तिहाहारं ॥११॥**

શબ્દાર્થ:—

इत्तुच्चिय=એટલાજ માટે, એ હેતુથીજ.
खवण=ઉપવાસ.
फासुयं=પ્રાસુક, નિર્જીવ, અચિત્ત.
सड्ढावि=શ્રાવકો પણ.

**गाथार्थ**—એ હેતુથીજ ઉપવાસ આયંબિલ અને નીવિ વિગેરેમાં શ્રાવકો પણ चिय=નિશ્ચય પ્રાસુક—અચિત્ત જળ પીએ તથા તિવિહારનું પચ્ચખ્ખાણ ( ઉપવાસાદિકમાં ) કરે. ॥ ૧૨ ॥

**भावार्थ**—એ હેતુથીજ ( એટલે અચિત્તભોજીપણું અને પ્રાસુક-અચિત્ત જળ પીવાનો નિયમ હોવાથી જ ) શ્રાવકો પણ ઉપવાસ આયંબિલ અને નીવિ વિગેરેમાં તેમજ ( અહિં "વિગેરે" શબ્દથી ) એકાશન વિગેરેમાં પણ અચિત્તભોજી એવા શ્રાવકો પ્રાસુકજ જળ પીએ અને પ્રાય:—વિશેષથી તિવિહારનુંજ પચ્ચખ્ખાણ+ કરે ( ઇતિ અવચૂરિ અક્ષરાર્થ: ) અહિં

---

+ અહિં તાત્પર્ય એ છે કે-શ્રાવકોએ પણ વ્રતોમાં ઉષ્ણ પાણી પીવું, અને પચ્ચખ્ખાણ વિશેષત: તિવિહાર એકાશનાદિ કરવું, દુવિહાર પચ્ચખ્ખાણ (=દુવિહાર એકાશનાદિ ) તો કારણેજ કરવું યોગ્ય છે. તેમજ વ્રતમાં કાચું પાણી ન પીવું. કારણકે મુખ્ય વૃત્તિએ તો ઉત્તમ શ્રાવકે સચિત્તનો: સર્વદા ત્યાગ કરવો જોઇએ, તે સંબંધમાં કહ્યું છે કે—

સચિત્તભોજીને પણ ઉપવાસ આયંબિલ અને નીવિ એ ત્રણ તો તિવિહાર અને ચઉવિહારજ હોય, અને તેથી એ ત્રણ વ્રતમાં અચિત્ત પાણીજ પીવું જોઈએ, અને એકાશનાદિ તો યથાસંભવ દુવિહાર તિવિહાર અને ચઉવિહાર એમ ત્રણે પ્રકારે હોય છે, ત્યાં (દુવિહારમાં) અચિત્તનો નિયમ નથી. (જ્ઞાન વિમલ-સૂરિકૃત બાલાવબોધઃ)

---

**अवतरण**—હવે ચાર પ્રકારના આહારમાંથી મુનિને અને શ્રાવકને કયા પચ્ચખ્ખાણમાં કેટલા આહારનો ત્યાગ કરવાનો હોય છે? (એટલે દુવિહાર તિવિહાર અને ચઉવિહારવાળાં કયાં પચ્ચખ્ખાણો હોય છે?) તેનો નિયમ આ ગાથામાં દર્શાવે છે—

**चउहाहारं तु नमो, रत्तिंपि मुणीण सेस तिह चउहा।**
**निसि पोरिसिपुरिमेगा--सणाइ सड्ढाण दुतिचउहा॥१२॥**

શબ્દાર્થઃ—

| | |
|---|---|
| **नमो** = નમુક્કારસહિયં | **सड्ढाण** = શ્રાવકોને |
| **रत्ति** = રાત્રિ(નાં પચ્ચખ્ખાણ) | **दुहा** = દુવિહાર |
| **तिह** = તિવિહાર | **ति(हा)** = તિવિહાર |

**गाथार्थः**—મુનિને નવકારસીનું પચ્ચ૦ તથા રાત્રિનું (દિવસ ચરિમ) પચ્ચખ્ખાણ ચઉવિહારવાળુંજ હોય, અને શેષ (પોરિસી આદિ) પચ્ચખ્ખાણો તિવિહાર અને ચઉવિહાર એમ બે× પ્રકારે

---

निरवज्जाहारेणं, निज्जीवेणं परित्तमीसेणं
अत्ताणुसंधणपरा, सुसावगा एरिसा हुंति ॥१॥ (શ્રાદ્ધ૦ વૃત્તિઃ)

**અર્થઃ**—નિરવદ્ય (=નિર્દોષ) આહારવડે, નિર્જીવ આહાર વડે, અને પ્રત્યેક મિશ્ર (સાધારણ વન૦ રહિત) એવા આહારવડે (આત્માનુસંધાનમાં તત્પર એટલે) આત્મગુણ પ્રાપ્ત કરવામાં વા તેવા આહાર વડેજ આજી-વિકા નિભાવવામાં તત્પર એવા સુશ્રાવકો હોય છે.

એ પ્રમાણે વિચારતાં છૂટા શ્રાવકને પણ અચિત્ત આહાર હોવો જોઇએ તો એકાશનાદિ વ્રતોમાં વિના કારણે શ્રાવકથી તિવિહારમાં સચિત્ત જળ અને દુવિહારમાં સચિત્ત સ્વાદિમ વિગેરે કેમ વપરાય?

× ગ્લાન (માંદગી) આદિના ગાઢ કારણે પોરિસી આદિ પચ્ચખ્ખાણો મુનિને કવચિત્ દુવિહાર પણ હોય, તે **चउहाहारं तु नमो,**

હોય. તથા શ્રાવકને તો રાત્રિનું ( દિવસ ચરિમનું ) અને પોરિસી પુરિમઠ્ઠ તથા એકાશન વિગેરે પચ્ચખ્ખાણો દુવિહાર તિવિહાર ચઉવિહાર એમ ત્રણે પ્રકારનાં હોય છે. [પરન્તુ નવકારસીનું પચ્ચ૦ તો શ્રાવકને પણ ચઉવિહારજ હોય, કારણકે નવકારસી તે ગઈ રાત્રિના ચઉવિહાર પચ્ચ૦ નું તીરણ (=કંઇક અધિક કરવા) રુપ પણ કહ્યું છે.]

**ભાવાર્થ**—ગાથાર્થ પ્રમાણે સુગમ છે. તે સંક્ષેપમાં આ પ્રમાણે—

નમુક્કાર સહિયં—મુનિને તથા શ્રાવકને પણ ચઉવિહાર.

| | |
|---|---|
| પૌરુષી<br>સાર્ધ પૌરિસી<br>પુરિમાર્ધ<br>અપાર્ધ | મુનિને તિવિહાર ચઉવિહાર ( ગાઢ કારણેજ દુવિહાર)<br>શ્રાવકને દુવિહાર તિવિહાર ચઉવિહાર. |
| એકાશન<br>એકઠાણું<br>બીઆસણું | મુનિને તિવિહાર ચઉવિહાર (ગાઢ કારણે જ દુવિહાર ).<br>શ્રાવકને દુવિહાર તિવિહાર ચઉવિહાર (પરન્તુ એકઠાણું જમ્યા પછી ચઉવિહારજ) |

---

**रत्तिंपि मुणीण सेस दुतिचउहा** એ કહેલા પાઠથી તેમજ શ્રીપંચાશકજીના પાંચમા પંચાશકમાં ૩૫ મી ગાથાની વૃત્તિમાં અતિ ગાઢ કારણેજ દુવિહાર કહ્યો છે તેથી સંભવે છે, નહિતર મુખ્ય આજ્ઞા તો મુનિને તિવિહાર ચઉવિહારનીજ જાણવી. તથા મુનિને ૮ પ્રકારનાં સંકેત પચ્ચખ્ખાણો પણ ચઉવિહાર કહ્યાં છે. (-ઇતિ યતિદિનચર્યા ). તથા મુનિને ભવ ચરિમ અને ઉપવાસ તિવિહાર ચઉવિહાર એમ બે પ્રકારે કહેલ છે, અને શેષ પચ્ચખ્ખાણો દુવિ૦ તિવિ૦ ચઉવિ૦ કહ્યાં છે. (ઈતિ શ્રાદ્ધ૦ વૃત્તિ વિગેરે ).

પ્રશ્નઃ—ઉપવાસ તો તિવિહાર ચઉવિહાર સમજી શકાય છે પરન્તુ એકાશન વિગેરે દુવિહાર તિવિહાર કેવી રીતે ?

ઉત્તરઃ–એકાશનાદિમાં ભોજન કરવા સિવાયના શેષ વખતમાં પાણીની અને સ્વાદિમની છૂટ હોય તો તે દુવિહાર એકાશન વિગેરે કહેવાય, અને ભોજન સિવાયના શેષ વખતમાં ફક્ત પાણી પીવાનીજ છૂટ હોય તો તે તિવિહાર એકાશનાદિ કહેવાય.

| | |
|---|---|
| આયંબીલ, નીવિ<br>ઉપવાસ<br>ભવચરિમ | શ્રાવકને તથા મુનિને પણ તિવિહાર ચઉવિહાર. (અપવાદે નીવી દુવિહાર[1] પણ). |

સંકેત પચ્ચ૦—મુનિને તિવિહાર ચઉવિહાર. શ્રાવકને દુ૦, તિ૦, ચઉવિહાર.

| | |
|---|---|
| રાત્રિ પ્રત્યા૦<br>(દિવસ ચરિમ) | મુનિને ચઉવિહાર.<br>શ્રાવકને દુવિહાર, તિવિહાર, ચઉવિહાર, પરન્તુ એકાશનાદિ વિશેષ વ્રતોમાં ચઉ૦. |

એ એકાશનાદિ વ્રતોમાં યથાસંભવ જ્યાં જ્યાં દુવિહાર કહ્યો છે, તે મુનિને તો કોઈ ગાઢ કારણેજ હોય, પરન્તુ શ્રાવકોએ પણ કારણેજ દુવિહાર કરવો, અને વિશેષતઃ તો તિવિહાર વા ચઉવિહારજ કરવો જોઈએ.

---

**अवतरण**—હવે અશન-પાન-ખાદિમ-અને સ્વાદિમ એ ચાર પ્રકારના આહારનું ૩ જું द्वार કહેવાય છે. ત્યાં આ ગાથામાં પ્રથમ આહારનું લક્ષણ કહેવાય છે—

**खुहपसम खमेगागी, आहारि व एइ देइ वा सायं ।**
**खुहिओ वँ खिवइ कुट्ठे, जं पंकुवमं तमाहारो ॥१३॥**

શબ્દાર્થઃ—

| | |
|---|---|
| खुह=ક્ષુધાને | खुहिओ=ક્ષુધાવાળો, ભૂખ્યો |
| पसम=શમાવવામાં | खिवइ=ક્ષેપવે, નાખે |
| खम=સમર્થ | कुट्ठे=કોઠામાં, ઉદરમાં |
| एगागी=એકલું, એકાકી | पंक=કાદવ |
| व=અથવા | उवमं=સરખું |
| एइ=આવે | तं=તે દ્રવ્ય-પદાર્થ |

**गाथार्थः**—જે એકલું હોવા છતાં પણ ક્ષુધાને શાન્ત કરવામાં સમર્થ હોય, અથવા આહારમાં આવતું હોય, અથવા

---

૧ उपवासाचामाम्लनिर्विकृतिकानि प्रायस्त्रिचतुर्विधाहाराणि अपवादात्तु निर्विकृतिकादि पौरुष्यादि च द्विविधाहारमपि स्यात्-ઇતિ શ્રાદ્ધવિધિ વચનાત્, પરન્તુ દુવિહાર કરવો તે વ્યવહાર માર્ગ નથી.

આહારમાં સ્વાદ આપતું હોય, અથવા ભૂખ્યો મનુષ્ય જે કાદવ સરખા નિરસ દ્રવ્યને-પદાર્થને પણ ( ભૂખ શમાવવા માટે ) ઉદરમાં પ્રક્ષેપે ( =ખાય ) તે ( =એ ચારે લક્ષણવાળું દ્રવ્ય ) આહાર કહેવાય. ॥ ૧૩ ॥

भावार्थ—જે પદાર્થ એકાંગી-એકાકી ( =બીજા પદાર્થમાં મિશ્ર થયા વિના પોતે એકલોજ ) હોઇને પણ ક્ષુધા શાન્ત કરવામાં સમર્થ હોય તો તે પદાર્થ આહારમાં ગણાય, આ પ્રથમ લક્ષણવાળો આહાર ચારે પ્રકારનો છે તે આ પ્રમાણે- કૂર (=રાંધેલો ભાત) વિગેરે अशन, છાશની આછ તથા પાણી વિગેરે पान, ફળ શેલડી વિગેરે खादिम, અને સુંઠ વિગેરે स्वादिम. ॥ इति આહારનું ૧ લું लक्षण ॥.

તથા ક્ષુધા શમાવવામાં સમર્થ ન હોય એવો એકાંગી-એકાકી પદાર્થ પણ જો ચાર પ્રકારના આહારમાં આવતો હોય એટલે અશનાદિકમાં મિશ્ર થઈને તેના ગુણમાં કે રસમાં કંઇક વિશેષતા કરતો હોય ( એ ૨ જું लक्षण ), અથવા તો તે અશનાદિકના સ્વાદમાં વધારો કરતો હોય તો તે એકાંગી પદાર્થ આહાર સાથે મિશ્ર હોય કે ન હોય ( એકલો હોય ) તો પણ આહારરૂપ જાણવો. ( એ ૩ જું लक्षण ) એ બન્ને લક્ષણનાં ભેગાં ઉદાહરણ જેમકે—અશનમાં [1]લૂણ-હિંગ-જીરૂં વિગેરે. પાણીમાં કપૂર વિગેરે, ફળાદિ ખાદિમમાં પણ લૂણ વિગેરે, અને તંબોલાદિક સ્વાદિમમાં કાથો વિગેરે.

તથા ભૂખ્યો માણસ ભૂખ શમાવવા માટે કાદવ સરખું નિરસ દ્રવ્ય ખાય તો તે પણ આહાર જાણવો. જેમકે-માટી વિગેરે. ॥ इति આહારનું ૪ થું लक्षण ॥

અહિં ઔષધોમાં કેટલાંક ઔષધ આહાર અને કેટલાંક અનાહાર પણ છે. ( એમાંનો ઘણોખરો ભાવાર્થ શ્રાદ્ધવિધિ વૃત્તિને અનુસારે લખ્યો છે.)

---

૧ અર્થાત્ એ લૂણ-હિંગ-જીરૂ-કપૂર-કાથો વિગેરે પદાર્થો ક્ષુધા શમાવવામાં સમર્થ નથી તો પણ આહારમાં ઉપકારી હોવાથી આહાર તરીકે ગણાય છે.

**असणे मुग्गो-अण-सत्तु-मंड-पय-खज्ज-रब्ब-कंदाई ।**
**पाणे कंजिय-जव-कयर-कक्कडोदग-सुराइ जलं ॥१४॥**

શબ્દાર્થઃ—

| | |
|---|---|
| मुग्ग=મગ | कंजिय=કાંજીનું |
| ओअण=ઓદન, ભાત | जव=યવનું |
| सत्तु=સાથુ-સાથવો | कयर=કેરાંનું |
| मंड=માંડા, પૂડા | कक्कड=કાકડીનું |
| पय=દૂધ | उदग=પાણી |
| खज्ज=ખાદ્ય, ખાજાં | सुरा(आ)इ=મદિરા વિગેરે. |
| रब्ब=રાબ, ઘેંસ | |

**ગાથાર્થઃ**—મગ [1]વિગેરે (=સર્વ કઠોળ), ભાત વિગેરે (=સર્વ ચોખા, તંદૂલ, ઘઉં વિગેરે), સાથુ વિગેરે (જુવાર મગ વિગેરેને શેકીને તેનો બનાવેલો લોટ), માંડા વિગેરે (=પૂડા, પોળી, રોટલી, રોટલા, વિગેરે), દૂધ વિગેરે (દહિં ઘી વિગેરે) ખાજાં વિગેરે (સર્વ પકવાન્ન મોદક વિગેરે), રાબ વિગેરે (સર્વ જાતિની ઘેંસ) અને કંદ વિગેરે (સર્વ વનસ્પતિના કંદમૂળ ફળાદિકનાં રંધાયલાં શાક વિગેરે) એ સર્વ [2]**અશન** માં ગણાય છે. એ પ્રમાણે ૮ વિભાગમાં સર્વ અશનનો સમાવેશ

---

૧ ગાથામાં **कंदाई** પદમાં રહેલો " **आई**=આદિ " શબ્દ મગ ઇત્યાદિ સર્વ શબ્દોની સાથે સંબંધવાળો ગણવો.

૨ શબ્દનો અર્થ વ્યુત્પત્તિથી (એટલે ધાતુ ઉપરથી), અને નિર્યુક્તિથી (એટલે શબ્દમાં રહેલા અક્ષરો ઉપરની ઉપજાવેલી યુક્તિથી) એમ બે પ્રકારે થાય છે. તે પ્રમાણે અહિં " અશન " શબ્દનો અર્થ પણ બે રીતે છે તે આ પ્રમાણે—

**आशु**=શીઘ્ર (ક્ષુધાને ઉપશમાવે) તે **अशन** એ નિર્યુક્તિ અર્થ છે. અને **अश्यते=भुज्यते**=જેનું ભોજન કરાય તે **अशन** એ વ્યુત્પત્તિ અર્થ (=ધાતુ સિદ્ધ અર્થ) છે. ત્યાં જો કે ફળાદિક સર્વ આહારી પદાર્થનું ભોજન કરાય છે તો પણ **अशन** શબ્દથી ભાત વિગેરે અમુક અમુક પદાર્થોજ રૂઢીથી ગણાય છે.

થાય છે. અને કાંજીનું પાણી ( =છાશની આછ ); જવનું પાણી (=[1]જવનું ધોવણ), કેરનું પાણી (=કેરનું ધોવણ), અને કર્કટકનું તે ચીભડા વિગેરે ફળોની [2]અંદર રહેલું અથવા તેના [3]ધોવણનું પાણી તથા મદિરા [4]વિગેરે [5]પાણી એ સર્વ જાતિનાં પાણી [6]પાન આહારમાં ગણાય છે. ॥ ૧૪ ॥

**भावार्थ**—ગાથાર્થમાં કહ્યા પ્રમાણે સુગમ છે, પરન્તુ વિશેષ એ છે કે તિવિહારના પચ્ચખ્ખાણવાળાને એ પાણી કલ્પે નહિ, પરન્તુ નદી કૂવા તળાવ વિગેરેનાં પાણી કે જે કર્પૂરાદિ અન્ય પદાર્થ વડે મિશ્ર થયેલ ન હોય તેવાંજ શુદ્ધ પાણી તિવિહારમાં કલ્પે. અને કર્પૂર દ્રાક્ષા એલાયચી આદિ સ્વાદીમ વસ્તુઓથી મિશ્ર થયેલાં-કરેલાં જળ દુવિહારમાં કલ્પે.

---

**अवतरण**—ચાર પ્રકારના આહારમાંથી પૂર્વ ગાથામાં પહેલા અશન અને પાન એ બે આહારનું સ્વરૂપ કહીને હવે આ ગાથામાં खादिम અને स्वादिम એ બે આહારનું સ્વરૂપ કહે છે, તેમજ આહારમાં ન ગણાતી ( अनाहारो ) વસ્તુઓ પણ કહે છે—

---

૧ ઘઉં ચોખા કોદ્રવ વિગેરે અનાજનાં ધોવણ પણ એમાં અંતર્ગત જાણવાં.

૨ ઇતિ પ્રવ૦સારો૦વૃત્તિઃ

૩ ઇતિ ભાષ્યાવચૂરિઃ

૪ સરકા, આસવો વિગેરે એમાં અંતર્ગત જાણવા.

૫ એ ઉપરાન્ત નાળીયરનું પાણી, શેલડીનો રસ તથા છાશ (અને મદિરા ) જો કે પાણી તરીકે ગણાયલાં છે, પરન્તુ એને વર્ત્તમાન કાળે અશનમાં ગણવાનો વ્યવહાર છે. એ ઉપરાન્ત નદી તળાવ કૂવા વિગેરેનાં પાણી એટલે સર્વ અપ્કાય પણ **पान**માંજ ગણવા.

૬ પ્રાણોનો ઉપકાર કરે તે **पान** ( ઇતિ નિર્યુક્તિ અર્થ ), અથવા **पा** ધાતુ પીવાના અર્થમાં હોવાથી જે **पीयते**=પીવાય તે **पान** ( ઇતિ વ્યુત્પત્તિ અર્થ ).

**खाइमि भत्तोस फला-इ साइमे सुंठि जीर अजमाई ।**
**महु गुल तंबोलाई, अणहारे मोअ निंबाइ ॥१५॥**

શબ્દાર્થ:—ગાથાર્થને અનુસારે સુગમ છે.

**गाथार्थः**—( भत्तोस=ભકતોષ એટલે ) શેકેલાં ધાન્ય, તથા ફળ વિગેરે વસ્તુઓ [1]**खादिम** માં ગણાય, સુંઠ જીરૂ અજમો વિગેરે તથા મધ ગોળ અને તંબોલ વિગેરે પણ [2]**स्वादिम** માં ગણાય, અને ( मोअ=મોક એટલે ) મૂત્ર ( ગોમૂત્ર ) તથા લિંબડો વિગેરે अनाहार માં ગણાય. ॥ ૧૫ ॥

**भावार्थः**--જે વસ્તુઓને ખાવાથી ક્ષુધાની પૂર્ણ શાન્તિ ન થાય, તો પણ કંઇક સંતોષ થાય ( =ભૂખ શમાવે ) તેવી વસ્તુઓ **खादिम** માં ગણાય છે. તેનાં કેટલાંક નામ—શેકેલાં ધાન્ય ( એટલે મમરા પહુંઆ, સેકેલા ચણા, દાળીઆ, સેકેલા મગ, વિગેરે ), તથા ખજૂર, ખારેક, નાળીએર, તથા બદામ, દ્રાક્ષ, કાજૂ વિગેરે મેવા. કેરી, ચીભડાં, તડબૂજ, ખડબૂજ, વિગેરે ફળો, શલડી વિગેરે તથા કોઠવડી-આમળાગંઠી-આંબાગોળી-કોઠીપત્ર-લિંબુડપત્ર વિગેરે ( એ સર્વે ખાદિમ હોવાથી દુવિહાર પચ્ચખ્ખાણમાં ન કલ્પે).

**स्वादिम** વસ્તુઓ—સુંઠ,-હરડે,-પીપર,-મરી,-જીરૂ,-અજમો,-જાયફળ,-જાવંત્રી-કાથો-ખેરવટી-જેઠીમધ-કેસર-નાગકેસર

---

૧ खाद्यते=જે ખવાય તે खादिम ( ઇતિ વ્યુત્પત્તિઃ ) તથા ख=આકાશ એટલે મુખનુ વિવર તેમાં मात्ति=માય-સમાય તે खादिम (ઇતિ નિર્યુક્તિ. એમાં द કારનો નિપાત સંભવે.

૨ खाद्यते એટલે જેનો આસ્વાદ કરાય તે खादिम ( ઇતિ વ્યુત્પત્તિઃ ), તથા ગોળ સાકર વિગેરે દ્રવ્યોને અને રસ વિગેરે ગુણોને તેમજ કર્તાના સંયમ ગુણોને એટલે રાગદ્વેષ રહિત આસ્વાદન કરવાથી સંયમીના સંયમ ગુણોને ) જે खादयति=સ્વાદ પમાડે તે **स्वादिम** અથવા જેનું આસ્વાદન કરતાં તે વસ્તુઓ પોતાના માધુર્યાદિ ગુણોને सादयति નાશ પમાડે તે **स्वादिम** (-ઇતિ નિર્યુક્તિઃ )

તમાલપત્ર-એલચી—લવિંગ-બિડલવણ-અજમોદ—પીપરીમૂળ ( ગંઠોડા )—ચિણિકબાબા—મોથ-કાંટાસેલિઓ-કપૂર-હરડાં,-બેહડાં,-બાવળ છાલ-ધાવડી છાલ-ખેરની છાલ-ખીજડા છાલ-તથા એનાં પત્ર-સોપારી-હિંગ-જવાસામૂળ—બાવચી-તુળસી-કચૂરો-તજ-સંચળ-પુષ્કરમૂળ તથા તંબોલ—વરિયાલી—સુવા ઈત્યાદિ દુવિહારમાં કલ્પે.

એમાં જીરુ સ્વાદિમમાં અને ખાદિમમાં પણ ગણાય એમ બે મત છે. તથા અજમાને પણ કેટલાક આચાર્યો ખાદિમ કહે છે.

તથા મધ-ગોળ-ખાંડ-સાકર—પણ સ્વાદિમમાં ગણાય, પરન્તુ તૃપ્તિ કરનાર હોવાથી દુવિહારમાં કલ્પે નહિ,

अनाहारी વસ્તુઓ—લિંબડાનાં અંગ ( પત્ર-છાલ-કાષ્ઠ-ફળ-ફુલ વિગેરે )—ગોમૂત્ર વિગેરે મૂત્ર-ગળો-કડુ-કરિયાતુ-અતિવિષ-ચીડ-રાખ-હળદર-ઉપલેટ-વજ—હરડે—[1]બેહડાં-આમળાં બાવળ છાલ-ધમાસો-નાહિ-આસંધ્રિ-રિંગણી-એળીઓ-ગુગળ-બોરડી-કંથેરી-કેરમૂળ-પૂંઆડ-મંજીઠ-બોળ-ચિત્રક-કુંદરુ-ફટકડી ચિમેડ-થુવર-આકડા ઇત્યાદિ જે વસ્તુઓ ખાવામાં અનિષ્ટ સ્વાદવાળી હોય, તે આનાહારી જાણવી.

---

अवतरण—હવે આ ૧૬ મી અને ૧૭ મી ગાથામાં ૨૨ आगारનું ( એટલે ૨૨ આગારમાંથી કયા પચ્ચખ્ખાણમાં કેટલા આગાર હોય ? તે સંબંધિ ) ૪ થું द्वार કહેવાય છે—

**दो नवकारि छ पोरिसि, सग पुरिमड्ढे इगासणे अट्ठ ।**
**सत्तेगठाणि अंबिलि, अट्ठ पण चउत्थि छप्पाणे॥१६॥**

શબ્દાર્થ:—ગાથાર્થ પ્રમાણે સુગમ છે.

**ગાથાર્થઃ**—નવકારસીમાં ૨ આગાર, પોરિસીમાં ૬ આગાર, પુરિમડ્ઢમાં ૭ આગાર, એકાશનમાં ( તથા બિઆસણમાં પણ ) ૮ આગાર, એકઠાણામાં ૭ આગાર, આયંબિલમાં ૮ આગાર,

---

૧ હરડે બેહડાં અને આમળાં વિગેરે કેટલીક વસ્તુઓ સ્વાદિમમાં અને અણાહારમાં બન્નેમાં પણ ગણાય છે.

ચતુર્થભક્તમાં (ઉપવાસમાં) ૫ આગાર, અને પાણસ્સના પચ્ચ-ખ્ખાણમાં ૬ આગાર છે. ॥ ૧૬ ॥

**भावार्थः**--ગાથાર્થવત્ સુગમ છે, પરન્તુ નવકારસી આદિમાં કયા કયા આગાર છે ? તેનાં નામ અને અર્થ પણ આગળ ગાથાઓમાંજ કહેવાશે, માટે અહિં વિશેષ સ્પષ્ટ કરવાનું પ્રયો-જન નથી.

**चउ चरिमे चउभिग्गहि, पण पावरणे नवट्ठ निव्वीए।**
**आगारुक्खित्तविवे-गमुत्तु दवविगइ नियमिट्ठ॥१७॥**

શબ્દાર્થઃ—ગાથાર્થ પ્રમાણે સુગમ છે.

**गाथार्थ**—( દિવસચરિમ અને ભવચરિમ એ બે ) ચરિમ પચ્ચખ્ખાણમાં ૪ આગાર છે, *અભિગ્રહમાં ૪ આગાર છે, પ્રાવરણ (વસ્ત્રના) પચ્ચ૦ માં पण=પાંચ આગાર છે, અને નીવિમાં ૯ અથવા ૮ આગાર છે. તેમાં નીવિને વિષે જો પિંડ વિગઇ અને દ્રવ વિગઇ એ બન્નેનું પચ્ચ૦ હોય તો ૯ આગાર, પરન્તુ જો કેવળ દ્રવવિગઇનુંજ પચ્ચ૦ હોય તો તે ( એકલા દ્રવ વિગઇના ) नियमि=નિયમમાં "ઉખ્ખિત્તવિવેગેણં" એ એક આગાર मुत्तु=મૂકીને-છોડીને બીજા [ ट्ठ=अट्ठ ] ૮ આગાર હોય [1]છે ॥ ૧૭ ॥

**भावार्थ**—ગાથાર્થવત્ સુગમ છે; પરન્તુ વિશેષ એ છે કે—અહિં ભાષ્યમાં જો કે વિગઈના છૂટા પચ્ચ૦માં ૯-૮ એમ બે રીતે આગાર કહ્યા નથી, પરન્તુ ૨૦ મી ગાથામાં કેવળ નવ આગારજ કહેવાશે તો પણ અન્ય ગ્રન્થોને અનુસારે વિગઇના પચ્ચ૦ માં પણ ૯ અને ૮ એમ બન્ને પ્રકારના આગાર જાણવા.

---

* અહિં "અભિગ્રહ" શબ્દથી ૮ પ્રકારનાં સંકેત પચ્ચખ્ખાણમાં તેમજ બીજા પણ દ્રવ્યાદિ ચારે પ્રકારના અભિગ્રહમાં ૪ આગાર જાણવા, તે આગળ ૨૩ મી ગાથામાંજ કહેવાશે.

૧ એ ૮ વા ૯ આગારનું કારણ વિગઇઓનાં સ્વરૂપ તથા ઉખ્ખિત્ત૦ આગારનો અર્થ જે આગળ કહેવાશે તે જાણ્યા બાદ સમજાશે.

તથા પ્રાવરણના પ્રત્યાખ્યાનમાં ( જીતેન્દ્રિય મુનિઓ જે ચોલપટ્ટ પણ નહિ પહેરવાનો અભિગ્રહ વિશેષ કરે છે તેમાં ) અન્ન૦-સહ૦-ચોલપટ્ટાગારેણં-મહ૦-સવ્વ૦ એ પાંચ આગાર હોય છે. આ સંબંધિ વિશેષ ભાવાર્થ चोलपट्टा० ના અર્થમાં કહેવાશે.

એ પ્રમાણે બે ગાથાઓમાં પ્રત્યેક પચ્ચક્ખાણની આગાર [1]સંખ્યા સામાન્યથી ગણાવી. તે સંક્ષેપમાં આ પ્રમાણે—

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| નમુ૦ | ૨ | પુરિમા૦ | ૭ | એકાશ૦ | ૮ | ઉપવાસ | ૫ | પ્રાવ૦ | ૫ |
| પોરિ૦ | ૬ | અવડ્ઢ | ૭ | બિઆ૦ | ૮ | પાણહાર | ૬ | | |
| સાર્ધપો૦ | ૬ | વિગઇ | ૯ | એકઠાણ | ૭ | ચરિમ | ૪ | | |
| | | નીવિ | ૯ | આયંબિલ | ૮ | અભિ૦ | ૪ | | |

अवतरणः—હવે કયા પચ્ચ૦માં કયા કયા આગાર હોય તે નામપૂર્વક દર્શાવાય છે. ત્યાં આ ગાથામાં પ્રથમ સ્થાનમાં ગણાતા અદ્ધાપ્રત્યા૦ ના એટલે નવ૦-પોરિસી-સાર્ધપો૦-અને પુરિમ૦ ( તથા અવડ્ઢ ) પ્રત્યા૦ના આગાર કહેવાય છે:—

**अन्न सह दु नमुकारे, अन्न सह प्पच्छ दिस य साहु सव्व।**
**पोरिसि छ सड्ढपोरिसि, पुरिमड्ढे सत्त समहतरा ॥१८॥**

શબ્દાર્થઃ—ગાથાર્થાનુસારે સુગમ છે.

**गाथार्थ**—નમુક્કારસહિયંના પચ્ચ૦માં अन्न=અન્નત્થણાભોગેણં અને सह=સહસાગારેણં એ *दु=બે આગાર છે. તથા અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, प्पच्छ=પચ્છન્નકાલેણં, दिस=દિસામોહેણં, साहु=સાહુવયણેણં, सव्व=સવ્વસમાહિવત્તિયાગારેણં એ ૬ આગાર પોરિસી અને સાર્ધપોરિસીના પચ્ચ૦માં છે, અને "મહત્તરાગારેણં" એ આગાર સહિત સાત આગાર પુરિમાર્ધ ( તથા અપાર્ધના—અવડ્ઢના ) પચ્ચ૦ માં છે ॥૧૮॥

* પ્રશ્નઃ—उग्गएसूरे नमुक्कारसहियं मुट्ठिसहियं पच्चक्खाइ । चउव्विहंपि आहारं असणं पाणं खाइमं साइमं । अन्नत्थणाभोगेणं सहसागारेणं महत्तरागारेणं सव्वसमाहिवत्तियागारेणं वोसिरइ ॥ એ નવકારસી પચ્ચ૦ ના આલાપકમાં—આલાવામાં તો ૪ આગાર દર્શાવ્યા છે તે કેમ ?

**भावार्थ**—ગાથાર્થવત્ સુગમ છે. પરન્તુ વિશેષ એજ કે અન્ન સહ ઈત્યાદિ શબ્દો સંપૂર્ણ પદ નથી પરન્તુ પદનો એકેક અંશ છે તો પણ અર્થમાં સંપૂર્ણ પદ લેવું. તથા નવકારસી પ્રત્યાખ્યાન અતિ અલ્પ કાળનું એટલે મુહુર્ત્ત ( =સૂર્યોદયથી બે ઘડી ) સુધીનું જ છે, તે કારણથી તેમાં અશક્ય [1]પરિહારવાળા જ બે આગાર જેટલા અલ્પ આગાર છે, અને પોરિસી આદિ પ્રત્યાખ્યાનો વિશેષ કાળપ્રમાણવાળાં હોવાથી તેમાં વધારે આગાર રાખવા પડે છે. ॥ इति प्रथम स्थानना अद्धाप्रत्या० ना आगार ॥

---

**अवतरण**—આ ગાથામાં એકાશન બિઆસણ અને એકઠાણામાં આવતા આગાર (નાં નામ) કહે છે, અર્થાત્ ત્રીજા સ્થાનમાં ગણાતાં પચ્ચખ્ખાણોના આગાર કહે છે—

**अन्न सहस्सागारि अ, आउंटण गुरु अ पारि मह सव्व।**
**एग-बियासणि अट्ठ उ, सग इगठाणे अउंट विणा॥१९॥**

---

ઉત્તર—એ પ્રત્યાખ્યાન કેવળ નવકારસીનું નથી પરન્તુ નવકારસી સાથે મુટ્ઠિસહિયંનું પણ ભેગું છે, તેમાં નવકારસી અદ્ધા પચ્ચ૦ છે, અને મુટ્ઠિસહિયં એ સંકેત પચ્ચખ્ખાણ છે, અને સંકેત પચ્ચ૦ ના ૪ આગાર પૂર્વે કહ્યા છે, તેથી એમાં નવકારસીના તો બે જ આગાર છે, અને ( તેજ બે આગાર સહિત સર્વ ) ચાર આગાર મુટ્ઠિસહિયંના છે, જેથી બેના ભેગા મળીને પણ ચારજ આગાર એ આલાવામાં કહેલા છે, તે સંકેત પચ્ચ૦ ભેગું હોવાના કારણથી છે. તેવીજ રીતે પોરિસી અને સાર્ધ પૌરિસીના આલાવામાં પણ મુટ્ઠિસહિયં હોવાથીજ મહત્તરાગારેણં આગાર આવે છે.

૧. અહિં જે દોષ આપણે ટાળવાનો પ્રયત્ન કરીએ તો પણ ટાળી ન શકાય તેવા અને કુદરતી રીતેજ થતા હોય તો તેવા અકસ્માત દોષો અશક્ય પરિહારવાળા કહેવાય, જેથી દરેક પ્રત્યા૦માં એ અશક્ય પરિહારવાળા બે આગાર રાખ્યા વિના છૂટકો જ નહિ, અને તે કારણથી જ નિરાગાર ( આગાર રહિત ) પ્રત્યાખ્યાનમાં પણ એ બે આગાર તો હોયજ.

શબ્દાર્થઃ—ગાથાર્થાનુસારે સુગમ છે.

**गाथार्थः**—અન્નત્થણા [1]ભોગેણં, (सह=) [2]સહસાગારેણં, (सागारि=) સાગારિ [3]આગારેણં, આઉંટણ [4]પસારેણં, (गुरु=) ગુરુ [5]અબ્ભુટ્ઠાણેણં, (पारि=) પારિટ્ઠાવાણયાગારેણં, [6] મહત્તરા-[7]ગારેણં, સવ્વ [8]સમાહિવત્તિયાગારેણં એ ૮ આગાર (एग=) એકાશનમાં અને બિઆસણામાં છે, અને એકઠાણામાં તો "આઉંટણપસારેણં" એ એક આગાર વિના શેષ* ૭ આગાર છે ॥ ૧૯ ॥

**भावार्थः**—ગાથાર્થવત્ સુગમ છે.

---

**अवतरणः**—આ ગાથામાં વિગઈ નીવિ અને આયંબિલ એ ત્રણ પ્રત્યાખ્યાન (કે જે બીજા સ્થાનનાં પ્રત્યાખ્યાનો છે તે)ના આગાર કહેવાય છે—

**अन्न स्सह लेवा गिह, उक्खित्त पडुच्च पारि मह सव्व ।**
**विगई निव्विगए नव, पडुच्चविणु अंबिले अट्ठ॥२०॥**

શબ્દાર્થઃ—ગાથાર્થ પ્રમાણે સુગમ છે.

**गाथार्थ**—અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણં, ઉક્ખિત્તવિવેગેણં, પડુચ્ચમક્ખિએણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, અને સવ્વસમાહિવત્તિયાગારેણં એ ૯ આગાર વિગઇ અને નીવિના પચ્ચ૦માં છે, અને પડુચ્ચમક્ખિએણં વિના ૮ આગાર आयंबिलમાં આવે છે. ॥ ૨૦ ॥

---

* "આઉંટણપસારેણં" એ આગાર અંગોપાંગને સંકોચવા અને પ્રસારવા (=હાથ પગ વિગેરે લાંબા ટુંકા કરવા)ની છૂટ માટે છે. અને એકઠાણામાં અંગોપાંગ હલાવાય પણ નહિ, માટે એ આગાર નથી.

૧. આયંબિલમાં ઘી વિગેરે સ્નિગ્ધ (ચિકાશવાળું) દ્રવ્ય કલ્પે નહિ, અને પડુચ્ચમ૦ આગાર ઘી વિગેરેથી કિંચિત્ મસળેલી રોટલી વિગેરેના આહારની છૂટવાળો છે, માટે આયંબિલમાં એ આગાર ન હોય.

भावार्थ—ગાથાર્થવત્ સુગમ છે, પરન્તુ વિશેષ એ છે કે-અહિં નીવિ તથા વિગઇમાં ૯ આગાર કહ્યા છે, તો પણ પૂર્વે ૧૭ મી ગાથાના ભાવાર્થમાં કહ્યા પ્રમાણે નીવિમાં ૯ તથા ૮ આગાર પણ હોય. ત્યાં પિંડ વિગઇ અને દ્રવ વિગઈ એ બન્ને સંબંધિ નીવિમાં ૯ આગાર અને કેવળ દ્રવવિગઈ સંબંધિ નીવિમાં ઉક્ખિત્તવિ૦ વર્જીને શેષ ૮ આગાર જાણવા.

તથા જેમ નીવિમાં ૯ અને ૮ આગાર કહયા છે, તેમ છૂટી વિગઈના પચ્ચ૦ માં પણ કેવળ પિંડ વિગઈનું પચ્ચ૦ કરે તો ૯ આગાર અને કેવળ દ્રવ વિગઈના પચ્ચ૦ માં ઉક્ખિત્ત વિ૦ વર્જીને શેષ ૮ આગાર જાણવા.

---

अवतरण:—આ ગાથામાં ઉપવાસ, પાણી, ચરિમ, અને સંકેતાદિ અભિગ્રહ એ ચાર પચ્ચક્ખાણોના આગાર કહે છે-

**अन्न सह पारि मह स–व्व पंच खम (व)णे छ पाणि लेवाई।**
**चउ चरिमंगुट्ठाई-भिग्गहि अन्न सह मह सव्व ॥२१॥**

શબ્દાર્થ:-ગાથાર્થને અનુસારે સુગમ છે.

गाथार्थ:—ક્ષપણમાં (=ઉપવાસમાં) અન્નત્થણાભોગેણં–સહસાગારેણં-પારિટ્ઠાવણિયાગારેણં–મહત્તરાગારેણં–અને સવ્વ સમાહિવત્તિયાગારેણં એ પાંચ આગાર છે. પાણીના પચ્ચક્ખાણમાં લેવેણવા આદિ ૬ આગાર (લેવેણવા–અલેવેણવા-અચ્છેણવા–બહુલેવેણવા–સસિત્થેણવા-અસિત્થેણવા એ ૬ આગાર) છે. તથા ચરિમ પચ્ચ૦માં અને અંગુટ્ઠસહિયં આદિ અભિગ્રહના ( સંકેત વિગેરે ) પચ્ચક્ખાણોમાં અન્નત્થણાભોગેણં–સહસાગારેણં-મહત્તરાગારેણં–અને સવ્વસમાહિવત્તિયાગારેણં એ ૪ આગાર છે. ॥ ૨૧ ॥

भावार्थ:—ગાથાર્થવત્ સુગમ છે. પરન્તુ વિશેષ એ છે કે-ચરિમ પચ્ચ૦ માં દિવસચરિમ અને ભવચરિમ એ બન્ને પચ્ચક્ખાણ ૪-૪ આગારવાળાં છે, તો પણ ભવચરિમ પચ્ચક્ખાણ જો કોઈ સમર્થ મહાત્મા મહત્તરા૦ અને સવ્વસમાહિ૦ એ બે

આગારનું મારે ભાવીમાં પ્રયોજન નથી એમ જાણીને નિરાગાર (આગાર રહિત) કરે તો તે નિરાગાર ભવચરિમ પચ્ચ૦ માં અન્નત્થ૦ અને સહસા૦ એ બેજ આગાર હોય. (ધર્મસં૦ વૃત્તિ આદિ).

---

## ॥ પચ્ચખ્ખાણના આગારોનું કોષ્ઠક ॥

| | | |
|---|---|---|
| નવકારસી | ૨ | અન્ન૦-સહ૦ |
| પોરિસી, સાર્ધ પોરિસી | ૬ | અન્ન૦-સહ૦-પચ્છન્ન૦-દિસા૦-સાહુ૦-સવ્વ૦ |
| પુરિમઢ્ઢ, અવઢ્ઢ | ૭ | ૬ પૂર્વવત્-૧ મહત્તરા૦ |
| એકાશન, બિઆસણ | ૮ | અન્ન૦-સહ૦-સાગારિ૦-આઉં૦ટ૦-ગુરુ૦-પારિ૦-મહ૦-સવ્વ૦ |
| એકઠાણું | ૭ | આઉં૦ટ૦ વિના એકાશનવત્ |
| વિગઈ, નીવિ — પિંડવિગઇ સંબંધિ | ૯ | અન્ન૦-સહ૦-લેવા૦-ગિહત્થ૦-ઉખ્ખિત્ત૦-પડુચ્ચ૦-પારિ૦-મહ૦-સવ્વ૦ |
| નીવિ, વિગઇ — દ્રવ વિગઇ સંબંધિ | ૮ | ઉખ્ખિ૦ વિના |
| આયંબિલ | ૮ | પડુચ્ચ૦ વિના વિગઇવત્ |
| ઉપવાસ | ૫ | અન્ન૦-સહ૦-પારિ૦-મહ૦-સવ્વ૦ |
| પાણહાર | ૬ | લેવે૦-અલેવે૦-અચ્છે૦-બહુલે૦-સસિત્થે૦-અસિત્થે૦ |
| અભિગ્રહ (સંકેતસહ) | ૪ | અન્ન૦-સહ૦-મહ૦-સવ્વ૦ |
| પ્રાવરણ | ૫ | અન્ન૦-સહ૦-ચોલપટ્ટાગા૦-મહ૦-સવ્વ૦ |
| દિવસચરિમ, ભવચરિમ, દેસાવગા૦ | ૪ | અન્ન૦-સહ૦-મહ૦-સવ્વ૦. |

अवतरण—પૂર્વે કહેલી ૨૦ મી ગાથાના પ્રસંગને અનુસરીને આ ગાથામાં તે વિગઈ અને તેના દ્રવવિગઈ આદિ ભેદ પણ દર્શાવાય છે—

**दुद्ध-महु-मज्ज-तिल्लं, चउरो दवविगइ चउर पिंडदवा।**
**घय-गुल-दहियं-पिसियं, मक्खण-पक्कन्न दो पिंडा ॥२२॥**

શબ્દાર્થ:—

| | |
|---|---|
| महु=મધ | घय=ઘૃત, ઘી. |
| मज्ज=મદ્ય, મદિરા | पिसियं=પિશિત, માંસ. |

**गाथार्थ:**—દૂધ-મધ-મદિરા-અને તેલ એ ૪ द्रवविगइ છે, તથા ઘી-ગોળ-દહિં અને માંસ એ ૪ पिंडद्रव એટલે મિશ્ર વિગઇ છે, અને માખણ તથા પકવાન્ન એ બે પિંડ વિગઈ છે. ॥ ૨૨ ॥

**भावार्थ:**—અહિ દ્રવ એટલે રેલો ચાલે એવી અતિ નરમ પ્રવાહી વિગઇ તે द्रवविगइ કહેવાય. અને પિંડ એટલે જેના અંશો પરસ્પર બાઝીને-વળગી રહીને પિંડી ભૂત થયેલા હોય તેવી કંઇક કઠીનતા વાળી વિગઇ તે पिंड विगइ (=કઠીન વિગઈ) કહેવાય, તથા અગ્નિ આદિ સામગ્રી વડે જે વિગઇ દ્રવ-પ્રવાહી થતી હોય, અને તેવી સામગ્રીના અભાવે પુનઃ પિંડરૂપ-કઠિન પણ થતી હોય (=જામી જતી હોય-ઠરી જતી હોય ) તો તે द्रवपिंड विगइ એટલે બન્ને સ્વભાવવાળી ગણાય. ત્યાં કઇ વિગઇ કેવા સ્વભાવવાળી છે તે ગાથાર્થમાં કહ્યા પ્રમાણે સમજવી સુગમ છે, માટે તેનું વિશેષ વર્ણન કરવાનું અહિં પ્રયોજન નથી. તથા એમાં ભક્ષ્ય કઇ અને અભક્ષ્ય કઈ ? તેનો વિવેક તો ગ્રંથકાર પોતેજ આગળ ૨૯ મી ગાથામાં દર્શાવિશે.

---

अवतरण—હવે કયા કયા પચ્ચખ્ખાણો (પરસ્પર) સરખા આગારવાળાં છે ? તે આ ગાથામાં કહેવાય છે—

**पोरिसि-सड्ढ-अवड्ढं, दुभत्त-निव्विगइ पोरिसाइ समा।**
**अंगुट्ठ-मुट्ठि-गंठी-सचित्त दव्वाइ भिग्गहियं ॥ २३ ॥**

શબ્દાર્થ:-ગાથાર્થને અનુસારે સુગમ છે.

गाथार्थः—પોરિસી અને સાર્ધપોરિસી એ બેના, ( अवड्ढ એટલે ) અવડ્ઢ [1]પુરિમડ્ઢ એ બેના, તથા ( दुभत्त એટલે ) બિઆસણ અને [2]એકાશન એ બેના, તથા [निव्विगइ એટલે) નીવિ અને [3]વિગઇ એ બેના, તથા અંગુટ્ઠસહિયં મુટ્ઠિસહિયં -અને ગંઠિસહિયં આદિ ૮ સંકેત પ્રત્યા૦ અને સચિત્ત દ્રવ્યાદિકનો ( =દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવ એ ચારેનો ) અભિગ્રહ ( દેસાવગાસિક ) એ બેના પરસ્પર સરખા સરખા આગાર છે. એટલે આગારની સંખ્યા અને આગારનાં નામ બન્ને તુલ્ય છે. ॥ ૨૩ ॥

भावार्थः—ગાથાર્થવત્ સુગમ છે.

---

अवतरणः—પૂર્વે ૧૮ થી ૨૧ ગાથામાં પચ્ચખ્ખાણો માટે જે ૨૨ આગાર યથાયોગ્ય દર્શાવ્યા, તે દરેક આગારનો અર્થ હવે આ ૨૪ થી ૨૮ મી ગાથા સુધીમાં દર્શાવાય છે—

**विस्सरण मणाभोगो, सहसागारो सयं मुहपवेसो ।**
**पच्छन्नकाल मेहाई, दिसिविवज्जासु दिसिमोहो ॥२४॥**

શબ્દાર્થ:—

विस्सरणं=વિસ્મરણ, ભૂલી જવું.
अणाभोगो=અનાભોગઆગાર
सयं=સ્વયં, પોતાની મેળે
मेहाई=મેઘ વિગેરે (થી).
विवज्जासु=વિપર્યાસમાં, દિશિના ફેરફારથી.

गाथार्थः—વિસરી જવું તે અનાભોગ, આહારની વસ્તુ પોતાની મેળેજ મુખમાં પ્રવેશે (પડે) તે સહસાકાર, મેઘ વિગેરેથી (કાળ માલૂમ ન પડે તે ) પ્રચ્છન્નકાળ, અને દિશાઓનો ફેરફાર સમજાવાથી દિશિમોહ આગાર જાણવો ॥૨૪॥

---

૧-૨-૩ ગાથામાં अवड्ढ-दुभत्त-અને निव्विगई એટલે અપાર્ધ બિઆસણું અને નીવિ એ ૩ પ્રત્યાખ્યાનો એકેક પ્રત્યાખ્યાન છે તો પણ ઉપલક્ષણથી તેના સરખા આગારવાળાં પુરિમડ્ઢ એકાશન અને વિગઇ એ તેનાં તેનાં સજાતીય પચ્ચખ્ખાણો પણ એ એકેક પદ ઉપરથીજ ગ્રહણ કરવાં.

**भावार्थ—**સર્વ આગારોમાં પહેલો આગાર "અન્નત્થણાભોગેણં" છે, તેમાં "અન્નત્થ" અને "અનાભોગ" એ બે શબ્દ છે. ત્યાં अन्नत्थ એટલે અન્યત્ર (=સિવાય અથવા વર્જીને) એવો અર્થ છે, અને अनाभोग શબ્દનો અર્થ તો વિસરી જવું એ પ્રમાણે ગાથામાંજ કહ્યો છે. તેથી જે પચ્ચખ્ખાણ કર્યું છે તે પચ્ચખ્ખાણ મતિદોષથી અથવા ભ્રાન્તિથી કદાચ ભૂલી જવાય અને તેથી ત્યાગ કરેલી ચીજ ભૂલથી ખાઈ લેવાય, અગર મુખમાં નાખી દેવાય તો તે अनाभोग કહેવાય, માટે એવો અનાભોગ (अन्नत्थ=) વર્જીને જ હું આ પચ્ચ૦ કરૂં છું, એમ પચ્ચ૦ લેતી વખતે તે છૂટ પ્રથમથી જ જણાવવા માટે પચ્ચ૦ ના આલાવામાં अन्नत्थणाभोगेणं આગાર ઉચ્ચરવો પડે છે, જેથી વિસરી જતાં કદાચ તેવી ભૂલ થાય તો પણ કરેલા પચ્ચ૦ નો ભંગ (=પ્રતિજ્ઞા ભંગ) ગણાય નહિં (અથવા થાય નહિ ).

વળી આ અને બીજા પણ આગારોના સંબંધમાં એટલું ધ્યાનમાં રાખવું કે-ભૂલથી અથવા બીજા કોઈ પ્રકારથી ત્યાગ કરેલી ચીજ ખાઈ લેવામાં અગર મુખમાં નાખવામાં આવે તો સ્મરણમાં આવતાં તુર્તજ ખાવાનું બંધ કરી મુખમાં ચાવતાં ચાવતાં પણ શેષ રહી ગયેલી ચીજ બહાર કાઢી નાખી મુખ શુદ્ધિ કરી લેવી, પરન્તુ ગળે ઉતારવી નહિં, અને ફરીથી તેવી ભૂલ ન થાય તેમ પરિણામ પણ નિઃશંક-મલિન ન થાય એટલા માટે તેવી ભૂલોનું ગુરૂમુખે યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત લેવું એ શુદ્ધ વ્યવહાર છે.

તથા "अन्नत्थ ( એટલે વર્જીને )" એ શબ્દ જેમ "અનાભોગ" શબ્દ સાથે જોડવામાં આવ્યો છે, તેમ આગળ કહેવાતા સહસાકાર વિગેરે બીજા આગારો સાથે પણ સંબંધવાળો છે, જેથી अन्नत्थ सहसागारेणं-अन्नत्थ महत्तरागारेणं-अन्नत्थ सव्वसमाहिवत्तियागारेणं ઈત્યાદિ રીતે સર્વે આગારમાં "अन्नत्थ" શબ્દ અનુસરે છે, પરન્તુ ઉચ્ચારમાં વારંવાર ન બોલવાના કારણથી એ શબ્દને પહેલા આગાર સાથે જોડી દીધો છે, જેથી શેષ આગારોમાં પણ તેનું ("અન્નત્થ" પદનું) અનુસ-

સરણ–સંબંધ તે દરેક પેટા પચ્ચ૦ ના પ્રારંભમાં અનુસરતા "ઉગ્ગએ સૂરે વા સૂરે ઉગ્ગએ" ના પાઠવત્ અને પર્યન્તમાં અનુસરતા "પચ્ચખ્ખાઇ વા વોસિરઇ"ના પાઠવત્ ) *આવે છે એમ જાણવું.

તથા सहसा એટલે એકદમ (=અણધાર્યું–અચાનક–ઓચિંતું –અકસ્માત્ ) કોઇ કાર્ય થઇ જાય કે જે કાર્ય પોતે જાણી જોઈ ને ન કર્યું હોય, તેવા સહસા કાર્યનો ( =તેવા અકસ્માત્ કાર્ય નો ) જે આગાર=आकार ( =છૂટ ) તે सहसाकार કહેવાય, જેમકે-ઉપવાસનું પચ્ચ૦ કર્યું હોય, અને છાશ વલોવતાં છાશનો છાંટો ઉડીને પોતાની મેળે મુખમાં પડી જાય તો તે સહસાકાર કહેવાય, માટે એવા સહસાકારથી પણ પચ્ચ૦ નો ભંગ ન ગણાય, તે કારણથી सहसागारेणं આગાર રાખવામાં આવે છે.

તથા મેઘ વડે અથવા આકાશમાં મહાવાયુથી ચઢેલી ધૂળ વડે અથવા પર્વત વિગેરેની આડથી સૂર્ય ઢંકાઇ જવાથી દિવસ કેટલો ચઢયો છે? તેની સ્પષ્ટ ખબર પડે નહિ, અને તેથી અનુમાનથી પોરિસી વિગેરે પચ્ચ૦ નો કાળ પૂર્ણ થયો જાણીને તે પચ્ચ૦ પારવામાં આવે, પરન્તુ વાસ્તવિક રીતે પચ્ચ૦ નો કાળ પૂર્ણ ન થયો હોય તો તેવા પ્રસંગે કરેલા પચ્ચ૦ નો ભંગ ન થાય તે માટે पच्छन्नकोलंण ( મેઘ વિગેરેથી ઢંકાયલા કાળ વડે ભૂલથી અપૂર્ણ કાળે પચ્ચ૦ પારી લેવાય તો પણ પચ્ચ૦ ભંગ ન થાય એવો ) આગાર રાખવામાં આવે છે. પરન્તુ અહિં પચ્ચ૦ નો કાળ હજી પૂર્ણ નથી થયો એમ જાણવામાં આવે તો તુર્તજ જમતાં જમતાં અટકી જવું, અને તેમજ બેસી રહેવું, પછી જ્યારે પચ્ચ૦ નો કાળ પૂર્ણ થાય ત્યારે શેષ ભોજન જમવું, અને જો કાળ પૂર્ણ નથી થયો એમ જાણ્યા છતાં પણ જમવાનું ચાલુજ રાખે તો પચ્ચ૦નો ભંગ થયો જાણવો.

તથા પૂર્વ [1]દિશાને પશ્ચિમ દિશા જાણે ( અને [2]પશ્ચિમને

* જુઓ ગાથા ૯ મીનો ભાવાર્થ.

૧–૨ એવી દિગ્મૂઢતા વખતે વાસ્તવિક રીતે સૂર્ય પૂર્વમાં જ હોય છે, પરન્તુ તેને પશ્ચિમ જાણવાથી "સૂર્ય પૂર્વ દિશા છોડીને પશ્ચિમ દિશા-

પૂર્વ દિશા જાણે ),એવો દિશામોહ થતાં પચ્ચખ્ખાણનો કાળ પૂર્ણ ન થવા છતાં પણ પૂર્ણ થયો જાણી પચ્ચ૦ પારે તો પણ કરેલા પચ્ચ૦ નો ( પો૦-સાર્ધપો૦-પુરિમ૦-અવ૦ એ ચારેનો, અને એ ચાર *સહિત થતાં બીજાં એકાશનાદિ પચ્ચખ્ખાણનો પણ ) ભંગ ન થાય-ન ગણાય, તે કારણથી दिसामोहेणं એ આગાર કહ્યો છે. અહિં દિગ્મૂઢ થવું (=દિશામોહ થવો) તે મતિદોષથી થાય છે, પરન્તુ જાણી જોઇને થતો નથી માટે એ છૂટ રાખવી પડે છે.

---

**अवतरण**—પૂર્વ ગાથામાં પહેલા ચાર આગારનો અર્થ કહીને હવે આ ગાથામાં ૫-૬-૭-૮ એ બીજા ચાર આગારનો અર્થ કહેવાય છે—

**साहुवयण उग्घाडा-पोरिसि तणुसुत्थया समाहित्ति ।**
**संघाइकज्ज महतर, गिहत्थबन्दाइ सागारी ॥२५॥**

શબ્દાર્થઃ—

| | |
|---|---|
| तणु=શરીરની | (इ)त्ति=તે |
| सुत्थया=સ્વસ્થતા, રોગની શાન્તિ. | कज्ज=કાર્ય |
| समाहि=સમાધિ | बन्दाइ=બન્દી વિગેરે |

**गाथार्थः**—" ઉગ્ઘાડા પોરિસી " એવું સાધુનું વચન સાંભળી અપૂર્ણ કાળે પચ્ચ૦ ( પોરિસી પચ્ચ૦ ) પારવું તે સાહુવયણેણં આગાર કહેવાય. શરીરાદિકની સ્વસ્થતા માટેનો આગાર તે સ૦વસમાહિવત્તિયાગારેણં આગાર કહેવાય, સંઘ

માં આટલે સુધી ખસી આવ્યો તેથી મધ્યાન્હકાળ પણ વીતી જવાથી પોરિસી વિગેરેનો કાળ તો ક્યારનોએ થઈ ગયો " એવો અભિપ્રાય ઉત્પન્ન થાય છે. તેથી પૂર્વને પશ્ચિમ જાણવાનો એકજ પ્રકાર કહેવા છતાં પણ પશ્ચિમને પૂર્વ જાણવાનો પ્રકાર તો અર્થાપત્તિથી જ પ્રાપ્ત થાય છે, જેથી એ બીજો પ્રકાર સ્પષ્ટ ન કહે તો પણ ગ્રહણ કરવામાં વિરોધ નથી, પરન્તુ એ બે સિવાયના શેષ પ્રકારોનું ગ્રહણ કરવાનું અહિં કારણ નથી.

વિગેરેના મહાન્ કાર્ય-પ્રયોજનવાળો અથવા મહાનિર્જરાવાળો તે મહત્તરાગાર આગાર, અને ગૃહસ્થ તથા બન્દિ વિગેરે સંબંધિ આગાર તે સાગારી આગાર કહેવાય.

**भावार्थ**—સૂર્યોદયથી ૬ ઘડી વીત્યાબાદ પહેલી [1]સૂત્રપોરિસી પૂર્ણ થાય છે, તે વખતે પોરિસીનો કાળ પાદોન પોરિસી ( પોણી પોરિસી ) જેટલો થયેલો હોય છે, તે પાદોનપોરિસી અથવા સૂત્રપોરિસી થતાં મુનિ મહારાજ " ઉગ્ઘાડા પોરિસી" અથવા " બહુ પડિપુન્ના પોરિસી " કહીને મુહપત્તિ પડિલેહણા કરે, એવી સામાચારી (=મુનિનો વિધિમાર્ગ) છે, તે " ઉગ્ઘાડા પોરિસી " શબ્દથી પોરિસીના પચ્ચખ્ખાણવાળો ( પોરિસી પૂર્ણ થયાની ) ભ્રાન્તિ ઉત્પન્ન થતાં " પોરિસી પૂર્ણ થઇ " એમ જાણી, પોણી પોરિસી વખતે જ એટલે પોરિસી પૂર્ણ થયા પહેલાંજ પચ્ચખ્ખાણ પારે તો પણ પોરિસીના પચ્ચ૦ નો ભંગ ન થાય, તે કારણથી **साहुवयणेणं** ( એટલે " *ઉગ્ઘાડા પોરિસી" એવું સાધુનું વચન સાંભળવા વડે) એ આગાર રાખવામાં આવે છે, પરન્તુ પાછળથી માલૂમ પડે તો તેનો વિવેક પ્રથમ કહ્યા પ્રમાણે સાચવવો.

---

૧ પહેલી ૬ ઘડી સુધીમાં સૂત્ર ભણી શકાય છે માટે પહેલી **सूत्रपोरिसी**, અને બીજી ૬ ઘડી સુધીમાં અર્થ ભણાય માટે બીજી **अर्थपोरिसी** તે કારણથી જ મુનિમહારાજ પ્રથમ (પાદોન) પોરિસીમાં અર્થાત્ સૂત્ર પોરિસીમાં પહેલું સૂત્રનું વ્યાખ્યાન વાંચી સૂત્રપોરિસી પૂર્ણ થયે મુહપત્તિ પડિલેહી પુનઃ અર્થનુ એટલે ચરિત્ર વિગેરેનું બીજું વ્યાખ્યાન વાંચે છે, એ બે વ્યાખ્યાનની વચ્ચે સાધુ સાધ્વી અને પૌષધવ્રતી શ્રાવકો પણ જે મુહપત્તિ પડિલેહે છે તે સૂત્ર પોરિસી પૂર્ણ થયાની અને તે વખતે શ્રાવિકાઓ વિશેષ સ્વાધ્યાય અર્થે ગહુંલિ ગાય છે.

* પોરિસીના પચ્ચ૦ નો કાળ સૂર્યોદયથી જૂદા જૂદા અનિયત પ્રમાણવાળો છે, અને સૂત્રપોરિસીનો (=પાદોન પો૦ નો ) કાળ તો હંમેશાં સૂર્યોદયથી ૬ ઘડી નો નિયત હોય છે, માટે "ઉગ્ઘાડા પોરિસી" એ વચન પોરિસીના પચ્ચ૦ વાળાને ભ્રાન્તિ ઉત્પન્ન કરે છે, અને તેથી અપૂર્ણ કાળે પચ્ચ૦ પારવાનું બને છે.

તીવ્ર શૂળ વિગેરેની વેદનાથી અત્યંત પીડા પામતા પ્રત્યાખ્યાનવાળા પુરુષને તે અતિ પીડાથી કદાચ આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન થવાનો પણ સંભવ છે, અને તેવા દુર્ધ્યાનથી તે જીવ દુર્ગતિમાં જાય છે, જેથી તેવું દુર્ધ્યાન થતું અટકાવવા માટે ઔષધાદિ લેવાના કારણે પોરિસી આદિ પચ્ચ૦ નો કાળ પૂર્ણ થયા પહેલાં પણ તે વેદનાથી વ્યાકુળ થયેલો જીવ જો પોરિસી આદિ પચ્ચ૦ પારે તો પણ પચ્ચ૦ નો ભંગ ન ગણાય, તે માટે **सव्वसमाहिवत्तियागारेणं** આગાર રાખવામાં આવે છે. [ અહિં દુર્ધ્યાનના **सव्व**=સર્વથા અભાવ વડે **समाहि**=સમાધી એટલે શરીરની સ્વસ્થતા થવી તે **वत्तिय**=પ્રત્યય-હેતુ-કારણવાળા **आगारेणं**=આગારવડે પચ્ચ૦ ભંગ ન ગણાય એ શબ્દાર્થ છે. ]

અથવા તેવી પીડા પામતા સાધુ વિગેરે ધર્મી આત્માઓનું ઔષધાદિ કરવા જનાર વૈદ્ય વિગેરે પણ જો અપૂર્ણ કાળે પોરિસી આદિ પચ્ચ૦ પારે તો તે વૈદ્યાદિકને પણ પચ્ચ૦ ભંગ ન ગણાય. એ પ્રમાણે આ આગાર સાધુ આદિકને માટે અને વૈદ્યાદિકને માટે પણ છે. ( ઇતિ ધર્મસં. વૃત્તિ, પ્રવ૦સારો૦ વૃત્તિ આદિ ).

પચ્ચ૦થી થતી નિર્જરાની અપેક્ષાએ જેમાં **महत्तर**=ઘણી મોટી નિર્જરા થતી હોય તેવું સંઘનું અથવા ચૈત્યનું અથવા ગ્લાન મુનિ આદિનું કોઇ મોટું કાર્ય આવી પડયું હોય, અને તે મહાન્ કાર્ય બીજા પુરુષથી થઈ શકે તેવું ન હોય તો તેવા પ્રસંગે પોરિસી આદિ પચ્ચ૦ નો કાળ પૂર્ણ થયા પહેલાં પણ પોતે તે પચ્ચ૦ પારીને જાય તો પચ્ચ૦ નો ભંગ ન ગણાય તે કારણથી **महत्तरागारेणं** એ આગાર રાખવામાં આવે છે.

તથા એકાશનાદિકમાં સાગારી આગાર આવે છે, ત્યાં સાગારી એટલે ( મુનિની અપેક્ષાએ ) કોઇપણ ગૃહસ્થ, અને ( શ્રાવકની અપેક્ષાએ ) જેની દ્રષ્ટિથી અન્ન પચે નહિ એવો મનુષ્ય. અહિં તાત્પર્ય એ છે કે-મુનિ કોઇપણ ગૃહસ્થના દેખતાં

ભોજન ન[1] કરે એવી સાધુ સામાચારી છે, તેથી એકાશન કરતી વખતે કોઇ ગૃહસ્થ આવી પડે અને તે જો વધારે વખત ઉભો નહિ રહે તેમ જણાય તો મુનિએ ક્ષણવાર ભોજન કરતાં અટકવું, અને વધારે વખત ઉભો રહેશે એમ જણાય તો ભોજન કરતાં કરતાં વચમાં પણ ઉઠીને બીજે સ્થાને જઈ ભોજન કરે તો એકાશનનો ભંગ ન ગણાય તે કારણથી सागारिआगारेणं એ આગાર રાખવામાં આવે છે. તેવીજ રીતે જેની દ્રષ્ટિ પડવાથી ભોજન ન પચી શકે અને અવગુણ કરે તેવી દ્રષ્ટિવાળો મનુષ્ય આવી પડતાં ગૃહસ્થ પણ એકાશન (ભોજન) કરતો વચમાં ઉઠીને [2]અન્ય સ્થાને જઇ ભોજન કરે. એ પ્રમાણે મુનિને તથા શ્રાવકને અંગે જે સાગારિક અગાર કહ્યો તે સાગારિકના ઉપલક્ષણથી (કેવળ સાગારિકજ નહિં પરન્તુ) બન્દિ (ભાટ ચારણ આદિ)-સર્પ-અગ્નિભય-જળની રેલ-તથા ઘરનું પડવું ઈત્યાદિ અનેક આગાર (આ સાગારિ આગારમાં) અન્તર્ગત જાણવા.

---

अवतरण—આ ગાથામાં ૯-૧૦-૧૧-૧૨ એ ચાર આગારનો અર્થ કહે છે—

**आउंटण मंगाणं, गुरुपाहुणसाहु गुरु अभुट्ठाणं ।**
**परिठावण विहिगहिए, जईण पावरणि कडिपट्टो॥२६॥**

---

૧ તેનો હેતુ વિસ્તાર સંહિત શ્રી હરિભદ્રસૂરિકૃત અષ્ટકજીમાંથી (આહાર અષ્ટક નામના અષ્ટકમાંથી) જાણવા યોગ્ય છે.

૨ તેવી દ્રષ્ટિ સિવાયનો કોઇ અન્ય ગૃહસ્થ ભોજન વખતે આવે તો તેને જમવાની યથાયોગ્ય નિમંત્રણા કરે, અને નિમંત્રણા સ્વીકારે તો તેને વિવેક પૂર્વક જમાડે. તેમજ બહાર યાચક વિગેરે આવ્યા હોય તો તેઓને પણ યથાશક્તિ (કિંચિત્ પણ) આપે; પરન્તુ સર્વથા નિરાશ કરી ન કાઢે, કારણ કે ગૃહસ્થનો દાન ધર્મ છે, માટે ભોજન વખતે અવંગુયદ્વાર (ખુલ્લાં દ્વાર) રાખવાનું કહ્યું છે. પરન્તુ રખેને કોઈ આવી પડશે તો કંઈક આપવું પડશે એવા ભયથી બંધબારણે ભોજન કરવું તે ગૃહસ્થોને અંગે તો કૃપણતા અને એકલપેટાપણું ગણાય.

શબ્દાર્થઃ—

आउंटणं=આકુંચન પ્રસારણ ( લાંબુ ટુંકુ કરવું ).
अंगाणं=અંગોનું, હાથ પગ વિગેરેનું
विहिगहिए=વિધિપૂર્વક ગ્રહણ કર્યે છતે.
जइण=યતિને, મુનિને
पावरणि=પ્રાવરણના (વસ્ત્રના) પચ્ચખ્ખાણમાં
कडिपट्टो=કટિ વસ્ત્રનો-ચોલપટ્ટનો આગાર.

**गाथार्थ**—અંગને લાંબું ટુંકું કરવું તે "આઉંટણ પસારેણં" આગાર, ગુરુ આવ્યે અથવા પ્રાહુણા સાધુ ( વડિલ પ્રાહુણા ) આવ્યે ઉઠીને ઉભા થવું તે "ગુરૂ અબ્ભુટ્ઠાણેણં" આગાર. વિધિપૂર્વક ગ્રહણ કરતાં વધેલો આહાર પરઠવવા યોગ્ય હોય તેને ( ગુરૂ આજ્ઞાએ ) વાપરવો તે "પારિટ્ઠાવણિયાગારેણં" આગાર યતિનેજ હોય છે, તેમજ વસ્ત્રના પચ્ચખ્ખાણમાં "ચોલપટ્ટાગારેણં" આગાર પણ યતિને જ હોય ॥ ૨૬ ॥.

**भावार्थः**—એકાશનમાં હાથ પગ વિગેરે અવયવોને સ્થિર રાખી ઘણીવાર બેસી ન શકાય તો હાથ પગ વિગેરેને "આઉંટણ"-આકુંચન કરતાં એટલે સંકોચતાં, તેમજ "પસારેણં" એટલે પસારતાં-લાંબા કરતાં એકાશનનો ભંગ ન ગણાય, તે કારણથી आउंटण पसारेणं આગાર રાખવામાં આવે છે.

તથા એકાશન કરતી વખતે ગુરૂ મહારાજ પધારે અથવા તો કોઇ વડીલ પ્રાહુણા સાધુ પધારે તો તેમનો વિનય સાચવવા માટે એકદમ ઉઠીને ઉભા થવું જોઈએ, માટે તે વખતે "અબ્ભુટ્ઠાણેણં" એટલે ઉભા [1]થતાં પણ એકાશનનો ભંગ ન ગણાય તે કારણથી गुरू अब्भुट्ठाणेणं આગાર રાખવામાં આવે છે, આ આગાર વિનયધર્મનું કેટલું પ્રાધાન્ય દર્શાવે છે !

તથા વિધિવડે ગ્રહણ કરેલ એટલે વિધિપૂર્વક વહોરી લાવેલું

૧. આ આગાર ઉભા થવા માત્રનો છે, પણ ચાલીને સન્મુખ જવા માટેનો નથી.

હોય, અને અન્ય મુનિઓએ વિધિપૂર્વક [1]વાપરતાં તે ભોજન કિંચિત્ વધ્યું હોય તો તે પારિટ્ઠાવણીય એટલે પરઠવવા યોગ્ય (=સર્વથા ત્યજવા યોગ્ય) ગણાય છે; પરન્તુ તે વધેલા ભોજનને પરઠવતાં અનેક દોષ જાણીને ગુરૂ મહારાજ ઉપવાસ તથા એકાશનાદિ પચ્ચ૦ વાળા મુનિને એકાશનાદિ કરી લીધા બાદ પણ વાપરવાની આજ્ઞા કરે તો તે મુનિને ફરીથી આહાર વાપરતાં પણ ઉપવાસ તથા એકાશનાદિ પચ્ચ૦ નો ભંગ ન ગણાય, તે કારણથી पारिट्ठावणियागारेणं આગાર રાખવામાં આવે છે. આ આગાર (આહાર)માં પચ્ચ૦ વાળા મુનિએ ગુરૂની પવિત્ર આજ્ઞાજ આરાધવાની છે, પરન્તુ આહારમાં કિંચિત્ માત્ર પણ લોલુપતા રાખવાની નથી, તેમજ "ગુરૂમહારાજની આજ્ઞાથી આટલો પણ આહાર વાપરવાનું બન્યું તો ઠીક થયું નહિતર આજે એકાશનાદિ પચ્ચખ્ખાણ મને બહુ ભારી-આકરૂં થાત" ઇત્યાદિ રીતે પણ આહારની અનુમોદના કરવાની નથી. આ આગાર [2]મુનિનેજ હોય છે. તથા અહિં એટલું વિશેષ છે કે-ઉપવાસ એકાશન વિગેરે જો ચઉવિહારથી કરેલ હોય અને પરઠવવા યોગ્ય આહારમાં પણ અન્ન અને પાણી એ બન્ને ચીજ વધી હોય તો તે બે ચીજ ગ્રહણ કરવી કલ્પે, કારણકે પાણી ન વધ્યું હોય અને કેવળ આહારજ વધ્યો હોય તો ચઉવિહાર પચ્ચ૦ માં મુખશુદ્ધિ કેવી રીતે થાય? માટે આહાર સાથે પાણી પણ વધેલું હોવું જોઇએ, અને જે મુનિએ ઉપવાસ વા એકાશન વિગેરે તિવિહારથી કરેલ હોય તેને તો પાણી પીવાની પ્રથમથીજ છૂટ હોવાથી પાણી ન વધ્યું હોય અને કેવળ આ-

---

| | | |
|---|---|---|
| ૧ અહિં વિધિગ્રહિત અને વિધિભુક્ત | | એ ૪ ભાંગામાંથી પહેલા |
| વિધિગ્રહિત ,, અવિધિભુક્ત | | ભંગાવાળો આહાર આ |
| અવિધિગ્રહિત ,, વિધિભુક્ત | | આગારમાં કલ્પે, શેષ ત્રણ |
| અવિધિગ્રહિત ,, અવિધિભુક્ત | | ભાંગાનો આહાર ન કલ્પે. |

૨ શ્રાવકને એકાશનાદિ પચ્ચ૦ માં આ આગાર ઉચ્ચરાવાય છે તે પચ્ચ૦ નો આલાપક (આલાવો-પાઠ) ખંડિત ન કરવા માટેજ, પરન્તુ એ આગાર શ્રાવકને પણ હોય એવા કારણથી નહિ. (—ધર્મ સં૦ વૃત્તિઃ)

હારજ વધ્યો હોય તો એકલો આહાર ગ્રહણ કરવો પણ કલ્પે, કારણકે તે વધેલો આહાર વાપરીને ( તિવિહારથી છૂટા રહેલા) પાણી વડે મુખશુદ્ધિ કરી શકે છે.

તથા આ આગાર એકાશન=એકઠાણું-આયંબિલ-નીવિ-ઉપવાસ-છઠ્ઠ-અને અઠ્ઠમ સુધીના પચ્ચ૦ માં હોય, તે ઉપરાન્ત દશભક્તાદિ (ચાર ઉપવાસ આદિ) પચ્ચ૦ માં ન હોય. તથા આ આગારના સંબંધમાં બીજો પણ વિશેષ વિધિ છે તે સિદ્ધાન્તથી જાણવા યોગ્ય છે.

તથા વસ્ત્ર ન પહેરવા છતાં પણ અવિકારી રહેનારા એવા જિતેન્દ્રિય મહામુનિઓ અમુક અમુક પ્રસંગે (કટિવસ્ત્ર વિગેરે) વસ્ત્રનું પણ અભિગ્રહ પચ્ચ૦ કરે છે, તેવા વસ્ત્રના ત્યાગી-અભિગ્રહધારી મુનિ વસ્ત્રરહિત થઈ બેઠા હોય, અને તેવા પ્રસંગે જો કોઇ ગૃહસ્થ આવે તો ઉઠીને તુર્ત ચોલપટ્ટ પહેરી લે તો તે જિતેન્દ્રિય મુનિને વસ્ત્રના અભિગ્રહ પચ્ચખ્ખાણનો ભંગ ન ગણાય, તે કારણથી **चोलपट्टागारेणं** આગાર રાખવામાં આવે છે. આ આગાર પણ મુનિનેજ હોય, પરન્તુ શ્રાવકને [1]નહિં. અહિં ચોલ એટલે પુરૂષચિન્હ તેને ઢાંકનારૂં પટ્ટ-વસ્ત્ર તે ચોલપટ્ટ કહેવાય એ શબ્દાર્થ છે.

વળી પ્રાવરણના પચ્ચખ્ખાણમાં અન્ન૦-સહ૦-ચોલ૦-મહ૦ સવ્વ૦ એ પાંચ આગાર પૂર્વે ૧૭ મી ગાથામાં કહ્યા છે, તેથી સંભવે છે કે એ અભિગ્રહ એકાશનાદિક વિના જૂદો પણ લઇ શકાય છે. અને તે પચ્ચખ્ખાણમાં "**पांगुरणसहिअं पच्चक्खामि**" **अन्नत्थणाभोगेणं** ઇત્યાદિ આલાપક ઉચ્ચરવામાં આવે છે.

---

૧ પ્રશ્નઃ—એ આગાર વર્ત્તમાન સમયે અપાતા પચ્ચ૦ ના આલાવામાં કેમ બોલવામાં આવતો નથી? ઉત્તરઃ—વર્ત્તમાનકાળમાં વસ્ત્રના પચ્ચ૦ નો અભાવ છે માટે, અને પ્રાચીનકાળમાં પણ કોઇક મુનિને અંગેજ એ આગાર ઉચ્ચરાવાતો હોવાથી પચ્ચ૦ ના આલાવામાં હંમેશ માટે સંબંધવાળો ન હોય, એમ સંભવે છે. વળી સાધ્વી હંમેશાં વસ્ત્રધારા જ હોય માટે સાધ્વીને પણ એ આગાર નથી.

अवतरण—આ ગાથામાં ૧૩-૧૪-૧૫-૧૬ એ ચાર આગાર નો અર્થ કહેવાય છે—

**खरडिय लूहिय डोवा-इ लेव संसट्ठ डुच्च मंडाई ।**
**उक्खित्त पिंड विगई-ण मक्खियं अंगुलीहि मणा॥२७॥**

શબ્દાર્થઃ—

खरडिय=ખરડાયલી
लूहिय=લુછેલી, લોહેલી
डोव आइ=ડોયો-કડછી વિગેરે
लेव=લેવાલેવેણં આગાર
संसट्ठ=સંસૃષ્ટ, (ગૃહસ્થે) મિશ્ર કરેલ તે અને ગિહત્થ સંસટ્ઠેણં આગાર.
डुच्च=શાક.
मंडाइ=માંડા=પૂડા (તથા રોટલી) વિગેરે.
उक्खित्त=ઉત્ક્ષિપ્ત=ઉપાડી લીધેલી, અને ઉક્ખિત્ત વિવેગેણં આગાર.
पिंडविगईण=પિંડ વિગઇને
मक्खियं=મ્રક્ષિત=મસળેલ, અને પડુચ્ચ મક્ખિએણં આગાર.
अंगुलीहिं+અંગુલીઓ વડે
मणा=મનાક્=કિંચિત્

गाथार्थः—(અકલ્પનીય દ્રવ્યથી) ખરડાયલી કડછી વિગેરેને લુહી નાખેલી હોય તે લેવાલેવેણં આગાર, શાક તથા માંડા વિગેરેને ગૃહસ્થે (વિગઇથી) મિશ્ર કરેલ હોય (=સ્પર્શાવેલ હોય) તે ગિહત્થસંસટ્ઠેણં આગાર, પિંડ વિગઇને ઉપાડી લીધી (=લઇ લીધી) હોય તે ઉક્ખિત્તવિવેગેણં આગાર, અને રોટલી વિગેરેને કિંચિત્ (વિગઇથી) મસળી હોય તે પડુચ્ચ મક્ખિએણં આગાર. ॥ ૨૭ ॥

भावार्थः—આયંબિલ તથા નીવિમાં ન કલ્પે એવી વિગઇ વડે डोवाइ=ડોયા-કડછી વિગેરે खरडिय=ખરડાયલી હોય તે લેપ, અને તેને लूहिय=લુછી નાખ્યાથી अलेप ગણાય છે, તો પણ કિંચિત્ અંશ રહી જવાથી (અર્થાત સર્વથા અલેપ નહિ થવાથી) લેપાલેપ ગણાય છે, માટે તેવા લેપાલેપ વાળી કડછી વિગેરેથી અથવા લેપાલેપવાળા ભાજનમાંથી આહાર

ગ્રહણ કરી વાપરતાં પચ્ચ૦ નો ( આયંબિલ તથા નીવિનો ) ભંગ થયો ન ગણાય, તે કારણથી लवालेवेणं આગાર રાખવામા આવે છે.

તથા (ડુચ્ચ=) શાક તથા કરંબો વિગેરેને વઘારવાદિકથી તથા ( મંડાઈ= ) રોટલા રોટલી વિગેરેને લૂવામાં લેપવાળી હથેલી ઘસીને ગૃહસ્થે પ્રથમથીજ આયંબિલાદિકમાં ન કલ્પે એવી વિગઇ વડે પોતાના માટે ( સંસૃષ્ટ= ) મિશ્ર કરેલ હોય એટલે કિંચિત્ લેપવાળી કરેલ હોય, તેથી ભોજનમાં પણ તેનો કિંચિત્ અંશ આવે, તો તેવા વિગઇના અલ્પ સ્પર્શવાળા ભોજનથી પણ આયંબિલાદિ પચ્ચ૦ નો ભંગ ન ગણાય તે કારણથી [1]गिहत्थसंसट्ठेणं આગાર મુનિને માટે રાખવામાં આવે છે, વળી તે અકલ્પનીય વિગઇનો રસ જો સ્પષ્ટ અનુભવમાં ન આવે તો એ આગારમાં ગણાય, પરન્તુ જો અનુભવમાં આવે તેવો અધિક રસ હોય તો પચ્ચ૦ નો ભંગ ગણાય. તથા શ્રાવકને તો એવા અલ્પમિશ્ર ભોજનથી પણ આયંબિલનો ભંગ ગણાય, કારણ કે શ્રાવકે તો ભોજન સામગ્રી પોતાના ઉદ્દેશથી પોતાના હાથે બનાવવાની છે, અને મુનિને તો પોતાના માટે નહિ બનાવેલું એવું નિર્દોષ ભોજન શ્રાવક પાસેથી ભિક્ષાવૃત્તિથી લેવાનું છે, માટે મુનિનેજ એ આગાર રાખવાની જરૂર છે, પણ શ્રાવકને નહિં. ( છતાં શ્રાવકને પચ્ચ૦ આપતાં એ આગાર બોલવામાં આવે છે તે પચ્ચ૦ નો આલાપક ખંડિત ન થવાના કારણથી ). એ આગારનો અર્થ આયંબિલને અંગે કહ્યો, અને વિગઇ તથા નીવિના પચ્ચ૦ ને અંગે જે વિશેષ-જૂદો અર્થ છે, તે આગળ કહેવાતી ૩૬ મી ગાથાના અર્થથી જાણવો.

તથા રોટલી વિગેરે ઉપર પ્રથમ મૂકી રાખેલી ગોળ વિગેરે પિંડવિગઇને ( ઉક્ખિત્ત= ) ઉપાડી લઇ ( વિવેગ=વિવિક્ત= )

[1] આ ગ્રંથમાં આ આગાર ભોજન બનતી વખતે ભોજનની અંદર ગૃહસ્થે પોતાને માટે જાણી જોઈને પ્રથમથીજ કરેલી મિશ્રતાનો છે, અને બીજા ગ્રંથોમાં તો ભોજનના પાત્રમાં પ્રથમથી લેપાયલી ( પણ લૂછયા વિનાની ) વિગઇથી થયેલી મિશ્રતાનો કહ્યો છે.

અલગ કરી દીધી હોય તો પણ તે પિંડવિગઇનો કિંચિત્ અંશ રહી જાય છે, માટે તેવી (પિંડવિગઈના કિંચિત્ સ્પર્શ-લેપ વાળી ) રોટલી વિગેરે વાપરતાં આયંબિલાદિ પચ્ચ૦ નો ભંગ ન થાય તે કારણથી उरिकत्तविवेगेणं આગાર રાખવામાં આવે છે, આ આગાર પણ મુનિને માટે હોવાથી શ્રાવકે સેવવા યોગ્ય નથી. અહિં સર્વથા ઉપાડી ન શકાય તેવી પિંડવિગઈને ઉપાડી લેવાથી રહેલી અધિકમિશ્રતાવાળા ભોજનવડે તો પચ્ચ૦ નો ભંગજ થાય એમ જાણવું.

તથા રોટલી વિગેરે કુમળી-સુંવાળી કરવાને નીવિમાં ન કલ્પે એવી ઘી વિગેરે વિગઇનો હાથ દેવામાં ( આંગળીઓથી ઘી ઘસવામાં અથવા લુવાને કિંચિત્ મસળવામાં) આવે છે, તો તેવી અલ્પ લેપવાળી રોટલી વિગેરેના ભોજનથી નીવિના પચ્ચ૦ નો ભંગ ન થાય તે કારણથી पडुच्चमरिकणं આગાર રાખવામાં આવે છે. [ અહિં પડુચ્ચ=પ્રતીત્ય એટલે (સર્વથા રૂક્ષ-લૂખાની ) અપેક્ષાએ મખ્ખિય=મ્રક્ષિત એટલે કિંચિત્ સ્નેહવાળું કરવું એવો શબ્દાર્થ છે ]. આ આગાર કેવળ નીવિના પચ્ચ૦ માંજ મુનિને માટે કહેવામાં આવે છે. તથા વિગઈની સૂક્ષ્મ પણ ધાર રેડીને જો રોટલી વિગેરે મસળી હોય તો તેવા ભોજનથી નીવિના પચ્ચ૦ નો ભંગ થાય છે.

---

अवतरण:—હવે આ ગાથામાં પાણીના ૬ આગારનો અર્થ કહેવાય છે—

**लेवाडं आयामाइ इयर सोवीर-मच्छमुसिणजलं ।**
**धोयण बहुल ससित्थं, उस्सेइम इयर सित्थविणा २८**

શબ્દાર્થ:—

लेवाडं=લેપકૃત, લેવેણવા આગાર
आयाम=આચામ્લ, ઓસામણ
इयर=ઇતર, અલેપકૃત, અલેવેણવા આગાર
सोवीरं=સોવીર, કાંજી.
अच्छ=નિર્મલ, અચ્છેણવા આગાર.
धोयण=( તંદૂલ વિગેરેનાં ) ધોવણ.
बहुल=બહુલ, ગડુલ, બહુલેવેણ વા આગાર.
ससित्थ=દાણા સહિત, સસિત્થેણવા આગાર

उसिण=ઉષ્ણ, ઉકાળેલું.
उस्सेइम=ઉત્સ્વેદિમ, લોટ(થી ખરડાયલા હાથ વિગેરે ) નું ધોવણ.

इयर=તેથી ઇતર, અસિત્થેણવા આગાર
सित्थविणा=લોટના મિશ્રણ વિનાનું પાણી

**गाथार्थ—**ઓસામણ વિગેરે લેપકૃત્ પાણી કહેવાય, તેથી ( તેની છૂટ વાળો ) " લેવેણવા " આગાર છે, કાંજી વિગેરે અલેપકૃત્ પાણી છે, માટે " અલેવેણવા " આગાર છે, ઉષ્ણ જળ તે અચ્છ-નિર્મળ તેની છૂટવાળો " અચ્છેણવા " આગાર છે, ચોખા વિગેરેનું ધોવણ તે બહુલ કહેવાય માટે તેની છૂટવાળો " બહુલેણવા " આગાર છે. લોટનું ધોવણ સસિત્થ ( દાણા વાળું ) ગણાય, માટે તેની છૂટવાળો " સસિત્થેણવા " આગાર છે, અને તેથી ઈતર—ઉલટો " અસિત્થેણવા " આગાર છે.॥૨૮॥

**भावार्थः—**તિવિહારના પચ્ચખ્ખાણમાં ( અશન-પાન-ખાદિમ-સ્વાદિમ એ ૪ પ્રકારના આહારમાંથી ) કેવળ પાણીનો એકજ આહાર કલ્પે છે, અને શેષ ત્રણ આહારનો ત્યાગ થાય છે, જેથી કદાચ શુદ્ધ પાણી ન મળે, અને [1]ઓસામણનું પાણી, અથવા [2]ખજૂરનું આમલીનું કે દ્રાક્ષ વિગેરેનું ઇત્યાદિ લેપકૃત્[3] પાણી મળે, કે જેમાં ત્યાગ કરેલ અશન અથવા ખાદિમ

૧ રાંધેલા અનાજનું દાણા વિનાનું અને ડહોળું નહિં એવું નીતર્યું પાણી.

૨ ગૃહસ્થે ખજૂરના ગળપણમાં કરેલું નીતર્યું પાણી, તેવીજ રીતે દ્રાક્ષાદિકના પાણી પણ નીતર્યાં હોય તે લેવાં સંભવે પરન્તુ ડહોળાં હોય તો ખજૂરાદિનો ( ત્યાગ કરેલ પદાર્થોનો ) ચાવવા જેવો ભાગ આવી જવાથી પચ્ચ૦ ભંગ થાય. અહિં ખજૂરાદિકનું પાણી બનાવી કપડાથી ગાળેલું હોય તો તે નીતર્યાં પાણી તરીકે કલ્પે એમ સંભવે છે.

૩ ભાજનમાં રાખવાથી ભાજનને લેપ-ચીકાશવાળું કરે છે માટે દ્રાક્ષાદિકનાં જળને શાસ્ત્રમાં લેપકૃત્ જળ તરીકે કહેલ છે.

વા સ્વાદિમ પદાર્થના રજકણો મિશ્ર થયેલા હોય તો કારણસર તેવું લેપકૃત્ પાણી પીવાથી પણ પચ્ચ૦ નો ( તિવિહાર ઉપવાસાદિકનો ) ભંગ ન ગણાય, તે કારણથી [1]लेवेण वा આગાર રાખવામાં આવે છે. એ દ્રાક્ષાદિકનાં પાણી ભાજનમાં રાખવાથી ભાજનને લેપવાળું-ચીકણું કરે છે માટે એ પાણીઓને શાસ્ત્રમાં " લેપકૃત્ " ( =લેપ-ચીકાશ કરનારાં ) કહ્યાં છે.

તથા શુદ્ધ પાણીના અભાવે કદાચ કારણસર સૌવીર-કાંજી ( છાશની આછ ) ઈત્યાદિ અલેપકૃત્ પાણી મળે તો તેવું પાણી ( કાંજી વિગેરે ) પીવાથી તિવિહાર ઉપવાસાદિ પચ્ચ૦ નો ભંગ ન થાય તે કારણથી अलेवेण वा આગાર રાખવામાં આવે છે. કાંજી વિગેરેનું પાણી જે ભાજનમાં રહ્યું હોય તે ભાજનને અલેપ રાખે છે, એટલે તે ભાજન ચીકાશવાળું થતું નથી માટે કાંજી વિગેરેને અલેપકૃત્ પાણી કહ્યું છે. ( અહિં અલેપ એટલે અલ્પ લેપ એવો અર્થ સંભવે છે ).

તથા અચ્છ=નિર્મળ જળ એટલે ઉષ્ણ જળ કે જે ત્રણ* ઉકાળા વડેજ ઉકાળેલું હોય તો સર્વથા અચિત્ત થાય છે, તે પાણી પીવાથી તિવિહાર ઉપવાસાદિકનો ભંગ ન થાય તે કારણથી अच्छेण वा આગાર કહેવામાં આવે છે. [ તિવિહારમાં બનતા સુધી આજ પાણી પીવાનું હોય છે, અને શેષ પાંચ આગારવાળાં પાણી તો અપવાદથી કારણસર પીવાનાં હોય છે. તેમાં પણ ગૃહસ્થને તો વિશેષતઃ ઉષ્ણજળ પીવું જોઇએ, માટે શેષ પાંચ આગાર પ્રાયઃ ગૃહસ્થ માટે નહિ, પરન્તુ વિશેષતઃ

---

૧ वा શબ્દની સાર્થકતા છ આગારના પર્યન્તે કહેવાશે.

*કાચું પાણી પ્રાયઃ ઘણું સચિત્ત અને થોડું અચિત્ત એવું મિશ્ર હોય છે. એકવાર ઉકાળો આવેલું પાણી તેથી ઘણું અચિત્ત, બે ઉકાળા આવેલું પાણી તેથી પણ અતિઘણું અચિત્ત ( અને અલ્પ સચિત્ત ) એવું મિશ્ર હોય છે, અને ત્રણ ઉકાળા આવેલું પાણીજ સર્વથા અચિત્ત થાય છે માટે વ્રતધારીઓએ ત્રણ ઉકાળા આવેલું પાણી પીવું, જેવું તેવું ઉકળેલું પાણી વ્રતમાં દૂષણવાળું છે.

મુનિને માટે જાણવા. ] વળી ફળાદિકનાં ધોવણ અથવા ફળાદિકનાં નિર્મળ[1] અચિત્ત જળ પણ આ આગારમાં ગણાય છે.

તથા તલનું ધોવણ અથવા તંદૂલનું ધોવણ વિગેરે ગડુલજળ અથવા બહુલ જળ કહેવાય છે, તેવું બહુલજળ પીવાથી પણ પચ્ચ૦ નો ભંગ ન થાય તે કારણથી बहुलेण वा આગાર રાખવામાં આવે છે.

તથા सित्थ એટલે ધાન્યનો દાણો તે (स=) સહિત જે જળ તે સસિત્થ જળ કહેવાય, જેથી ઓસામણ વિગેરે પાણીમાં રંધાયલો દાણો રહી ગયો હોય, અથવા રંધાયલા દાણાનો નરમ ભાગ રહી ગયો હોય તો તેવું ઓસામણ વિગેરે પાણી પીવાથી પચ્ચ૦ નો ભંગ ન ગણાય, તેમજ તિલોદક ( તિલનું ધોવણ ) તંદૂલોદક ( તંદૂલનું ધોવણ ) વિગેરેમાં તિલ વિગેરેનો ( નહિં રંધાયલો કાચો ) દાણો રહી ગયો હોય તો તેવું પાણી પીવાથી પચ્ચ૦ ભંગ ન ગણાય, તે કારણથી ससित्थेण वा આગાર રાખવામાં આવે છે. તથા ગાથામાં કહેલા ઉત્સ્વેદિમનું તાત્પર્ય આ પ્રમાણે-પિષ્ટજળ અને પિષ્ટ ધોવણ એ બન્ને પ્રકારનું ઉત્સ્વેદિમ જળ તે સસિત્થ જળ કહેવાય, ત્યાં મદિરાદિ બનાવવા માટે લોટ પલાળ્યો હોય તેવું (લોટ કોહ્યા પહેલાંનું) જળ તે પિષ્ટ જળ, અને લોટથી ખરડાયલા હાથ ભાજન વિગેરે ધોયાં હોય તે પિષ્ટ ધોવણ કહેવાય, એ બન્ને પ્રકારના પાણીમાં લોટના રજકણો આવે છે માટે તેવું પાણી પીવાથી પચ્ચ૦ ભંગ ન ગણાય તે કારણથી ससित्थेण वा આગાર રાખવામાં આવે છે.

તથા ઉપર કહેલા સસિત્થ જળને જો ગાળવામાં આવે તો દાણો તથા લોટના રજકણો ( સ્થૂળ રજકણો ) ન આવવાથી

---

૧ अच्छमुष्णजलमुत्कालितमन्यदपि निर्मलं એ અવચૂ૦ વિગેરેના પાઠમાં ઉકાળેલા જળ સિવાયનું બીજું પણ નિર્મળ જળ કહ્યું છે અને જ્ઞા૦ વિ૦ સૂ૦ કૃત બાળાવબોધમાં ફળાદિકનાં ધોવણ કહ્યાં છે માટે અહિં ફળનું જળ પણ "અચ્છેણવા"માં કહ્યું છે.

એજ અસિત્થ જળ કહેવાય, તેવું જળ પીવાથી પણ પચ્ચ૦ ભંગ ન ગણાય તે કારણથી असित्थेण वा આગાર રાખવામાં આવે છે. [ અહિં પણ અસિત્થ એટલે સર્વથા સિત્થનો અભાવ નહિં, પરન્તુ અલ્પસિત્થ એવો અર્થ સંભવે છે ]

અહિં દરેક આગારમાં वा શબ્દ આવે છે, તે છ આગારોમાં પ્રતિપક્ષી બે બે આગારોની સમાનતા દર્શાવવા માટે છે, તે આ પ્રમાણે-જેમ અલેવેણવા આગારથી એટલે લેપ રહિત જળથી પચ્ચ૦ ભંગ થતો નથી તેમ લેવેણવા એટલે લેપવાળા જળથી પણ પચ્ચ૦ ભંગ થતો નથી. એ પ્રમાણે જેમ (અચ્છેણવા=) નિર્મળ જળથી પચ્ચ૦ ભંગ થતો નથી તેમ (બહુલેણ વા=) બહુલ જળ વડે પણ પચ્ચ૦ ભંગ થતો નથી. તથા જેમ (અસિત્થેણવા=) અસિત્થ જળ વડે પચ્ચ૦ ભંગ થતો નથી તેમ (સસિત્થેણ વા=) સસિત્થ જળ વડે પણ પચ્ચ૦ ભંગ થતો નથી, એ પ્રમાણે અહિં वा શબ્દથી બે બે પ્રતિપક્ષી આગારોની અવિશેષતા દર્શાવી છે. ॥ इति ४ थं आकारद्वारम् ॥

---

अवतरण—પૂર્વે બાવીસ આગારનો અર્થ કહીને હવે આ પાંચમા દ્વારમાં પ્રથમ છ ભક્ષ્ય વિગઈના ૨૧ ભેદ, તથા ચાર અભક્ષ્ય વિગઈના ૧૨ ભેદ મળી વિગઈના કુલ ૩૩ ભેદ સામાન્યથી-સંખ્યામાત્રથી ગણાવે છે—

**पण चउ चउ चउ दु दुविह, छ भरक दुद्धाइ विगइ इगवीसं।**
**ति दु ति चउविह अभरका, चउ महुमाई विगइ बार॥२९॥**

શબ્દાર્થ:—ગાથાર્થને અનુસારે સુગમ છે,

**गाथार्थः**—૫-૪-૪-૪-૨-અને ૨ ભેદ, એ પ્રમાણે દૂધ વિગેરે છ ભક્ષ્ય વિગઈના ૨૧ ભેદ છે, અને મદ્ય વિગેરે ચાર અભક્ષ્ય વિગઈના અનુક્રમે ૩-૨-૩ અને ૪ ભેદ હોવાથી ૧૨ ભેદ છે ॥૨૯॥

ભાવાર્થ—સુગમ છે, પરન્તુ પ્રત્યેકના ઉત્તરભેદ આ પ્રમાણે—

| | | | |
|---|---|---|---|
| દૂધના | ૫ ભેદ | મધના | ૩ ભેદ |
| દહિંના | ૪ ભેદ | મદિરાના | ૨ ભેદ |
| ઘીના | ૪ ભેદ | માંસના | ૩ ભેદ |
| તેલના | ૪ ભેદ | માખણના | ૪ ભેદ (દહીંની જેમ) |
| ગોળના | ૨ ભેદ | | — |
| પકવાન્નના | ૨ ભેદ | | ૧૨ અભક્ષ્ય વિગઇ. |
| | ૨૧ ભક્ષ્ય વિગઈ. | | |

એ ૨૧ ભેદ તથા ૧૨ ભેદ કયા કયા તે આગળની ગાથાઓમાં કહેવાશે. તથા જેના આહારથી ઇન્દ્રિયોને તથા ચિત્તને વિગઇ-વિકૃતિ-વિકાર (વિષયવૃત્તિ) ઉત્પન્ન થાય તે વિગઇ-વિકૃતિ કહેવાય.

---

અવતરણ—પૂર્વ ગાથામાં છ ભક્ષ્ય વિગઇના ૨૧ ભેદ સંખ્યામાત્રથી કહ્યા, તે ભેદોને આ બે ગાથામાં નામ સહિત સ્પષ્ટ કરે છે—

**खीर घय दहिय तिल्लं, गुल पक्कन्नं छ भरक विगईओ।**
**गो-महिसि-उट्टि-अय-एलगाण पण दुद्ध अह चउरो॥३०॥**
**घय दहिया उट्टिविणा, तिल सरिसव अयसि लट्ट तिल्ल चऊ**
**दवगुड पिंडगुडा दो, पक्कन्नं तिल्ल घयतलियं॥३१॥**

શબ્દાર્થ:—૩૦ મી ગાથાનો.

गुल=ગોળ
पक्कन्नं=પકવાન્ન
महिसि=ભેંસનું
अय=અજાનું, બકરીનું
एलगाण=એડકીનું, ઘેટીનું, ગાડરીનું
पण=પાંચ (પ્રકારનું)

શબ્દાર્થ:—૩૧ મી ગાથાનો.

उट्टि=ઉંટડી
अयसि=અતસી, અલસી
लट्ट=કુસુમ્ભ
दव=દ્રવ, રેલો ચાલે એવો નરમ
पिंड=કઠિન
तलियं=તળેલું.

**ગાથાર્થ**—ક્ષીર ( દૂધ )-ઘી-દહિં-તેલ-ગોળ-અને પકવાન્ન એ ૬ ભક્ષ્ય વિગઇ છે, તેમાં ગાયનું-ભેંસનું-ઉંટડીનું-બકરીનું અને ગાડરીનું દૂધ એમ પાંચ પ્રકારનું દૂધ (વિગઈ તરીકે ગણાય) છે, अह=અને ચાર પ્રકારનું ॥ ૩૦ ॥ ઘી તથા દહિં છે તે ઉંટડી વિનાનું જાણવું. તથા તલ-સર્ષપ (=સરિસવ)-અલસી-અને કુસુંબીના ઘાસનું તેલ એમ ચાર પ્રકારનું તેલ ( વિગઈ રૂપ ) છે, તથા દ્રવગોળ અને પિંડગોળ એમ બે પ્રકારનો ગોળ વિગઈ તરીકે છે, અને તેલમાં તથા ઘીમાં તળેલું એ બે પ્રકારનું પકવાન્ન વિગઇરૂપ જાણવું. ॥ ૩૧ ॥

**ભાવાર્થ**:—સુગમ છે, પરન્તુ વિશેષ એ છે કે--દૂધ પાંચ પ્રકારનું છે, અને દહિં તથા ઘી ચાર પ્રકારનું કહ્યું છે, તેનું કારણ કે જેમ ભેંસ વિગેરેના દૂધનું દહિ તથા ઘી બને છે, તેમ ઉંટડીના દૂધનું દહિં તથા ઘી બનતું નથી. તથા સ્ત્રી વિગેરેનાં દૂધ વિગઈ તરીકે ગણાતાં નથી, તથા ઉપર કહેલાં ચાર પ્રકારનાં તેલ સિવાય બીજાં એરંડીયું, ડોળીયું, કોપરેલ ભોંયસિંગનું, કપાસીઆનું, ઇત્યાદિ અનેક પ્રકારનાં તેલ છે પરન્તુ તે વિગઇ તરીકે નથી, તો પણ તે તેલોને [1]લેપકૃત્ તો ગણવાં જોઇએ, [ જેથી આયંબિલાદિકમાં તેનો પણ ત્યાગ થાય છે, તેમજ એ વિગઇરહિત તેલોના લેપથી લેવાલેવેણં આગાર રાખવો જોઈએ-ઈતિ તાત્પર્ય. )

એ પ્રમાણે આ બે ગાથામાં ૬ ભક્ષ્યવિગઇના ૨૧ ઉત્તરભેદ કહ્યા, અને ચાર અભક્ષ્ય વિગઈના ઉત્તરભેદ કહેવાના હજી બાકી છે, તે પહેલાં ચાલુ પ્રસંગમાં અનૂકુળતા જાણી ગ્રંથકાર એ છ વિગઇનાં જે ૩૦ નીવિયાતાં થાય છે, એટલે એ વિગઇ તે અવિગઇ પણ થાય છે, તે અવિગઈનું સ્વરૂપ જ પ્રથમ દર્શાવશે.

---

**અવતરણ**—દૂધ વિગેરે ૬ ભક્ષ્ય વિગઇ જે વિકૃતિ સ્વભાવવાળી છે, તે વિકૃતિ સ્વભાવ જે રીતે દૂર થઇ અવિકૃતિ સ્વ-

---

[1] शेषतैलानि तु न विकृतयः लपकृतानि तु भवन्ति ઈતિ ધર્મ સં. વૃત્તિ વચનાત્. તથા આ ભાષ્યનીજ ૩૮ મી ગાથામાં પણ એ તેલોને લેપકૃત્ કહેવામાં આવશે.

ભાવવાળી બને છે, તે निर्विकृति ( નીવિયાતું ) ગણાય છે, તેમાં પ્રથમ દૂધ વિગઈનાં ૫ નીવિયાતાં કહેવાય છે—

**पयसाडि-खीर-पेया-वलेहि-दुद्धट्टि दुद्धविगइगया ।**
**दरक बहु अप्पतंदुल, तच्चुन्नंबिलसहियदुध्धे॥३२॥**

શબ્દાર્થ:—

पयसाडि=પયઃશાટી, દુગ્ધ-શાટિકા.
विगइगया=વિકૃતિગત, નીવિયાતાં
दरक=દ્રાક્ષ
तच्चुन्न=તેનું (તંદુલનું) ચૂર્ણ (ચોખા વિગેરેનો લોટ)
अंबिल=ખટાશ

**गाथार्थः**—દ્રાક્ષ સહિત રાંધેલું દૂધ ( પ્રાય: *બાસુદી તે ) પયઃશાટી કહેવાય, ઘણા તંદૂલ–ચોખા વિગેરે સહિત રાંધેલું દૂધ [1]क्षीर ( ખીર ) કહેવાય, અલ્પ તંદૂલ સહિત રાંધેલું દૂધ पेया[2] કહેવાય, તંદૂલના ચૂર્ણ (લોટ) સહિત રાંધેલું દૂધ

* હાલમાં થતી બાસુદી દ્રાક્ષાદિ રહિત ફકત દૂધ ઉકાળીનેજ બનાવવામાં આવે છે. માટે નીવિયાતામાં જેમ દૂધપાક દ્રષ્ટિગોચર થાય છે તેમ બાસુદી દ્રષ્ટિગોચર થતી નથી. કારણ કે અન્ય યોગ્ય દ્રવ્યોના સંયોગ વિના વિકૃતિ દ્રવ્યો નિર્વિકૃતિ થતાં નથી. એવો ૩૭ મી ગાથામાં કહેલો ભાવાર્થ પણ હેતુરૂપ સંભવે છે.

૧ વર્તમાનમાં કંઇક સ્થાને રાંધેલો ભાત નાખીને અને કંઈક સ્થાને ચોખા નાખીને પણ ખીર બનાવવામાં આવે છે, અને તે દૂધપાક જેટલી ઘણી જાડી નહિ પરન્તુ થોડી જાડી બનાવાય છે. કારણ કે ઘણી જાડી કરવા જતાં ચોખા વધારે નાખેલા હોવાથી દૂધ ચોખા બન્ને પિંડરૂપ થઇ જાય. એ રીતે દેશ દેશની પદ્ધતિ પ્રમાણે ખીર જૂદી જૂદી રીતે બનાવાય છે.

૨ એ **पेया**ને પ્રવ૦ સારો૦ વૃત્તિમાં દૂધની કાંજી તરીકે ઓળખાવી છે, તથા વર્તમાનમાં જે દૂધપાક કહેવાય છે તેનેજ અહિં **पेया** કહેલ છે. એમાં ચોખા અલ્પ આવવાથી ( એક શેર દૂધમાં લગભગ ૧ તોલો જેટલા આવવાથી ) ઘણો ઉકાળીને જાડો બનાવવામાં આવે છે.

अवलेहिका કહેવાય, અને ( કાંજી આદિ ) ખાટા પદાર્થ સાથે રાંધેલું દૂધ *दुग्धाटी કહેવાય છે. [ એ પાંચ રીતે રંધાયલું દૂધ તે દૂધની પાંચ અવિગઈ-નીવિયાતાં ગણાય, જેથી યોગ વા ઉપધાન સંબંધિ નીવિના પચ્ચખ્ખાણમાં દૂધનાં એ પાંચ નીવિયાતાં કલ્પે પરન્તુ બીજી નીવિમાં નહિ.] ॥૩૨॥

भावार्थ—ગાથાના અર્થને અનુસારે સુગમ છે. તથા ગાથામાં કહેલ सहियदुद्धे એ પદ "દખ્ખ" ઇત્યાદિ દરેક શબ્દની સાથે સંબંધવાળું છે, અને तदूंल એ પદ બહુ અને અપ્પ એ બે શબ્દ સાથે સંબંધવાળું છે.

---

अवतरण—હવે આ ગાથામાં ઘી તથા દહીં વિગઇનાં પાંચ નીવિયાતાં કહેવાય છે—

**निब्भंजण-वीसंदण-पक्कोसहितरिय-किट्टि-पक्कघयं ।**
**दहिए करंब-सिहरिणि-सलवणदहि-घोल-घोलवडा ३३**

શબ્દાર્થઃ—

निब्भंजण=નિર્ભંજન ઘી
वीसंदण=વિસ્પંદન ઘી
पक्क=પકાવેલી, ઉકાળેલી
ओसही=ઔષધી-વનસ્પતિ
तरिय=(ઘીની) તરી
पक्कघयं=પકાવેલું ઘી
दहिए=દહીંમાં, દહીંનાં
सिहरिणि=શિખંડ
घोल=છાણેલું-ગાળેલું દહીં.

गाथार्थः—પકવાન્ન તળાઇ રહ્યા બાદ કઢાઈમાંનું વધેલું બળેલું ઘી તે निर्भंजन, તથા દહીંની તર અને લોટ એ બે મેળવીને બનાવેલ કુલેર તે [1]वीस्पंदन, આષધિ (=વનસ્પતિ વિશેષ)

---

* કેટલાક આચાર્યો દુગ્ધાટીને બદલે બહલિકા કહે છે, કે જે પ્રાયઃ તુર્ત વીઆયલી ભેંસ વિગેરેના દૂધની બને છે અને તે "બળી" કહેવાય છે.

૧ સિદ્ધાન્તોમાં તો અર્ધ બળેલા ઘીમાં તંદૂલ નાખીને બનાવેલ ભોજન વિશેષ તે विस्पंदन એમ કહ્યું છે.

નાખીને ઉકાળેલા ઘીની ઉપરની તરી (તર) તે पक्वौषधितरित, ઘી, ઉકળતા ઘી ઉપર જે ઘીનો મેલ તરી આવે છે તે મેલનું નામ किट्टि, અને આમળાં વિગેરે ઔષધિ નાખીને પકાવેલું -ઉકાળેલું ઘી તે पक्व घृत કહેવાય, [ એ ઘીનાં પાંચ નીવિયાતાં (=પાંચ પ્રકારનું અવિકૃત ઘી) નીવિમાં કલ્પે. ]

તથા જે દહીંમાં ભાત મેળવ્યો હોય તે ભાતવાળું દહીં करम्ब, દહીંનું પાણી કાઢી નાખવાથી રહેલા માવામાં અથવા પાણીવાળા દહીંમાં પણ ખાંડ નાખી વસ્ત્રથી છાણ્યું (ઘસીને ગાળ્યું) હોય તે शिखरिणी-શિખંડ, લૂણ ( મીઠું ) નાખીને મથન કરેલું (હાથથી અડવાળેલું) દહીં તે [1]सलवण दधि, વસ્ત્રથી ગાળેલું દહીં તે घोल, અને તે ઘોલમાં વડાં નાખ્યાં હોય તે घोलवडां, અથવા ઘોલ નાખીને બનાવેલાં વડાં તે પણ ઘોલવડાં કહેવાય, [ એ પ્રમાણે દહીંનાં પાંચ નીવિયાતાં (=દહીંની પાંચ અવિગઇ ) તે નીવિના પચ્ચ૦માં કલ્પે છે.] ॥ ૩૩ ॥

भावार्थः—ગાથાર્થને અનુસારે સુગમ છે. વિશેષ એજ કે એ ઘી તથા દહીંનાં નીવિયાતાં પણ પ્રાયઃ યોગ વહન કરતા મુનિ મહારાજને તથા શ્રાવકને ઉપધાન સંબંધિ નીવિના પચ્ચ૦ માં કલ્પે, પરન્તુ બીજી નીવિમાં ન કલ્પે.

---

अवतरण—આ ગાથામાં તેલનાં પાંચ અને ગોળનાં પાંચ નીવિયાતાં કહેવાય છે—

**तिलकुट्टी निब्भंजण, पकातिल पक्कुसहितरिय तिल्लमली।**
**सक्कर गुलवाणय पाय खंड अद्धकढि इरकुरसो ॥३४॥**

શબ્દાર્થઃ—ગાથાર્થ પ્રમાણે સુગમ છે.

गाथार्थः—તિલકુટ્ટી, નિર્ભંજન, પકવતેલ, પકવૌષધિતરિત, અને તેલની મલી એ તેલનાં પાંચ નીવિયાતાં છે. તથા સાકર,

[1] શાસ્ત્રમાં એને राजिकाखाट કહે છે, માટે લોક ભાષામાં જે દહીંનું રાઇતું અથવા દહીંનો મઠો કહેવાય છે તે એજ હોય એમ સંભવે છે. અને તેમાં સાંગરી વિગેરે ન નાખ્યું હોય તોપણ નીવિયાતું કહ્યું છે.

ગુલવાણી, પાકો ગોળ, ખાંડ, અને અર્ધ ઉકાળેલો ઇક્ષુ (શેલડીનો) રસ, એ ગોળનાં પાંચ નીવિયાતાં છે ॥ ૩૪ ॥

**भावार्थः**—અહિં તિલકુટ્ટી સિવાયનાં ૪ નીવિયાતાં જે તેલન કહ્યાં તે અને વિસ્પંદન સિવાયનાં ૪ નીવિયાતાં ઘીનાં તે બે બે સરખા નામવાળાં અને સરખા અર્થવાળાં છે, તો પણ અહિં તેલનાં પાંચે નીવિયાતાંના અર્થ કહેવાય છે તે આ પ્રમાણે—

તલ તથા ગોળ (કઠીન ગોળ) એ બેને ભેગા કરી ખાંડણીમાં ખાંડી એકરસ બનાવે છે તે **तिलकुट्टी** અથવા તિલવટી[1] કહેવાય છે, તથા પકવાન્ન તળ્યા બાદ કઢાઇમાં વધેલું બળેલું તેલ તે **निर्भंजन** તેલ, તથા ઔષધિઓ નાખીને પકાવેલું તેલ તે **पक्वतेल**, તથા ઔષધિઓ નાખીને પકાવાતા તેલમાં ઉપર જે તરી વળે છે તે **पक्वौषधितरित** તેલ, અને ઉકળેલા તેલની કિટ્ટિ-મેલ તે તેલની મલી અથવા કિટ્ટિ, એ પ્રમાણે તેલનાં એ પાંચ નીવિયાતાં ગણાય છે.

તથા **साकर** કે જે કાંકરા સરખી હોય છે તે, તથા ગોળનું પાણી જે પૂડા વિગેરે સાથે ખવાય છે તે **गुलपानक**-ગુલવાણી[2] તથા (પાય એટલે) ઉકાળીને કરેલો **पाको गोळ** કે જે ખાજાં વિગેરે ઉપર લેપવામાં આવે છે તે (ગોળની ચાસણી), તથા સર્વ પ્રકારની **खांड**, તથા (અર્ધકવથિત=) અર્ધ ઉકાળેલો શેલડીનો રસ તે *अर्धक्वथित इक्षुरस એ પાંચ નીવિયાતાં ગોળ વિગઈનાં જાણવાં.

---

૧ પ્રથમ તલને ખાંડીને ત્યારબાદ ઉપરથી ગોળ નાખવામાં આવે છે તે તલની સાણી કહેવાય છે, તથા આખા તલમાં કાચો ગોળ ભેળવાય છે તે તલસાંકળી, એ બન્ને નીવિના પચ્ચ૦માં ન કલ્પે. કારણ કે એ બન્નેમાં કાચો ગોળ આવે છે, પરન્તુ ગોળનો પાયો કરી (ગોળને ઉકાળીને પાકો ગોળ કરી) તલ ભેળવાય છે તે પાકા ગોળની તલસાંકળી નીવિયાતામાં કલ્પનીય છે.

૨ ખાટા પૂડામાં ખાવા માટે ગોળનું પાણી ઉકાળવામાં આવે છે તે ગળમાણું,

* સંપૂર્ણ ઉકાળ્યાથી ગોળ બની જાય છે, માટે અર્ધકવથિત કહ્યોછે. પ્રશ્નઃ—અર્ધ ઉકાળેલ ઇક્ષુરસ અવિગઇ થાય, તો સંપૂર્ણ ઉકાળેલ

**अवतरण**—આ ગાથામાં પકવાન્ન વિગઇ કે જેનું બીજું નામ કડાહ વિગઈ છે તેનાં પાંચ નીવિયાતાં કહે છે—

**पूरिय तवपूआ बी-अपूअ तन्नेह तुरियघाणाई ।**
**गुलहाणी जललप्पासि, अ पंचमो पुत्तिकयपूओ ॥३५॥**

શબ્દાર્થ:—

पूरिय=પૂરાયલી
तव=તવી, કઢાઇ
पूआ=પૂડલાથી, પૂરીથી
बीअपूअ=બીજો પૂડલો-પૂરી
तन्नेह=તત્સ્નેહ, તેજ ઘી (માં) અથવા તેજ તેલ(માં તળેલો)
तुरिय=ચોથો
घाण=ઘાણ
गुलहाणी=ગુડધાણી
जललप्पसि=જળ લાપસી
पंचमो=પાંચમું નીવિયાતું
पुत्तिकय=પોતકૃત (તળેલો નહિ પણ પોતુ દઈને સીજવેલો)

**गाथार्थ:**—તવી પૂરાય તેવા પહેલા પૂડલાથી બીજો પૂડલો, તથા તેજ તૈલાદિકમાં તળેલો ચોથો આદિ ઘાણ, ગોળધાણી, જળલાપસી, (એ ચાર નીવિયાતાં) અને પોતું દીધેલો પૂડલો પાંચમું નીવિયાતું છે ॥ ૩૫ ॥

**भावार्थ**—કઢાઇ અથવા તવીમાં તળીને થઇ શકે તેવા ભોજનને અહિં પકવાન્ન તરીકે ગણવું, પરન્તુ લોકપ્રસિદ્ધ જે ખાજાં સૂત્રફેણી ઘેબર ઇત્યાદિ પાંચ પકવાન્ન ગણાય છે; તેટલાંજ

---

ઈક્ષુરસનો બનેલો ગોળ તો સહજે અવિગઇ જ થાય, તેને બદલે ગોળને પુનઃ વિગઇ કેમ ગણવો ?

ઉત્તરઃ—ઈક્ષુરસથી બનેલો ગોળ તે ઇક્ષુરસથી દ્રવ્યાન્તર (=અન્ય દ્રવ્ય ) ઉત્પન્ન થયું, માટે ગોળમાં જે ગોળને અનુસરતું એટલે ગોળનું વિગઈપણું ઉત્પન્ન થયું તેમાં દ્રવ્યાન્તરોત્પતિ ( ભિન્ન દ્રવ્યની ઉત્પત્તિ થવી ) એજ હેતુ સંભવે, તે વખતે પ્રથમનું ઈક્ષુરસનું વિગઇપણું ( શેલડીના રસનો વિકાર-રસનું વિગઇપણું) તો સંપૂર્ણ નષ્ટ થયેલું સંભવે, ઇત્યાદિ હેતુ યથાયોગ્ય વિચારવો.

પકવાન્ન એમ નહિં, જેથી આંહું ભજીયાં પૂરી તળેલા પાપડ પાપડી ઇત્યાદિ ચીજો પણ પકવાન્ન ગણવી, તેમજ એ સર્વ ચીજો કટાહ (=કઢાઇ)માં ઘી વિગેરે વિગઇની અંદર તળીને બનાવાતી હોવાથી कटाह विगइ કહેવાય, અને તે પૂર્વે કહ્યા પ્રમાણે ઘીમાં તળેલી અને તેલમાં તળેલી એમ બે પ્રકારની છે, તે બે પ્રકારની કટાહ વિગઇ એટલે પકવાન્ન વિગઈ જે વિગઈ સ્વરૂપ છે તે અવિગઇ સ્વરૂપ (નીવિયાતા રૂપ) કેવી રીતે થાય? તેના પાંચ ભેદ અહિં દર્શાવાય છે, અર્થાત્ પકવાન્ન વિગઇનાં પાંચ નીવિયાતાં કહેવાય છે તે આ પ્રમાણે—

તવી (=કઢાઇ)માં સંપૂર્ણ સમાય એવો એકજ મોટો પૂડલો પહેલો તળીને ત્યારબાદ બીજો ત્રીજો આદિ પૂડલો અથવા પૂરીઓ વિગેરે તળે તો તે પહેલો પૂડલો વિગઈ અને બીજો ત્રીજો આદિ સર્વે પૂડલા તેમજ પૂરીઓ વિગેરે અવિગઇ-નીવિયાતાં ગણાય, તે અહિં "બીઅ પૂઅ" એટલે द्वितीयापूप નીવિયાતું કહેવાય. (એમાં વચ્ચે બીજું ઘી ઉમેર્યું ન હોય તો, અને બીજું ઘી ઉમેર્યું હોય તો પુનઃ પહેલો મોટો પૂડલો તળવો જોઈએ).

તથા જે ઘી પ્રથમ પૂરેલું છે તેજ ઘીમાં (વચ્ચે બીજું ઘી ઉમેર્યા વિના) નાની પૂરીઓના ૩ ઘાણ તળી લીધા બાદ ચોથો પાંચમો ઈત્યાદિ જેટલા ઘાણ તળાય તેટલા સર્વ ઘાણની પૂરીઓ નીવિયાતી ગણાય, અને પહેલા ૩ ઘાણની પૂરીઓ વિગઈ ગણાય, માટે એ ચોથા વિગેરે સર્વ ઘાણની પૂરીઓ તે तत्स्नेह चतुर्थादिघाण નામનું બીજું નીવિયાતું ગણાય.

તથા ગોળ અને ધાણી એ બેનું મિશ્રણ તે ગોળધાણી નીવિયાતું ગણાય છે, એમાં કાચા ગોળ સાથે ધાણી (જે જુવાર વિગેરેને શેકીને બનાવાય છે તે ધાણી) મેળવી હોય તો તે નીવિયાતું નહિ, પરન્તુ ગોળનો પાયો કરીને ધાણી મેળવી હોય તો તેવી ગોળધાણી નીવિયાતું ગણાય. વિશેષતઃ એ ગોળધાણીના મોદક-લાડુ બનાવવામાં આવે છે (એટલે લાડુના આકારે વાળવામાં આવે છે.)

તથા પકવાન્ન તળી કાઢયા બાદ વધેલું ઘી પણ કાઢી લઇને તવીમાં જે ચીકાશ વળગી રહી છે તે ચીકાશ ટાળવા માટે તેમાં ઘઉંનો ભરડો (=જાડો કાંકરીયાળો લોટ) શેકી ગોળનું પાણી રેડી જે છૂટો દાણાદાર શીરો અથવા કંસાર જેવું બનાવાય તે **जललापसी** ચોથું નીવિયાતું ગણાય. એ જલલાપસીના ઉપલક્ષણથી ચાલુ પદ્ધતિ પ્રમાણે કોરી કઢાઇઓમાં બનાવાતા શીરા અને કંસાર પણ નીવિયાતા તરીકે જાણવા, પરન્તુ એ સર્વને ચૂલા ઉપરથી નીચે ઉતાર્યા પછી તેમાં ઘીનો એક પણ છાંટો નાખવામાં આવે તો તે નીવિયાતામાં ગણાય નહિં. કદાચ ઘી ઓછું જાણી ચૂલા ઉપરજ રહેલી તપતી તવીમાં ઘી ઉમેરી ઉકાળવામાં આવે તો તે નીવિયાતામાં ગણી શકાય.

તથા તવીમાંનું બળેલું ઘી કાઢી લીધા બાદ ખરડેલી તવીમાં ગળ્યા પૂડા અથવા ખાટા પૂડા ઘી અથવા તેલનું પોતું દઇને કરવામાં આવે તો તે **पोतकृत पूडलो** પાંચમુ નીવિયાતું ગણાય. અથવા કોરી તવીમાં પણ ચાલુ રીતિ પ્રમાણે બનાવાતા ગળ્યા અથવા ખાટા પૂડા પણ પાંચમા નીવિયાતામાં ગણી શકાય, પરન્તુ ચૂલા ઉપરથી તવી નીચે ઉતાર્યા બાદ તેમાં ઘી અથવા તેલનો એક છાંટો પણ ઉમેરવો નહિ. એ રીતે *પાંચ નીવિયાતાં પકવાન્ન વિગઇનાં છે.

---

*પ્રશ્નઃ—કડાહ વિગઇનાં ( પકવાન્નનાં ) છેલ્લાં ત્રણ નીવિયાતાંમાં તળવાની ક્રિયા થતી નથી, તો તે ત્રણેને કડાહ વિગઈનાં નીવિયાતાં કેમ ગણવાં ? અર્થાત્ " પકવાન્ન એટલે તળેલી ચીજ " એ અર્થ એ ત્રણ નીવિયાતામાં કેમ ઘટતો નથી ?

ઉત્તરઃ—અહિં **पक्वान्न** એટલે " ઘી અથવા તેલ વિગેરે સ્નેહ દ્રવ્યોમાં પકવ થયેલી એટલે તળાયલી અથવા શેકાયલી વસ્તુ " એ અર્થ ઘટિત છે, અને **कडाह** એટલે ( કેવળ કઢાઈ જ નહિ પરન્તુ ) કઢાઈ, તવી, લોઢી, તપેલી ઇત્યાદિ ભાજન જાણવું. માટે ઘી અથવા તેલમાં તળાયલી અથવા શેકાયલી વસ્તુઓ તે **पक्वान्नविगइ** અને તેજ વસ્તુઓ કઢાઇ કે તવીમાં તેમજ તપેલી વિગેરેમાં પણ તળાય વા શેકાય છે, માટે તેનું બીજું નામ **कडाह विगइ** છે,

અથવા ઘી અને તેલાદિ સ્નિગ્ધ દ્રવ્યોમાં અવગાહવા વડે ( =બો-

**એ પ્રમાણે ૬ ભક્ષ્ય વિગઈનાં ૩૦ નીવિયાતાં સંક્ષેપમાં આ પ્રમાણે—**

| દૂધનાં ૫ | ઘીનાં ૫ | દહીંનાં ૫ |
|---|---|---|
| ૧ પયઃશાટી | ૧ નિર્ભંજન | ૧ કરમ્બ |
| ૨ ખીર | ૨ વિસ્પંદન | ૨ શિખરિણી |
| ૩ પેયા | ૩ પક્વૌષધિ તરિત | ૩ સલવણ દધિ |
| ૪ અવલેહિકા | ૪ કિટ્ટિ | ૪ ઘોલ |
| ૫ દૂગ્ધાટી | ૫ પક્વઘૃત | ૫ ઘોલવડાં |

| તેલનાં ૫ | ગોળનાં ૫ | પકવાન્નનાં ૫ |
|---|---|---|
| ૧ તિલકુટ્ટી | ૧ સાકર | ૧ દ્વિતીય પૂડલો |
| ૨ નિર્ભંજન | ૨ ગુલવાણી | ૨ ચતુર્થ ઘાણાદિ |
| ૩ પક્વતેલ | ૩ પાક ગુડ (ગુડપાંતિ) | ૩ ગુડધાણી |
| ૪ પક્વૌષધિ તરિત | ૪ ખાંડ | ૪ જલલાપસી |
| ૫ તિલમલિ. | ૫ અર્ધ કવથિત ઇક્ષુરસ | ૫ પોતકૃત પૂડલો |

**એ ૩૦ નીવિયાતાં સામાન્યથી મુખ્ય મુખ્ય કહ્યાં, પરન્તુ તે દરેક વિગઈનાં રૂપાન્તરથી થતાં બીજાં પણ અનેક નીવિયાતાં છે, તે બીજા ગ્રંથોથી જાણવાં.**

---

ળાઇને ) જે પક્વ થાય તે **અવગાહિમ** પણ એ પાંચ નીવિયાતાંવાળી પકવાન્ન વિગઈનુંજ નામ છે. એ અર્થ પ્રમાણે છેલ્લાં ત્રણ નીવિયાતાં ઘણા ડૂબાડૂબ ઘી તેલમાં તળાતાં નથી તો પણ પોતે ચૂસી શકે એટલા ઘી તેલમાં પણ તળાય વા શેકાય છે, માટે પકવાન્નના નીવિયાતામાંજ ગણાય. વળી ચોમાસી પ્રતિક્રમણ વિગેરે પ્રસંગે પકવાન્નનો કાળ કહેવામાં આવે છે, ત્યાં પકવાન્ન શબ્દથી ઘણા ડૂબાડૂબ ઘીમાં તળેલી ચીજોનોજ કાળ કહેવાય છે એમ નથી, પરન્તુ શેકાવા જેવી ચીજોને પણ પકવાન્ન તરીકે ગણીનેજ તેનો કાળ કહેવામાં આવે છે. વળી પોતકૃત પૂડલાઓને પણ પોતું માત્ર દીધેલું હોવા છતાં પૂડા શેકયા કહેવાતા નથી પરન્તુ પૂડા તળ્યા કહી શકાય છે, માટે ડૂબાડૂબ ઘી વડે " તળવું " અને અવગાહન જેટલા અલ્પ ઘી વડે " તળવું વા શેકવું " એમ કહેવાની પ્રવૃત્તિ છે, તે પ્રમાણે એ ત્રણે નીવિયાતાં પકવાન્નનાં નીવિયાતાં ગણી શકાય છે.

अवतरण—" ગિહત્થ સંસટ્ઠેણં " એ આગારથી પૂર્વે આયંબિલમાં કલ્પે એવાં દ્રવ્યો કહ્યાં છે, અને હવે આ ગાથામાં એજ આગારથી નીવિમાં તથા વિગઇના પચ્ચખ્ખાણમાં કલ્પે એવાં ગૃહસ્થસંસૃષ્ટ દ્રવ્યો કયાં કયાં ? તે દર્શાવાય છે.

**दुध्ध दही चउरंगुल, दवगुल घय तिल्ल एग भत्तुवरिं ।**
**पिंडगुडमरकणाणं, अद्दामलयं च संसट्ठं ॥ ३६ ॥**

શબ્દાર્થ:—

दवगुल=દ્રવ ગોળ, ઢીલો ગોળ
एग=એક અંગુલ
भत्त उवरिं=ભોજન ઉપર
अद्दामलयं=આર્દ્રામલક, પીલુનો વા શીણનો મ્હોર.
संसट्ठ=સંસૃષ્ટ, મિશ્ર.

गाथार्थ—ભોજન ઉપર દૂધ અને દહીં ચાર અંગુલ ચઢેલાં હોય ત્યાંસુધી સંસૃષ્ટ, નરમ ગોળ નરમ ઘી અને તેલ ૧ અંગુલ ચઢે ત્યાંસુધી સંસૃષ્ટ, અને કઠિન ગોળ તથા [1]માખણ તે પીલુ અથવા શીણવૃક્ષના મ્હોર જેવડા કણ-ખંડ વાળા હોય ત્યાંસુધી સંસૃષ્ટ [ હોય તો નીવિમાં કલ્પે, ઉપરાન્ત અધિક સંસૃષ્ટ હોય તો ન કલ્પે. ]

भावार्थः—ગૃહસ્થે પોતાને માટે ભાત વિગેરેને દૂધ અથવા દહીં વડે સંસૃષ્ટ-મિશ્ર કર્યો હોય એટલે ભાતમાં દૂધ અથવા દહીં એવી રીતે ડૂબાડૂબ (=તરબોળ ) રેડયું હોય, કે તે મિશ્ર કરેલા ભાતમાં દૂધ અથવા દહીં ભાતને ડૂબાવીને ૪ અંગુલ ઉંચું ચઢયું હોય તો તે દૂધ વા દહીં संसृष्ट द्रव्य કહેવાય, અને તે મુનિને નીવિ તથા વિગઈના પચ્ચ૦ માં કલ્પે છે, પરન્તુ તેથી કિંચિત્ પણ અધિક ચઢયું હોય તો તે દૂધ વિગઈમાં ગણાય, જેથી નીવિ અને વિગઇના પચ્ચ૦ માં કલ્પે નહિં. એ પ્રમાણે

૧ અહિં શ્રી જ્ઞાનવિ૦સૂરિકૃત બાળાવબોધમાં मरकणाणं પદનો મસળેલો ( ગોળ ) એવો અર્થ કર્યો છે, પરન્તુ એજ પાઠની અવચૂરિમાં તો पिंडगुडम्रक्षणयोः એ દ્વિવચન પ્રયોગ હોવાથી પિંડગોળ અને માખણ એવો અર્થ સંભવે છે.

દ્રવ ગોળ ( ઢીલો ગોળ ), ઘી અને તેલ ભાત વિગેરે ઉપર ૧ અંગુલ ઉંચું ચઢયું હોય તો એ ત્રણ संसृष्ट द्रव्य નીવિયાતામાં ગણાય,

તથા કઠિન ગોળને ચુરમા વિગેરેમાં સંસૃષ્ટ-મિશ્ર કર્યો હોય, તેમજ કઠિન માખણને ભાત વિગેરેમાં મિશ્ર કર્યું હોય અને તે સર્વથા-સંપૂર્ણ એકરસ ન થયા હોય, પરન્તુ તે ગોળ અને માખણના ( આર્દ્રામલક જેવડા= ) પીલુ અથવા શીણ વૃક્ષના મહોર જેવડા ઝીણા કણીયા ચુરમા તથા ભાત વિગેરેમાં થોડા ઘણા રહી ગયા હોય તો પણ તે ગોળ તથા માખણ संसृष्ट द्रव्य કહેવાય અને નીવિયાતામાં ગણાય, પરન્તુ એથી મોટો એક પણ કણ રહયો હોય તો તે બન્ને દ્રવ્ય વિગઇમાં ગણાવાથી નીવિના અને વિગઈના પચ્ચ૦માં કલ્પે નહિં.

એ પ્રમાણે એ ૭ વિગઈઓ કહેલી વિધિ પ્રમાણે संसृष्ट द्रव्य ગણાય અને તે ગિહત્થ સંસટ્ઠેણં આગારમાં આવી શકે છે, પરન્તુ એમાં માખણ વિગઇ તો અભક્ષ્ય જ હોવાથી નીવિયાતી થઈ હોય તો પણ વહોરવી કલ્પે નહિં.

---

**अवतरण**—હવે દૂધ વગેરે દ્રવ્યો વિગઈ-વિકૃતિ સ્વભાવવાળાં હોવા છતાં નિર્વિકૃતિ સ્વભાવવાળાં કેમ થાય છે ? તેમજ અન્ય આચાર્યોના અભિપ્રાયથી ઉત્કૃષ્ટ દ્રવ્યરૂપ નીવિયાતું કઈ રીતે થાય છે ? તે પણ આ ગાથામાં દર્શાવાય છે—

**दव्वहया विगई विगइ-गय पुणो तेण तं हयं दव्वं ।**
**उध्धरिए तत्तंमि य, उक्किट्ठदवं इमं चन्ने ॥ ३७ ॥**

શબ્દાર્થ:—ગાથાર્થમાં કહ્યા પ્રમાણે.

**गाथार्थः**—दव्व=અન્ય દ્રવ્યોથી हया=હણાયલી विगइ=વિગઇ તે विगइगय=વિકૃતિગત એટલે નીવિયાતું કહેવાય. पुण= અને तेण=તે કારણથી तं=તે हयंदव्वं=હતદ્રવ્ય કહેવાય. ॥ इति ગાથાના पूर्वार्धनो अर्थ ॥

च=વળી પકવાન્ન उद्धरिए=ઉદ્ધર્યાબાદ ( =તળીને કાઢી લીધા બાદ ) तत्=તે ઉદ્ધૃત ઘી વિગેરે तंमि=તેને વિષે [ ચૂલાથી ઉતારી ઠંડુ [1]થયા બાદ ] જે દ્રવ્ય બનાવવામાં આવે તે પણ નીવિયાતું કહેવાય. च=વળી इमं=એ નીવિયાતાને अन्ने=બીજા આચાર્યો उक्किट्ठदवं=" ઉત્કૃષ્ટ દ્રવ્ય " એવું બીજું નામ આપે છે. ॥ इति गाथाना उत्तरार्धनो अर्थ ॥ ૩૭ ॥

भावार्थः—આ ગાથાના ભાવાર્થમાં આ ગાથાનીજ અવચૂરિનો અક્ષરશઃ અર્થ કહેવાય છે, તે આ પ્રમાણે—

( द्रव्यैः એટલે ) કલમશાલિ તંદુલ આદિ દ્રવ્યો વડે (हता=) ભેદાઇ છતી જે દૂધ આદિ વિગઈ તે " વિકૃતિગત " (=નીવિયાતું) એમ કહેવાય છે, અને (तेण=) તે કારણથી તંદુલ આદિ વડે હણાયલું તે દૂધ વિગેરે द्रव्य જ કહેવાય [ પરન્તુ વિગઈ નહિ, માટે જ નિવિના પચ્ચખ્ખાણવાળાઓને પણ કેટલાકને તે કોઇ રીતે પણ કલ્પે છેજ–ઇતિ પ્રવ૦સારો૦ વૃત્તિઃ ]

તથા પાકભાજનમાંથી ( =કઢાઈ વિગેરેમાંથી ) સુકુમારિકાદિ (=સુખડી વિગેરે પકવાન્ન ) ઉદ્ધર્યે છતે પાછળથી ઉદ્ધૃત (=વધેલું ) જે ઘી વિગેરે, તેને ચૂલા ઉપરથી ઉતાર્યે છતે અને ઠંડુ થયા બાદ જો તેમાં કણિક્કાદિ પ્રક્ષેપીએ–મેળવીએ, ત્યારે જ ( તે કણિક્કાદિનું બનેલું દ્રવ્ય ) નીવિયાતું થાય, વળી અન્ય આચાર્યો એને ( એ કણિક્કાદિથી બનેલા દ્રવ્યને) उत्कृष्ट

---

૧ પ્રવ૦સારો૦વૃત્તિમાં તો આ ગાથાનાજ અર્થમાં ગાથામાં કહેલા तत्तंमि પદનો ચૂલા ઉપર તપ્યા કરતા ઘી વિગેરેમાં" એવો અર્થ કરીને "તેમાં બનતા દ્રવ્યને ઉત્કૃષ્ટ દ્રવ્ય અને તેને નીવિયાતું કેટલાક આચાર્યો ગણે છે, પરન્તુ તે અર્થ ગીતાર્થને અનુસરતો નથી, ગીતાર્થનો અભિપ્રાય તો ચૂલા ઉપરથી ઉતારી ઘી ઠંડુ થયા બાદ તેમાં જો કણિક્કાદિ ભેળવાય તોજ તથાવિધ પાકના ( પરિપકવ થવાના ) અભાવે નીવિયાતું ગણાય, નહિતર પરિકવ થવાથી તો વિગઇ જ ગણાય, આ ગાથાની વ્યાખ્યા અમોએ તો આ રીતે કરી છે, તોપણ બુદ્ધિમાનોએ પોતાના જ્ઞાનને અનુસારે બીજી રીતે પણ વ્યાખ્યા કરવી " એટલું વિશેષ કહ્યું છે.

દ્રવ્ય કહે છે. ॥ ૧ ॥ વળી આ ગાથા પાઠાન્તર પણ છે તે આ પ્રમાણે—

दव्वहया विगइगयं, विगई पुण तीइ तं हयं दव्वं ।
उद्ध० उक्किट्ठ० ॥ १ ॥

એ ગાથાની વ્યાખ્યા આ પ્રમાણે—દ્રવ્યથી હણાયલી વિગઇ નીવિયાતું થાય છે, ક્ષીરાન્નવત્ (ખીરવત્), અને તે વિગઈ વડે તે દ્રવ્ય હણાયું છતું મોદકની પેઠે વિગઈ થાય છે. વળી ત્રણ ઘાણ ઉપર ઉદ્ધૃત (=વધેલા) એવા તે તપ્ત ઘીમાં જે પૂડલા વિગેરે પકાવાય તે પૂડલા વિગેરે નીવિયાતું ગણાય, અને અન્ય આચાર્યો તો (એ નીવિયાતાને) उत्कृष्ट द्रव्य એવું બીજું નામ કહે છે. ॥ ૩૭ ॥ [એ અવચૂરિનો અક્ષરાર્થ કહ્યો]

---

अवतरण—પૂર્વે ત્રીસ નીવિયાતાં દ્રવ્ય કહ્યાં, ત્યાર બાદ ૩૬ મી ગાથામાં સંસૃષ્ટ દ્રવ્ય કહ્યાં, અને હવે આ ગાથામાં ત્રીજાં सरसोत्तम द्रव्य કહેવાય છે કે જે દ્રવ્યો નીવિમાં કારણે કલ્પનીય કહ્યાં છે.

**तिलसक्कुलि वरसोला-इ रायणंबाइ दरकवाणाई ।**
**डोली तिल्लाई इय, सरसुत्तमदव्व लेवकडा ॥ ३८ ॥**

શબ્દાર્થ:—ગાથાર્થને અનુસારે સુગમ છે.

**ગાથાર્થ:**—તિલસાંકળી, વરસોલાં વિગેરે, રાયણ અને આમ્ર (કેરી) વિગેરે, દ્રાક્ષપાન (દ્રાક્ષનું પાણી) વિગેરે, ડોળીયું અને (અવિગઇ) તેલ વિગેરે, એ સર્વે સરસોત્તમ દ્રવ્યો અને લેપકૃત દ્રવ્યો છે. ॥ ૩૮ ॥

**ભાવાર્થ:**—તલ તથા ગોળનો પાયો કરી (પકાવીને) બનાવેલી હોય તે પાકી તિલસાંકળી (પરન્તુ કાચી તિલસાંકળી કે જે કાચા ગોળ સાથે તલ ભેળવીને બનાવાય છે તે નહિ), તથા છેદ પાડી દોરો પરોવી હારડા રૂપે કરેલાં કોપરાં, ખારેક,

સિંગોડાં વિગેરે વસ્તુઓ વરસોલાં કહેવાય, તથા ("વરસોલાઇ" એ શબ્દમાં કહેલા "આઈ" એટલે "આદિ" શબ્દથી) સાકરનાં દ્રવ્યો તે સાકર-ખાંડ-સાકરીયા ચણા, સાકરીયા કાજુ વિગેરે, તેમજ અખોડ બદામ વિગેરે સર્વ જાતિના મેવા વિગેરે દ્રવ્યો પણ (વરસોલાઈ શબ્દથી) જાણવાં. તથા અચિત્ત કરેલાં તેમજ ખાંડ વિગેરેથી મિશ્ર કરેલાં રાયણ અને કેરી વિગેરે ફળો, તથા દ્રાક્ષપાનાદિ એટલે દ્રાક્ષનું પાણી, નાળીયેરનું પાણી, તેમજ કાકડી વિગેરે ફળો (ની અંદર)નાં અચિત્ત થયેલાં (કરેલાં) પાણી, તથા ડોળીનું એટલે મહુડાનાં બીજનું તેલ તે ડોળીયું, તેમજ બીજાં એરંડીયુ કુસુમ્ભીયુ વિગેરે (વિગઇમાં નહિ ગણાવેલ) તેલ એ સર્વે સરસુત્તમ અથવા ઉત્તમ દ્રવ્યમાં ગણાય છે, અને તે લેપકૃત પણ છે. (એટલે લેવાલેવેણં આગારના વિષયવાળાં દ્રવ્યો છે.) એ દ્રવ્યો નીવિના પચ્ચ૦માં મુનિને કારણે-અપવાદે કલ્પનીય છે તે આગળની ગાથાથી દર્શાવાશે.

---

**અવતરણ**—પૂર્વે કહેલાં નિર્વિકૃત દ્રવ્યો સંસૃષ્ટ દ્રવ્યો અને સરસોત્તમ દ્રવ્યો નીવિના પચ્ચ૦માં કેને અને કયારે કલ્પે? તે આ ગાથામાં કહે ાય છે—

**विगइगया संसट्ठा, उत्तमदव्वा य निव्विगइयंमि ।**
**कारणजायं मुत्तुं, कप्पंति न भुत्तुं जं वुत्तं ॥ ३९ ॥**

શબ્દાર્થ:—

**विगइगया**=વિકૃતિગત. નીવિયાતાં.
**निव्विगइयंमि**=નીવિમાં
**कारणजायं**=કારણ ઉત્પન્ન થયું હોય તેને.
**मुत्तुं**=મૂકીને, સિવાય
**भुत्तुं**=ભોગવવી, ખાવી
**जं**=જે કારણથી
**वुत्तं**=કહ્યું છે કે

**ગાથાર્થ:**—નીવિયાતાં (જે પૂર્વે ૩૦ કહ્યાં તે) તથા (૩૬ મી ગાથામાં કહેલાં) સંસૃષ્ટ દ્રવ્યો, તથા ઉત્તમ દ્રવ્યો (જે ૩૭

મી ગાથામાં કહ્યાં તે) એ ત્રણ પ્રકારનાં દ્રવ્યો જો કે વિગઈ-વિકૃતિ રહિત છે, તો પણ નીવિના પચ્ચ૦માં કંઈ કારણ ઉત્પન્ન થયું હોય તો તે કારણ વર્જીને શેષ નીવિઓમાં ભોગવવાં-ખાવાં કલ્પે નહિં, અર્થાત્ તથાપ્રકારના પ્રબળ કારણ વિના એ દ્રવ્યો નીવિમાં કલ્પે નહિ. જે કારણથી સિદ્ધાન્તમાં (નિશિથ ભાષ્યમાં) કહ્યું છે કે—(એ સિદ્ધાન્તની ગાથા હવે દર્શાવાય છે).

**ભાવાર્થ**—ગાથાર્થને અનુસારે સુગમ છે, પરન્તુ વિશેષ એ છે કે—અહિં કારણના સંબંધમાં જાણવાનું કે જે મુનિ યોગવહન કરે છે, પરન્તુ વિશેષ સામર્થ્ય ન હોય, અથવા દીર્ઘકાળ સુધી નીવિની તપશ્ચર્યા ચાલતી હોય, અથવા યાવજ્જીવ વિગઈનો ત્યાગ હોય, બહુ તપસ્વી હોય, અથવા નીવિના તપ સાથે ગ્લાન મુનિ તથા ગુરુ તથા બીજા પણ સાધુઓની વૈયાવૃત્ય (કાયિક સેવા) કરનાર હોય અને તેવા મુનિઓને નીવિની તપશ્ચર્યા ચાલતી હોય, અને સર્વથા નિરસ દ્રવ્યોથી અશક્તિ પ્રાપ્ત થતાં તે વૈયાવૃત્યાદિમાં વ્યાઘાત થતો હોય તો તેવા મુનિઓને ગુરુની આજ્ઞાથી નીવિમાં એ ત્રણે પ્રકારનાં દ્રવ્ય કલ્પે, પરન્તુ જીંહાના લોભથી અર્થાત્ આહારની રસિકતાથી તો એ દ્રવ્યો નીવિયાતાં હોવા છતાં પણ નીવિમાં લેવાં કલ્પે નહિં. કારણ કે એ દ્રવ્યો જો કે વિકૃતિ રહિત કહ્યાં છે, તો પણ સુસ્વાદ રહિત તો નથી જ, (તેમજ સર્વથા વિકૃતિરહિત પણ નથી,) અને તપશ્ચર્યા તો સ્વાદિષ્ટ આહારના ત્યાગથી જ સાર્થક ગણાય. વળી તપશ્ચર્યા કરવી અને સ્વાદિષ્ટ આહાર કરવો એ તપશ્ચર્યાનું ખરૂં લક્ષણ નથી. તપશ્ચર્યામાં ઉજમાળ થયેલો આત્મા તો સ્વાદિષ્ટ આહારના ત્યાગ સન્મુખ વર્તનારો જ હોય, કારણ કે તપસ્વીનું લક્ષ્ય જેમ બને તેમ અન્તે નીરસ આહારનો પણ ત્યાગ કરવા તરફ હોય છે, તો તેવા તપમાં સ્વાદિષ્ટ આહારને અવકાશ ક્યાંથી હોય ! તથા એ વિગઈઓનાં નીવિયાતાં બનાવવા છતાં પણ વિગઈઓ સર્વથા વિકૃતિરહિત થાય છે એમ નથી, તે વાત આગળનીજ ૪૦ મી ગાથામાં દર્શાવાશે.

**अवतरण**—પૂર્વે કહેલાં ૩ પ્રકારનાં દ્રવ્યો નિર્વિકૃતિક ( વિકૃતિરહિત ) માં ગણવા છતાં નીવિના પચ્ચ૦ માં કેમ ન કલ્પે? તેનુ કારણ શ્રી નિશિથ ભાષ્યની ગાથા વડે કહે છે, તે ગાથા આ પ્રમાણે—

**विगइं[4] विगईभीओ[1], विगइगयं[6] जो[2] उ[5] भुंजए[7] साहू[3] ।**
**विगई विगइसहावा, विगई विगइं बला नेइ ॥४०॥**

[1]શબ્દાર્થ:—

विगइं=વિગઇને
विगई=વિગતિ ( =દુર્ગતિ અથવા અસંયમથી )
भीओ=ભીત, ભય પામેલો
विगइगयं=વિકૃતિગતને, નિર્વિકૃતિને, નીવિયાતાંને.
जो=જે
उ=અને (અથવા છંદપૂર્તિ માટે)
भुंजए=ભોગવે, આહારકરે, ખાય
विगई=વિગઈ
विगइसहावा=વિકૃતિના સ્વભાવ વાળીજ (હોય છે માટે તે)
विगई=વિગઇ
विगइं=દુર્ગતિમાં, વિગતિમાં
बला=બલાત્કારે
नेइ=લઈ જાય છે.

[2] અન્વય

**विगईभीओ जो साहू विगइं उ विगइगयं भुंजए ।**
**( [3]तं साहुं-ઇતિશેષ:)**
**विगई विगइसहावा विगई विगइं बला नेइ ॥ ४० ॥**

---

૧-૨ આ ગાથામાં " વિગઈ " શબ્દ ઘણીવાર આવવાથી શબ્દનો અર્થ તથા ગાથાનો અર્થ પણ શબ્દના ક્રમપૂર્વક સમજવામાં ગુંચવણ ન પડે તે કારણથી આ ગાથાનો સંપૂર્ણ શબ્દાર્થ અને અન્વય પણ લખ્યો છે.

૩ અર્થ કરતી વખતે तं साहुं એ બે પદ અહિં અધ્યાહારથી ગ્રહણ કરવાં.

**ગાથાર્થઃ**—વિગતિથી (એટલે દુર્ગતિથી અથવા અસંયમથી) ભય પામેલો જે સાધુ વિગઇને અને નીવિયાતાંને (તથા ઉપલક્ષણથી સંસૃષ્ટ દ્રવ્યો તથા ઉત્તમ દ્રવ્યોને પણ) ભોગવે-ખાય, તે સાધુને વિગઈ (તેમજ ઉપલક્ષણથી નીવિયાતાં આદિ ત્રણે પ્રકારની વસ્તુઓ પણ) અવશ્ય વિગઈ-વિકૃતિના (ઇન્દ્રિયોને વિકાર ઉપજાવવાના) સ્વભાવવાળી હોય છે, માટે તે (વિગતિ સ્વભાવવાળી) વિગઈ વિગતિમાં (એટલે દુર્ગતિમાં અથવા અસંયમમાં) બળાત્કારે લઇ જાય છે. [અર્થાત્ વિના કારણે રસના લોભથી વિગઇ વાપરનાર સાધુને તે વિગઇઓ બળાત્કારે દુર્ગતિમાં પાડે છે, અને સંયમમાર્ગથી ભ્રષ્ટ કરે છે.]

**ભાવાર્થઃ**—દૂધ દહીં આદિ વિગઇઓ જ્યાં સુધી અન્ય દ્રવ્યો વડે ઉપહત ન થઈ હોય (=હણાઇ ન હોય) ત્યાં સુધી તો સાક્ષાત્ વિકૃતિ સ્વભાવવાળી છે, એટલું જ નહિં પરન્તુ તે વિગઇઓને અન્ય દ્રવ્યો વડે તથા અગ્નિ આદિ વડે ઉપહત કરી તેનાં દૂધપાક શીખંડ-આદિ નીવિયાતાં બનાવ્યાં હોય, તો તે નીવિયાતાં જો કે વિગઈના ત્યાગવાળાને કલ્પે છે તો પણ એ ઉત્કૃષ્ટ દ્રવ્યો (=પૌષ્ટિક અને મધુર રસવાળાં) છે, માટે તે ખાનારને મનોવિકાર ઉત્પન્ન કરે છે, અને વિગઈના ત્યાગવાળા તપસ્વીઓને એ ઉત્કૃષ્ટ દ્રવ્યો ખાવાથી ઉત્કૃષ્ટ નિર્જરા થતી નથી, તે કારણથી નિર્વિકૃતિક હોવા છતાં પણ એ ઉત્કૃષ્ટ દ્રવ્યો (=નીવિયાતાં વિગેરે) ખાવાં નહિ, પરન્તુ જે મુનિ વિવિધ તપ કરવાથી દુર્બળ-અશક્ત થયા હોય અને વિગઈનો સર્વથા ત્યાગ કરવાથી ઉત્તમ અનુષ્ઠાન તથા સ્વાધ્યાય અધ્યયન વિગેરે ન કરી શકે તેમ હોય તો તેવા મુનિને વિગઇના ત્યાગમાં તે નીવિયાતાં આદિ ઉત્કૃષ્ટ દ્રવ્યો ગુરૂની આજ્ઞા હોય તો કલ્પે છે, તેમાં કોઈ દોષ લાગતો નથી, પરન્તુ ઘણી કર્મનિર્જરા પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે સાધુને નીવિયાતાં પણ [1]વિના કારણે અને ગુરૂની આજ્ઞા વિના ખાવાં કલ્પે નહિ.(પ્રવ૦ સારો૦ વૃ૦ ભાવાર્થઃ)

---

૧ વિના કારણે વિગઈઓનો (=નીવિયાતાં વગેરેનો) ઉપભોગ ન

**अवतरण**—૨૯ મી ગાથામાં ૬ ભક્ષ્ય વિગઈ અને ૪ અભક્ષ્ય વિગઈ અને તેના ઉત્તરભેદ નામવિના સંખ્યામાત્રથી દર્શાવીને ત્યારબાદ ૩૦ થી ૪૦ ગાથા સુધીમાં ૬ ભક્ષ્ય વિગઈનું સ્વરૂપ તેના ૩૦ નીવિયાતાં આદિ સહિત સવિસ્તરપણે દર્શાવ્યું, તેથી હવે બાકી રહેલી ૪ અભક્ષ્ય વિગઇનું સ્વરૂપ ( તેનાં નામ અને તેના ઉત્તરભેદ સહિત ) આ ગાથામાં દર્શાવાય છે—

**कुत्तिय-मच्छिय-भामर, महुं तिहा कट्ठ पिट्ठ मज्ज दुहा**
**जल-थल-खगमंस तिहा, घयव्व मक्खण चउ अभक्खा॥४१**

શબ્દાર્થ:—

कुत्तिय=કૌતિક, કુંતાનું, બગતરાંનું
मच्छिय=માક્ષિક, માખીઓનું
भामर=ભ્રમર, ભમરીઓનું
कट्ठ=કાષ્ઠની, વનસ્પતિની
पिट्ठ=પિષ્ટ, લોટની
मज्ज=મદ્ય, મદિરા, દારૂ
जल=જલચરનું
थल=સ્થલચરનું
खग=પક્ષીનું
मंस=માંસ
घयव्व=ઘીની પેઠે

કરવા માટે સિદ્ધાન્તોમાં જે પ્રમાણે કહ્યું છે તે ગાથાઓનો ભાવાર્થ આ પ્રમાણે—

" પરન્તુ અહિં વિશેષ એ છે કે–નીવિયાતાંનો ઉપભોગ પણ કારણની અપેક્ષાવાળો છે, અને ઉત્કૃષ્ટ દ્રવ્યોનો ઉપભોગ તો વિશેષથી ન કરવા યોગ્ય જાણવો ॥ ૧ ॥ નીવિયાતાંને પ્રાપ્ત થયેલી વિગઇનો પરિભોગ અસાધુને યુક્ત છે, પરન્તુ ઇન્દ્રિયનો વિજય કરનાર સાધુને વિગઇના ત્યાગવાળા આહારને વિષે તે વિગઇનો ( નીવિયાતાં વિગેરેનો ) પરિભોગ યુક્ત નથી ॥ ૨ ॥ વળી જે સાધુ વિગઈઓનો ત્યાગ કરીને સ્નિગ્ધ અને મધુર રસવાળાં ઉત્કૃષ્ટ દ્રવ્યો ( =નીવિયાતાં વગેરે) ખાય, તે તપનું કર્મનિર્જરારૂપ ફળ અતિ તુચ્છ જાણવું. ॥ ૩ ॥ સંયમધર્મમાં મંદ એવા કેટલાએ (ઘણાએ) સાધુઓ દેખાય છે કે જેઓએ જે (આહારાદિ સંબંધિ ) પચ્ચખ્ખાણ કર્યું છે, તે પચ્ચ૦ માં કારણે સેવવા યોગ્ય તે

**ગાથાર્થ—**[1]કુંતિયાંનું મધ, માખીઓનું મધ, અને ભમરીઓનું મધ એમ મધ ૩ પ્રકારનું છે. તથા કાષ્ઠ (વનસ્પતિની) મદિરા અને પિષ્ટ (લોટની) મદિરા એમ મદિરા બે પ્રકારની છે, તથા જલચરનું માંસ, સ્થલચરનું માંસ, અને ખેચરનું માંસ એમ માંસ ૩ પ્રકારનું છે, ઘીની પેઠે માખણ ચાર પ્રકારનું છે, એ પ્રમાણે ૪ અભક્ષ્ય વિગઈ જાણવી. ॥ ૪૧ ॥

**ભાવાર્થ—**ત્રણ પ્રકારનું મધ જે ગાથામાં કહ્યું છે તે પ્રસિદ્ધ છે, તથા બે પ્રકારની મદિરામાં જે કાષ્ઠની મદિરા કહી છે તે કાષ્ઠ એટલે વનસ્પતિના અવયવ (સ્કંધ-પુષ્પ-તથા ફળ વિગેરે) જાણવા, તે અવયવોને અત્યંત કોહોવરાવીને જે ઉન્માદક આસત્વ-સત્ત્વ ખેંચવામાં આવે છે તે મદિરા છે. ત્યાં શેલડી વિગેરેની મદિરા તે સ્કંધની, મહુડાં વિગેરેની મદિરા તે પુષ્પની, અને દ્રાક્ષ વિગેરેની મદિરા તે ફળની મદિરા કહેવાય, એ રીતે

---

વસ્તુને વિના કારણે સેવતા હોય છે ॥ ૪ ॥ તલના મોદક, તિલવટી, વરસોલાં નાળીયેરના (કોપરાનાં) કકડા વિગેરે, ઘણું ઘોલ, ખીર, ઘૃતપૂપ ( પૂરીઓ ) અને શાક વિગેરે ॥૫॥ ઘીમાં તળેલા માંડા વિગેરે, દહીં દૂધના કરંબ વિગેરે, તથા કુલેર, અને ચુરમાં વિગેરે ( એ નીવિયાતાં ઉત્કૃષ્ટ દ્રવ્યો ) ને કેટલાએ સાધુઓ વિના કારણે ભોગવે છે (ખાય છે), ॥૬॥ માટે યથોક્ત વિધિમાર્ગ પ્રમાણે ચાલનારા અને આગમની આજ્ઞા પ્રમાણે વર્તનારા તથા જરા જન્મ અને મરણ વડે ભયંકર એવા આ ભવ સમુદ્રથી ઉદ્વેગ પામેલ ચિત્તવાળા સાધુઓને તે ( અસાધુઓનું આચરણ ) પ્રમાણ નથી. ॥ ૭ ॥ જે કારણથી ઘણા દુઃખરૂપી દાવાનળ અગ્નિથી તપેલા એવા જીવોને આ સંસારરુપી અટવીમાં શ્રી જિનેશ્વરની આજ્ઞા સિવાય બીજો કોઇ પ્રતિકાર-ઉપાય નથી ॥૮॥ વિગઈ (તિ) પરિણતિ ધર્મવાળો મોહ જેને ઉદય પામે છે, તેને તે મોહ ઉદય પામ્યે છતે મનને વશ કરવામાં સારા ઉદ્યમવાળો સાધુ હોય તો તે પણ અકાર્યમાં કેમ ન પ્રવર્તે ! ॥૯॥ ”—ઇત્યાદિ પ્રવ૦ સારો૦ માં ઉદ્ધૃત ભાવાર્થ.

૧ કુંતિયાં અથવા કુંતાં તે જંગલમાં ઉત્પન્ન થનારા ક્ષુદ્ર-ન્હાના જંતુઓ છે.

બીજા અંગોની પણ काष्ट मदिरा યથાસંભવ જાણવી. તથા જુવાર વિગેરેના પિષ્ટ એટલે લોટને કોહોવરાવીને જે માદક સત્ત્વ ખેંચવામાં આવે છે તે पिष्ट मदिरा જાણવી.

તથા મત્સ્ય કાચબા વિગેરે જળચર જીવોનું માંસ તે जलचर मांस, મનુષ્ય ગાય ભેંસ વિગેરે સ્થલચર જીવોનું માંસ તે स्थलचर मांस, અને ચકલી મુરઘાં વિગેરે પક્ષીઓનું માંસ તે खेचर मांस કહેવાય. અથવા શાસ્ત્રમાં रुधिर-चरबी-અને चर्म (ચામડી) એ રીતે પણ ત્રણ પ્રકારનું માંસ કહ્યું છે.

તથા ઘીની પેઠે માખણ પણ ઉંટડીના માખણ વિના ચાર પ્રકારનું છે, કેમકે ઉંટડીના દુધનું દહીં નથી બનતું, તેથી તેનું ઘી પણ બનતું નથી. અહિં માખણ તે છાશથી જાદું પાડેલું હોય તો અભક્ષ્ય થાય છે.

## ॥ ૪ મહાવિગઇનું અભક્ષ્યપણું ॥

એ ચાર વિગઇઓ ઇન્દ્રિયોને તથા મનને પણ વિકાર ઉપજાવનારી હોવાથી महा विगई કહેવાય છે, તેમજ એમાં ઘણા સ્થાવર અને ત્રસ જંતુઓની ઉત્પત્તિ થાય છે જેથી શ્રાવક તથા સાધુને ભક્ષણ કરવા યોગ્ય ન હોવાથી એ ચારે अभक्ष्य विगई કહેવાય છે. કહ્યું છે કે—

**आमासु य पक्कासु य, विपच्चमाणासु मंसपेसीसु**
**सययं चिय उववाओ, भणिओ अ निगोयजीवाणं ॥१॥**

અર્થ—કાચી માંસ પેસીઓમાં (=કાચા માંસમાં), પાકા (=રાંધેલા) માંસમાં, તેમજ અગ્નિ ઉપર પકાતા (રંધાતા) માંસમાં એ ત્રણે અવસ્થામાં નિશ્ચય નિગોદ જીવોનો (=અનન્ત બાદર સાધારણ વનસ્પતિ જીવોનો) ઉપપાત-ઉત્પત્તિ નિરન્તર (પ્રતિસમય) કહેલ છે. ॥૧॥ એ પ્રમાણે માંસમાં જ્યારે અનન્ત નિગોદ જીવોની ઉત્પત્તિ પણ થાય છે, તો દ્વીન્દ્રિયાદિ અસંખ્ય ત્રસ જીવોની ઉત્પત્તિ તો સહજે હોયજ. વળી માંસમાં બીજા અભક્ષ્યોની માફક અન્તર્મુહૂર્ત્તબાદ જીવોત્પત્તિ થાય છે એમ નથી, પરન્તુ જીવથી જૂદું પડયા બાદ તુર્ત્તજ જીવોત્પત્તિ થાય છે. તથા

मज्जे महुम्मि मंसंमि, नवणीयम्मि चउत्थए

उप्पज्जंति अणंता, तव्वन्ना तत्थ जंतुणो ॥ १ ॥

અર્થ—મદિરામાં મધમાં માંસમાં અને ચોથા માખણમાં એ ચારમાં સરખા (મદિરા વિગેરેના વર્ણ સરખા) વર્ણવાળા અનન્ત ([1]અનેક) જંતુઓ (ત્રસ[2] જીવો) ઉત્પન્ન થાય છે ॥૨॥ એ કારણથી ચારે મહાવિગઇઓ અભક્ષ્ય છે.

---

अवतरण—હવે આ ગાથામાં બે ભાંગા ( પ્રત્યા૦ લેવાના બે પ્રકાર)નું ૭ મું દ્વાર કહેવાય છે.

**मण[1]-वयण[2]-काय[3]-मणवय[4]-मणतणु[5]-वयतणु[6]-तिजोगि[7] सग सत्त ।**

**कर[1] कारण[2] मइ[3] दु[6] तिजुइ[7], तिकालि सीयाल भंगसयं ॥४२॥**

શબ્દાર્થ:—

तिजोगि=ત્રિસંયોગી ભંગ ૧
सग=સાત
सत्त=સાત
(सगसत्त=સાત સપ્તક)
कर=કરવું
कार=કરાવવું
अणुमइ=અનુમતિ
दु(जुइ)=દ્વિયોગી
तिजुइ=ત્રિયોગી ભંગ ૧
तिकालि=ત્રણે કાળના ગણતાં
सीयाल=સુડતાલીસ (૪૭)
भंग=ભાંગા–પ્રકાર
सयं=સો (૧૦૦)

गाथार्थ—મન-વચન-કાયા-મનવચન-મનકાયા-વચનકાયા-અને ( ત્રિસંયોગી એટલે ) મનવચનકાયા એ સાત ભાંગા ત્રણ યોગના છે, તેને કરવું-કરાવવું-અનુમોદવું-( તથા દ્વિસંયોગી

---

૧-૨ અહિં "અનન્ત" શબ્દનો અર્થ અનન્ત નહિ પરન્તુ અનેક છે, જેથી માંસમાં અનન્ત નિગોદ જીવોની તથા અસંખ્ય ત્રસ જીવોની ઉત્પત્તિ, અને શેષ ત્રણમાં અસંખ્ય ત્રસ જીવોની ઉત્પત્તિ હોય છે એમ જાણવું. અથવા એ ગાથા કેવળ ત્રસજીવોની ઉત્પત્તિને અંગે પણ ગણી શકાય, જેથી અનન્ત એટલે અનેક એટલે અસંખ્ય ત્રસજીવોની ઉત્પત્તિ એ ચારેમાં થાય છે. એવો અર્થ જાણવો.

તે) કરવું કરાવવું-કરવું અનુમોદવું-અને કરાવવું અનુમોદવું-તથા (ત્રિસંયોગી ૧ ભાંગો એટલે) કરવું કરાવવું અનુમોદવું એ સાત ભાંગા ત્રણ કરણના થાય (તે સાથે ગણતાં-ગુણતાં સાત સપ્તકના ૪૯ ભાંગા થાય અને) તેને ત્રણ કાળ સાથે ગણતાં ૧૪૭ ભાંગા થાય ॥ ૪૨ ॥

**भावार्थः**—અહિં પચ્ચખ્ખાણ લેનાર જૂદી જૂદી રીતે ૪૯ પ્રકારે અથવા ૧૪૭ પ્રકારે એમ બન્ને રીતે લઇ શકે છે, તે ભાંગા ત્રણ યોગ ત્રણ કરણ અને ત્રણ કાળના સંબંધથી જૂદી જૂદી રીતે થાય છે તે આ પ્રમાણે—

ભંગગણિતની રીતિ પ્રમાણે ત્રણ યોગના અયોગી ભાંગા ૩, દ્વિયોગી ભાંગા ૩ અને ત્રિયોગી ભાંગો ૧ થાય છે, એ પ્રમાણે ત્રણ યોગના ૭ ભાંગા થાય છે, તથા ત્રણ કરણના પણ અયોગી ભાંગા ૩, દ્વિયોગી ૩ અને ત્રિયોગી ૧ ભાંગો મળી ૭ ભાંગા થાય છે. તે સાત સપ્તકના ૪૯ ભાંગા થાય. અને તેને ત્રણ કાળ સાથે ગણતાં (૪૯×૩=) ૧૪૭ ભાંગા થાય છે, જેથી એકજ પચ્ચખ્ખાણ લેનાર ૪૯ જણ અથવા ૧૪૭ જણ હોય તો તે દરેકને જૂદી જૂદા રીતે આપી શકાય છે. અહિં યોગના તથા કરણના ૭-૭ ભાંગા આ પ્રમાણે—

| ત્રણ યોગના ૭ ભાંગા* | | ત્રણ કરણના સાત ભાંગા* | |
|---|---|---|---|
| ૧ મનથી | ૩ અસંયોગી | ૧ કરવું | ૩ અસંયોગી |
| ૨ વચનથી | | ૨ કરાવવું | |
| ૩ કાયાથી | | ૩ અનુમોદવું | |
| ૪ મન-વચનથી | ૩ દ્વિસંયોગી | ૪ કરવું-કરાવવું | ૩ દ્વિસંયોગી |
| ૫ મન-કાયાથી | | ૫ કરવું-અનુમો૦ | |
| ૬ વચન-કાયાથી | | ૬ કરાવવું-અનુમો૦ | |
| ૭ મ૦ વ૦ કાયાથી (એ અસંયોગી ૧) | | ૭ કરવું કરા૦ અનુમો૦ (એ ત્રિસંયોગી ૧) | |

* આ સપ્તકને પરસ્પર ગણતાં જે ૪૯ ભાંગા થાય તેનો ક્રમ આ પ્રમાણે—

(પહેલું સપ્તક)

૧ મનથી કરૂં નહિં
૨ વચનથી કરૂં નહિ
૩ કાયાથી કરૂં નહિ
૪ મ૦ વ૦ થી કરૂં નહિં
૫ મ૦ કા૦ થી કરૂં નહિ
૬ વ૦ કા૦ થી કરૂં નહિ
૭ મ૦ વ૦ કા૦ થી કરૂં નહિ

(બીજું સપ્તક)

૧ મનથી કરાવું નહિં
૨ વચનથી કરાવું નહિ
૩ કાયાથી કરાવું નહિ
૪ મ૦ વ૦ થી કરાવું નહિ
૫ મ૦ કા૦ થી કરાવું નહિ
૬ વ૦ કા૦ થી કરાવું નહિ
૭ મ૦ વ૦ કા૦ થી કરાવું નહિ

(ત્રીજું સપ્તક)

૧ મનથી અનુમોદું નહિ
૨ વચનથી ,, ,,
૩ કાયાથી ,, ,,
૪ મ૦વ૦થી ,, ,,
૫ મ૦કા૦થી,, ,,
૬ વ૦કા૦થી ,, ,,
૭ મ૦વ૦કા૦થી,, ,,

(ચોથું સપ્તક)

૧ મનથી કરૂં નહિ કરાવું નહિ
૨ વચનથી ,, ,,
૩ કાયાથી ,, ,,
૪ મ૦વ૦થી ,, ,,
૫ મ૦કા૦થી ,, ,,
૬ વ૦કા૦થી ,, ,,
૭ મ૦વ૦કા૦થી ,, ,,

(પાંચમું સપ્તક)

૧ મનથી કરૂં નહિ અનુમોદું નહિ
૨ વચનથી ,, ,,
૩ કાયાથી ,, ,,
૪ મ૦વ૦થી ,, ,,
૫ મ૦કા૦થી ,, ,,
૬ વ૦કા૦થી ,, ,,
૭ મ૦ વ૦કા૦થી,, ,,

( છઠ્ઠું સપ્તક )

૧ મનથી કરાવું નહિ અનુમોદું નહિ
૨ વચનથી ,, ,,
૩ કાયાથી ,, ,,
૪ મ૦ વ૦ થી ,, ,,
૫ મ૦ કા૦ થી ,, ,,
૬ વ૦ કા૦ થી ,, ,,
૭ મ૦વ૦કા૦થી ,, ,,

( સાતમું સપ્તક )

૧ મનથી કરૂં નહિં કરા૦ નહિ અનુ૦ નહિ.
૨ વચનથી ,, ,, ,,
૨ કાયાથી ,, ,, ,,
૪ મ૦ વ૦ થી ,, ,, ,,

એ પ્રમાણે ૭ સપ્તકના ક્રમથી ૪૯ ભાંગા જાણવા, અને તેને ત્રણ

| | | | | |
|---|---|---|---|---|
| ૫ મ૦ કા૦ થી | ,, | ,, | ,, | કાળથી ગણતાં ૧૪૭ |
| ૬ વ૦ કા૦ થી | ,, | ,, | ,, | ભાંગા જાણવા. |
| ૭ મ૦ વ૦ કા૦ થી | ,, | ,, | ,, | |

**પ્રશ્નઃ**—પ્રત્યાખ્યાન એ ભવિષ્યકાળ ( માં કરવા યોગ્ય અનુચિત આચરણનો ત્યાગ કરવા ) ના વિષયવાળું છે, તો તેને ત્રણે કાળના વિષયવાળું ગણીને ૧૪૭ ભાંગા ગણ્યા તે કેમ બને ? વળી ભૂતકાળમાં થઇ ગયેલા અનુચિત આચરણનો ત્યાગ પ્રત્યા૦ કરતી વખતે કેવી રીતે હોય ?

ઉત્તરઃ—ભૂતકાળમાં જે અનુચિત આચરણ થઇ ગયું તેની નિંદા અને ગર્હા કરૂં છું, વર્ત્તમાન કાળમાં જે અનુચિત આચાર હું સેવી રહ્યો છું તેને સંવરૂં છું ( રોકું છું ), અને ભવિષ્ય કાળમાં હવેથી તેવું આચરણ નહિ કરૂં, એ પ્રમાણે પ્રત્યાખ્યાનમાં ભૂતકાળની નિંદા, વર્તમાનનો સંવર, અને ભવિષ્યનું પ્રત્યાખ્યાન એ રીતે (ત્રણ કાળના) ત્રણ વિષયવાળું પ્રત્યાખ્યાન છે. કહ્યું છે કે—**अतीतस्य निंदया, सांप्रतिकस्य संवरणेन, अनागतस्य प्रत्याख्यानेन** ( ઇતિ અવચૂરિઃ )

---

**अवतरण**—પૂર્વે દર્શાવેલ પ્રત્યાખ્યાનો કેવી રીતે પાલન કરવાં? અને પ્રત્યાખ્યાન લેવાના બીજા ચાર પ્રકાર તે આ ગાથામાં દર્શાવાય છે—

**एयं च उत्तकाले, सयं च मण वय तणूहिं पालणियं ।**
**जाणग जाणगपासत्ति भंगचउगे तिसु अणुन्ना ॥४३॥**

શબ્દાર્થઃ—

| | |
|---|---|
| एयं=એ (પૌરૂષી આદિપ્રત્યા૦) | पास=પાસે |
| उत्तकाले=કહેલા કાળે | त्ति=ઇતિ, એ પ્રમાણે |
| सयं=પોતે | तिसु=ત્રણ ભાંગામાં |
| जाणग=પચ્ચ૦ નો જાણકાર | अणुन्ना=અનુજ્ઞા, આજ્ઞા |
| (अ)जाणग=પચ્ચ૦ નો અજાણ | |

**गाथार्थः**—એ ( પૌરૂષી આદિ ) પ્રત્યાખ્યાનોને તેના કહેલા (એક પ્રહર ઇત્યાદિ) કાળસુધી પોતે મન વચન અને કાયાવડે

પરિપાલન કરવાં ( પરન્તુ ભાગવાં નહિં ), તથા પ્રત્યા૦ ના જાણ અને અજાણ પાસે પ્રત્યા૦ લેવા આપવાના ચાર ભાંગામાં ત્રણ ભાંગાને વિષે પચ્ચ૦ કરવાની આજ્ઞા છે (અને ચોથો ભાંગો અશુદ્ધ છે. ) ॥ ૪૩ ॥

भावार्थ—પૌરુષી આદિ પ્રત્યાખ્યાનોના જે જે કાળ કહ્યા છે, તેટલા કાળ સુધી તે પચ્ચ૦ નું પરમ આદરપૂર્વક રક્ષણ કરવું, પરન્તુ કોઇપણ જાતના સાંસારિક સ્વાર્થ-લાભને ખાતર તેનો કાળ પૂર્ણ થયા પહેલાં ભોજન ઇત્યાદિ કરવું નહિં, કારણ કે સંસાર વ્યવહારમાં પણ લીધેલી પ્રતિજ્ઞા અનેક લાભ ગુમાવીને પણ પાળનાર હોય તેજ અતિ વ્યવહારકુશળ કહેવાય છે, અને પર્યન્તે તેને જ મહાન્ લાભ થાય છે, તો મોક્ષમાર્ગ જેવા લાભને અર્થે કરેલી આત્મધર્મને પ્રગટ કરનારી પ્રતિજ્ઞાનો સાંસારિક તુચ્છ લાભોની ખાતર ભંગ કેમ કરાય ?

વળી એ પ્રત્યાખ્યાનની જાણ અજાણ સંબંધી ચતુર્ભંગી આ પ્રમાણે છે—

| | | |
|---|---|---|
| ૧ | પચ્ચ૦ કરનાર જાણ, અને કરાવનાર જાણ | શુદ્ધ |
| ૨ | ,, ,, અને કરાવનાર અજાણ | શુદ્ધ |
| ૩ | પચ્ચ કરનાર અજાણ, અને કરાવનાર જાણ | શુદ્ધ |
| ૪ | ,, ,, અને કરાવનાર અજાણ | અશુદ્ધ |

એ પ્રમાણે ચાર ભાંગામાં પહેલા ત્રણ ભાંગા શુદ્ધ છે, કારણ કે પ્રત્યા૦ ના આગાર-કાળ વિગેરે સ્વરૂપના જ્ઞાતા પચ્ચ૦ કરનાર અને કરાવનાર બન્ને જાણ હોય તો તે પરમ શુદ્ધ છે, પરન્તુ ગુરુ કદાચ અલ્પ ક્ષયોપશમવાળા અથવા વયમાં લઘુ હોવાથી પચ્ચ૦ નું સ્વરુપ ન જાણતા હોય તો પણ શ્રદ્ધાળુ શ્રાવક અથવા શિષ્ય ગુરુના બહુમાન માટે તેમજ ગુરૂસાક્ષીએજ પચ્ચ૦ કરવું જોઇએ એવો શાસ્ત્રવિધિ સાચવવાને અર્થે તે અજાણ ગુરૂ પાસે પ્રત્યા૦ ઉચ્ચરે તો પણ પોતે જાણકાર હોવાથી લીધેલા પ્રત્યા૦નું યથાર્થ પાલન કરી શકે છે માટે બીજો ભંગ પણ શુદ્ધ છે, તેમજ પચ્ચ૦ કરનાર અજાણ હોય પરન્તુ કરાવનાર ગુરૂ જો જાણ હોય તો તેને પચ્ચ૦નુંસ્વરુપ સમજાવીને

પછી પચ્ચ૦ આપે, અને તેથી તે પચ્ચ૦નું યથાર્થ પાલન થાય છે, માટે ત્રીજો ભંગ પણ શુદ્ધ છે. પરન્તુ ચોથા ભાંગામાં તો બન્ને જણ અજાણ હોવાથી પચ્ચ૦નું સ્વરૂપ પણ સમજાય નહિં અને યથાર્થ પાલન પણ થાય નહિં માટે તે ચોથો ભંગ તો સ્પષ્ટ રીતે અશુદ્ધજ છે. એ પ્રમાણે આ ચતુર્ભંગીનું સ્વરૂપ સમજીને પચ્ચ૦ કરનારે પોતે પચ્ચ૦નું સ્વરૂપ સમજવું, અથવા તો ગુરૂની પાસે સમજીને પચ્ચ૦ [1]કરવું.

---

अवतरण—કરેલું પચ્ચખ્ખાણ જે છ રીતે વિશેષ શુદ્ધ થાય છે. તે ૬ પ્રકારની શુદ્ધિનું ૮ મું દ્વાર આ ગાથામાં કહેવાય છેઃ—

**फासिय पालिय सोहिय तीरिय किट्टिय अराहिय छ सुद्धं।**
**पच्चरकाणं फासिय, विहिणोचियकालि जं पत्तं ॥४४॥**

શબ્દાર્થઃ—

| | |
|---|---|
| फासिय=સ્પર્શિત | किट्टिय=કીર્તિત |
| पालिय=પાલિત | अराहिय=આરાધિત |
| सोहिय=શોધિત | विहिणा=વિધિવડે |
| तीरिय=તીરિત | उचियकालि=ઉચિતકાળે |
| | पत्तं=પ્રાપ્ત થયું, લીધું |

गाथार्थः—સ્પર્શિત-પાલિત-શોધિત-તીરિત—કીર્તિત—અને આરાધિત એ છ પ્રકારની શુદ્ધિ છે. ત્યાં વિધિપૂર્વક ઉચિતકાળે (દિવસ ઉગ્યા પહેલાં) જે પચ્ચ૦ પ્રાપ્ત કર્યું હોય (લીધું હોય) તે स्पर्शित पच्च० કહેવાય. ॥ ૪૪ ॥

भावार्थः—ગાથાર્થવત્ સુગમ છે. વિશેષ એજ કે-પ્રત્યા૦ના સ્વરૂપને સમજનાર સાધુ અથવા શ્રાવક સૂર્ય ઉગ્યા પહેલાંજ પોતે એકલો અથવા ચૈત્ય સમક્ષ અથવા સ્થાપનાચાર્ય

---

૧ એ અર્થ ઉપરથી "પચ્ચ૦નું સ્વરૂપ સંપૂર્ણ સમજાય તોજ પચ્ચ૦ કરવું, નહિતર કરવુંજ નહિ" એમ કહેનારા પ્રત્યા૦ ધર્મના નિષેધક અને વિરાધક જાણવા.

કે ગુરૂ સમક્ષ પચ્ચખ્ખાણ ઉચ્ચરીને ત્યારબાદ પ્રત્યા૦ નો કાળ પૂર્ણ થતા પહેલાં ગુરુને વંદન કરી ગુરુ પાસે રાગ દ્વેષ અને નિયાણ રહિત પચ્ચ૦ ગ્રહણ કરે, તે વખતે ગુરુની સાથે પોતે પણ અતિમંદ સ્વરે પચ્ચ૦ ના આલાપકના અક્ષરો બોલે, એ રીતે લીધેલું પચ્ચ૦ સ્પર્શિત પચ્ચ૦ કહેવાય.

---

अवतरण—પચ્ચ૦ ની ૬ શુદ્ધિમાંની પહેલી શુદ્ધિનો અર્થ પૂર્વ ગાથામાં કહીને હવે આ ગાથામાં બીજી ત્રીજી ચોથી અને પાંચમી શુદ્ધિનો અર્થ કહે છે—

**पालिय पुणपुण सरियं, सोहिय गुरुदत्तसेसभोयणओ।**
**तीरिय समहिय काला, किट्टिय भोयणसमयसरणा ॥४५॥**

શબ્દાર્થઃ—

पुणपुण=વારંવાર
सरियं=સંભાર્યું હોય
समहिय=કંઇક અધિક
काला=(પચ્ચ૦ના) કાળથી
सरणा=સ્મરણથી, સંભારવાથી

गाथार्थः—કરેલા પચ્ચખ્ખાણને વારંવાર સંભાર્યું હોય તો તે पालित (રક્ષિત) પચ્ચ૦ કહેવાય, તથા ગુરુને આપતાં જે શેષ વધ્યું હોય તે ભોજન કરવાથી પચ્ચ૦ शोधित અથવા શોભિત ( શોધ્યું-શુદ્ધ કર્યું અથવા શોભાવ્યું ) કહેવાય, તથા ( પચ્ચ૦ નો જે કાળ કહ્યો છે તે કાળથી પણ ) અધિક કાળ કરવાથી[1] (=મોડું પચ્ચ૦ પારવાથી ) तीरित ( તીર્યું ) પચ્ચ૦ કહેવાય, અને કરેલું પચ્ચ૦ ભોજન સમયે પુનઃ સંભારવાથી[2] कीर्तित ( કીર્ત્યું ) પચ્ચ૦ કહેવાય.

भावार्थ—ગાથાર્થવત્ સુગમ છે.

---

૧ પચ્ચ૦ નો કાળ પૂર્ણ થયો હોય તો પણ તે ઉપરાન્ત કંઈક અધિક કાળ વીત્યા બાદ ભોજન કરવું તે.

૨ ભોજન કરવા બેસતી વખતે "મારે અમુક પચ્ચ૦ હતું તે પૂર્ણ થયું, માટે હવે હું ભોજન કરીશ" એવા ઉચ્ચાર કરવાથી કીર્તિત કહેવાય (અવચૂરિ).

**अवतरण**—આ ગાથામાં છઠ્ઠી શુદ્ધિનો અર્થ તેમજ બીજી રીતે પણ ૬ શુદ્ધિ છે તે દર્શાવે છે—

**इय पडियरियं आरा-हियं तु अहवा छ सुद्धि सद्दहणा।**
**जाणण विणयऽणुभासण, अणुपालण भावसुद्धित्ति ॥४६॥**

શબ્દાર્થ:—

| | |
|---|---|
| **इय**=એ રીતે | **अहवा**=અથવા, બીજી રીતે |
| **पडियरियं**=પ્રતિચરિત, આચરેલું | |

**गाथार्थ**—એ પ્રમાણે પૂર્વોક્ત રીતિએ આચરેલું-આદરેલું (=સંપૂર્ણ કરેલું) પચ્ચખ્ખાણ તે आराधित (આરાધેલું) પચ્ચ૦ કહેવાય. અથવા બીજી રીતે પણ ૬ પ્રકારની શુદ્ધિ છે તે આ પ્રમાણે-શ્રદ્ધા શુદ્ધિ-જાણ શુદ્ધિ (=જ્ઞાન શુદ્ધિ)-વિનય શુદ્ધિ-અનુભાષણ શુદ્ધિ-અનુપાલન શુદ્ધિ-અને ભાવશુદ્ધિ એ ૬ શુદ્ધિ છે.

**भावार्थः**—આ પ્રત્યા૦ ભાષ્યમાં પ્રત્યા૦ નો જે સર્વ વિધિ કહ્યો તે વિધિ પ્રમાણે અથવા પૂર્વે કહેલી પાંચ શુદ્ધિ પ્રમાણે જે પચ્ચખ્ખાણ આચર્યું હોય એટલે સંપૂર્ણ કર્યું હોય તે आराधित પચ્ચ૦ કહેવાય. તથા બીજી રીતે પણ ૬ શુદ્ધિ કહી છે તેનો ભાવાર્થ આ પ્રમાણે—

૧ **श्रद्धाशुद्धि**—સિદ્ધાન્તમાં સાધુ સંબંધિ અથવા શ્રાવક સંબંધિ જે પ્રત્યાખ્યાન જે રીતે[1] જે અવસ્થામાં[2] અને જે

---

૧. અહિં "रीति" તે મુનિને પંચમહાવ્રતરૂપ મૂળગુણ પચ્ચખ્ખાણ અને પિંડવિશુદ્ધિ આદિ ઉત્તરગુણ પચ્ચખ્ખાણ, અને શ્રાવકને પાંચ અણુવ્રતરૂપ મૂળગુણ પ્રત્યાખ્યાન અને દિશિપરિમાણ આદિ ઉત્તરગુણ પ્રત્યાખ્યાન અને તે સર્વનો ઉચ્ચારવિધિ જાણવો.

૨. "अवस्था" તે સાધુને અંગે જિનકલ્પ-સ્થવિરકલ્પ-પરિહારકલ્પ યથાલંદકલ્પ-બાર પ્રતિમાધારી ઇત્યાદિ, તેમજ ગ્લાનાદિ અવસ્થા, અને અને શ્રાવકને અંગે ૧૧ પ્રતિમાધર, પ્રતિમારહિત, નિયતવ્રતી (અમુક વખતે અમુક પચ્ચખ્ખાણ કરવાની નિત્ય પ્રતિજ્ઞાવાળા), અને અનિયતવ્રતી (છૂટા) ઇત્યાદિ.

કાળમાં[1] કરવાનું કહ્યું છે, તે રીતે તે અવસ્થામાં અને તે કાળે જ તે પ્રત્યા૦ કરવું યોગ્ય છે એવી જે શ્રદ્ધા રાખવી તે.

૨ ज्ञानशुद्धि—અમુક પચ્ચ૦ અમુક અવસ્થામાં અમુક કાળે અમુક રીતે કરવું યોગ્ય છે, અને અમુક રીતે કરવું અયોગ્ય છે એવા પ્રકારનું જે જ્ઞાન તે.

૩ विनयशुद्धि—ગુરૂને વંદન કરવા પૂર્વક જે પચ્ચ૦ કરવું તે.

૪ अनुभाषणशुद्धि—ગુરુ પચ્ચ૦ ઉચ્ચરાવે તે વખતે મંદ સ્વરે પોતે પણ પચ્ચ૦નો આલાપક ગુરુ સાથે બોલવો-ઉચ્ચરવો તે. (અથવા ગુરૂ પચ્ચખ્ખાઈ કહે ત્યારે પચ્ચખ્ખામિ અને વો-રઇ કહે ત્યારે વોસિરામિ કહેવું તે).

૫ अनुपालनशुद्धि—વિષમ સંકટ પ્રાપ્ત થતાં પણ પચ્ચ૦ ભાગવું નહિ પરન્તુ સમ્યક્ પ્રકારે પાલન કરવું તે.

૬ भावशुद्धि—આ લોકમાં ચક્રવર્તિ આદિના સુખની ઇચ્છા તથા પરલોકમાં ઇન્દ્રાદિકના સુખની અભિલાષા રહિત (=એટલે નિયાણા રહિત) તેમજ બીજા કોઈપણ પ્રકારના [2]રાગદ્વેષ રહિત થઈ પચ્ચ૦ પૂર્ણ કરવું તે.

---

૧. "काळ" તે સુકાળ-દુષ્કાળ-વર્ષાકાળ-શેષકાળ ઇત્યાદિ, અથવા નમુક્કારસહિયંનો ગ્રહણકાળ સૂર્યોદય પહેલાં અને પૂર્ણકાળ સૂર્યોદયથી ૧ મુહૂર્ત બાદ ઇત્યાદિ રીતે પણ પ્રત્યેક પચ્ચખ્ખાણનો યથાસંભવ કાળ જાણવો.

એ ત્રણ વિષયોને અવચૂરિમાં સંક્ષેપથી કહ્યા છે તે આ પ્રમાણે— "अहवा" इति यत्साधुश्रावकाविषयं मूलोत्तरगुणप्रत्यारव्यानं यत्र जिनकल्पादो यत्र सुभिक्षदुर्भिक्षादो काले च यथा श्री सर्वज्ञैरुक्तं तत्तत्र तथा श्रद्धत्ते इति श्रद्धानशुद्धिः ॥

૨. ગુરૂને પોતાના તરફ રાગી બનાવવા માટે, લોકોને પોતાના ભક્તિભાવવાળા બનાવવા માટે, કોઇ પ્રિય વસ્તુનો વિરહ થતાં તેને પુનઃ પ્રાપ્ત કરવા માટે (બાધા આખડીના સ્વરૂપમાં એ પ્રત્યાખ્યાન લોક પ્રસિદ્ધ છે), ચમત્કારી શક્તિઓ ઉત્પન્ન કરવા માટે અને આ ભવ પરભવનું સુખ

**अवतरण**—હવે આ ગાથામાં પચ્ચ૦ કરવાથી આ લોકનું ફળ અને પરલોકનું ફળ એમ બે પ્રકારના ફળનું ૯ મું દ્વાર દ્રષ્ટાન્ત પૂર્વક કહે છે.

**पच्चरकाणस्स फलं, इहपरलोए य होइ दुविहं तु ।**
**इहलोए धम्मिलाई, दामन्नगमाइ परलोए ॥४७॥**

શબ્દાર્થઃ—સુગમ છે.

**गाथार्थ**—આ લોક ફળ અને પરલોક ફળ એમ પચ્ચ૦નું ફળ બે પ્રકારે છે. ત્યાં આ લોકને વિષે ધમ્મિલકુમાર વિગેરેને શુભ ફળ પ્રાપ્ત થયું, અને પરલોકમાં દામન્નક વિગેરેને શુભ ફળ પ્રાપ્ત થયું ॥૪૭॥

**भावार्थ**—સુગમ છે, પરંતુ બે ફળ સંબંધિ બે દ્રષ્ટાન્ત સંક્ષેપમાં આ પ્રમાણે—

**ધમ્મિલકુમારનું દ્રષ્ટાન્ત** (આ લોકના ફળ સંબધિ )

જંબૂદ્વીપના દક્ષિણ ભરતક્ષેત્રમાં કુશાર્ત્ત નામના નગરમાં સુરેન્દ્રદત્ત નામના શ્રેષ્ઠિને સુભદ્રા નામની સ્ત્રી હતી. તેને સંતતિ

---

મેળવવા માટે જે તપશ્ચર્યા કરવી તે સર્વ **रागसहित** પ્રત્યાખ્યાન કહેવાય, તથા આ વસ્તુ ભાવતી નથી અથવા ગમતી નથી તેથી તેનો ત્યાગ કરવો, અથવા વિરોધીને સંતાપ ઉપજાવવાને તેજોલેશ્યાદિ લબ્ધિ પ્રાપ્ત કરવા માટે, ઈત્યાદિ કારણથી **द्वेषसहित** પ્રત્યાખ્યાન કહેવાય.

અથવા ચાલુ તપશ્ચર્યામાં તે તપશ્ચર્યા પ્રત્યે ( આકરી લાગવાથી ) ક્રોધ-ખેદ કરવો, અથવા બીજા કોઇ પ્રત્યે ક્રોધ કરવો, અથવા ગુરૂ આદિકથી રીસાઇને આહારાદિકનો ત્યાગ કરવો, તથા તે તપ સંબંધિ (હું આવો મહાન્ તપસ્વી છું એવું) અભિમાન ધરવું અથવા બીજા પદાર્થોના લાભથી પણ અભિમાની થવું, તે **द्वेषसहित** પ્રત્યાખ્યાન, અને ચાલુ તપશ્ચર્યામાં (શ્રી મલ્લિનાથ પ્રભુના પૂર્વ ભવના જીવની પેઠે ) તે તપ સંબંધિ માયા-પ્રપંચ કરવો, અથવા બીજા કોઇ પ્રકારનો માયા-પ્રપંચ કરવો, તથા (તપ સંબધિ લોભ કરવા યોગ્ય હોવાથી તપ સિવાય અન્ય) ધનધાન્યાદિ સંબંધિ લોભ કરવો તે **रागसहित** પ્રત્યાખ્યાન કહેવાય. માટે તેવા સર્વ પ્રકારના રાગદ્વેષ રહિત થઇ પ્રત્યાખ્યાન કરવું.

ન હોવાથી બન્ને જણ અતિ ચિંતાગ્રસ્ત રહે છે, પરન્તુ ધર્મના પ્રસાદથી પુત્રપ્રાપ્તિ થશે એમ જાણી અત્યંત ધર્મારાધનમાં કાળ વ્યતીત કરે છે; કેટલેક કાળે પુત્રનો જન્મ થયો તેનું ધમ્મિલ એવું નામ સ્થાપ્યું. તે અનુક્રમે મોટો થતાં અનેક કળાઓમાં નિપુણ થયો, સાથે ધર્મશાસ્ત્ર પણ શીખ્યો, અને ધર્મક્રિયામાં અત્યંત પ્રીતિવાળો થયો. માતપિતાએ એજ નગરના ધનવસુ શેઠની યશોમતિ નામની કન્યા પરણાવી, કે જે એકજ જૈનગુરુ પાસે ભણતાં ધમ્મિલ પ્રત્યે અનુરાગવાળી થઈ હતી. બન્ને જણ પોતાનો સંસારવ્યવહાર સુખપૂર્વક ચલાવે છે. પરન્તુ થોડે કાળે ધમ્મિલકુમાર ધર્મવૃત્તિમાં અને અધ્યાત્મરસમાં બહુ રસિક થવાથી સંસાર વ્યવહારથી વિરક્ત જેવો થયો, નવપરિણીત સ્ત્રીને પણ માયાજાળ સરખી ગણવા લાગ્યો. યશોમતિએ પોતાના પતિની વિમુખતા અને પોતાના દુઃખની વાત સખીઓને કહી, અને સખીઓ પાસેથી ધમ્મિલની માતાએ પણ તે વાત જાણી શેઠને કહી. શેઠને પણ ચિંતા થઈ કે પુત્ર વ્યવહારમાર્ગ જાણતો નથી, અને લોકમાં પણ તે મૂર્ખ ગણાય છે. ત્યારબાદ તેના ઉપાય માટે શેઠની ઘણી મના છતાં શેઠાણીએ સંસારકુશળ થવા માટે ધમ્મિલને જુગારીઓને સોંપ્યો, તેમાંથી અનુક્રમે વેશ્યાગામી થયો. માતા વેશ્યાને ત્યાં દરરોજ ધમ્મિલના મંગાવ્યા પ્રમાણે ધન મોકલે છે. અન્તે ઘણે કાળે માતાએ પુત્રને તેડવા મોકલ્યા છતાં ઘેર ન આવ્યો, માતાપિતા પુત્રના વિયોગમાં ને વિયોગમાંજ મરણ પામ્યાં, અને યશોમતિને માથે સર્વ ઘરભાર આવી પડ્યો. પોતાનો પતિ ધન મંગાવે તે પ્રમાણે મોકલતાં યશોમતિ પણ સર્વથા નિર્ધન થવાથી પીયર ચાલી ગઈ.

હવે ધનપ્રાપ્તિ બંધ થવાથી વસંતતિલકા પુત્રીનો અતિપ્રેમ છતાં વસંતસેના વેશ્યાએ (અક્કાએ) ધમ્મિલને દુર્દશા કરી ઘરમાંથી કાઢી મૂક્યો. તેને ભમતાં ભમતાં શ્રી અગડદત્ત મહામુનિ મળ્યા. તેમણે પોતાનું સવિસ્તર ચરિત્ર કહીને તે દ્વારા ઉપદેશ આપ્યો તેથી પ્રતિબોધ પામ્યા છતાં ધમ્મિલકુમારે ગુરુ મહારાજને કહ્યું કે—હે ગુરુ મહારાજ! મને હજી સંસારસુખની ઇચ્છા રહેલી છે, તે પૂર્ણ થાય તેવો ઉપાય બતાવો, પછી આપ કહેશો

તેમ કરીશ. ગુરૂએ કહ્યુ—મુનિ સંસારિક સુખનો ઉપાય બતાવે નહિ, પણ આમાં પરિણામે આશ્રવ તે સંવરરૂપ થનાર છે માટે ઉપાય બતાવું છું કે—તમારે છ માસ પર્યન્ત આયંબિલનો ચઉવિહાર તપ કરવો, પણ દ્રવ્યથી મુનિવેષ અંગીકાર કરવો, દોષ રહિત ગોચરી કરવી, મુનિપણું જાળવવું, અને નવકાર મંત્રના નવલાખ જાપ ઉપરાન્ત ષોડશાક્ષરી મંત્ર હું બતાવું છું તેનો પણ જાપ કરવો, આ પ્રમાણે છ માસ સુધી કરવાથી તમારી ઇચ્છા પૂર્ણ થશે. [ અહિં શ્રી અગડદત્ત મુનિએ ધમ્મિલ કુમારને ઘણો વિશેષવિધિ વગેરે બતાવ્યો છે તે ધમ્મિલકુમારના ચરિત્રથી તથા રાસ વિગેરેથી જાણવો. ]

ધમ્મિલ કુમારે ગુરૂ મહારાજના કહેવા પ્રમાણે યથાર્થ રીતે છ માસ પર્યન્ત તપ જપ વિગેરે કરી મુનિવેષ તજી દીધો, ત્યાર બાદ દેવની પ્રસન્નતાથી તેમજ પૂર્વભવમાં બાંધેલા અશુભ કર્મના ક્ષયથી રાજ્ય સ્ત્રી પુત્રાદિકના વૈભવરૂપ અનેક પ્રકારનાં સંસારિક સુખ પામ્યા.

પ્રાન્તે ધર્મરૂચિ નામના ગુરૂ મળ્યા, તેમણે ઉપદેશ આપ્યો, અને પૂર્વભવ કહ્યો, તેથી વૈરાગ્ય પામી રાજ્ય પુત્રને સોંપી પોતે સ્ત્રીઓ સહિત ચારિત્ર અંગીકાર કર્યું, અને દીર્ઘકાળ પર્યન્ત ચારિત્રનું પાલન કરી અન્તે ૧ માસનું અણસણ કરી ધમ્મિલ મુનિ અને બે સાધ્વી કાળ કરી બારમા અચ્યુત નામના દેવલોકમાં ઉત્પન્ન થયા, ત્યાંથી મહાવિદેહમાં ઉત્પન્ન થઈ ચારિત્ર લઇ કેવળજ્ઞાન પામી મોક્ષ પદ પામશે.

એ પ્રમાણે ધમ્મિલ કુમારે પચ્ચખ્ખાણના (=તપના) પ્રભાવથી આ ભવ સંબંધિ સુખ મેળવ્યું, અને પ્રાન્તે મોક્ષ પદ પામ્યા. ॥ इति धम्मिलकुमार द्रष्टान्तम् ॥

## દામન્નકનું દ્રષ્ટાન્ત. ( પરલોકના ફળ સંબંધિ. )

રાજપુર નગરમાં રહેતા સુનંદ નામના કુલપુત્રે પોતાના મિત્ર જિનદાસ શ્રાવકના ઉપદેશથી સાધુ પાસે માંસનું પચ્ચ૦ કર્યું, દેશમાં દુષ્કાળ પડવાથી સર્વ લોક માંસાહારી થયા. સુનંદનું કુટુંબ ક્ષુધાથી પીડાય છે, છતાં સુનંદ મત્સ્ય મારવા જતો નથી. એકવાર સાળો આગ્રહ કરીને સુનંદને સરોવર પર લઈ

ગયો, અને જાળ આપી મચ્છ પકડવા કહ્યુ તો પણ જાળમાં જે મચ્છ આવે તેને છોડી મૂકે, એમ ત્રણ દિવસ સુધી કર્યું. અન્તે સુનંદ અણસણ કરી મરણ પામી માંસ પચ્ચ૦ ના પ્રભાવે રાજગૃહ નગરમાં દામન્નક નામનો શ્રેષ્ઠિપુત્ર થયો. ત્યાં આઠ વર્ષનો થતાં સર્વ કુટુમ્બ મરકીના રોગથી મરણ પામ્યું, ત્યારે સુનંદ એજ નગરમાં સાગરદત્ત નામના શેઠને ત્યાં રહ્યો. ત્યાં ભિક્ષાર્થે આવેલા સાધુઓમાં મોટા સાધુએ સામુદ્રિક શાસ્ત્રના જ્ઞાનથી "આ દામન્નક શેઠના ઘરનો માલિક થશે." એમ બીજા સાધુને કહ્યું, તે શ્રેષ્ઠિએ સાંભળવાથી તેને ચંડાલો પાસે મારી નખાવા મોકલ્યો પરન્તુ ચંડાલોએ ન્હાની આંગળી છેદી તેને નસાડી મૂકયો; તે નાસીને એજ શેઠના ગોકુલવાળા ગામમાં ગયો, ત્યાં ગોકુલના રક્ષક સ્વામીએ તેને પુત્રપણે રાખ્યો, કેટલેક વર્ષે ત્યાં આવેલા સાગર શેઠે તેને ઓળખી ફરીથી મારી નખાવવા કાગળમાં "વિષ આપજો" એમ લખી તે લેખ સાથે પોતાને ઘેર મોકલ્યો, પરન્તુ થાક લાગવાથી તેજ નગરની બહાર દેવમંદિરમાં તે સુતો છે; તેટલામાં ત્યાં આવેલી તેજ શેઠની વિષા નામની કન્યાએ તે દામન્નક પર મોહ પામવાથી પાસે રહેલા પત્રમાં "વિષ" ને બદલે "વિષા" સુધાર્યું, જેથી ઘેર જતાં તેને શેઠના કુટુંબીઓએ શેઠની વિષા કન્યા પરણાવી. શેઠે ઘેર આવતાં અનર્થ થયો જાણી પુનઃ મારી નખાવવાનો ઉપાય રચ્યો, પરન્તુ વિધિના યોગે તેને બદલે શેઠનો પુત્ર જ હણાયો. એટલે સાધુનું વચન અસત્ય નહિ થાય એમ માની શેઠે તેને ઘરનો માલિક કર્યો. અનુક્રમે રાજાએ પણ નગરશેઠની પદવી આપી. તે નગરમાં ગુરૂ પધાર્યા જાણી વંદના કરવા ગયો. ત્યાં ધર્મદેશના સાંભળી પૂર્વભવનું માંસનું પચ્ચ૦ સ્મરણમાં આવ્યું, તેથી સમ્યકત્વ પામી ધર્મારાધન કરી દેવલોકમાં ગયો. ત્યાંથી મહાવિદેહમાં ઉત્પન્ન થઇ મોક્ષપદ પામશે. ॥ इति दामन्नक द्रष्टान्तं ॥

---

**अवतरण**—હવે આ પ્રત્યાખ્યાનભાષ્યની સમાપ્તિના પ્રસંગે પચ્ચખ્ખાણ કરવાથી જે ઉત્તમોત્તમ ફળ પ્રાપ્ત થાય છે તે દર્શાવે છે, અને તે સાથે આ ભાષ્ય પણ સમાપ્ત થાય છે.

**पच्चरकाणमिणं से-विऊण भेविण जिणवराद्दिट्ठं।**
**पत्ता अणंत जीवा, सासयसुरकं अणाबाहं ॥ ४८ ॥**

શબ્દાર્થ:—

इणं=આ
उद्दिट्ठं=ઉદ્દિષ્ટ, કહેલ
पत्ता=પામ્યા
सासयसुरकं=શાશ્વત્ સુખને, મોક્ષને.
अणाबाहं=અનાબાધ, બાધા (પીડા) રહિત,

गाथार्थः—શ્રી જિનેશ્વરે કહેલા આ પચ્ચખ્ખાણને ભાવથી સેવીને અનંત જીવો બાધા (પીડા) રહિત એવા મોક્ષસુખને પામ્યા. ॥ ૪૮ ॥

भावार्थः—પૂર્વે કહેલો પચ્ચખ્ખાણનો સર્વ વિધિ અનન્ત જ્ઞાની શ્રી જિનેશ્વરોએ જ કહ્યો છે, અને તેનું સર્વોત્તમ ફળ જીવોને મોક્ષ સુખ પ્રાપ્ત થવું તે જ છે. એ પચ્ચખ્ખાણવિધિ આચરીને ભૂતકાળમાં અનન્ત જીવો મોક્ષ સુખ પામ્યા છે, વર્તમાન કાળમાં અનેક જીવો ( મહાવિદેહ ક્ષેત્રમાં ) મોક્ષ સુખ પામે છે, અને ભવિષ્યમાં પણ અનન્ત જીવો મોક્ષ સુખ પામશે.

---

## ॥ પ્રત્યાખ્યાન ધર્મ આદરવાનો અને તે સંબંધિ લૌકિક કુપ્રવચનો ત્યાગ કરવાનો ઉપદેશ ॥

વળી અહિં વિશેષ સમજવા યોગ્ય એ છે કે-પ્રભુએ પ્રરૂપેલો પ્રત્યાખ્યાન ધર્મ પાલન કરવો એજ મનુષ્યભવ અને જૈન ધર્મ પામ્યાનું સર્વોત્કૃષ્ટ ફળ છે, તે પાલન કરવાથીજ આત્મધર્મ સંપૂર્ણ પ્રગટ થઈ પરમાનંદની ( મોક્ષની ) પ્રાપ્તિ થાય છે, છતાં તે પ્રભુ પ્રરૂપિત પ્રત્યાખ્યાન ધર્મને પાલન કરવા જેવી શક્તિ ( વીર્યાન્તરાય કર્મની પ્રબલતા વડે ) ન હોવાથી અથવા તેવો ભાવ પણ ( અપ્રત્યાખ્યાનાદિ કષાય મોહનીય કર્મની પ્રબલતા વડે ) ન થવાથી જો તે ગ્રહણ ન કરી શકીએ, તોપણ પ્રત્યાખ્યાન ધર્મ મોક્ષનું પરમ અંગ છે, અને કેવળ ભાવથી (અવ્યક્ત) અથવા તો દ્રવ્ય સહિત ભાવથી (વ્યક્ત) પણ પ્રત્યા-

ખ્યાન ધર્મ જયાં સુધી પ્રાપ્ત નહિ થાય ત્યાંસુધી આત્માની મુક્તિ પણ નહિંજ થાય એવી સમ્યગ્શ્રદ્ધા તો અવશ્ય રાખવી.

---

## ॥ પ્રત્યાખ્યાન ધર્મ સંબંધિ લૌકિક કુપ્રવચનો ॥

વળી પ્રત્યાખ્યાન ધર્મની સન્મુખ થયેલા ધર્મી જીવોએ પ્રત્યા૦ધર્મથી અને તેની ભાવનાથી પણ પતિત કરનારાં જે લૌકિક કુપ્રવચનો છે, તે જાણી સમજીને તેનો ત્યાગ કરવો યોગ્ય છે, તે કુપ્રવચનો આ પ્રમાણે[1] —

૧—મનની ધારણા માત્રથી ધારી લેવું તે પચ્ચખ્ખાણજ છે, હાથ જોડીને ઉચ્ચરવાથી શું વિશેષ છે?–એ કુપ્રવચન.

૨—મરૂદેવા માતાએ કયાં પચ્ચખ્ખાણ કર્યું હતું? છતાં ભાવના માત્રથી મોક્ષે ગયાં, માટે ભાવના ઉત્તમ છે.–એ કુપ્રવચન.

૩—ભરત ચક્રવર્તી છ ખંડનું રાજ્ય ભોગવતાં પણ વ્રત નિયમ વિના ભાવના માત્રથી કેવળજ્ઞાન પામ્યા. એ કુપ્રવચન.

૪—શ્રેણિક*રાજાએ નવકારસી જેવું પચ્ચખ્ખાણ ન કરવા છતાં પણ પ્રભુ ઉપરના પ્રેમ માત્રથી તીર્થંકર ગોત્ર બાંધ્યું, માટે પચ્ચ૦ થી શું વિશેષ છે?–એ કુપ્રવચન.

---

૧ આ કુપ્રવચનોમાં કેટલાંક વચનો શાસ્ત્રોક્ત પણ છે, પરન્તુ શાસ્ત્રમાં તો તે વચનો જીવોને ધર્મ સન્મુખ કરવાની અપેક્ષાએ કહ્યાં છે, છતાં એજ વચનો પ્રત્યા૦ ધર્મ હલકો પાડવા માટે બોલાતાં હોવાથી કુપ્રવચનો કહેવાય.

* મરૂદેવા માતા. ભરતચક્રી, અને શ્રેણિકરાજા ઈત્યાદિ જીવો જો કે વ્યક્ત ( લોકદ્રષ્ટિમાં આવે એવો ) પ્રત્યા૦ ધર્મ પામ્યા નથી, તો પણ શાસ્ત્રદ્રષ્ટિએ તો વ્રતનિયમાદિ અવ્યક્ત પણ પ્રત્યાખ્યાન ધર્મથીજ મોક્ષ ઇત્યાદિ ભાવ પામ્યા છે, તો પણ પાંચ ઇન્દ્રિયોના વિષયમાં પરાધીન બનેલા, અને તેથીજ વિષયો ત્યાજ્ય છે એવી માન્યતારૂપ શ્રદ્ધામાર્ગમાં નહિ આવેલા જીવો જ એવાં કુપ્રવચનો પ્રગટ કરી પ્રત્યાખ્યાન ધર્મને હલકો પાડે છે, પોતાની વિષયાધીનતાનો બચાવ કરે છે, અને ભક્ષ્યાભક્ષ્ય જેવા વિવેકમાં ન આવ્યા છતાં પણ આત્મધર્મીપણું દર્શાવવા પ્રયત્ન કરે છે.

૫—દાન શિયલ તપ અને ભાવના એ ચાર ધર્મમાં પણ ભાવ ધર્મ પ્રધાન કહ્યો છે, પરન્તુ દાનાદિક નહિ—એ કુપ્રવચન.

૬—વ્રત નિયમ પચ્ચખ્ખાણ એ તો ક્રિયા ધર્મ છે, અને ક્રિયા તો જ્ઞાનની દાસી છે, માટે જ્ઞાનાદિરૂપ ભાવના ઉત્તમ છે, પણ વ્રત નિયમાદિ ક્રિયા ઉત્તમ નથી.–એકુપ્રવચન.

૭—વળી પચ્ચખ્ખાણ લઇને પાળી ન શકાય તો વ્રત ભંગ કરવાથી મહાદોષ પ્રાપ્ત થાય છે, તે કરતાં ભાવના માત્રથી પચ્ચખ્ખાણ લીધા વિનાજ વ્રત નિયમ પાળવા તે ઉત્તમ છે.–એ કુપ્રવચન.

૮—પચ્ચખ્ખાણ લઇને પણ મન કાબુમાં રહેતું નથી, નિત્ય નિયમ પ્રમાણે મન તો આહાર વિહારમાં ભમતુંજ રહે છે ત્યારે પચ્ચખ્ખાણ લીધું કામનું શું ?–એ કુપ્રવચન.

૯—કોઈ જીવ અણભાવતી અથવા અલભ્ય (પ્રાયઃ ન મળી શકે એવી) વસ્તુનું પચ્ચખ્ખાણ કરે ત્યારે તેની હાંસી કરે કે—એમાં તે શું છોડયું ? ના મલી નારી ત્યારે બાવો બ્રહ્મચારી.—એ કુપ્રવચન.

૧૦—લોક સમક્ષ ઉભા થઇ હાથ જોડી ઠાઠમાઠથી પ્રત્યાખ્યાન ઉચ્ચરવું એ તો મેં પચ્ચખ્ખાણમાં કર્યું એવો લોકદેખાવ –આડંબર છે, માટે જેમ ગુપ્તદાન ઘણા ફળવાળું છે. તેમ મન માત્રની ધારણાથી ધારેલું અને પાળેલું પચ્ચ૦ ઘણા ફળવાળું છે, એ કુપ્રવચન. ઈત્યાદિ બીજાં પણ અનેક કુપ્રવચનો છે, તો પણ એ ૧૦ મુખ્ય જાણી કહ્યાં છે. એ કુપ્રવચનો પ્રત્યાખ્યાન ધર્મનાં વિઘાતક અને ધર્મથી પતિત કરનારાં હોવાથી પ્રત્યાખ્યાન ધર્મમાં ઉજમાળ થયેલા જીવોએ આદરવાં નહિ, બોલવાં નહિ તેમ સાંભળવાં પણ નહિ. ॥ इति प्रत्याख्यानधर्मे लौकिककुप्रवचनानि ॥

એ પ્રમાણે આ પચ્ચખ્ખાણ ભાષ્ય સમાપ્ત થયું, અને તે સમાપ્ત થવા સાથે ચૈત્યવંદન ભાષ્ય ગુરૂવંદન ભાષ્ય અને

પચ્ચખ્ખાણ ભાષ્ય એ ત્રણે ભાષ્ય પણ સમાપ્ત થયાં. એ ત્રણે ભાષ્યના અર્થમાં મતિદોષથી જે કોઈ ભૂલચૂક થઇ હોય તેનું મિથ્યાદુષ્કૃત હો અને સજ્જન વાંચકવર્ગ તે ભૂલચૂક સુધારીને વાંચો એવી અમારી નમ્ર વિજ્ઞપ્તિ છે.

इति श्री महिसानाख्य-नगरनिवासि-सद्गतश्रेष्ठिवर्य-श्रीयुत वेणीचन्द्र-सुरचन्द्र-संस्थापित-श्री जैनश्रेयस्करमंडला-ख्यसंस्थायाः सत्प्रेरणातः भृगुकच्छनिवासिश्रेष्ठिवर्य-श्री युताऽनुपचन्द्र-मलुकचन्द्र-विद्यार्थी-चंदुलाल-लिखितः प्रत्याख्यानभाष्य-भावार्थः

**समाप्तः**

## સૂચના.

પ્રત્યાખ્યાન ભાષ્યમાં ૨૧૭-૨૧૯-૨૨૧ એ ત્રણ પાનને મથાળે છ વિગઈનાં ૩૦ નીવિયાતાંમાં "દ્વાર ૫ મું" છપાયું છે, ત્યાં "દ્વાર ૬ ઠું વાંચવું.

॥ त्रण भाष्यनी मूळ गाथाओ ॥

# ॥ अथ चैत्यवंदनभाष्य मूळ ॥

वंदित्तु वंदणिज्जे, सव्वे चिइवंदणाइ–सुवियारं ।
बहुवित्ति–भास–चुण्णी–सुयाणुसारेण वुच्छामि ॥१॥

दहातिग[१] अहिगमपणगं[२], दुदिसि[३] तिहुग्गह[४] तिहा उ
वंदणया[५]।
पणिवाय[६] नमुक्कारा[७], वन्ना[८] सोलसय सीयाला ॥ २ ॥

इगसीइसयं तु पया[९], सगनउई संपया[१०] उ पण दंडा[११] ।
बार अहिगार[१२] चउवं-दणिज्ज[१३] सरणिज्ज[१४] चउहजिणा[१५]॥३॥

चउरो थुई[१६] निमित्तट्ठ[१७], बार हेऊ[१८] अ सोल आगारा[१९] ।
गुणवीस दोस[२०] उस्सग्गमाण[२१] थुत्तं[२२] च सग वेला[२३] ॥४॥

दस आसायणचाओ[२४], सव्वे चिइवंदणाइ ठाणाइं।
चउवीस दुवारेहिं, दुसहस्सा हुंति चउसयरा ॥ ५ ॥

तिन्नि निसीही तिन्नि उ, पयाहिणा तिन्नि चेव य पणामा।
तिविहा पूया य तहा, अवत्थतियभावणं चेव ॥६॥

तिदिसिनिरिक्खण विरई, पयभूमिपमज्जणं च तिक्खुत्तो
वन्नाइतियं मुद्दा–तियं च तिविहं च पणिहाणं ॥७॥
घर-जिणहर-जिणपूआ-वावारच्चायओ निसीहितिगं ।
अग्गद्दारे मज्झे, तइया चिइवंदणासमए ॥ ८ ॥
अंजलिबंधो अद्धो–णओ अ पंचंगओ अ तिपणामा
सव्वत्थ वा तिवारं, सिराइनमणे पणामतियं ॥९॥
अंग--ग्ग–भाव भेया, पुप्फाहारत्थुईहिं पूयातिगं ।
पंचुवयारा अट्ठो–वयार सव्वोवयारा वा ॥ १० ॥
भाविज्ज अवत्थतियं, पिंडत्थ पयत्थ रूवरहिअत्तं
छउमत्थ केवलित्तं, सिद्धत्तं चेव तस्सत्थो ॥११॥
न्हवणच्चगेहिं छउमत्थ-वत्थपाडिहारगेहिं केवलियं ।
पलियंकुस्सग्गेहि अ, जिणस्स भाविज्ज सिद्धत्तं ॥१२॥
उड्ढाहोतिरिआणं, तिदिसाण निरिक्खणं चइज्जहवा ।
पच्छिम--दाहिण--वामाण जिणमुहन्नत्थदिट्ठिजुओ ॥
॥ १३ ॥
वन्नतियं वन्नत्था--लंबणमालंबणं तु पडिमाई ।
जोग-जिण-मुत्तसुत्ती-मुद्दाभेएण मुद्दातियं ॥ १४ ॥
अन्नुन्नंतरि अंगुलि--कोसागारेहिं दोहिं हत्थेहिं ।
पिट्टोवरि कुप्परसं-ठिएहिं तह जोगमुद्दत्ति ॥ १५ ॥
चत्तारि अंगुलाइं, पुरओ ऊणाइं जत्थ पच्छिमओ ।
पायाणं उस्सग्गो, एसा पुण होइ जिणमुद्दा ॥ १६ ॥

मुत्तासुत्ती मुद्दा, जत्थ समा दोवि गब्भिआ हत्था ।
ते पुण निलाडदेसे, लग्गा अन्ने अलग्गत्ति ॥ १७ ॥
पंचंगो पणिवाओ, थय (थुइ) पाढो होइ जोगमुद्दाए ।
वंदण जिणमुद्दाए, पणिहाणं मुत्तसुत्तीए ॥ १८ ॥
पणिहाणतियं चेइअ-मुणिवंदण-पत्थणासरूवं वा ।
मण-वय-काएगत्तं, सेसतिगत्थो य पयडुत्ति ॥ १९ ॥
सच्चित्तदव्वमुज्झण-मच्चित्तमणुज्झणं-मणेगत्तं ।
इगसाडि उत्तरासं-गु अंजली सिरसि जिणादिट्ठे ॥ २० ॥
इय पंचविहाभिगमो, अहवा मुच्चंति रायचिन्हाई ।
खग्गं छत्तोवाणह, मउडं चमरे अ पंचमए ॥ २१ ॥
वंदंति जिणे दाहिण-दिसिट्ठिया पुरुस वामदिसि नारी ।
नवकर जहन्न सट्ठिकर, जिट्ठ मज्झुग्गहो सेसो ॥२२॥
नमुक्कारेण जहन्ना, चिइवंदण मज्झ दंडथुइजुअला ।
पणदंड थुइचउक्कग–थयपणिहाणेहिं उक्कोसा ॥ २३ ॥
अन्ने बिंति इगेणं, सक्कथएणं जहन्नवंदणया ।
तद्दुगातिगेण मज्झा, उक्कोसा चउहि पंचहि वा ॥२४॥
पणिवाओ पंचंगो, दो जाणू करदुगुत्तमंगं च ।
सुमहत्थ नमुक्कारा, इग दुग तिग जाव अट्ठसयं ॥२५॥

अडसट्ठि[६८] अट्ठवीसा[२८], नवनउयसयं[१९९] च दुसयसगनउआ[२९७] ।
दोगुणतीस[२२९] दुसट्ठा[२६०], दुसोल[२१६] अडनउअसय[१९८] दुवन्नसयं[१५२]२६
इय नवकार–खमासमण-इरिय-सक्कत्थयाइ दंडेसु ।
पणिहाणेसु अ अदुरू-त्तवन्न सोलसयसीयाला[१६४७] ॥२७॥
नव बत्तीस तितीसा, तिचत्त अडवीस सोल वीस पया
मंगल-इरिया-सक्कत्थयाइसुं एगसीइसयं[१८१] ॥ २८ ॥
अट्ठट्ठनवट्ठ य अट्ठवीस सोलस य वीस वीसामा ।
कमसो मंगल इरिया-सक्कथयाईसु सगनउई ॥ २९ ॥
वन्नट्ठसट्ठि नवपय, नवकारे अट्ठ संपया तत्थ ।
सगसंपय पयतुल्ला, सतरक्खर अट्ठमी दुपया ॥३०॥

"नवक्खरट्ठमि दुपय छट्ठी" ॥ इत्यन्ये ॥

पणिवाय अक्खराइं, अट्ठावीसं तहा य इरियाए ।
नवनउयमक्खरसयं, दुतीसपय संपया अट्ठ ॥ ३१ ॥
दुग दुग इग चउ इग पण,इगार छग इरिय संपयाइपया।
इच्छा इरि गम पाणा, जे मे एगिंदि अभि तस्स॥३२॥
अब्भुवगमो निमित्तं, ओहे-यर हेउ संगहे पंच ।
जीव-विराहण-पडिक्कमण भेयओ तिन्नि चूलाए ॥३३॥
दु ति चउ पण पण पण दु चउ ति पय सक्कथयसंपयाइपया
नमु आइग पुरिसो लोगु अभय धम्म प्प जिण सव्वं॥३४॥
थोअव्वसंपया ओह इयरहेऊवओग तद्धेऊ ।
सविसेसुवओग सरूवहेउ नियसमफलय मुक्खे ॥३५॥

दोसगनउया वन्ना, नव संपय पय तितीस सक्कथए।
चेइयथयट्ठसंपय, तिचत्तपय वन्न दुसयगुणतीसा ॥३६॥
दु छ सग नव तिय छ चउ छप्पय चिइसंपया पया पढमा।
अरिहं वंदण सद्धा, अन्न सुहुम एव जा ताव ॥३७॥
अब्भुवगमो निमित्तं, हेऊ इग बहुवयंत आगारा।
आगंतुग आगारा, उस्सग्गावहि सरूवट्ठ ॥ ३८ ॥
नामथयाइसु संपय, पयसम अडवीस सोल वीस कमा।
अदुरुत्तवन्न दोसट्ठ–दुसयसोल-ट्ठनउअसयं ॥ ३९ ॥
पणिहाणि दुवन्नसयं, कमेसु सग-ति-चउवीस-तित्तीसा।
गुणतीस अट्ठवीसा, चउतीसि-गतीस बार गुरुवन्ना॥४०॥
पण दंडा सक्कत्थय, चेइय नाम सुअ सिद्धथय इत्थ।
दो इग दो दो पंच य, अहिगारा बारस कमेण ॥४१॥
नमु जेय अ अरिहं लोग सव्व पुक्खव तम सिद्ध जो देवा।
उज्जिं चत्ता वेयावच्चग अहिगारपढमपया ॥४२॥
पढमहिगारे वंदे, भावजिणे बीयअंमि दव्वजिणे।
इगचेइयठवणाजिणे, तइय चउत्थंमि नामजिणे ॥४३॥
तिहुअणठवणजिणे पुण, पंचमए विहरमाणजिण छट्ठे।
सत्तमए सुअनाणं, अट्ठमए सव्वसिद्धथुई ॥ ४४ ॥
तित्थाहिव वीरथुई, नवमे दसमे य उज्जयंत थुई।
अट्ठावयाइ इगदासि, सुदिट्ठिसुरसमरणा चरिमे ॥४५॥

नव अहिगारा इह ललियवित्थरावित्तिमाइ अणुसारा।
तिन्नि सुअपरंपरया, बीओ दसमो इगारसमो ॥४६॥
आवस्सयचुन्नीए, जं भणियं सेसया जहिच्छाए।
तेणं उज्जिंताइवि, अहिगारा सुअमया चेव ॥ ४७ ॥
बीओ सुअत्थयाई, (इ)अत्थओ वन्निओ तहिं चेव।
सक्कत्थयंते पढिओ, दव्वारिहवसरि पयडत्थो ॥ ४८ ॥
असढाइन्नणवज्जं, गीअत्थ अवारयंति मज्झत्था।
आयरणावि हु आण--त्ति वयणओ सुबहु मन्नंति ॥
॥ ४९ ॥

चउ वंदणिज्ज जिण-मुणि-सुय-सिद्धा इह सुरा य सरणिज्जा।
चउह जिणा नाम ठ(ट्ठ)वण दव्व भावजिणभेएणं
॥ ५० ॥

नामजिणा जिणनामा, ठवणजिणा पुण जिणिंदपडि-माओ।
दव्वजिणा जिणजीवा, भावजिणा समवसरणत्था॥५१॥
अहिगयजिण पढमथुई, बीया सव्वाण तइय नाणस्स।
वेयावच्चगराणं, उवओगत्थं चउत्थथुई ॥ ५२ ॥
पावखवणत्थ इरियाइ वंदणवत्तियाइ छ निमित्ता।
पवयणसुर सरणत्थं, उस्सग्गो इय निमित्तट्ठ ॥ ५३ ॥

चउ तस्स उत्तरीकरण-पमुह सद्धाइया य पण हेऊ ।
वेयावच्चगरत्ताइ तिन्नि इअ हेउ बारसगं ॥५४॥
अन्नत्थयाइ बारस, आगारा एवमाइया चउरो ।
अगणी पणिंदिछिंदण, बोहीखोभाइ डक्को अ ॥ ५५॥
घोडग लय खंभाई,मालु द्धी निअल सबरि खलिण वहू।
लंबुत्तर थण संजइ, भमुहंगुलि वायस कविट्ठो ॥५६॥
सिरकंप मूअ वारुणि, पेहत्ति चइज्ज दोस उस्सग्गे ।
लंबुत्तर थण संजइ, न दोस समणीण सवहु सड्ढीणं५७
इरिउस्सग्गपमाणं, पणवीसुस्सास अट्ठ सेसेसु ।
गंभीर महुरसद्दं, महत्थजुत्तं हवइ थुत्तं ॥ ५८ ॥
पडिकमणे चेइय जिमण, चरम पडिकमण सुअण पडिबोहे
चिइवंदण इय जइणो, सत्त उ वेला अहोरत्ते ॥५९॥
पडिक्कमओ गिहिणोवि हु, सगवेला पंचवेल इयरस्स ।
पूआसु तिसंझासु अ, होइ तिवेला जहन्नेणं ॥ ६० ॥
तंबोल पाण भोयणु–वाणह मेहुन्न सुअण निट्ठवणं ।
मुत्तु-च्चारं जूअं, वज्जे जिणनाहजगईए ॥ ६१ ॥
इरि नमुकार नमुत्थुण–रिहंत थुइ लोग सव्व थुइ पुक्ख
थुइ सिद्धा वेया थुइ, नमुत्थु जावंति थय जयवी ॥६२॥
सव्वोवाहिविसुद्धं, एवं जो वंदए सया देवे ।
देविंदविंद महिअं, परमपयं पावइ लहुं सो ॥ ६३ ॥

—समाप्तम्—

# ॥ अथ गुरुवंदनभाष्य मूळ ॥

गुरुवंदणमह तिविहं, तं फिट्टा छोभ बारसावत्तं ।
सिरनमणाइसु पढमं, पुन्नखमासमणदुगि बीअं ॥ १ ॥
जह दूओ रायाणं, नमिउं कज्जं निवेइउं पच्छा ।
वीसज्जिओवि वंदिय, गच्छइ एमेव इत्थ दुगं ॥ २ ॥
आयारस्स उ मूलं, विणओ सो गुणवओ य पडिवत्ती ।
सा य विहिवंदणाओ, विही इमो बारसावत्ते ॥ ३ ॥
तइयं तु छंदणदुगे, तत्थ मिहो आइमं सयलसंघे ।
बीयं तु दंसणीण य, पयट्ठियाणं च तइयं तु ॥ ४ ॥
वंदण चिइ किइकम्मं, पूयाकम्मं च विणयकम्मं च ।
कायव्वं कस्स[1] व केण[2] वावि काहे[3] व कइखुत्तो[4] ॥ ५ ॥
कइओणयं[5] कइसिरं[6], कइहि व आवस्सएहि[7] परिसुद्धं
कइदोसविप्पमुक्कं[8], किइकम्मं[9] कीस कीरइ वा ॥ ६ ॥
पणनाम[1] पणाहरणा[2], अजुग्गपण[3] जुग्गपण[4] चउ अदाया[5]।
चउदाय[6] पण निसेहा[7], चउ अणिसेह[8]-ट्ठकारणया[9] ॥७॥
आवस्सय[10] मुहणंतय[11], तणुपेह[12]पणीस दोसबत्तीसा[13] ।
छग्गुण[14] गुरुठवण[15] दुग्गह[16], दुछवीसक्खर[17] गुरुपणीसा[18] ॥८॥

१९ २० २१ २२
पय अडवन्न छठाणा, छग्गुरुवयणा असायणातितीसं ।
दुविही दुवीसदारेहिं चउसयाबाणउइ ठाणा ॥ ९ ॥
वंदणयं चिइकम्मं, किइकम्मं पूअकम्म विणयकम्मं ।
गुरुवंदणपणनामा, दव्वे भावे दुहोहेण (दुहाहरणा)॥१०॥
सीयलय खुड्डुए वीरकन्ह सेवगदु पालए संबे ।
पंचे ए दिट्ठंता, किइकम्मे दव्वभावेहिं ॥ ११ ॥
पासत्थो ओसन्नो, कुसील संसत्तओ अहाच्छंदो ।
दुग-दुग-ति-दु-णेगविहा, अवंदणिज्जा जिणमयंमि॥१२॥
आयरिय उवज्झाए, पवत्ति थेरे तहेव रायणिए ।
किइकम्म निज्जरट्ठा, कायव्वमिमेसि पंचण्हं ॥ १३ ॥
माय-पिय-जिट्ठभाया,-ओमावि तहेव सव्वरायणिए ।
किइकम्म न कारिज्जा,चउ समणाई कुणंति पुणो॥१४॥
विक्खित्त पराहुत्ते, अ पमत्ते मा कयाइ वंदिज्जा ।
आहारं नीहारं, कुणमाणे काउकामे य ॥ १५ ॥
पसंते आसणत्थे अ, उवसंते उवट्ठिए ।
अणुन्नवित्तु मेहावी, किइकम्मं पउंजइ ॥ १६ ॥
पडिकमणे सज्झाए, काउस्सग्गा-वराह-पाहुणए ।
आलोयण-संवरणे, उत्तम(अ)ट्ठे य वंदणयं ॥ १७ ॥
दोऽवणयमहाजायं, आवत्ता बार चउसिर तिगुत्तं ।
दुपवेसिगानिक्खमणं, पणवीसावसय किइकम्मे ॥१८॥

किइकम्मंपि कुणंतो, न होइ किइकम्मनिज्जराभागी।
पणवीसामन्नयरं, साहू ठाणं विराहंतो ॥ १९ ॥

दिट्ठिपडिलेह एगा, छ उड्ढ पप्फोड तिगतिगंतरिया।
अक्खोड पमज्जणया, नव नव मुहपत्ति पणवीसा २०

पायाहिणेण तिय तिय, वामेयरबाहु-सीस-मुह-हियए।
अंसुड्ढाहो पिट्ठे, चउ छप्पय देहपणवीसा ॥ २१ ॥

आवस्सएसु जह जह, कुणइ पयत्तं अहीणमइरित्तं ।
तिविहकरणोवउत्तो, तह तह से निज्जरा होइ ॥ २२ ॥

दोस [1]अणाढिय [2]थद्धिय, [3]पविद्ध [4]परिपिंडियं च [5]टोलगइं ।
[6]अंकुस [7]कच्छभरिंगिय, [8]मच्छुव्वत्तं [9]मणपउट्ठं ॥ २३ ॥

[10]वेइयबद्ध [11]भयंतं, [12]भय [13]गारव [14]मित्त [15]कारणा [16]तिन्नं ।
[17]पडणीय [18]रुट्ठ [19]तज्जिय, [20]सढ [21]हीलिय [22]विपलिउंचिययं ॥२४॥

[23]दिट्ठमदिट्ठं [24]सिंगं, [25]कर तम्मोअण [26]अलिद्धणा[27]लिद्धं ।
[28]ऊणं [29]उत्तरचूलिअ, [30]मूअं [31]ढड्ढर [32]चुडलियं च ॥ २५ ॥

बत्तीसदोसपरिसुद्धं, किइकम्मं जो पउंजइ गुरुणं ।
सो पावइ निव्वाणं, अचिरेण विमाणवासं वा ॥ २६ ॥

इह छच्च गुणा विणओ-वयार माणाइभंग गुरुपूआ।
तित्थयराण य आणा, सुयधम्माराहणाऽकिरिया॥२७॥

गुरुगुणजुत्तं तु गुरुं, ठाविज्जा अहव तत्थ अक्खाई ।
अहवा नाणाइ तियं, ठविज्ज सक्खं गुरुअभावे ॥२८॥
अक्खे वराडए वा, कट्ठे पुत्थे अ चित्तकम्मे अ ।
सब्भावमसब्भावं, गुरुठवणा इत्तरावकहा ॥ २९ ॥
गुरुविरहंमी ठवणा, गुरूवएसोवदंसणत्थं च ।
जिणविरहंमि जिणबिंब-सेवणामंतणं सहलं ॥३०॥
चउदिसि गुरुग्गहो इह, अहुट्ठ तेरस करे सपरपक्खे ।
अणणुन्नायस्स सया, न कप्पए तत्थ पविसेउं ॥३१॥
पण तिग बारस दुग तिग, चउरोछट्ठाण पय इगुणतीसं
गुणतीस सेस आवस्सयाइ सव्वपय अडवन्ना ॥३२॥
इच्छा य अणुन्नवणा, अव्वाबाहं च जत्त जवणा य ।
अवराहखामणावि अ, वंदणदायस्स छट्ठाणा ॥३३॥
छंदेण--णुजाणामि, तहत्ति तुब्भंपि वट्टए एवं ।
अहमवि खामेमि तुमं, वयणाइं वंदणारिहस्स ॥ ३४ ॥

[१] पुरओ, [२] [३] पक्खासन्ने गंता [६] चिट्ठुण [९] निसीअणा-[१०] यमणे
[११] आलोअणऽ[१२] पडिसुणणे [१३] पुव्वालवणे य [१४] आलोए ॥३५॥
[१५] तह उवदंस [१६] निमंतण, [१७] खद्धा-[१८] ययणे तहा [१९] अपडिसुणणे ।
[२०] खद्धत्ति य [२१] तत्थगए, [२२] किं [१३] तुम [२४] तज्जाय [२५] नोसुमणे ॥३६॥
[२६] नो सरसि [२७] कहंछित्ता, [२८] परिसंभित्ता अणुट्ठियाइ [२९] कहे ।
[३०] संथारपायघट्टण, [३१] चिट्ठु[३२]च्च [३३] समासणे आवि ॥ ३७ ॥

इरिया कुसुमिणुसग्गो, चिइवंदण पुत्ति वंदणा-लोयं।
वंदण खामण वंदण, संवर चउछोभ दुसज्झाओ ३८
इरिया–चिइवंदण–पुत्ति–वंदणं–चरिम–वंदणा–लोयं
वंदण खामण चउछोभ, दिवसुस्सग्गो दुसज्झाओ ३९
एयं किइकम्मविहिं, जुंजंता चरणकरणमाउत्ता।
साहू खवंति कम्मं, अणेगभवसंचिअमणंतं ॥ ४० ॥
अप्पमइभव्वबोह--त्थ भासियं विवरियं च जमिह मए।
तं सोहंतु गियत्था, अणभिनिवेसी अमच्छरिणो ॥४१॥

—समाप्तम्—

# ॥ अथ पच्चक्खाणभाष्य मूळ ॥

दस पच्चखाण चउविहि, आहार दुवीसगार अदुरुत्ता ।
दसविगइ तीस विगई-गय दुहभंगा छसुद्धि फलं ॥१॥
अणागय-मइक्कंतं, कोडीसहियं नियंटि अणगारं ।
सागार निरवसेसं, परिमाणकडं सके अद्धा ॥ २ ॥
नवकारसहिय पोरिसि, पुरिमड्ढ-गासणे-गठाणे य ।
आयंबिल अभतट्ठे, चरिमे अ अभिग्गहे विगई ॥३॥
उग्गए सूरे अ नमो, पोरिसि पच्चक्ख उग्गए सूरे ।
सूरे उग्गए पुरिमं, अभतट्ठं पच्चखाइ त्ति ॥ ४ ॥
भणइ गुरू सीसो पुण, पच्चरकामि त्ति एव वोसिरइ ।
उवओगित्थ पमाणं न पमाणं वंजणच्छलणा ॥ ५ ॥
पढमे ठाणे तेरस, बीए तिन्नि उ तिगाइ (य) तइयंमि
पाणस्स चउत्थंमी, देसवगासाइ पंचमए ॥ ६ ॥
नमु पोरिसि सड्ढा पुरि-मवड्ढ अंगुट्ठमाइ अड तेर ।
निवि विगइंबिल तिय तिय, दु इगासण एगठाणाई ॥७॥
पढमंमि चउत्थाई, तेरस बीयंमि तइय पाणस्स ।
देसवगासं तुरिए, चरिमे जहसंभवं नेयं ॥ ८ ॥

तह मज्झपच्चखाणेसु न पिहु सूरुग्गयाइ वोसिरइ ।
करणविहि उ न भन्नइ, जहावसीआइ बियछंदे ॥९॥
तह तिविह पच्चखाणे, भन्नंति य पाणगस्स आगारा।
दुविहाहारे अच्चित्त-भोइणो तह य फासुजले ॥ १० ॥
इत्तुच्चिय खवणंबिल-निविआइसु फासुयं चिय जलं तु।
सड्ढा वि पियंति तहा, पच्चक्खंति य तिहाहारं ॥११॥
चउहाहारं तु नमो, रत्तिंपि मुणीण सेस तिह चउहा।
निसि पोरिसि पुरिमेगा-सणाइ सड्ढाण दुतिचउहा॥१२॥
खुहपसम खमेगागी, आहारि व एइ देइ वा सायं ।
खुहिओ व खिवइ कुट्ठे, जं पंकुवमं तमाहारो ॥१३॥
असणे मुग्गो-अण-सत्तु-मंड-पय-खज्ज-रब्ब-कंदाई ।
पाणे कंजिय-जव-कयर-कक्कडोदग-सुराइ जलं ॥ १४ ॥
खाइमि भत्तोस फला-इ साइमे सुंठि जीर अजमाई ।
महु गुल तंबोलाई, अणहारे मोअ निंबाई ॥ १५ ॥
दो नवकारि छ पोरिसि, सग पुरिमड्ढे इगासणे अट्ठ ।
सत्तेगठाणि अंबिलि, अट्ठ पण चउत्थि छ प्पाणे ॥१६॥
चउ चरिमे चउभिग्गहि, पण पावरणे नवट्ठ निव्वीए ।
आगारुक्खित्तविवे-गमुत्तु दवविगइ नियमिट्ठ॥१७॥
अन्न सह दु नमुकारे, अन्न सह प्पच्छ दिस य साहु सव्व
पोरिसि छ सड्ढपोरिसि, पुरिमड्ढे सत्त समहतरा ॥१८॥

अन्न सहस्सागारि अ,आउंटण गुरु अ पारि मह सव्व ।
एग-बियासणि अट्ठ उ, सग इगठाणे अउंट विणा ॥१९॥
अन्न स्सह लेवा गिह, उक्खित्त पडुच्च पारि मह सव्व।
विगई निव्विगए नव, पडुच्चविणु अंबिले अट्ठ ॥२०॥
अन्न सह पारि मह स-व्व पंच खम(व)णे छ पाणि लेवाई।
चउ चरिमंगुट्ठाई-भिग्गहि अन्न सह मह सव्व ॥२१॥
दुद्ध-महु-मज्ज-तिल्लं, चउरो दवविगइ चउर पिंडदवा।
घय-गुल-दहियं-पिसियं, मक्खण-पक्कन्न दो पिंडा॥२२॥
पोरिसि-सड्ढ-अवड्ढं, दुभत्त-निव्विगइ पोरिसाइ समा ।
अंगुट्ठ-मुट्ठि-गंठी-सचित्तदव्वाइभिग्गहियं ॥ २३ ॥
विस्सरण मणाभोगो, सहसागारो सयं मुहपवेसो ।
पच्छन्नकाल मेहाई, दिसिविवज्जासु दिसिमोहो ॥२४॥
साहुवयण उग्घाडा-पोरिसि तणुसुत्थया समाहित्ति ।
संघाइकज्ज महतर, गिहत्थबन्दाइ सागारी ॥ २५ ॥
आउंटणमंगाणं, गुरुपाहुणसाहु गुरुअभुट्ठाणं ।
परिठावण विहिगहिए, जईण पावरणि कडिपट्टो॥२६॥
खरडिय लूहिय डोवा–इ लेव संसट्ठ डुच्च मंडाई ।
उक्खित्त पिंडविगईणं मक्खियं अंगुलीहिं मणा ॥२७॥
लेवाडं आयामाइ इयर सोवीरमच्छमुसिणजलं ।
धोयण बहुल सासित्थं, उस्सेइम इयर सित्थविणा॥२८॥

पण चउ चउ चउ दु दुविह,छ भक्ख दुद्धाइ विगइ इगवीसं।
ति दु ति चउविह अभक्खा,चउ महुमाई विगइ बार॥२९॥
खीर घय दहिय तिल्लं, गुल पक्कन्नं छ भक्खविगईओ।
गो-महिसि-उट्टि-अय-एलगाण पण दुद्ध अह चउरो॥३०॥
घय दहिया उट्टिविणा,तिल सरिसव अयसि लट्ट तिल्ल चऊ
दवगुड पिंडगुडा दो, पक्कन्नं तिल्ल घयतलियं ॥३१॥
पयसाडि-खीर-पेया-ऽवलेहि-दुद्धट्टि दुद्धविगइगया ।
दक्ख बहु अप्पतंदुल, तच्चुन्नंबिलसहियदुध्धे ॥३२॥
निब्भंजण-वीसंदण-पक्कोसहितरिय-किट्टि-पक्कघयं ।
दहिए करंब-सिहरिणि-सलवणदहि-घोल-घोलवडा॥३३॥
तिलकुट्टी निब्भंजण,पकतिल पक्कुसहितरिय तिल्लमली।
सक्कर गुलवाणय पाय खंड अद्धकढि इक्खुरसो ॥३४॥
पूरिय तवपूआ बी-अपूअ तन्नेह तुरियघाणाई ।
गुलहाणी जललप्पसि, अ पंचमो पुत्तिकयपूओ ॥३५॥
दुध्ध दही चउरंगुल, दवगुल घयतिल्ल एग भत्तुवरिं ।
पिंडगुडमक्खणाणं, अद्दामलयं च संसट्ठं ॥ ३६ ॥
दव्वहया विगई विगइ-गय पुणो तेण तं हयं दव्वं ।
उध्धरिए तत्तंमि य, उक्किट्ठदवं इमं चन्ने ॥ ३७ ॥
तिलसक्कुलि वरसोला-इ रायणंबाइ दक्खवाणाई ।
डोली तिल्लाई इय, सरसुत्तमदव्व लेवकडा ॥ ३८ ॥

विगइगया संसट्ठा, उत्तमदव्वा य निव्विगइयंमि ।
कारणजायं मुत्तुं, कप्पंति न भुत्तुं जं वुत्तं ॥३९॥
विगइं विगईभीओ, विगइगयं जो उ भुंजए साहू ।
विगई विगइसहावा, विगई विगइं बला नेइ ॥ ४० ॥

कुत्तिय–मच्छिय–भामर, महुं तिहा कट्ठ पिट्ठ मज्ज दुहा ।
जल-थल-खगमंस तिहा, घयव्व मक्खण चउ अभक्खा४१
मण[1]-वयण[2]-काय[3]-मणवय[4]-मणतणु[5]-वयतणु[6]-तिजोगि[7]
सग सत्त ।
कर[1] कार[2] णुमइ[3] दु[6] तिजुइ[10], तिकालि सीयालभंगसयं ॥४२॥
एयं च उत्तकाले, सयं च मण वय तणूहिं पालणियं ।
जाणग जाणगपासत्ति भंगचउगे तिसु अणुन्ना ॥४३॥
फासिय पालिय सोहिय, तीरिय किट्टिय अराहिय छ सुद्धं ।
पच्चक्खाणं फासिय. विहिणोचियकालि जं पत्तं ॥४४॥
पालिय पुणपुण सरियं, सोहिय गुरुदत्तसेसभोयणओ ।
तीरिय समहियकाला, किट्टिय भोयणसमयसरणा ॥४५॥
इय पडियरियं आरा-हियं तु अहवा छ सुद्धि सद्दहणा ।
जाणण विणयऽणुभासण, अणुपालण भावसुद्धित्ति ॥४६॥
पच्चक्खाणस्स फलं, इह परलोए य होइ दुविहं तु ।
इहलोए धम्मिलाई, दामन्नगमाइ परलोए ॥ ४७ ॥

पच्चक्खाणमिणं से-विऊण भावेण जिणवरुद्दिट्ठं ।
पत्ता अणंत जीवा, सासयसुक्खं अणाबाहं ॥ ४८ ॥

॥ त्रण भाष्यनी मूळगाथाओ समाप्त ॥





એફ. જે. બાઇન્ડર.
પીરમશા રોડ,
અમદાવાદ.